Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Kumbhani, Rekha G., 2006, "*ગ્રામ વિકાસ અને કાયદો*", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/737

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# ગ્રામ વિકાસ અને કાયદો

**( RURAL DEVELOPMENT AND THE LAWS )**

:: મહાશોધનિબંધ ::

ડોકટર ઓફ ફિલોસોફી (કાયદાશાસ્ત્ર) ની ઉપાધિ

માટેના નિયમો અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં

રજૂ કરવા માટે


—: અભ્યાસક :—

રેખા જી. કુંભાણી

બી.એસસી.,એલએલ.એમ.

—: માર્ગદર્શક :—

ડો.બી.જી.મણિયાર

એલએલ.એમ.,પીએચ.ડી.

એસોશિએટ પ્રોફેસર

C/o કાયદાભવન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ


માર્ચ — ૨૦૦૬


નોંધણી નંબર : ૨૯૦૯ નોંધણી તા : ૧૪—૦૫—૦૩

## અભ્યાસક નું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે હું નીચે સહી કરનાર  રેખા જી. કુંભાણી એ આ મહાશોધ નિબંધ "ગ્રામ વિકાસ અને કાયદો" મારા માર્ગદર્શક શ્રી.ડો.બી.જી.મણિયાર સાહેબના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.(કાયદાશાસ્ત્ર)ની પદવી માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલીક છે. જે અન્યત્ર કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંય પ્રસિઘ્ધ થયો નથી.

આ મહાશોધ  નિબંધ સોરાષ્ટ્ર યુર્નિસીટીના કાયદાના વિષયમા પીએચ.ડી.ની ઉપાધિ માટે  રજૂ કરું છું.

—: અભ્યાસક:—

રાજકોટ : રેખા જી. કુંભાણી

તરીખ : B.Sc.LL.M

# પ્રમાણ પત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે રેખા જી. કુંભાણી એ આ મહાશોધનિબંધ " ગ્રામ વિકાસ અને કાયદો " મારા માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. (કાયદાશાસ્ત્ર)ની પદવી માટે તૈયાર કર્યો છે.

આ સંશોધન મૌલીક છે. જે અન્યત્ર કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યું નથી કે આ સંશોધન નો કોઈપણ અંશ કયાંય પ્રસિધ્ધ થયો નથી.

આ મહાશોધ નિબંધ સોરાષ્ટ્ર યુર્નિસિટીના કાયદા વિષયમાં પીએચ.ડી.ની ઉપાધિ માટે રજૂ કરવાની હું અનુમતી આપું છું.

રાજકોટ :: માર્ગદર્શક ::

તારીખઃ ડો.બી.જી.મણિયાર **(LL.M.,Ph.D.)**

એસોશિએટ પ્રોફેસર

કાયદાભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

# ઋણ સ્વીકાર

મારા આ સંશોધન કાર્ય વિશેના વિચારના બીજ તો મારા મનમાં ઘણી નાની ઉમરમાંજ રોપાઈ ગયા હતા. એમ કહું તો અતિશયોક્તિ નથી. કારણકે વર્ષો પહેલા ગામના આગેવાનો, ગ્રામ્ય વિસ્તારનાં લોકો પાસેથી ગ્રામ્ય વિસ્તારમાં ખેતી, પશુપાલન, વાહનવ્યવહાર તબીબી અને કાનૂની સુવિધાઓ વગેરે બાબતોમાં ગામના અપૂરતા વિકાસને કારણે ઉભી થતી મુશ્કેલીઓની વાતો સાંભળેલી, ત્યારથીજ આ અંગે જાણવાની તાલાવેલી મને આજે આ જ વિષયમાં સંશોધન કાર્ય કરવા સુધી પ્રેરી ગઈ. ગ્રામ વિકાસ અને કાયદાના વિષયમાં અભ્યાસ કરવાની સાથે મારા વિચારોને વેગ મળતો ગયો ગામડાના સામાન્યમાં સામાન્ય માનવી કે જેને કશીજ ખબર નથી પડતી તેને કેવી રીતે સમજાવવું કે ગામડાના વિકાસ માટે સરકારશ્રીએ ઘણી વિકાસલક્ષી યોજનાઓ બનાવેલ છે, અને તેના માટેની અર્થવ્યવસ્થા પણ કરી છે અને કાયદાથી પણ આવી યોજનાઓને સુરક્ષિત કરવામાં આવેલ છે. આ અંગેની તેમને જાણકારી હોવીજ જોઈએ અને તે યોજના મુજબ ગ્રામ્ય વિકાસ થવોજ જોઈએ. આવા બધા વિચારો અને વિવિધ ક્ષેત્રના વ્યક્તિઓ સાથેની ચર્ચા પછી મને વિચાર આવ્યો કે ગ્રામ્ય વિકાસ અને કાયદો એ એકદમ યોગ્ય ક્ષેત્ર છે. જેમાં મારે કંઈક સંશોધનાત્મક કાર્ય કરવું જોઈએ.

આ ક્ષેત્રમાં સંશોધન કાર્ય માટે વિવિધ ક્ષેત્રમાં જઈને રૂબરૂ તપાસ કરતા જાણવા મળ્યું કે ઘણી બધી વ્યક્તિઓ અને સામાજીક સંસ્થાઓ અને સરકારશ્રી આ ક્ષેત્રે કામગીરી કરે છે. આ બધી વ્યક્તિઓ અને સંસ્થાઓની રૂબરૂ મુલાકાતો લઈને મેં એ જાણવા પ્રયત્ન કર્યો કે આ સંસ્થાઓ કઈ રીતે કાર્યો કરે છે. ગામડાના લોકોને શું મુશ્કેલીઓ છે. તેમને યોગ્ય માનવીયતાના હકકો અને વિકાસ ના ફળ મળે છે કે કેમ ? વ્યક્તિઓ અને સંસ્થાઓને આ વિસ્તારના વિકાસ કાર્ય માટે શું તકલીફ પડે છે. સરકારશ્રી આ સંસ્થાઓ

વ્યક્તિઓને કઈ રીતે મદદરૂપ થાય છે ? લોકોના આ સંસ્થાઓ, વ્યક્તિઓ પ્રત્યે શું પ્રતિભાવ છે ? એટલે મારા સંશોધન કાર્યના સમય દરમ્યાન હું જોઈ શકી છું કે ગ્રામ્ય વિકાસ અંગેની જાણકારી આ સંસ્થાઓ દ્વારા લોકોને મળી રહી છે. જે ખૂબજ જરૂરી છે.

મારા આ સંશોધન દરમિયાન મને આનંદ એ વાતનો છે કે હું પોતે મારી જાત સાથે સંવાદ કરી શકી. ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત દરમિયાન પ્રકૃતિ અને કુદરતને વધારે નજીકથી માણી શકી પરમ કૃપાળુ પરમાત્માએ પોતાની સમગ્ર કળાને ગ્રામ્ય વિસ્તારમાં ઉતારી દીધી હોય તેવું લાગ્યું કારણકે સંપૂર્ણ હરીયાળા ખેતરો, નદીઓ, નિર્દોષ પશુ પક્ષીઓનો કલરવ ગામડાઓમાં વસતા ભોળા લોકોનો આતિથ્યભાવ આ બધાને ખૂબજ નજીકથી જોવાની જાણવાની તક મળી.

માટેજ આજે જયારે આ સંશોધન કાર્ય પૂર્ણ થઈ રહયું છે. ત્યારે મને જેઓના આશીર્વાદ, પ્રેમ, લાગણી, હુંફ મળી છે કે જેમના કારણે હું આજે અહીં સુધી પહોંચી શકી છું તેઓની પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યકત કરવા માટે શબ્દો તો ખૂબજ ઓછા પડે પણ હું એ દરેકને મારા શત ્ શત્ વંદન કરૂ છું.

સૌ પ્રથમ હું વંદન કરૂ છું પરમ કૃપાળું ભગવાનને કે જેઓના આશીર્વાદથી આ સ્થાને નિર્વિઘ્ને પહોંચી શકી છું.

મારા જન્મદાતા મારા માત–પિતાને વંદન કરૂ છું કે જેઓનું ગ્રામ્ય સંસ્કૃતિ સભર પારીવારિક સાદગીપૂર્ણ જીવન જ મારા માટે પ્રેરણા સમાન છે. મારા પ.પુ.પિતાનું તથા માતાનું સમગ્ર જીવન મારા માટે એક "ધર્મગ્રંથ" સમાન છે. એમણે કરેલું સંસ્કારોનું સિંચન આજે મને આ શિક્ષણની સર્વોચ્ચ પદવી મેળવવા સુધી લઈ આવ્યું છે. એમને મારા શત ્ શત્ વંદન કરૂ છું.

આ તકે હું વંદન સાથે આભાર માનીશ ડો.ઈન્દ્રાયણ સાહેબનો કે જેઓએ મારા આ સંશોધન કાર્યમાં પૂરતું માર્ગદર્શન અને દોરવણી આપેલ.

મારા "ગાઈડ" જ નહી પરંતુ ફ્રેન્ડ અને ફિલોસોફર તરીકે જવાબદારી નીભાવી છે અને આ સંશોધન કાર્યમાં મારી સાથે હંમેશા ઉભા રહયાં છે. તેમના અદ્ભૂત માર્ગદર્શન હેઠળ આ કાર્ય પૂરૂ થઈ શકેલ છે. એવા પરમ વંદનીય શ્રી પ્રો.ડો. ભરતભાઈ મણિયાર સાહેબની વંદન સાથે આભારી છું.

જેઓની પાસે રહીને મને આ વિષયમાં ઉંડાણપૂર્વક રસ લેતી કરી, સંશોધનના દરેક તબકકે પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય ફાળવી મને સતત મદદરૂપ થનાર જુનાગઢ લો કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડો.ડી.જી.મોદી સાહેબ, પોરબંદર લો કોલેજના પ્રિન્સીપાલ શ્રી લાખાણી સાહેબ તેમજ જુનાગઢ લો કોલેજના મારા સાથી વ્યાખ્યાતા પ્રો.લતાબેન કારીયાની પણ વંદન સાથે આભારી છું.

સંશોધન કાર્યનો પ્રથમ નિર્ધાર જુનાગઢ લો કોલેજમાં જોડાયા ત્યારથીજ થયો અને આ માટે કોલેજમાં જોડાવા માટેની પ્રેરણા આપનાર અમારા વડીલ પૂજય શ્રી નાનજીભાઈ વેકરીયાનો આ તબકકે વંદન સાથે આભાર માનુ છું.

સંશોધન કાર્ય દરમ્યાન ઘણું સાહિત્ય એકત્રિત કરવું પડે છે જે માટે મને ખૂબજ સાથસહકાર આપી સંશોધનનું સમગ્ર સાહિત્ય મેળવવામાં મદદરૂપ થનાર પોલીસ અધિકારી શ્રી.બી.ટી.વાજા સાહેબની ખૂબજ આભારી છું.

મારા સમગ્ર સંશોધન દરમ્યાન કે.જી.ચૌહાણ કન્યા વિદ્યાલય જુનાગઢ ના પ્રિન્સીપાલ શ્રી કૈલાસબેન એસ.વાઘેલાએ તેઓનો કિમતી સમય મને ફાળવેલ છે. તેમની વંદન સાથે આભારી છું.

રાજકોટ : સંશોધક

તારીખ : રેખા.જી.કુંભાણી.

# અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૧ | સંશોધન – આયોજન | ૧ – ૩૮ |
| ૨ | ગામ | ૩૯–૧૬૦ |
| ૩ | ગ્રામ્ય સમિતિઓની રચના અને અહેવાલ | ૧૬૧–૨૦૭ |
| ૪ | ગામ વિકાસની યોજનાઓ | ૨૦૮–૨૭૮ |
| ૫ | ગામ સંદર્ભિત કાયદાઓ | ૨૭૯–૩૦૧ |
| ૬ | અમલવારી માટેનું તંત્ર/ માળખું | ૩૦૨–૩૩૫ |
| ૭ | સૂચનો અને ઉપસંહાર | ૩૩૬–૩૪૫ |
| – | સંદર્ભસૂચિ | ૩૪૬–૩૫૪ |

# પ્રકરણ –૧

# સંશોધન – આયોજન

૧.૧ પ્રસ્તાવના

૧.૨ અભ્યાસ વિષય પસંદગી

૧.૩ સંશોધન સમસ્યા

૧.૪ અભ્યાસ હેતુઓ

૧.૫ અભ્યાસની ઉપકલ્પના

૧.૬ અભ્યાસનું મહત્વ

૧.૭ અભ્યાસના ખ્યાલો

૧.૮ અભ્યાસનું ક્ષેત્ર

૧.૯ અભ્યાસ પધ્ધતિ તથા પ્રવિધિ

૧.૧૦ માહિતીનું પૃથ્થકરણ

૧.૧૧ પ્રકરણીકરણ

૧.૧૨ અભ્યાસ ક્ષેત્રના અનુભવો

૧.૧૩ અભ્યાસની મર્યાદાઓ

૧.૧૪ ઉપસંહાર

# પ્રકરણ ૧ સંશોધન આયોજન

## ૧.૧ પ્રસ્તાવના

અભ્યાસક કાયદાનો સમગ્રપણે અભ્યાસ કરે છે. તેમાંય ખાસ કરીને ગ્રામ વિકાસ અને કાયદાને ધ્યાનમાં રાખી તેનો અભ્યાસ કરવા તરફ ઝોક ધરાવે છે. આવા કેટલાયે ગામડાઓ વિશ્વભરમાં અસ્તિત્વ ધરાવે છે. આવા ગામડાના લોકોના અનેકવિધ પાસાઓ આધારિત ઘણા અભ્યાસો થયા છે. તેમાંથી અભ્યાસકે અનેક શાખા પેટાશાખાઓનો અહસાસ કર્યો છે. અભ્યાસ આ પેટા શાખામાંથી ગ્રામ વિકાસ સંબંધી જે અભ્યાસકે અભ્યાસો કર્યા છે. તેમાંથી "ગ્રામ વિકાસ" જેવી નવી શાખા નો વિકાસ થયો છે. માનવજીવનની સમતુલા જાળવવામાં ખેતીનો ફાળો મહત્વનો છે. માનવજીવનની શરૂઆત જ ખેતી સાથેના સબંધથી થઈ છે. બીજા તબકકામાં માનવી ખેતી અને પશુપાલન કરવા લાગ્યો આજે પણ કેટલાક પરંપરાગત જીવનશૈલી ધરાવતા સમુદાયો ખેતી અને પશુપાલન જેવા પ્રાથમિક કક્ષાના વ્યવસાય સાથે જોડાયેલા છે.

ભારતમાં ગ્રામ વિકાસ માટે ત્રણ પ્રકારનાં અભ્યાસો મહત્વના બને છે. એક તો આદિવાસી સમુદાયોનાં અભ્યાસો, બીજું ગ્રામ સમુદાયોના સમાજશાસ્ત્રીનો અભ્યાસ,અને ત્રીજુ શહેર સમુદાયના સમાજશાસ્ત્રીય જેમા ગ્રામીણ સમાજના અભ્યાસો માટે પાયાનું એકમ બની રહે છે. કારણકે ભારત ની મોટાભાગની વસ્તી ગ્રામીણ છે. દેશની કુલ વસ્તીના ૭૪.૩ ટકા વસ્તી ગામડામાં વસવાટ કરતી હોવાથી ભારતીય સમાજ વ્યવસ્થા સમજવા

માટે તેનો અભ્યાસ જરૂરી બને છે. ગ્રામીણ અર્થ વ્યવસ્થા મુખ્યત્વે ખેતી અને તેની સાથે સબંધિત અન્ય વ્યવસાયો જેવા કે પશુપાલન,સુથાર,લુહાર વગેરે પર આધારિત છે. પરંતુ પ્રત્યક્ષ કે પરોક્ષ જીવન નિર્વાહનું મુખ્ય સાધન ખેતીજ છે. આ દ્રષ્ટિએ ભારતીય સમાજ અને સંસ્કૃતિને યોજવા અને સમજવા માટે ગ્રામ સમુદાયોના અભ્યાસો મહત્વના બની રહે છે. ગામડું એક ઐતિહાસિક વારસો છે. ગામડામાં ભારતીય સંસ્કૃતિનું યુગોથી સાતત્ય જળવાઈ રહયું છે. ગ્રામ સમુદાયોમાં પરિવર્તનોમાં પણ ગ્રામીણ પરંપરાના સાતત્યની ઝાંખી થાય છે.

ભારતના કેટલાક સમુદાયો ખેતી, પશુપાલન અને તેને પૂરક વ્યવસાય અર્થ વિસ્તારમા ઝુપડા બાંધીને અને નાના ગામડાઓમાં પણ વસે છે. "ભારતના ૫૦૦૦ જેટલા વિસ્તારનાં ગામડાઓમાંથી આજે ગુજરાતનાં ૧૧૪ જેટલા ગામો સંપૂર્ણ વન વિસ્તારના ગાઢ જંગલ આવેલા છે".

ગામડાઓના કલ્યાણ માટે બનેલી વિવિધ યોજનાઓ તેમજ કાયદાઓ ગામડાના વિકાસ માટે ખૂબજ ઉપયોગી છે.

આમ ગામડાનાં સર્વાંગી વિકાસમાં ગામડાનાં લોકોનું, ગ્રામ્યજીવન, સામાજીકજીવન, સાંસ્કૃતિક જીવન, ધાર્મિ ક જીવન, આર્થિક જીવન, વ્યવસાય, શિક્ષણ, રહેઠાણની વ્યવસ્થા, આરોગ્ય, લગ્ન વૈવાહિત દરજ્જો, ગામડાનાં લોકોની સમસ્યાઓ, ગામડાનાં લોકોની અપેક્ષાઓ વગેરે જેવા અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે.

ગામડાના વિકાસ કાર્યો હાથ ધરતા પહેલા આ લોકોની લાક્ષણિકતાઓનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવો ઘણો મહત્વનો બની રહે છે. ગામડાનો વિકાસ રૂધાંય નહી એ માટે તેનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ

કરવામાં આવે તો ગામડાંમાં વસતા ગ્રામજનોના અને ગામડાંનો વિકાસ યોગ્ય દિશામા કરી શકાય તેમ છે.

## ૧.૨ અભ્યાસ વિષય પસંદગી

જયારે ગામડામા વસતાં ગ્રામલોકોનો અભ્યાસ કરવાનો હોય છે. ત્યારે તેમાં ગામડાના પશુ, પ્રાણીઓ, ખેતરો, ગ્રામવિભાગનો વહીવટ, કાયદો, નિયમો, વિવિધ યોજનાઓ, તેની જાળવણી, ખેતી, પશુપાલન અને અન્ય રોજગારી આ ઉપરાંત અહીં વસવાટ કરતા લોકોના સંદર્ભમાં સામાજીક, માનસિક, આર્થિક, રાજકિય, ધાર્મિક સંબંધો, માન્યતાઓ, ખ્યાલો, લાગણીઓ, અધિકારો, રોજગારી, શોષણ, વહીવટી તંગદીલી–ખામીઓ, ભ્રષ્ટાચાર, અન્યાય, ત્રાસ, ઉપજ, સંગ્રહ, વેચાણ આવક વગેરે અનેક બાબતો અને પ્રશ્નો આ લોકોની જીવન વ્યવસ્થાનાં સંદર્ભમાં લઈ શકાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઘણાં લોકો વસે છે. તેઓની મોટાભાગની જરૂરીયાતો ખેતીમાંથી પુરી થાય છે. ખેતી, બળતણ, ઘાંસ, ચરિયાણ, પાણી તેઓ મેળવે છે. ખાસ કરીને ખેતી કરતા ખેડૂતોના ખેતરો અને પશુપાલન કરતા લોકો ગ્રામ વિસ્તારમા વસે છે. ગ્રામ વિકાસ અને માનવી સાથેના સંબંધો વિશે અનેક સંશોધન,સર્વેક્ષણ,અને લેખન તેમજ જરૂરીયાત મુજબનાં અભ્યાસો થતા રહયા છે. આ ઉપરાંત ગ્રામ્ય લોકોની સમસ્યાઓ તેમાં વસતા લોકોના માનવ અધિકાર માટે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગઠનો છે. તેઓ પણ પોતાના કાર્યક્ષેત્ર અનુસાર આ દિશાના અભ્યાસ કરે છે. ગ્રામ્ય વિભાગ માં પણ આવા અભ્યાસો કરી તે અનુસાર વહિવટ અને યોજના ઘડે છે. આ બધા અભ્યાસો પોત પોતાના અભ્યાસો કેન્દ્રના આધારે

ખેતી, તેમા વસતા લોકો, પશુ, પ્રાણીઓ વગેરે પોત પોતાના તારણો અને સૂચનો આપે છે. આવા અભ્યાસો દ્વારા ગામડું અને માનવ જીવન અંગેના પ્રશ્નોને વાચા મળે છે. કેટલીક વખત કોઈ એક જાતિને ધ્યાનમાં રાખી તે અનુસંગે અભ્યાસ થતો હોય છે. [૧]

## ૧.૩ સંશોધન સમસ્યા

ગ્રામ્ય વિકાસની દષ્ટિએ જોઈએતો આજે ગામડાંમાં લોકોની સંખ્યા ઘટી છે. શહેર તરફ માનવ વસ્તીનું દબાણ વધ્યું છે. ગામડામાં કુદરતી સંપતિનો બેફામ ઉપયોગ થતાં આજે કેટલાક ગામડામાં અને પ્રશ્નો ઉભા થયા છે. જમીનનું ધોવાણ થતા ફળદ્રુપતા ઘટી છે. જુદી જુદી યોજનાઓના કારણે લોકોનું સ્થળાંતર અને માલ ઢોર, પશુ, પ્રાણીઓ, સ્થળાંતર સબંધિત પ્રશ્નો ઉભા કરે છે. માનવજીવન પર તેની કેટલીક વિપરીત અસરો થાય છે. જમીન સાથે સંકળાયેલા લોકોની રોજગારી માટેના કેટલાક પ્રશ્નો ઉભા થાય છે. અતિવૃષ્ટિ, સિંચાઈ યોજનાઓ, લોકોનું વિસ્થાપન, સ્થળાંતર ગ્રામવિકાસ અને કાયદાઓ વગેરેની ગામડાંમાં વસતા લોકોના જીવન પર કેટલીક અસરો થઈ છે. જયારે આવી કુદરતી આફતની સાંકળ તૂટે છે. ત્યારે માનવ અને અન્ય જીવસૃષ્ટિ માટે અનેક પ્રશ્નો ઉભા થાય છે. ગામડાનાં વિકાસ અને કાયદામાં જે પ્રશ્નો ઉભા થયાં છે. તેનો અભ્યાસ કરવો વર્તમાન જરૂરિયાત છે. કારણકે આ ગામડામાં વસતા ખેડૂતો સદીઓથી અહીં વસે છે. સ્વતંત્રતા પછી ભારત સરકારે બ્રિટીશ નીતિમાં કેટલાંક ફેરફાર કર્યા છે. જૂની નીતિ અને નવી નીતિ વચ્ચે લોકોને મળતો લાભ,ગેરલાભ,ગ્રામવિકાસ કાયદાઓ,વગેરેમાં ઉભી થતી સમસ્યાવાળી સ્થિતિ વગેરે રીતે થતા ફેરફાર અનુસાર આ લોકો વ્યવસ્થા કેવી રીતે બદલાય છે. ખેતી એ ગામડામાં વસતા

લોકો માટેજ નહીં, પણ જે તે રાષ્ટ્રની સંપતિ છે. આ બાબત પણ આટલી જ મહત્વની છે. આમ આ દષ્ટ્રિએ " ગ્રામ વિકાસ અને કાયદાનો અભ્યાસ " ઘણોજ મહત્વનો બનશે.

## ૧.૪ અભ્યાસ હેતુઓ

દરેક અભ્યાસી માટે સંશોધન કાર્ય કરવા પાછળ કોઈને કોઈ ચોકકસ હેતુઓ હોય છે. આ હેતુઓ જે તે સંશોધન વિષયના પ્રશ્નોમાંથી ઉદભવે છે, અને તે તેના યોગ્ય કારણો તરફના હોય છે. આજે માનવીની સ્વાર્થ વૃતિને કારણે ગામડાનો નાશ થઈ રહયો છે. આજે ગામડામાં પણ આવી કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહયું છે. આથી નીચે જણાવ્યા હેતુઓથી " ગ્રામ વિકાસ અને કાયદાના અભ્યાસ કરવાનું નકકી કર્યું છે.

(૧) જુદા જુદા ગ્રામ્ય વિસ્તારના લોકોના જીવનમાં રહેલું ગામડાનું મહત્વ અને તેની અસરો જાણવી.

(૨) ગામડામાં વસતાં લોકોનું જીવન ધોરણ,લોકોનો વ્યવસાય આવક, જરૂરિયાત, મકાન ખોરાક પોષાક, રાચ–રચીલું, ધાર્મિક બાબતો, શ્રધ્ધા– અંધશ્રધ્ધા, વાર–તહેવાર, અન્ય ગ્રામ–જનો સાથેના સંબંધો, જન્મ, લગ્ન, મરણ વગેરે સામાજિક સાંસ્કૃતિક સંરચનામાં જ તેઓનાં ગ્રામ્ય જીવન પર કેવી અને કેટલી અસરો છે તે તપાસવી.

(૩) ગામડામાં વસતા જુદા જુદા લોકોની જીવન નિર્વાહ પધ્ધતિ, જેમાં વ્યવસાય, આવકના સાધનો, બચત ખર્ચ વગેરેની અસરો તપાસવી.

(૪) ગ્રામ વિકાસ અને કાયદા સબંધિત જુદી જુદી સંસ્થાઓ, વિદ્વાનો, સંશોધકો, સરકાર અને તેમાં વસતા લોકમાં ગામડાં વિશે કેવા વલણો ધરાવે છે, તે જાણવું.

(૫) આ ગામડાંમાં લોકોના જીવનમાં, સરકારી, બિનસરકારી કે અન્ય એજન્સીઓની અસર અને બહારની એજન્સીઓ દ્ ્રારા થતા કલ્યાણ કાર્યો અને તેમની ગતિ–સ્થિતિ વિશે જાણવું.

(૬) ગ્રામ્ય વિસ્તારનાં આ ગામડાઓમાં વિકાસ કાર્યક્રમ પછી જુદા–જુદા ગ્રામ્યજનોની સામાજિક–આર્થિક પરિસ્થિતિમાં શું ફેરફાર થયો છે, તે તપાસવું.

(૭) વિકાસ કાર્યક્રમોને વધુ મજબૂત બનાવવા અને તેનો આવા પછાત રહેલા (ઓછા વિકસિત) ગામડાઓના સર્વાગી વિકાસ માટે અમલ થાય તેવાં સૂચનો કરવાનો હેતુ રહેલો છે.

## ૧.૫ અભ્યાસ ઉપકલ્પના

ઉપકલ્પના સંશોધન માટે કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે. વૈજ્ઞાનિક પધ્ધતિનું તે આવશ્યક અંગ છે. વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવા માટે જરૂરી બનતા વિવિધ તબકકાઓનો પ્રથમ તબકકો છે. ઉપકલ્પનાના નિર્માણથી વૈજ્ઞાનિક પધ્ધતિનાં ઉપયોગનું પ્રથમ ચરણ આરંભાય છે. સંશોધન પ્રક્રિયા દરમ્યાન આ ઉપકલ્પના સાચી છે કે ખોટી તેની ચકાસણી કરવાની હોય છે. "ઉપકલ્પનાનો હેતુઅભ્યાસ હેઠળની ઘટનાઓ વચ્ચેનો સ્પષ્ટ સબંધ એવી રીતે દર્શાવવાનો છે કે જેથી આ સબંધની અનુભવ પ્રાપ્ત રીતે ચકાસણી થઈ છે."

વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક સંશોધન માટે ઉપકલ્પના કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે. ઉપકલ્પનાથી સંશોધનને ચોકકસ અને નિ શ્ચત ઢબે ગોઠવી શકાય છે. ઉપકલ્પનાઓ સમસ્યાઓના ઉકેલ માટેની ચાવી છે. ઉપકલ્પનાથી સંશોધન કાર્યનો માર્ગ મળે છે. આમ સામાજિક સંશોધનમાં

ઉપકલ્પનાઓ અનેક રીતે ઉપયોગી હોવાથી સમાજશાસ્ત્રીય સંશોધનમાં ઉપકલ્પના સ્વીકારવામાં આવે છે. ઉપકલ્પના એક કરતા વધારે હોઈ શકે છે.

પ્રસ્તુત અભ્યાસ માટે મુખ્ય પૂર્વધારણા રૂપે કામચલાઉ રીતે સ્વીકારવામાં આવ્યુ છે.

(૧) ગ્રામ્ય લોકોનાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક અને આરંભમૂલક અભ્યાસ કરવાથી તેમની સમસ્યાઓ વિશે તલસ્પર્શીય માહિતી પ્રાપ્ત થશે.

(૨) આ ગ્રામ્ય લોકોની ઉપરોકત બાબતો સબંધિત સમસ્યાઓને સમજી તેના નિરાકરણની રૂપરેખા તૈયાર કરી શકાશે.

(૩) ગ્રામ્ય વિકાસમાં ગ્રામ્યલોકોના શ્રેય માટે સરકારી યોજનાઓની ફલશ્રૃતિ નો અભ્યાસ કરી ભવિષ્યની યોજનાઓનું આયોજન કરવા માટે ઉપયોગી માહિતી આપી શકાશે.

(૪) ગ્રામ્ય વિકાસમાં ગામડામાં વસતાં ગ્રામ્ય લોકોનાં અલગ–અલગ દ્રષ્ટિકોણથી અભ્યાસમાંથી મેળવેલા તારણો ઉપરથી તેમના જીવન સ્તરને ઊચું લાવવાના તારણો મેળવી શકાશે.

(૫) ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકોના અભિન્ન રીતે ખેતી અને પશુસૃષ્ટિ સાથે સંકળાયેલા હોવાથી આ અભ્યાસનાં આધારે ઉભયપક્ષે સંવાદિતા સાધવા માટેના તેમાં બન્નેના સમુચિત વિકાસ માટેના ફળદાયી તારણો પ્રાપ્ત કરી શકાશે.

આમ ગ્રામ્ય વિકાસમાં ગામડાનાં લોકોને ધ્યાનમાં રાખી તેના અભ્યાસ માટે ઉપરોકત ઉપકલ્પનાનું ઘડતર કર્યુ છે.

## ૧.૬ અભ્યાસનું મહત્વ

આ સંશોધક અભ્યાસનો હેતુ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્ર ્ારા વિવિધ પ્રકારની સમસ્યાઓ કે પ્રશ્નોને સમજવા તે અંગેની સાચી માહિતી મેળવી તે દ્વારા વૈજ્ઞાનિક જ્ઞાનમાં વૃધ્ધિ કરવાનો આજના વૈજ્ઞાનિક યુગમાં દરેક ક્ષેત્રમાં સામાજિક અભ્યાસનું ધણુંજ મહત્વ રહેલું છે. "સંશોધનાત્મક અભ્યાસ દ્વારાં મેળવેલ જ્ઞાન કે માહિતી સામાન્ય રીતે નિરપેક્ષ, પૂર્વગ્રહરહિત અને વિશ્વસનીય જ્ઞાન કરતાં વધુ વિશ્વસનીય હોય છે." [૩] આમ,સામાજિક સંશોધનો સામાજિક વિજ્ઞાનોની નવી ક્ષિતિજો શોધે છે. તેમજ વિજ્ઞાનની સીમાઓ વિસ્તૃત બનાવે છે. અને તેના દ્ર ્ારા નવા સિધ્ધાંતો સ્થાપે છે.

પ્રસ્તુત સંશોધક અભ્યાસનું વ્યવહારિક અને સૈધ્ધાંતિક દ્રષ્ટિ એ ધણુંજ મહત્વ રહેલું છે.

(૧) આ અભ્યાસ સંશોધક માટે ધણોજ અગત્યનો અને રસપ્રદ છે. કારણકે ગામડાંમાં વસતા જુદા–જુદા ગ્રામ્ય લોકોના જીવનમાં કોઈને કોઈ રીતે ખેતીનો પ્રભાવ છે. ગામડાંઓમાં મોટેભાગે બધાજ જ્ઞાતિ –કોમ/સમુદાયો આવરી લઈને જ ગામોને અભ્યાસ માટે પસંદ કર્યા છે. આમ તેનો અભ્યાસ સૈધ્ધાંતિક દ્રષ્ટિએ ધણોજ મહત્વનો બને છે.

(૨) સંશોધનમાં જ્ઞાતિ, ધર્મ, કુટુંબ, લગ્ન, સમસ્યાઓ, તુલનાઓ વગેરે દ્રષ્ટિબિદું સાથે ધણાંજ અભ્યાસો થયા છે. ગ્રામ્ય વિકાસ માટેની વિવિધ યોજનાઓ આ ક્ષેત્રે કાર્યરત કર્મચારીઓ વગેરે પરિબળો અહી વસતા લોકોના જીવન પર કેવી અસરો થઈ છે તે જાણવા તરફનાં અભ્યાસો નુંમહત્વ રહેલું છે.

(૩) આ અભ્યાસ અનુસાર ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકોનું સમગ્ર જીવન તેની નીતિઓ અનુસાર આકારીત થાય છે. ત્યારે આવા ગ્રામ્ય લોકોના વહીવટ સાથે સબંધિત પરિસ્થિતિઓમાંથી ઉદભવતી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, વહીવટ વગેરે સમસ્યાઓ દૂર કરવા અને તેના સૈધ્ધાંતિક ઉપાયો શોધવા માટે આ અભ્યાસનું ઘણુંજ મહત્વ રહેલું છે.

(૪) મહેસુલી ગામડાઓ ગ્રામ પંચાયત, તાલુકાપંચાયત, તલાટી–કમ – મંત્રી, વિકાસ અધિકારી, મામલતદાર, કલેકટર વહીવટી માળખા હેઠળ આવે છે. આવા ગામડાઓના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં છે.મહેસૂલી ગામડાઓમાં ગ્રામ્ય લોકોનાં વિકાસન ી તકો કેવી અને કેટલી છે. તે સમજવા માટે આ અભ્યાસ મહત્વનો છે.

(૫) આ ગામડાઓના સામાજિક માહોલમાંથી કેટલાક લોકો વિવિધ યોજાનાઓનો સ્વીકાર કરે છે. તો કેટલાક લોકો તેને સ્વીકારવા તૈયાર નથી જયારે એકજ ગામમાં આ બંન્ને પ્રકારના લોકો સાથે રહેતા હોય છે. ત્યારે તેઓની વચ્ચેના સબંધો, આંતરક્રિયા, વર્તનવ્યવહાર, ભિન્નતાઓ વગેરે અંગેના ખ્યાલો, કારણો જાણવા માટે આ અભ્યાસ ઉપયોગી બને છે.

(૬) આ અભ્યાસ કોઈ એક જ જ્ઞાતિ, કોમ, ધર્મ, વ્યવસાય છે વર્ગને ધ્યાનમાં રાખ્યા વિના માત્ર ગામડામાં વંશપરંપરાથી જીવનશૈલી ધરાવતા લોકોના સમાજ જીવન પર પ્રકાશ ફેકે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગામડામાં વસતા બધા સમુદાયોનો એકજ અભ્યાસમાં સમાવેશ થઈ જાય છે. જે આ પ્રકારનો પ્રથમ અભ્યાસ છે. જેઓ આ ક્ષેત્રમાં અભ્યાસ કરી રહયા છે. તેમને શિક્ષણ દ્ર ્ારા સામાજિક

પરિવર્તન, વિકાસાત્મક કાર્યો કરવા માટે અવલોકન કરવાની તક આ અભ્યાસ દ્વારા મળી શકે તેમ છે.

(૭) ભારતમાં આજે ઘણા ગામો છે. સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે સમાજવિજ્ઞાનના અભ્યાસીઓ એ આવા ગામડાઓનો અભ્યાસ કરી, દરેકની અલગ–અલગ સમસ્યાઓ સમજી તેનું નિવારણ લાવી શકાય તે માટેનાં સૂચનો કેન્દ્રસ્તરે મોકલી ભવિષ્યના સરકારશ્રીના વિકાસ આયોજનમાં સુધારા સૂચવી શકાય. અહી સ મય, શકિત અને નાણાંની મર્યાદાને કારણે આટલા વિશાળ ક્ષેત્રને આવરી લઈ અભ્યાસ કરવાનું શકય નથી. આથી આ અભ્યાસ માત્ર ગુજરાતના ગ્રામ્ય લોકો માટે અભ્યાસ ક્ષેત્રના જ ગામો પસંદ કરી કરવામાં આવ્યો છે. આ અભ્યાસને સમગ્ર રાજય અને દેશનાં ગ્રામ્ય લોકોના પરિપ્રેક્ષ્યમાં લઈ સર્વાંગી વિકાસ માટેનું આયોજન કરવા આ ક્ષેત્રના અભ્યાસો ઉપયોગી બને છે.

આમ આ અભ્યાસનું સૈધ્ધાંતિક અને વ્યવહારિક દ્ર ્ષ્ટિએ ઘણુંજ મહત્વ રહેલું છે.

## ૧.૭ અભ્યાસના ખ્યાલો

"ખ્યાલો સિધ્ધાંતના ઘડતર માટે પાયાની ઈંટો છે. સિધ્ધાંતો, ખ્યાલો, દ્વારા ઘડાય છે. ખ્યાલો ઘટનાને સૂચિત કરતી તાર્કિક રચના છે. તે નિરીક્ષણ કરેલી ઘટના વિશે કરવામાં આવેલી અમૂર્ત વિચારોની તારવણી છે. જે વાસ્તવિક ઘટનાનું પ્રતિનિધિત્વ ધરાવતાં અમુક પાસાઓને રજૂ કરતી ટૂંકાક્ષરી છે." [૪] ખ્યાલ, અભ્યાસની ઘટનાને પ્રતીક દ્ર ્રા વ્યકત કરતો શબ્દ છે. તે સંશોધનનુ સંવાહન કરવામાં ઉપયોથી થાય છે.

આથી કોઈપણ અભ્યાસમાં જે ખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે. તેની સ્પષ્ટતા કરવી જરૂર છે. પ્રસ્તુત અભ્યાસ "ગ્રામ વિકાસ અને કાયદો" છે. આથી આ અભ્યાસમાં "ગામડું", "ઉત્પતિ અને વિકાસ", "કાયદો" જેવા ખ્યાલોનું સ્પષ્ટી કરણ કરવું ખૂબજ આવશ્યક છે.

(૧) ગામડું

સને ૧૯૫૧ ની વસ્તી ગણ તરીમાં ગામડાને સામાજિક કે વસવાટના એકમ તરીકે નહીં ગણતાં વહીવટી એકમ ગણવામાં આવ્યું છે. તેમજ વસ્તીના પ્રમાણને આધારે ગામડાનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ગામડાને વહીવટી એકમ તરીકે,મુખ્યત્વે ખેતી પર આધાર રાખતા સમુદાય તરીકે અમુક વિશિષ્ટ જીવનરીતિ ધરાવતા લોકોના સમુદાય તરીકે વસવાટ એકમ તરીકે ઓળખાવવાથી ગામડાનો ખ્યાલ સ્પષ્ટ થઈ શકતો નથી.

શ્રી નિવાસ ભારતીય ગામડાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, "ગામડું એ જ્ઞાતિ જેવા ભિન્ન ભિન્ન આકારસ્તરોનું બનેલું ઉભું એકમ છે."

મજુમદાર ગામડાને જીવનશૈલી **(way of life )** અને એક ખ્યાલ **(Concept)** તરીકે વર્ણવે છે.

પરંતુ આવી સંક્ષિપ્ત વ્યાખ્યાથી ગામડાનું સ્પષ્ટ સ્વરૂપ રજૂ કરી શકાતુ નથી ઉપરોકત સમજૂતી તેમજ ભારતના વિવિધ ગામડાના થયેલા અભ્યાસોને આધારે ભારતીય ગામડાની વ્યાખ્યા કંઈક આ પ્રમાણે પણ આપી શકાય.

ગામડું એ પ્રકૃતિની નિકટ વસતા તથા મુખ્યત્વે ખેતી ઉપર આધાર રાખો વિશિષ્ટ જીવન શૈલી ધરાવતા લોકોનો બનેલો પ્રાથમિક સમુદાય છે. કે

જેમા એક પ્રકારની એકવિધતા અને ઐકય હોય છે. આ સમુદાય સામાન્ય રીતે જ્ઞાતિ અને કૃષિ અર્થવ્યવસ્થાના પાયા પર સ્તરીકૃત થયેલો હોય છે. જેમા સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી જોવા મળે છે.

આ વ્યાખ્યાના સંદર્ભમ ાં તેમાંથી ફલિત થતાં લક્ષણોની ચર્ચા દ્વ ારા ભારતના વિભિન્ન પ્રાંતોના ગામડાના અભ્યાસોને આધારે આપણે ભારતીય ગામડાના સ્વરૂપને સમજી શકાય ગામડાના લોકો પ્રકૃતિની અત્યંત નિકટના સંબંધમા જીવન જીવે છે.તેમની આજીવીકાનું મુખ્ય સાધન ખેતી છે. ખેતીની જમીન સાથે તે સતત સંપર્કમાં રહે છે. ખેતી માટે વરસાદ, સૂર્ય, વનસ્પતિ, પશુ, નદી, તળાવ, પવન વગેરે પ્રકૃતિના વિવિધ તત્વો ઉપર ખેડૂતને આધાર રાખવો પડે છે. આથી તેની આજીવિકા માટે ઘણી અચોકકસતા હોય છે. વાવણી માટે તે વરસાદ ઝંખતો હોય છે.

"મહેનત કરીને જીવવા માટે ભેગો મળેલો સમૂહ તે ગામડું"

"એક બીજાને મદદ કરી બધા ધંધા વહેંચી જીવનારો સમૂહ તે ગામડું"

## (૨) ઉત્પતિ અને વિકાસ

ગામડાંની ઉત્પતિ અને તેનો વિકાસ "મહેનત કરીને જીવવા માટે ભેગો મળેલો સમૂહ તે ગામડું"

માનવજાતની ઉત્પતિ થઈ, તેનો વિકાસ થયો અને પછી સંગઠનની જરૂર પડી; એટલે અનુકૂળ સ્થળે ગામડાંની રચના થઈ. તે ગામડાંનો વિકાસ કેવી રીતે થયો તે હવે આપણે જોઈએ.

### (ક) વિકાસ ક્રમ

ગામ કેમ બંધાયાં, તેનો ઈતિહાસ ઘણો લાંબો છે. તે સંબંધીનાં પુસ્તકો પણ લખાયાં છે. તે ટૂકમાં વિચારીએ. આપણે જાણીએ છીએ કે આદિકાળમાં માણસ ફળ અને કંદમૂળ ખાતો અને ઝાડની છાલથી શરીરનું રક્ષણ કરતો. હકીકત એવી હોવી જોઈએ કે, માણસ પ્રથમ શિકાર કરી પોતાનું પોષણ કરતો. શિકારની મુશ્કેલી વધી હશે, એટલે તેણે કંદમૂળ અને ફળફળાદિની શોધ કરી ; અને વસ્તી વધતાં તેમાંય મુશ્કેલી વધી હશે ; એટલે ખેતીની શોધ થઈ. ગાયના વાછરડાને ધાવતું જોઈ, તેણે દૂધ ચાખ્યું હશે અને તે સ્વાદમાં ઠીક લાગ્યું હશે ; તેમાંથી તે ઢોર રાખતો થયો. તે ઢોર રાખતો થયા પછી તેની જાતનાં પશુઓને ખોરાક માટે મારવાનું તેણે નહીં ગમ્યું હોય ; એટલે અનાજની શોધ થઈ.

ફળફૂલ અને શિકાર પર જયાં સુધી જીવવાનું હતું, ત્યાં સુધી સ્થિરતા શકય પણ ન હોતી ; પરંતુ ખેતી અને ઢોર આવ્યાં, એટલે સ્થિરતાની આવશ્યકતા ઉભી થઈ ; અને ઢોરનો સમૂહ થયો તે ગોકૂળ થયું અને તેને તે સાચવવા લાગ્યો. તે સ્થાન ગોપૂર બન્યું.

પછી લોકો ટોળામાં રહેતા થયા ; તેમાંથી કુળ થયા અને પછી ગામડું થયું આમ રચનાત્મક કામ માટે ભેગા મળી જીવવા માટે ગામ થયું.

### (ખ) સ્થળની પસંદગી

હવે સારી રીતે કેમ જીવી શકાય, તેનો તેમણે વિચાર કર્યો. પ્રથમ હવા સારી જોઈએ, એટલે તેમણે વસવાટ માટે ટેકરા પસંદ કર્યા પછી પાણીની સગવડ જોઈએ એટલે તેમણે નદી અને સરોવર પર જગ્યા કરી.

આમ હિંદની અને ઈજિપ્તની સંસ્કુતિઓ સિંધુ,ગંગા અને નાઈલ નદીઓ પર થઈ.

વસ્તી વધતી ગઈ તેમ તેમ રહેવાની મુશ્કે લી વધતી ગઈ ; એટલે તે સપાટ મેદાનમાં નદીથી દૂર વસતા ગયા.ત્યા પાણી જોઈએ, એથી કૂવા બનાવ્યા. તે વખતે લોકો વસવાટ માટે સારી હવા, ખેતી માટે જમીન અને પીવા માટે પાણી એ ત્રણની સગવડ જોતા, આજીવિકાનાં સાધનમાં ઢોર હતાં. ખેતી કરી હોય ઢોરને ચરવાનું પણ જોઈએ એ માટે જંગલો પાર વિનાંના હતાં.

ઢોરનાં છાણ તથા બીજી દુર્ગંધવાળી ચીજોનું ખાતર કરવા માટે જુદી જમીન રાખી. હિંદુસ્તાનમાં સામાન્ય રીતે ઉકરડાની જગ્યા માટે પૂર્વ દિશા તરફની જમીન સારી ગણાય છે ; કેમકે પૂર્વ તરફનો પવન કોઈક વખત જ આવે. આમ કરતાં–કરતાં હજારો વર્ષે ગામની રચના થઈ હશે.

(ગ) વસવાયાં

આજે "વસવાયાં" શબ્દ હલકો બન્યો છે, પણ તેનો અર્થ એવો નથી ગામમાં જે વસવા યોગ્ય હોય, તે વસવાયા એ માનવાચક શબ્દ છે. ત્યારે ખેડૂતો સાથે વસવાયોગ્ય કોણ કોણ છે. તેનો વિચાર કરીએ.

પીવા તથા રાંધવા માટે વાસણની જરૂર પડી ; એટલે તેમાંથી એક જણે તે કામ કરવા માંડયું તે કુભકાર–કુંભાર કહેવાયો.

પછી સુથાર થયો "સુત્રધાર" પરથી "સુથાર" થયો સૂતરથી દોરીથી માપ લઈ લાકડું વહેરતા કાપતા, તે પરથી "સુત્રધાર" – "સુથાર" કહેવાયો. ખેતી કરવા માટે હથિયાર જોઈએ તે માટે લુહારની જરૂર પડી. "લુહાર" શબ્દ "લોહ" – લોઢું પરથી થયો ; એટલે એ ટોળામાંથી એક લુહાર થયો.

ઠંડીમાંથી બચવા માટે રક્ષણની જરૂર પડી ; એટલે ઘર કરવાની જરૂર પડી; માટે ટોળામાંથી કોઈએ તે કામ કરવા માંડયું, અને તે કડિયો કહેવાયો.

આમ ટોળામાં કોઈ મોટું–નાનું ન હતું બધાને સરળતાથી જીવવાનું હતું; એટલે કામની વહેંચણીની આવશ્યકતા ઉભી થઈ. બધા સ્વતંત્ર, છતાં એકબીજા પર આધાર રાખનારા હતા. બધા ભેગા થઈ ન જીવે તો ચાલે એમ ન હતું ; એટલે એમાંથી સંગઠન થયું સંગઠન વધતું ચાલ્યું. જીવનની જરૂરિયાતો અને વસતી વધતી ગઈ, તેમ–તેમ કામો પણ વધતાં ગયાં. જેમ ગાંધીજીએ શરૂઆતમાં રચનાત્મક કાર્યોની સંખ્યા ચારની ગ ણાતી હતી, પણ જરૂર ઉભી થઈ તેમ–તેમ વધતી ગઈ અને આજે અઢાર થઈ છે. તેમ ગામડાં ની રચનામાં પણ થયું છે.

હવે આગળ વિચારી શરીરના રક્ષણ માટે કપડાંની જરૂર ઉભી થઈ. એટલે વણનાર તૈયાર થયો. તે "વણકર" કહેવાયો. આ વણવાની ક્રિયા ઝાડની છાલમાં તાણાવાણા જોઈને સૂઝી હશે. એમ વણવાની ક્રિયા કુદરતે શિખવાડી કપાસની શોધ કરનારે જગત પર કેટલો ઉપકાર કર્યો છે. ડોડી, આંકડાં કે શીમળાના રૂમાંથી કપડાં નહિ બન્યા હોય ; એટલે કપાસની શોધ કરી હશે. તેમાં ચીકાશ, સુવાળપ, રેસાનું ઘટ્ટપણું વગેરે બધું છે. એટલે તેમાંથી કપડું બની શકે છે. જો કે શરૂઆતમાં ઘેટાં–બકરાંના વાળમાંથી કપડાં થયાં હશે. પછી સુતર થયું હશે પહેલા લોકો કપડાં ઓઢતાં અને પહેરતાં ; પણ સીવવાનું ન હતું. વેદમાં કપડું વેતરવા માટે શબ્દ નથી, એમ વિનોબાજી કહેતા. પછી સીવવાની જરૂર થઈ એટલે દરજી થયો.

કપડાં મેલાં થવા માંડયાં એટલે ધોબી થયો.

આ વિકાસ થયો કે કેમ તે તો કોણ જાણે ! પણ પરિગ્રહ વધતો જાય છે. તેમ નવી નવી જરૂરિયાતો ઉભી થાય છે.

ગામની સાફસૂફી માટે એક અલગ માણસ રહયો તે ભંગી કહેવાયો.

પહેલા વાળ રાખતા હશે અને તેથી માથામાં જાું થતી હશે અને કામમા મુશ્કેલી પડતી હશ ; એટલે વાળંદ થયો હશે. વસ્તુઓના વિનિમયની જરૂર ઉભી થઈ એટલે વાણિયો થયો.

માંદગી આવી એટલે વૈધ થયો.

વૈધ પહેલા અપશુકનિયાળ ગણાતો ; કેમ કે તેને આખો દિવસ માંદાં માણસોની વચ્ચેજ રહેવાનું થતું. જેમ આજે શ્રાધ્ધ કરનાર કાયટિયાની જરૂર બધાને પડે છે, છતાં તે શુભ પ્રસંગે હાજર નહિ રહે એવો રિવાજ છે ; પણ ચ્યવનઋષિની આંખોની દવા અશ્વિનીકુમારોએ કરી અને તે આંખે દેખાતા થયા, ત્યારે ઋષિએ વૈધોને યજ્ઞનો ભાગ આપવા ફરમાવ્યું ; અને ત્યાથી વૈધની પ્રતિષ્ઠા થઈ એવી વાર્તા છે.

પછી ધાતુઓની શોધ થઈ ત્રાંબુ, પિતળ મળ્યું ; તેમાંથી તેનાં વાસણો બનાવનારાં કંસારા થયાં.

સોનાની શોધ થઈ અને મોજશોખ થયા એ ટલે ઘરેણાં આવ્યાં,એટલે તેને ઘડનારા સોની થયાં.

જ્ઞાનની ભૂખ જાગી, એટલે પવિત્ર માણસોને બોલાવ્યા તે બ્રા હ્મણ –શિક્ષણ થયાં.

આ બધા એક સાથે નથી થયા ; બધા ભેગા થયા, એટલે ગામ થયું. "ગામ" નો શબ્દાર્થ "જથ્થો" છે એ ઉપરથી સમૂહમાં રહેનારા થયા ; તેથી "ગ્રામ" – "ગામ" નામ પડયું.

આ રીતે ગામમાં બધા એક બાપની પ્રજા હોય તેવી રીતે રહેતા હતા. મોટા–નાનાનો ભેદ ન હતો. જેમ શરીરનાં અંગોમાં આંખ, કાન,

નાક, મોં   વગેરેમાં કોઈ મોટું–નાનું નથી, તેમ ગામમાં પણ કોઈ મોટું–નાનું ન હતું.

(૩) કાયદો

"કાયદો" એટલે પહેલા ૫૦ વર્ષ પહેલાના ગા   મડામાં ન્યાય પધ્ધતિમાં મુખી પાસે ન્યાય કરાવવા બંને પક્ષકારો આવે તે બંને પક્ષોનું સાંભળે, તે વખતે સાથે સલાહકારો પણ હોય, બંનેનું સાંભળ્યા પછી સલાહ લઈ મુખી ન્યાય આપે ત્યાર પછી કસુંબો પાવામાં આવે, આ કસુંબો કડવો હોય       કસુંબો પછી ગોળની કાંકરી આપે.

આનો અર્થ એ થયો કે સમાધાનમાં બંને એ  કડવા ઘૂંટડા પીવા      પડે છે. વેરઝેર ભૂલી જવાં જોઈએ, અને એ ભાવથી કસુંબો પીવો અને છેવટે સ્નેહથી, પ્રેમથી અને મીઠાસથી રહેવાના નિર્ણયના પ્રતીકરૂપે ગોળની કાંકરી લે; એટલે ન્યાયને અંતે મીઠાસ આવતી આમ પહેલા ઘર આંગણે ન્યાય મળી  શકે જેને કોર્ટના પગથીય । ચડવા પડતા નહીં અને સારી રીતે ન્યાય મેળવી શકતા એ ન્યાય પ્રણાલીનો ભાતીગળ ઈતિહાસ અનોખો હતો. ત્યારે ન્યાય   તોડનાર પંચાયતના સભ્યો ટૂંકા ક્ષેત્રના સર્વેક્ષણ અને અનુભવ દ્વારા રજૂઆતોને ઘ્યાનમાં લઈ ન્યાય કરતા કાળક્રમે વિવાદો અને ગુનાઓ વધવા લાગ્યા અને એક વિશાળ ક્ષેત્રને આવરી લે તેવી એક ચોકકસ ન્યાય પધ્ધતિની  આવશ્યકતા ઉભી થઈ ત્યારે બ્રિટિશરોએ ન્યાયતંત્રનું આધુનીક માળખું ઘડી મુખ્ય કાયદાઓ ઘડી અને જુદી–જુદી અદાલતોની સ્થાપના કરી અને તે અદાલતોમાં દિવાની વિવાદ તેમજ ફોજદારી ગુનાઓ અંગે સમગ્ર દેશમાં એકજ પધ્ધતિથી ન્યાય થઈ શકે તેવું એક ન્યાયતંત્ર ઉભુ કર્યું જેમાં

સંસદે ઘડેલા કાયદાઓને ટોચ અગ્રતા આણી તેમાં દર્શાવેલી જોગવાઈ અનુસાર વિવાદ અને ગુનાઓનો ન્યાય કરવામાં આવે છે.

આ અદાલતમાં કાયદાના પવિત્ર સ્વરૂપને ધ્યાનમાં રાખી અને કાયદાની જે મુખ્ય બાબતો છે. જેમ કે કાયદો એટલે તેનો સામાન્ય અર્થે કરીએ તો સમાજનાં સમગ્ર વર્ગને સપર્શતી બાબતોમાં જો કોઈ વિવાદ ઉભો થાય તો બહુ જાતિ લોકો સામાન્ય બુધ્ધિથી આ વિવાદ અંગે શું કરવું અને શું ન કરવું. તેવું તારણ આપે કે જે તારણોથી સમાજમાં સમાનતા સ્થપાય તેવા તારણોને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું તેજ રીતે સમાજમાં કોઈ વ્યકિત જોર જબરજસ્તી કે જુલમો કરે અને તેનાથી ભોગ બનનારને જે કોઈ સહન કરવું પડે તેવું કૃત્ય કરે તો તેને કેવી રીતે અને કેટલી સજા કરવી જોઈએ તેમજ દંડ હોવો જોઈએ તે બાબત વિશે બહોળો વર્ગ કે તારણો આપે તે તારણોને પણ કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું આમ ટૂંકમાં કરીએ તો કાયદો એટલે ઉતમ સમાજ રચના માટે લોકોએ શું ? કરવું અને શું ન કરવું ? કેવી ફરજો બજાવવી અને કેવા અધિકારો ભોગવવા જોઈએ તેની જોગવાઈ કરતો મુસદ્દો એટલે કાયદો.

આમ આવી મુખ્ય બાબતોને મધ્યબિંદુએ રાખી અને આ સમગ્ર કાયદાઓ દ્વારા કાયદાના પરિપ્રેક્ષ્યમાં રહીને આધુનિક પધ્ધતિથી ન્યાયની અદાલતમાં ન્યાયિક બાબતોનું નિરાકરણ કરવામાં આવે છે. જેને અદાલતનો ફેસલો કહે છે.

દિવસે દિવસે સતત વસ્તીનો વધારો થતો રહયો મિલકતોની ભાગ બટાઈ થતી રહી જેથી મિલ્કત અંગેનો વિવાદો વધ્યા અને દિવાની અદાલતો માં ખૂબ મોટી સંખ્યામાં કેસ દાખલ થયા તેજ રીતે સતત વસ્તી

વધતા અને વધતી વસ્તી સાંથે તેમને રોજગારીની તકો ન મળતા સમાજમાં બેકારોની સંખ્યા વધતી ગઈ જેથી સમાજમાં ગુનાખોરીનું પ્રમાણ પણ વધ્યું અને ફોજદારી અદાલતોમાં પણ સંખ્યા બંધ કેસ દાખલ થયા વળી મજૂર મહાજન મંડળોના વિવાદો વધતાં તેમાં પણ સંખ્યાબંધ કેસ દાખલ થયા આમ દરેક ક્ષેત્રમાં વધતા જતા કાનૂની કેસ નાં નિકાલ માટે ન્યાયતંત્રની લાંબી અને જટીલ પ્રક્રિયાના કારણે તેમજ ન્યાયધીશની અલ્પ સંખ્યાઓના કારણે અદાલતોમાં પડતર કેસની સંખ્યા ખૂબજ વધી ગઈ આથી એક એવા વ્યવસ્થા તંત્રની જરૂરીયાત ઉભી થઈ કે જે વ્યવસ્થાતંત્ર કાયદાની જટીલ અને લાંબી પ્રક્રિયામાં ઉતર્યા વગર માત્ર બને પક્ષકારોને પોત પોતાના હિત સમજાવી વચગાળાનો રસ્તો કાઢી બંનેને સમાન ન્યાય અપાવે અને બંને પક્ષકારો સ્વેચ્છાએ અને રાજીખુશીથી આ બાબતને સ્વીકારે. જેથી આ અંગે પ્રાયોગીક ધોરણે એક સમાધાન પંચની રચના કરી અને આ પંચ સમક્ષ અમુક કેસ મુકવા માં આવ્યા અને આ પંચ ઘણાં કેસમાં પક્ષકારોના કેસમ ાં સુખદ સમાધાન કરી કેસનાં અંત લાવેલ અને આ પંચની સફળતા પછી સમગ્ર દેશ માં કાયમી સમાધાન પંચ કાર્યરત થયું.

## ૧.૮ અભ્યાસ ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસ ગ્રામવિકાસ અને કાયદાનો અભ્યાસ છે. આ અભ્યાસ ગુજરાતનાં જુદા–જુદા (૪) ચાર ગામડાની ખેતી, પશુપાલન અને તેને પૂરક વ્યવસાય કરતા, પરંપરાગત જીવનશૈલી ધરાવતા જુદાં–જુદાં જ્ઞાતિના લોકોનો અભ્યાસ છે. હું (અભ્યાસ કર્તા) પોતે જુનાગઢ જિલ્લાનો વતની હોવાથી, તેમજ વારસાગત વ્યવસાયે ખેડૂત–પશુપાલન હોવાથી મારા આ અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

આ અભ્યાસ હેઠળના ગામડાઓમાં મુખ્યત્વે કોળી, પટેલ, રબારી, ચારણ, ભરવાડ, હરિજન, બાવાજી, મકરાણી, સીદી, વાઘરી, આહીર, વગેરે જ્ઞાતિના લોકો ખેતી અને તેને પૂરક વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે. અહી સમય, સ્થળ અને ખર્ચની દ્રષ્ટિએ બધાજ ગામોનો અભ્યાસ કરવાનું શકય ન બનતા મે મારા આ અભ્યાસ માટે ૪–ગામોને હેતુલક્ષી નિદર્શન પધ્ધતિ દ્‌ારા પસંદ કર્યો છે. આ ચારેય ગામના બધાજ કુટુંબોને અભ્યાસ હેઠળ આવરી લઈ પૂર્ણ ગણતરીથી અભ્યાસ કરવામાં આવ્યો છે. અભ્યાસ હેઠળના ગામોની વિગત જોઈએ તો આ પ્રમાણે છે.

| અભ્યાસ હેઠળના ગામોની વિગત દર્શાવતો કોઠો. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | ગામ | કુટુંબસંખ્યા | વસ્તી | જમીનહેકટરમાં | પશુધન સંખ્યા | જ્ઞાતિઓ |
| ૧ | અમૃતવેલ | ૬૯ | ૪૯૭ | ૧૭૫.૬૯ | ૪૪૩ | પટેલ,રબારી, કોળી,હરિજન,બાવાજી |
| ૨ | શીરવાણ | ૪૨ | ૩૧૨ | ૧૬૦.૭૩ | ૧૫૧ | સીદી |
| ૩ | જાંબુથાળા | ૨૨ | ૧૮૭ | ૫૩.૭૭ | ૨૧૬ | મકરાણી |
| ૪ | હસ્નાપુર | ૮૨ | ૮૧૮ | ૨૧૧.૨૨ | ૫૪૨ | કોળી,વાઘરી,બાવાજી |
| કુલ | ૪ | ૨૧૫ | ૧૮૧૪ | ૬૦૧.૪૧ | ૧૩૫૨ | ૮ |

આ અભ્યાસમાં આવરી લેવાયેલા ૪–ગામોના ૨૧૫ કુટુંબોનો પૂર્ણ ગણતરીથી અભ્યાસ કર્યો છે. જેની કુલ માનવ વસ્તી ૧૮૧૪ છે. પશુપાલનનો વ્યવસાય કરતા લોકોના માલઢોરની સંખ્યા ૧૩૫૨ અને ખેતી કરતા ખેડૂતોની ખેતીની કુલ જમીન ૬૦૧.૪૨ હેકટર જેટલી છે. અભ્યાસ હેઠળના ગામોમાં પટેલ, કોળી, હરિજન, રબારી, સીદી, મકારણી, બાવાજી અને વાઘરી એમ કુલ–૮ (આઠ) જ્ઞાતિનો સમાવેશ થાય છે.

## ૧.૯ અભ્યાસ પધ્ધતિ તથા પ્રવિધિ

કોઈપણ પ્રકારના અભ્યાસ માટે જરૂરી હોય તેવી ભૂતકાલીન કે વર્તમાન કાલીન વિગતો,માહિતી લેખિત કે આલેખિત સ્વરૂપે વેર વિખેર પડેલી હોય છે. તેમાંથી અભ્યાસ હેતુ માટે જોઈતી માહિતી એકત્ર કર્યા પછી તેનું વિશ્લેષણ, અર્થઘટન કરી તે અંગેના તારણો તારવવામાં આવે છે. આમ માહિતી વગર અભ્યાસ થઈ શકે નહીં, પ્રસ્તુત અભ્યાસમાં બે પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### (૧) પ્રાથમિક માહિતી

સંશોધકે સૌ પ્રથમ જાતેજ પ્રત્યક્ષ રીતે એકત્ર કરેલી માહિતી ને પ્રાથમિક માહિતી કહેવાય છે. આવી માહિતી એકત્ર કરનાર અને તેનું સંપાદન કરનાર વ્યકિત એકજ હોય છે. આ વ્યાખ્યા અનુસાર " કોઈપણ સંશોધક અભ્યાસ માટે નિરીક્ષણ મુલાકાત, પ્રશ્નાવલી કે અનુસૂચિ દ્વારા એકત્ર કરવામાં આવતી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય છે. પ્રાથમિક માહિતી બધી હકીકતો શોધવા માટેનું સામાજિક નીતિનું ઘડતર કરવા માટેનું, સિધ્ધાંત સ્થાપવા માટેનું તેમજ ઉપકલ્પનાની ચકાસણી કરવા માટેનું અંતિમ સાધન છે " જયારે અભ્યાસ સંબંધિત માહિતી મળતી ન હોય ત્યારે પ્રાથમિક માહિતી મેળવવી અનિવાર્ય બને છે. ગૌણ માહિતીની તુલનામાં પ્રાથમિક માહિતીમાં ચોકકસતા, સત્યતા જળવાઈ રહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્રકાર્ય કરીને પ્રાથમિક માહિતી મેળવવામાં આવી છે. અહીં અભ્યાસ વિષયને ધ્યાનમાં રાખીને જરૂરી માહિતી મેળવવા

માટે સહભાગી અને અસહભાગી નિરીક્ષણનો ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત વ્યકિત તપાસ પ્રવિધિ,મુલાકાત અનુસુચિનો પણ ઉપયોગ કર્યો છે.

(૨) ગૌણ માહિતી

ગૌણ માહિતીને દ્રિ્તિય કક્ષાની માહિતી કહેવામાં આવે છે. અન્ય હેતુ માટે એકત્ર કરેલી પરંતુ સંશોધન હેતુ માટે ઉપયોગમાં લીધેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય છે. આવી માહિતી એકત્ર કરનાર અને તેનું સંપાદન કરનાર વ્યકિત જુદી–જુદી હોય છે. આ વ્યાખ્યા પ્રમાણે દસ્તાવેજી સ્ત્રોત દ્વારા મળતી માહિતી ગૌણ માહિતી હોય છે. વર્તમાનપત્રો, સામાયિકો, સંશોધન લેખો, વસ્તી ગણતરીના અહેવાલો, સરકારી કે બિનસરકારી ખાતાના અહેવાલો,આંકડાઓ,સર્વેક્ષણ વગેરે સંશોધન હેતુ માટે ગૌણ માહિતી પુરી પાડે છે. "ગૌણ માહિતી સંશોધન સમસ્યાની કામચલાઉ રૂપરેખા દોરવામાં, સંશોધન સમસ્યાનું વિશ્લેષણ કરવામાં તેમજ તુલનાત્મક અભ્યાસો કરવા માટે ઉપયોગી થાય છે. આમ ગૌણ માહિતીનો ઉપયોગ સંપૂર્ણ સંશોધન હેતુ માટે, પૂરક માહિતી તરીકે તેમજ પ્રાથમિક માહિતીને આધારભૂત બનાવવા અને ચકાસવા માટે કરવામાં આવે છે." [૬]

પ્રસ્તુત અભ્યાસ અંગેની ગૌણ માહિતી મેળવવા માટે પ્રથમ તો ગ્રંથાલયનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના ખાસ કરીને ગ્રામવિકાસ અને કાયદા સંબંધિત પુસ્તકો, લેખો, સામાયિકો, અહેવાલો, પત્રિકાઓ તેમજ અન્ય શોધ નિબંધનો સંદર્ભ લેવામાં આવ્યો છે. અભ્યાસ ક્ષેત્રની ઐતિહાસિક માહિતી, ગામડાનું વહીવટી માળખું વિવિધ વિકાસ યોજનાઓ, વિકાસના કાર્યક્રમો, આંકડાકીય વિગતો, નોંધો વગેરે અંગેના પુસ્તકોના આધારે ગૌણ માહિતી રૂપે કેટલીક વિગતો નોંધી છે.

(૩) નિદર્શન પ્રવિધિ

જયારે સમગ્ર સમષ્ટિમાંથી અમુક મર્યાદિત પ્રમાણમાં પ્રતિનિધિ–રૂપ એકમો કે કુટુંબને અભ્યાસ માટે પસંદ કરી તેમની પાસેથી જરૂરી માહિતી કે વિગતો મેળવવામાં આવે છે. " પી.વી.યંગના મતે એક સાંખ્યકીય નિદર્શન તેના આખા સમૂહ કે સમષ્ટિનું એક લઘુચિત્ર છે કે જેમાંથી નિદર્શ લેવામાં આવ્યું હોય છે." [૭]

(૪) મુલાકાત

મુલાકાત લઈને સંશોધક જેમનો અભ્યાસ કરવા માગતા હોય તો તેવી વ્યકિતઓ અને તેને સબંધિત ચાવીરૂપ ઉ ત્તરદાતાઓને પસંદ કરીને વ્યકિતગત, રૂબરૂ મળીને વાતચીતના માઘ્યમ દ્ર ્ારા કેટલાક પ્રશ્નો પૂછીને આ અભ્યાસ વિષય માટે જરૂરી માહિતી મેળવી છે. અહી અભ્યાસક્ષેત્ર સાથે સંકળાયેલા ગામડાના સરપંચ જે તે ગામની મુખ્ય વ્યકિત (આગેવનો), વૃઘ્ધો, અનુભવી વ્યકિતઓ, શિક્ષકો વગેરેને વારંવાર મળવાનું થતું ત્યારે તેઓ પાસેથી ગામડાનું મહત્વ, માનવી, તેનું જીવનધોરણ તેનું મહત્વ ઉપયોગિતા, વગેરે અંગેની માહિતી મેળવવામાં આવી છે. આમ ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસ વિષયના સંદર્ભમાં મુલાકાત દ્ર ્ારા મેળવેલી માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

(૫) મુલાકાત અનુસૂચિ

" મુલાકાત અનુસૂચિ એ સંશોધન સમસ્યાના અનુસંધાનમાં પહેલેથી ઘડેલા ક્રમબઘ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. સંશોધક માહિતી દાતાને રૂબરૂ મળીને, ક્રમબઘ્ધ પ્રશ્નો પૂછીને તેની પાસેથી માહિતી મેળવે છે. અને

એ માહિતી સંશોધક પોતેજ આ પત્રકમાં ભરે છે. "   ' અહીં માહિતી દાતાને કોઈ  પ્રશ્ન સમજાય તેવા સંજોગોમાં સંશોધક ઉતર દાતાને પ્રશ્ન સમજાય તે રીતે   રજૂ કરે છે. પ્રશ્નનો અર્થ સ્પષ્ટ કરે છે.અનુસૂચિમાં મુખ્યત્વે રચિત પ્રશ્નો,  પ્રતિબંધિત કે હેતુલક્ષી પ્રશ્નો વિશેષ હોય છે. આથી અનુસૂચિની મદદ વડે   યોજાતી મુલાકાતને રચિત મુલાકાત તરીકે ઓળખવામાં આવે છે.

( **A** ) અનુસૂચિની રચના

પ્રસ્તુત અભ્યાસમાં ઉતર, દાતાઓ પાસેથી અભ્યાસ વિષયના સંદર્ભમાં જોઈતી માહિતી મેળવવા માટે અનુસૂચિની રચના કરવામાં આવી છે. અભ્યાસ ગામડામાં વસતા ગ્રામ સમુદાયોને સ્પર્શે છે. કે જયાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. આથી માહિતી મેળવવાના સાધન તરીકે મુલાકાત અનુસૂચિ જ વધુ યોગ્ય બને છે. તેમ સમજીને અનુસૂચિની રચના કરી છે. આ અનુસૂચિમાં ગ્રામ્ય વિસ્તારમાં વસતા જુદા જુદા સમુદાયના લોકોની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક વગેરે બાબતો અંગેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે.

( **B** ) અનુસૂચિની ચકાસણી

અનુસૂચિ બનાવ્યા પછી અભ્યાસ હેઠળનાં ગ્રામ્ય વિકાસનાં ચારેય ગામની મુલાકાત લઈ ત્યાનાં સ્થાનિક માણસોને મળી અનુસૂચિ અંગે ચર્ચા કરી હતી અહીં અનુસૂચિની ચકાસણી કરવા માટે ગામદીઠ એક એક કુટુંબ અંગેની માહિતી મેળવવા અનુસૂચિ ભરી આ સાથે નિરીક્ષણ અને વાતચીતના માધ્યમ દ્વારા વધુ ચોકકસ, સાચી અને ઉડાણપૂર્વકની માહિતી મેળવવા પ્રયત્ન કર્યો છે, ત્યારે આ અનુસૂચિમાં કેટલાક પ્રશ્નો ફરીથી ઉમેરવા જરૂરી જણાતા ગ્રામ સરપંચને મળી તેમની સાથે ચર્ચા વિચારણા કરીને અનુસૂચિને અંતિમ

સ્વરૂપ આપવામાં આવ્યું હતું અભ્યાસ માટે પસંદ કરેલ જ ગામોના બધા જ્ઞાતિ સમુદાયોને આવરી લઈ ગ્રામ દીઠ બધાજ કુટુંબો અંગેની મુલાકાત અનુસૂચિ દ્‌ારા માહિતી મેળવવામાં આવી છે.

(૬) નિરીક્ષણ

કોઈપણ અભ્યાસની શરૂઆત અવલોકનથી થાય છે. આ અભ્યાસમાં અભ્યાસક વિશ્લેષણાત્મક સ્વરૂપનો હોવાથી આ અભ્યાસમાં સંખ્યાત્મક માહિતીની સાથે ગુણાત્મક (વર્ણનાત્મક) માહિતીનું પણ મહત્વ રહેલું છે. " નિરીક્ષણ એ જ્ઞાનેન્દ્રીઓ દ્‌ારા થતું પ્રત્યક્ષ અનુભવ છે. કોઈપણ ઘટના પરિસ્થિતિને તેના સ્થળે જઈ નજીકથી અને હેતુપૂર્વક જોવી એટલે નિરીક્ષણ કર્યું કહેવાય " [૯] અભ્યાસ હેઠળના ગ્રામ્ય વિકાસમાં ગામડાના લોકોનું સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક જીવન, ભૌતિક સુખ સગવડનાં સાધનો, રહેઠાણની સ્થિતિ, ગ્રામ્ય વહીવટ, ખેતી–પશુપાલન અંગેના પ્રશ્નો, ખોરાક, રહેઠાણ, પાણીની વ્યવસ્થા, લોકોની સુરક્ષા, સરપંચની વફાદારી, જાગૃતતા, નિષ્ક્રીયતા, જુદી–જુદી યોજનાઓનો અમલ, સફળતા કે નિષ્ફળતા વગેરે બાબતોની પ્રત્યક્ષ નિરીક્ષણ દ્‌ારા માહિતી મેળવી શકાય છે .

ગ્રામ્ય વિકાસ માટે ગામડાનાં અભ્યાસ હેઠળના જુદા–જુદા લોકો તેઓનું વર્તન વ્યવહાર, હાવભાવ, લાગણીઓ, માન્યતાઓ માટે આ લોકોની વારંવાર મુલાકાત લઈ જરૂરિયાત પ્રમાણે તેઓની સાથે રોકાઈને વધુ ઉંડાણપૂર્વકની અને વિશ્વસનીય માહિતી મેળવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

### (૭) અન્ય માહિતીનું એકત્રીકરણ

આ અભ્યાસ માટે ઉપરોકત વિવિધ અભ્યાસ પ્રવિધિ દ્ર ્ારા માહિતી ઉપરાંત ગ્રંથાલયમાંથી મળી શકતા પુસ્તકો, સામાયિકો અને અન્ય દસ્તાવેજી લખાણો સબંધિત સરકારી અર્ધસરકારી ઓફીસમાંથી મળતી વિગતો, આંકડાઓ તેમજ તમામ પ્રકારના લખાણોનો સંશોધન અભ્યાસમાં ઉપયોગ કરવાની જરૂરિયાત અનિવાર્યપણે ઉભી થાય છે. આથી અહી ગૌણ માહિતી મેળવવા ગ્રંથાલયનો ઉપયોગ કરવાનું જરૂરી બન્યું છે.

પ્રસ્તુત અભ્યાસ માટેની ઐતિહાસિક માહિતી મેળવવા કે જેમા ગામોનો ઈતિહાસ, જુદા–જુદા સમુદાયોનો ઈતિહાસ, લાક્ષણિકતાઓ પરંપરાઓ, ગ્રામ્ય વિકાસની યોજનાઓ, કાયદાઓ, ખાતાકીય અહેવાલો નોંધો, આંકડાઓ, સર્વેક્ષણના રિપોર્ટ, છાપા, મેગેઝિનના લેખ વગેરે અંગેની જરૂરી વિગતો નોંધવા માટે અનેક પ્રકારના સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આં ઉપરાંત કેટલાક સંશોધન લેખો, અહેવાલો તથા પી.એચ.ડી.ના અભ્યાસો દ્ર ્ારા માહિતી એકત્રીત કરેલ છે. આ બધીજ માહિતી દ્ર્ારા અભ્યાસ વિષયની પસંદગી કરી અભ્યાસ સમસ્યાની સ્પષ્ટતાઓ, અભ્યાસની ઉપકલ્પના, ખ્યાલો, હેતુઓ નકકી કરવામાં ઉપયોગી બની છે. આ ઉપરાંત તેના દ્ર્ારા અભ્યાસનું મહત્વ પણ જાણી શકાયું છે. તત્વચિંતકો, કાયદાશાસ્ત્રીઓ અભ્યાસીઓ, વિદ્વાનો, નેતાઓ, ગામડાના સરપંચો વગેરે એ આ વિષય સબંધિત જે કોઈ અભિપ્રાય લખાણો આપ્યા છે. તેની અહી સમીક્ષા કરવામાં આવી છે. અહી ક્ષેત્રકાર્ય ઉપરાંત ગૌણ માહિતી મેળવવા માટે વિવિધ દસ્તાવેજી સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ, આ અભ્યાસને વધુ વૈજ્ઞાનિક બનાવવામાં ગૌણ માહિતી ઉપયોગી બની છે.

## ૧.૧૦ માહિતીનું પૃથ્થકરણ

ઉપરોકત અભ્યાસ પધ્ધતિઓ અને પ્રવિધિઓ દ્ર ્રારા મેળવવામાં આવેલી પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતીના જુદા–જુદા એકમો વચ્ચેનો સબંધ સમજીને માહિતીનું યથાર્થ અર્થઘટન કરવા માટે એકત્ર કરેલી માહિતી નું વિશ્લેષણ કરવું જરૂરી બને છે. " વિશ્લેષણ અભ્યાસ વિષયના સંદર્ભમાં એકત્રિત કરેલી માહિતી ઉપર કરવામાં આવતી એવી પ્રકિયા છે કે જેના પરિણામે માહિતી અહેવાલમાં રજૂ કરવા યોગ્ય બને છે. અને તેની સાથો સાથ માહિતીના વિભિન્ન એકમો વચ્ચેનો તાર્કિક સંબંધ પણ સમજી શકાય છે" [૧૦]

### ૧ વર્ગીકરણ

વર્ગીકરણ માહિતીનાં જટિલ અને અસંબંધ્ધ જથ્થાને જુદા–જુદા વર્ગોમાં કે વિભાગોમાં વ્યવસ્થિત રીતે વહેંચી નાખવાની તાર્કિક પ્રક્રિયા છે. પ્રસ્તુત અભ્યાસ માટે એકત્ર કરેલી માહિતીમાંથી સમાનતા અને સંબંધના આધારે જુદા–જુદા વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી છે. અહીં માહિતીનું વર્ગીકરણ કરતી વખતે ઉતરદાતાઓની ગ્રામ્ય વિકાસ અને ગામડાની સામાજિક, સાંસ્કૃતિક,આર્થિક,ધાર્મિક વગેરે બાબતો અંગેની માહિતી તેમજ ગ્રામ્ય વિકાસ દ્ર્ારા મેળવેલી દસ્તાવેજી માહિતી નજર સમક્ષ રાખીને વર્ગીકરણ કર્યું છે.

### ૨ કોષ્ટીકરણ

કોષ્ટીકરણ માહિતી રજૂ કરવાની એક એવી પ્રયુકિત છે કે જેની મદદથી માહિતીને સરળતાપૂર્વક સમજી શકાય છે. "ગ્રામ્ય વિકાસનાં ગામડા નાં સંશોધનોમાં અભ્યાસનાં તારણો સાદામાં સાદી રીતે રજૂ કરવા

માટે કોષ્ટકો (કોઠા) નો ઉપયોગ થાય છે. હેતુ અને પરિણામ ધ્યાનમાં રાખીને કોષ્ટક બનાવી શકાય છે " [૧૧] સંશોધક હેતુને અસરકારક બનાવવા માટે માહિતીને તેના પરિવાર્યકે પરિણામ વાર જુદા પાડીને વાચકોને સ્પષ્ટ રીતે સમજાય તે માટે વર્ગીકરણ અનુસાર વિગતવાર કોઠાઓ તૈયાર કર્યા છે." [૧૩]

## ૧.૧૧ પ્રકરણીકરણ

પ્રસ્તુત અભ્યાસને કુલ ૭ પ્રકરણો કોઠાઓ અને પરિશિષ્ટમાં વિભાજીત કરવામાં આવેલ છે. આ સંશોધક અહેવાલની શરૂઆતમાં અભ્યાસ ની પ્રસ્તાવના રજૂ કરવામાં આવી છે. આ અભ્યાસને પ્રકરણવાર જોઈએ તો આ પ્રમાણે છે.

૧ પ્રકરણ ૧ " સંશોધન આયોજીત " નું છે. આ પ્રકરણમાં અભ્યાસની કાર્ય પધ્ધતિ અંગેની માહિતી આપેલી છે. જેમાં વિષયની પસંદગી, સંશોધન સમસ્યા, અભ્યાસના હેતુઓ, અભ્યાસનું મહત્વ, અભ્યાસના ખ્યાલો, અભ્યાસનું ક્ષેત્ર, અભ્યાસ પધ્ધતિઓ અને પ્રવિધિઓ, માહિતીનું પૃથ્થકરણ, સંશોધનક્ષેત્રના અનુભવો અને આ અભ્યાસની મર્યાદાઓ રજ કરી સમગ્ર સંશોધન આયોજન રજૂ કરવામાં આવ્યું છે.

૨ પ્રકરણ ૨ "ગામ" નું છે. આ પ્રકરણમાં ગામડાની વ્યાખ્યા, ઉત્પતિ અને વિકાસ, ગામડાના લક્ષણો, પચાસ વર્ષ પહેલાનું ગામ, ગામડાની સંખ્યા, અભ્યાસ હેઠળના ચાર ગામડાઓનો ટૂંકમાં પરિચય કેળવવા માટે સૌરાષ્ટ્રના ચાર ચુનંદા ગામડાઓ (૧) અમૃતવેલ (૨) શીરવાણ (૩) જાંબુથાળા (૪) હસ્નાપુર ગામોની મોજણી કરી આ ગામમાં વસતા લોકોની સામાજીક અને સાંસ્કૃતિક જીવનની રહેણીકરણી જ્ઞાતિના પરિચય, તેમના રીતરીવાજો, વિવાહીત બાબત,

તેમનું આર્થિક જીવન વ્યવસાય તેમની આવકના સાધનો વસ્તીની ગુણવતા વિગેરે બાબતોનો અભ્યાસ કર્યો આ અભ્યાસની મર્યાદાઓ રજૂ કરી ગામડા વિશેની માહિતી રજૂ કરવામાં આવી છે.

૩ પ્રકરણ ૩ "ગ્રામ સમિતિઓની રચના અને અહેવાલ" આ પ્રકરણમાં ગ્રામ સમિતિઓની રચનામાં ગ્રામ વિકાસ ગામડાનો ઉદ્‌ભવ ગ્રામ વિકાસ મંડળ વગેરેનો અભ્યાસ કર્યો અને તેના અહેવાલોમાં (૧) જવાહરલાલ નહેરું અહેવાલ (૨) મહાત્મા ગાંધી અહેવાલ (૩) બળવંતરાય મહેતા કમિટીનો અહેવાલ (૪) રસિકભાઈ પરીખ અહેવાલ (૫) શુક્રાચાર્ય નીતિ અહેવાલ (૬) શ્રી એસ.કે સનથનમનો અહેવાલ વગેરે વિશેની માહિતી રજૂ કરવામાં આવી છે.

૪ પ્રકરણ ૪ "ગ્રામ વિકાસની યોજનાઓ" આ પ્રકરણમાં ગ્રામવિકાસની યોજના વિશેની માહિતી આપવામાં આવી છે. જેમાં રાજય સરકારની ગ્રામ વિકાસ યોજના અને કેન્દ્ર સરકારની ગ્રામ વિકાસ યોજના વિશે માહિતી આપેલ છે. જેમાં કેન્દ્ર સરકારની યોજનાઓમાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગારયોજના, સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના, ઈન્દિરા આવાસ યોજના, ગ્રામીણ આવાસ માટે ધિરાણ સહ સબસીડી યોજના, જળસ્ત્રાવ, ગ્રામીણ સુખાકારી યોજનાઓ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, જવાહર ગ્રામ સમૃધ્ધિ યોજના, ગ્રામોધોગીકરણ યોજનાઓ સંકલિત ગ્રામ વિકાસ યોજના, જીવનધારા કૂવા યોજના, આદર્શ ગ્રામ યોજના, વોટર રોડ ડેવલપમેન્ટ યોજના, ઈ.એ.એસ. યોજના વિશેની માહિતી મળે છે. તેમજ રાજય સરકારની ગ્રામ યોજનામાં ગોકુલ ગ્રામ

યોજના તેમજ ભારતના સુપ્રિમ કોર્ટના દિવાની મૂળ હકૂમત રિટ અરજી દિવાની વિશે માહિતી રજૂ કરવામાં આવી છે.

૫ પ્રકરણ ૫ "ગ્રામ સંદર્ભિત કાયદાઓ" આ પ્રકરણમાં ગામ અને કાયદા વિશેની માહિતી આપવામાં આવી છે. જેમાં ન્યાય પંચાયતની આવશ્યકતા અને ઉપયોગિતા, સ્થગિત ન્યાય પંચાયતો, ધારાકિય સહાય સમિતિની ભલામણ, વિવિધ વિકલ્પો, યોગ્ય ઉકેલ, ન્યાય પંચાયતનું કાર્યક્ષેત્ર, સમાધાનપંચ વગેરે વિશે માહિતી રજૂ કરવામાં આવી છે.

૬ પ્રકરણ ૬ "અમલવારી માટેનું તંત્ર/માળખું" આ પ્રકરણમાં અમલવારી માટેના તંત્ર/માળખામાં પંચાયતી રાજયના વહીવટી તંત્રનો નકશો, પંચાયતી રાજય વહીવટી તંત્ર(એક ઝાંખી), પંચાયતી રાજ વહીવટ તંત્રમાં પ્રવર્તતી ક્ષતિઓ, ત્રુટિઓ, પ્રોફેસર મેડિકનું મંતવ્ય, પંચાયતી વહીવટી તંત્ર નીચે પ્રમાણે ચોકકસ અને સ્પષ્ટ કાર્ય પધ્ધતિઓ કાયદા અને નિયમોથી અંકિત થવું જોઈએ,પંચાયતી રાજનાં વહીવટમાં પ્રણાલિકાઓ, પંચાયતી રાજ તંત્રનું મહેકમ–માળખું શુકલ સમિતિ, પંચાયતી રાજ ઓયોજન તંત્રનો ઢાંચો વિગે રે વિશે માહિતી રજૂ કરવામાં આવી છે.

૭ પ્રકરણ ૭ "સૂચનો અને ઉપસંહાર" આ પ્રકરણમાં સૂચનોમાં ગામડાનો સર્વાંગી વિકાસ થાય એ માટેના સૂચનો રજૂ કરવામાં આવેલ છે. તેમજ છેલ્લે સમગ્ર પ્રકરણનો ઉપસંહારમાં ટૂંકમાં ગામડા વિશેની રજૂ કરવામાં આવી છે.

## ૧.૧૨ અભ્યાસ ક્ષેત્રના અનુભવો

પ્રસ્તુત અભ્યાસ ગ્રામ્ય વિસ્તારમાં વસતા ગામડાનાં લોકોનો અભ્યાસ હોઈ જેથી ગ્રામ્ય વિસ્તાર,દુર્ગમ ટેકરા, અંતરીયાળ,દૂર–દૂર ફેલાયેલા ગામો અશિક્ષિત પછાત ગામડાઓ, રસ્તા, વાહનવ્યવહાર વગેરે સુવિધાનો અભાવ એક ગીરનાં ગામડામાં તો જંગલના હિંસક પ્રાણીઓનો ભય આવી પરિસ્થિતિ વચ્ચે મને સારા ક્ષેત્ર કાર્ય દરમ્યાન થયેલા અનુભવો અહીં રજૂ કરવાનું ઉચિત ગણું છું. જે ભવિષ્યમાં અન્ય સંશોધનકર્તાઓ, વાચકોને સાચી પરિસ્થિતિ અંગેનો સ્પષ્ટ ખ્યાલ આપી શકશે.

(૧) અભ્યાસ કાર્ય શરૂ કરતા પહેલા ગામડામાં પ્રવેશ મેળવવા માટે અભ્યાસ હેતુથી અભ્યાસ કરવા જવા માટે ગામડાના સરપંચ પાસેથી મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી થોડી લાંબી હોઈ ઘણો સમય વીતી જાય છે.

(૨) અભ્યાસ શરૂ કરતા પહેલાં અને અનુસૂચિ તૈયાર કરતા પહેલાં વિષય અંગેની સૈધ્ધાંતિક અને તેઓના પ્રશ્નો વિષયક માહિતી મેળવવી પડે તે માટે વિષય સબંધિત વાંચન ઉપરાંત આ ગામડામાં વારંવાર મુલાકા ત લેવી પડતી હતી જે આ ગામડામાં જવા માટે ઘણું મુશ્કેલ હતું.

(૩) ગામડાનાં નિયમો અનુસાર ગામડામાં લોકો સૂર્યોદય પહેલા કામે વળગી જતા અને સૂર્યાસ્ત પહેલા ઘરે આવીને જમીને સૂઈ જતા જેથી બધાજ લોકોને સમય લઈ મળી ચર્ચા વિચારણા કરવાનું મુશ્કેલ બનતું હતું.

(૪) ગામડાઓ કદમાં નાના અને છૂટા છવાયા છે. જે તે ગામના લોકો અને તેના વિકાસ માટે તેમજ સમાજ જીવન અંગેની માહિતી માટે એક શિક્ષિત માહિતી દાતા તરીકે ગામડાનાં ડોકટર દ્વારા પરંતુ માર્ગદર્શન

મળી રહેતું હતું વહીવટી માહિતી માટે ગામડાનાં તલાટીમંત્રીની ઓફિસે ગઈ છું ત્યારે ત્યારે તમામ સાથ સહકાર મળ્યો છે.

(૫) અભ્યાસને લગતી પૂરક માહિતી માટે અભયાસ ક્ષેત્રમાં ક્ષેત્રકાર્ય થઈ ગયા બાદ પણ વધુ મુલાકાત લેવી પડતી હતી. જેથી આ અભ્યાસ કાર્યમાં  સમય, નાણાંનો વ્યય થવા ઉપરાંત માહિતી એકત્રીકરણમાં ઘણો વિલંબ થતો  હતો.

(૬) મોટાભાગના ઉતરદાતાઓ અશિક્ષિત અને પછાત ગ્રામ્ય વિસ્તારના હોવાથી તેઓને આ અભ્યાસનો હેતુ સમજાવવો પડતો હતો.અભ્યાસ હેતુ અને તેઓની વિચારસરણી વચ્ચે મોટું અંતર રહેતું હોવાથી તેઓનો આત્મવિશ્વાસ કેળવવો પડતો હતો.

(૭) અભ્યાસ હેઠળનાં લોકોનો આત્મવિશ્વાસ કેળવવા માટે તેઓનાં ગ્રામ્ય વિકાસ માટે લોકો સાથેનાં પ્રશ્નો, અન્ય હાડમારીઓ, રસ્તા, વાહનવ્યવહાર દેવસ્થાનોના પ્રશ્નો, રાશનકાર્ડ, જમીનમાં વારસાઈ એન્ટ્રી, પાકવિમો તેનું વળતર અને અન્ય પ્રશ્નોને શાંતિથી સાંભળવા પડતા હતા અને તેનું કામચલાઉ નિવારણ લાવવું પડતું હતું.

(૮) માત્ર અનુસૂચિમાં નોંધેલાં પ્રશ્નો સીધા પૂછવાથી તેને અનુરૂપ બધા જવાબો મળતા ન હતા. આથી આવા સવાલોના સંદર્ભમાં અન્ય ચર્ચાઓ કરવી પડતી હતી. પરિણામે સમયના આયોજનમાં ઘણીજ મુશ્કેલી અનુભવાતી હતી.

(૯) કયારેક એકાદ વ્યકિત કે ગામડામાંથી મળતી માહિતી ખોટી કે પૂર્વગ્રહ યુકત પણ હોઈ શકે છે. આથી એકજ બાબતની ચર્ચા–વિચારણા અનેક વ્યકિતઓ સાથે કરી માહિતીની સત્યતા જાણવી પડે છે.

(૧૦) આ વિસ્તારમાં ગામડાઓમાં જે તે ગામના સરપંચો વડીલો, શિક્ષકો, ડોકટરો ખરા અર્થમાં મદદનીશ બન્યા હતા છતા આ લોકોનો વ્યવસાય ખેતી, પશુપાલન અને મજૂરી હોઈ, મુખ્ય વ્યકિતને મળવું મુશ્કેલી બનતું હતું આ રીતે માહિતી મેળવવામાં મુશ્કેલી ઉભી થતી હતી. આમ છતા મેં ખાસ વાર–તહેવારો અને ઉનાળામાં લોકોના ફુરસદનાં દિવસોમાં જઈ માહિતી મેળવી છે. આ માટે લોકો કયારે કયાં મળશે તે અંગે ખ્યાલ રાખવો જરૂરી બનતો હતો.

(૧૧) કેટલીક વખત અંદરના ગામડાઓમાંથી બહાર આવતાં મોડું થઈ જતું હોય, તો એક ગીરના ગામડામાંતો જંગલી પ્રાણીઓના અવાજ સંભળાતા હોય અને રસ્તો ખરાબ હોય તેવા સંજોગોમાં પ્રાણીઓનો ખૂબજ ડર લાગતો હતો. આમ છતા કોઈને કોઈ સ્થાનિક વ્યકિતની મદદ લઈ આ મુશ્કેલી દૂર કરતી હતી.

(૧૨) કેટલીક વખત ગામડાના સરપંચ હાજર ન હોય કે અન્ય કામમાં રોકાયેલા હોય, અભ્યાસ હેઠળના ઉતરદાતા હાજર ન હોય કે અન્ય કામમાં રોકાયેલા હોય અથવા તેઓ માહિતી આપવા સામે અણગમો વ્યકત કરતા હોય ત્યારે તે મુલાકાત ટાળીને દૂરી તેઓની અનુકૂળતા જોઈ વારંવાર મુલાકાત ગોઠવવી પડી હતી.

આમ ગામ વિકાસમાં ગામડાના આ અભ્યાસ દરમ્યાન અનેક અનુભવો થયા હતાં જેમાં ઉભી થયેલી પરિસ્થિતિનો યથાયોગ્ય માર્ગ શોધવા પ્રયત્ન કર્યો છે.

## ૧.૧૩ અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસ ગ્રામ્ય વિકાસ હેઠળના ગામડાઓમાં વસતા લોકોનો અભ્યાસ છે. અભ્યાસ હેઠળના ગામડાઓ બહુ દૂરના ગામો છે. આથી આ ગામડાઓ અને મહેસુલી ગામડાઓ વચ્ચે કેટલીક વહીવટી, કાયદાકીય, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને અન્ય વ્યવસ્થાઓ સબંધિત ભિન્નતાઓ હોવાથી આ અભ્યાસની કેટલીક મર્યાદાઓ પણ છે.

૧. માત્ર ગ્રામ્ય વિકાસ માટે ગામડામાં વસતા લોક–સમુદાયોને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ કરવામાં આવ્યો હોઈ, તેનાં તારણો સામાન્યીકરણો મર્યાદિત સ્વરૂપના રહેશે.

૨. પ્રસ્તુત અભ્યાસના ગામો પૂરતો મર્યાદિત હોવાથી અહી વસતા લોકોનું ગામડા સાથેનું સુગ્રથન સરપંચ સાથેના સબંધો, ગામડાના પ્રશ્નો, વહીવટી પ્રશ્નો વિકાસ યોજનાઓની સફળતા–નિષ્ફળતાઓ વગેરે કારણો કે જવાબદાર પરિબળો અંગેના તારણો સમગ્ર રીતે મર્યાદિત બને છે.

૩. કેટલાંક તારણો, વિગતો ઉતરદાતાઓના જવાબો કે અભિપ્રાયો ઉપર આધારિત છે, તેની પણ કેટલીક મર્યાદાઓ હશે.

૪. ગ્રામ્ય વિકાસની જુદી–જુદી યોજનામાં પ્રગટ અહેવાલો, પુસ્તકો, વિગતો વગેરેના આધારે કેટલીક માહિતી રજૂ કરવામાં આવી છે. આ પણ એક મર્યાદા છે.

૫. અભ્યાસક્ષેત્રમાં જઈને મુલાકાત અનુસૂચિ દ્ર ્ારા એકત્ર કરવામાં આવેલી માહિતી સમય, સ્થળ, પરિસ્થિતિ અને નાણાંની મર્યાદાના કારણે મર્યાદિત બની હોઈ, તે પણ એક મર્યાદા ગણાવી શકાય.

આમ દરેક અભ્યાસની સમય, સ્થળ, સંજોગો અનુસાર કેટલીક મર્યાદા હોય છે. તેથી આ અભ્યાસ પણ આવી મર્યાદાઓથી મુકત નથી.

## ૧.૧૪ ઉપસંહાર

ગામડાનાં સર્વાંગી વિકાસમાં ગામડાનાં લોકોનું ગ્રામ્યજીવન, સામાજીકજીવન, આર્થિકજીવન, વ્યવસાય, શિક્ષણ, રહેઠાણની વ્યવસ્થા, ગામડાનાં લોકોની સમસ્યાઓ, ગામડાનાં લોકોની અપેક્ષાઓ વગેરે જેવા અનેક પરિબળો ભાગ ભજવતા હોય છે. આથી જે ૪ ગામોનો અભ્યાસ માટે પસંદ કરી આ ગામોનો અભ્યાસ કર્યો છે. પ્રસ્તુત અભ્યાસ માટે સૌ પ્રથમ સંશોધન આયોજન નકકી કરવામાં આવ્યું છે. આ સંશોધન આયોજનમાં સૌ પ્રથમ પ્રસ્તાવનામાં આ વિષયનો પ્રાથમિક પરિચય આપીને વિષયની પસંદગી, સંશોધન સમસ્યા અભ્યાસના હેતુઓ અભ્યાસ માટેની પધ્ધતિ તથા પ્રવિધિઓ જેમાં નિરીક્ષણ, મુલાકાત, મુલાકાત અનૂસૂચિ, ગ્રંથાલયનો ઉપયોગ અને અન્ય સંદર્ભ સાહિત્યનો ઉપયોગ માહિતીનું વિશ્લેષણ, વર્ગીકરણ, કોષ્ટીકરણ, અભ્યાસનું વ્યવહારિક અને સૈધ્ધાંતિક દ્રષ્ટિએ મહત્વ, અભ્યાસનું ક્ષેત્ર જેમાં આ ગ્રામ્ય વિકાસનાં ગામડાની કુલ માનવ વસ્તી ગામો, પશુધન, ખેતીની જમીન વગેરે વિગતો નોંધી છે. આ અભ્યાસ મર્યાદિત ક્ષેત્રનો હોય તેમજ સમય સ્થળ અને નાણાંની મર્યાદાને કારણે કેટલીક સંભવિત મર્યાદાઓ જણાવી છે.

આમ સમગ્ર રીતે આ ગામડામાં વસતાં જુદા–જુદા સમુદાયના લોકો માટે ગ્રામ વિકાસ કેવું અને કેટલું મહત્વનું છે. આ સાથે ખેતીના ભાગરૂપે લોકો, માલઢોર વગેરે કેટલા મહત્વના છે. વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ ગ્રામવિકાસ અને કાયદાનું મહત્વ સંબંધિત અભ્યાસ

હોવાથી આ ગામડાના લોકોનું સમાજજીવન સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા વગેરેનો અભ્યાસ તેના કાયદાઓ, નીતિ–નિયમો, યોજનાઓ, વહીવટ વગેરે ધ્યાનમાં રાખી કરવો જરૂરી બનતાં મે મારા અભ્યાસ માટે ઉપરોક્ત સંશોધન આયોજન અનુસાર "ગ્રામ વિકાસ અને કાયદાનો અભ્યાસ " કર્યો છે.

## પ્રકરણ – ૧ – સંદર્ભસૂચિ


૧. શાહ એ.જી.દવે જે કે–"સામાજિક સંશોધન પધ્ધતિઓ" –પ્રકાશન –અનડા પ્રકાશન, અમદાવાદ આવૃતિ–૨૦૦૦. પાના નં. ૧૬

૨. શાહ એ.જી.દવે જે કે–"સામાજિક સંશોધન પધ્ધતિઓ" –પ્રકાશન– અનડા પ્રકાશન,અમદાવાદ,આવૃતિ–૨૦૦૦ પાના નં. ૧

૩. Goode and hatt – " Methods in social Reserch "Asia Publishing House.ombay-1960 Page No 108.

૪. FORCE AND STEPHEN – "Social Research Methodology." Printice Hall,Newyerk 1973, Page No : 179

૫. YONG P.V– "Scientific Social survey and Research, Asia Publising House, Bombay, 1960 Page No : 127.

૬. YONG P.V– "Scientific Social survey and Research, Asia Publising House, Bombay, 1960 Page No: 302

૭. શાહ એ.જી.દવે જે કે– "સામાજિક સંશોધન પધ્ધતિઓ" અનડા પ્રકાશન– અમદાવાદ, આવૃતિ–૨૦૦૦ પાનાનં : ૧૨૮

૮. ડો.શીન પાઓ યંગ– "ગ્રામ તપાસ પધ્ધતિઓ" અનુ–સરલાબેન વી. શાહ,પ્રકાશન–ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, આવૃતિ–૧૯૬૪, પાનાનં ૫૮, ૬૦

૯. દેસાઈ એચ.જી,દેસાઈ કે.જી– " સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ "પ્રકાશન–ગુજરાત યુનિ,ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ. આવૃતિ–૧૯૭૩ પાનાનં : ૧૫૮

૧૦. વી.પી.શાહ.– " સંશોધન અહેવાલ લેખન "પ્રક ાશન ગુજરાત યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ , અમદાવાદ, આવૃતિ –૧૯૮૮, પાના નં. ૫૧.

૧૧. દેસાઈ એચ. જી.,દેસાઈ કે. જી. – "સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ", પ્રકાશન ગુજરાત યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ , અમદાવાદ, આવૃતિ ૧૯૭૩,પાનાં. '૧૭૬.

# પ્રકરણ ૨

## ગામ

૨.૧ પ્રસ્તાવના

૨.૨ વ્યાખ્યા

૨.૩ ઉત્પતિ અને વિકાસ

૨.૩.૧ વિકાસ ક્રમ

૨.૩.૨ સ્થળની પસંદગી

૨.૩.૩ વસવાયાં

૨.૪ ગામડાનાં લક્ષણો

૨.૪.૧ પ્રકૃતિ સાથે નિકટનો સંપર્ક અને સતત સંઘર્ષ

૨.૪.૨ મુખ્ય ધંધો ખેતી

૨.૪.૩ ગામડું પ્રાથમિક સમુદાય

૨.૪.૪ એકવિધતા

૨.૪.૫ ઐકય

૨.૪.૬ જ્ઞાતિ અને કૃષિ અર્થ વ્યવસ્થાના પાયા પર રચાયેલ સ્તરીકરણ

૨.૪.૭ ઓછી સકમાજીક ગતિશીલતા

૨.૪.૮ વિશિષ્ટ જીવનશૈલી.

૨.૫ પચાસ વર્ષે પહેલાનું ગામ

૨.૫.૧ ગ્રામતંત્ર – સાર્વજીનક કાર્યો

૨.૫.૨ કાર્યપધ્ધતિ,જીવવાની પધ્ધતિ.

૨.૫.૩ ન્યાય પધ્ધતિ.

૨.૫.૪ માંદગીમાં

૨.૫.૫ મૃત્યુ – પ્રસંગે

૨.૫.૬ પેદાશ ની વહેંચણી

૨.૫.૭ દુઝણું

૨.૫.૮ વૃતિછેદ નું પાપ

૨.૫.૯ શિક્ષા

૨.૫.૧૦ પરસ્પર વ્યવહાર–મહેમાન આવે ત્યારે.

૨.૫.૧૧ યાત્રા સમયે

૨.૫.૧૨ લગ્ન પ્રસંગે

૨.૫.૧૩ મરણ પ્રસંગે

૨.૫.૧૪ ચોરી થાય ત્યારે.

૨.૬ ગામ ની સંખ્યા

૨.૬.૧ ભારતમાં ગામડાની સંખ્યા

૨.૬.૨ ગુજરાતમાં ગામડાની સંખ્યા

૨.૭ અભ્યાસ હેઠળના ચાર ગામોનો ટૂંકમાં પરિચય.

૧. અમૃતવેલ

૨. શીરવાણ

૩. જાંબુથાળા

૪. હસ્નાપૂર

૨.૭.૧ ગ્રામ્યજીવન – સામાજીક અને સાંસ્કૃતિક જીવન.

૨.૭.૨ ગામડાની જ્ઞાતિના લોકોનો પરિચય.

ક. પટેલ

ખ. કોળી

ગ. રબારી

ઘ. વાઘરી

ચ. હરિજન

છ. બાવાજી

જ. મકરાણી ( મુસલમાન )

ઝ. સીદી

૨.૭.૩ આર્થિક જીવન

૨.૭.૪ વ્યવસાય

૨.૭.૫ આવક

૨.૭.૬ વસ્તી

૨.૮ ઉપસંહાર.

# પ્રકરણ ૨

# ગામ

## ૨.૧ પ્રસ્તાવના

આપણાં સામાજીક આર્થિક પ્રવૃતિઓમાં ગામોનું હંમેશા મહત્વ રહયું છે. ઘણા લાંબા સમયથી પ્રાદેશિક એકમ રહયું છે. ભારતની આશરે ૮૦% (ટકા) વસ્તી ગામડાંઓ માં રહે છે.

૧૯૯૧ ની વસ્તી ગણતરી અનુસાર ભારત ની કુલ વસ્તી ૮૪ કરોડ ૪૩ લાખ માણસોની છે. તે પૈકી ભારતની કુલ વસ્તીનાં ૨૫.૭ % શહેરી વસ્તી છે. અને ૭૪.૩ % વસ્તી ગાંમડામાં વસવાટ કરે છે. આ વસ્તી અનુક્રમે ૨,૯૨૧ શહેરોમાં અને ૫.૫ ૭.૧૩૭ ગામડામાં વસવાટ કરે છે. ભારતનાં આ ગામડાઓ પૈકી ચાર લાખ છ હજાર થી વધુ ગામડાઓમાં ૧૦૦૦ થી ઓછી વસ્તી છે. એક લાખ પચીસ હજારથી વધુ ગામડામાં ૧,૦૦૦ થી વધુ વસ્તી છે. આથી જણાશે કે ભારતની વસ્તીનો મોટો ભાગ ગામડામાં વસે છે. અને મોટાં ભાગનાં ગામડાના પ્રમાણમાં નાનાં કદના છે.

પરાપર્વથી ગામનો વહીવટ ગામનો મુખી ચલાવતો આવ્યો છે. તે ગામનો નેતા કહેવાય છે. ગામડાંઓએ પોતાનાં કામકાજો સહેલાઈથી કરવા માટે પોતાના નિયમો બનાવેલા હતા. અગાઉ ગામડાં સંપૂર્ણપણે જાતે વહીવટ કરતાં તેઓ વ્યવહારિક રીતે કેન્દ્રના નિયંત્રણથી મુકત હતા ગામના મુખીને અને બીજા અધિકારીઓને લોકો નીમતા.

અગાઉ ગામડાનાં કાર્યો, લોકોનું જીવન ધોરણ સરળતાથી ચાલે અને તેમની આંતરિક સલામતી જળવાય તે માટે જમીન મહેસુલ ઉઘરાવવામાં

આવતુ, તે જમાનામાં વાહનવ્યવહાર નહિવત હતો. જુના જમાનામાં દરેક ગામડું ગણતંત્ર હતું. ગામ સરકાર એ પંચાયત અને ગામ સમિતિ હતી.

જયુડિશિયલ બોર્ડોની નિમણુક માટે ચોકકસ નિયમો હતા સભ્યપદ ની લાયકાતો પણ જણવવામાં આવતી હતી. ગ્રીક એમ્બેસેડરે તો ગ્રામ એકમને એક નાનુ સ્વતંત્ર ગણતંત્ર કરેલ શુક્રાચાર્યનાં નીતિસારમાં ગ્રામપંચાયત અને ચૂટાયેલી સમિતિને વધુમાં વધુ સતા હતી. આ સતા એકજીકયુટીવ અને જયુડિશિયલ બન્ને પ્રકારની હતી. અને તેમનું રાજયના અધિકારીઓ માન જાળવતા. પંચાયત, જમીનની વહેંચણી કરી તેનું મહેસુલ ઉઘરાવી ગામ વતી સરકારને હિસ્સા ભરતી. શ્રી જવાહરલાલ નહેરૂએ પણ આ પઘ્ધતિ સહકાર અને સંગઠિત ગામડા ઉપર આધાર રાખે છે. તેવુ જ ણાવેલ છે. વ્યકિતઓ અને કુટુંબોને અમુક હકો તેમજ જવાબદારીઓ હતી. બન્ને રૂઢિગત કાયદા દ્વારા નકકી થતી અને રક્ષણ મળતું.

૧૧ મી સદીમાં ઇસ્લામોએ ભારતમાં ગ્રામ પંચાયતોનાં સંગઠનને નબળું પાડવાના પ્રયત્નો આરંભ્યા. જાગીર પઘ્ધતિ દાખલ કરી.

ત્યારબાદ ભારતમાં બ્રિટિશ સામ્રાજયે પ્રાચીન ગ્રામ અર્થને ભાંગી નાંખી ઉઘોગો સ્થાપ્યા તેથી ગામડાઓ ભાંગવા લાગ્યાં, ગ્રામવાસીઓ જમીન ઉપરના નિયંત્રણોથી વંચિત બનવા લાગ્યા અને ધીરે–ધીરે જમીન ખાનગી મિલકત બનતી ગઈ અને જમીનદારો ઉભા થતા ગયા અને સંયુકત અને સહકારી જીવન ભાંગવા લાગ્યું. મહદઅંશે તેના અસ્તિત્વનાં નાશ થવા લાગ્યો. બ્રિટિશ સામ્રાજયના ઉતેજન માટે ઘણા ફેરફાર કરવામાં આવ્યા અને દુનિયાના દેશોમાં ભારતનું નામ હતું તે ધીરે–ધીરે ભૂંસવા લાગ્યું અને પ્રાચીન પઘ્ધતિના બદલે નવી પઘ્ધતિ અપનાવવામાં આવી.

મહત્માં ગાંધીજીએ, ગ્રામપંચયતને દખલગીરી કર્યા સિવાયનું સ્વતંત્ર પૂરતા એકમ તરીકેનો ખ્યાલ આપ્યો છે. તેમણે એવું જણાવ્યું છે, કે ગ્રામ સ્વરાજ એટલે સંપૂર્ણપણે પોતાની વિશાળ ઇચ્છાઓ માટે પાડોશીઓથી સ્વતંત્ર પરંતુ અંદરો અંદર એકબીજા ઉપર આધારિત ગણતંત્ર. દરેક ગામે પ્રથમ પોતાની જરૂરીયાત પુરતું અનાજ ઉગાડવું અને કપડાં માટે કપાસ ઉગાડવો. પોતાના ઢોરો મનોરંજન અને રમતગમતનાં મેદાન માટે જમીનો અનામત રાખવી અને પછી કોઈ જમીન વધે તો તેનો રોકડીયો પાક વાવવામાં ઉપયોગ કરવો. ગામને પોતાની શાળા ગ્રામ થિયેટર અને પબ્લિક હોલ હોવો જોઈએ એને પોતાનું વોટર વર્કસ હોવું જોઈએ. ગ્રામરક્ષકની સેવા ફરજિયાત હોવી જોઈએ અને તે વારાફરતી બજવવી જોઈએ પંચાયતના સભ્ય થવા ઠરાવેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતાં સ્ત્રી–પુરૂષોની પસંદગી કરવી જોઈએ. આ પંચાયત વિધાન મંડળ કરે.

બંધારણ ઘડવા માટે રચેલી બંધારણીય સભાએ ગ્રામ પંચાયત સ્થાપવા માટે બંધારણમાં કોઈ જોગવાઈ કરી નહોતી. શ્રી એસ.કે.સનથનમે બંધારણમાં ગ્રામ પંચાયત માટેની જોગવાઈ દાખલ કરવા સુધારો રજૂ કર્યો અને તે બંધારણીય સભાએ સ્વીકારેલ બંધારણમાં આર્ટિકલ–૪૦ દાખલ કર્યો બંધારણમાં આર્ટિ–૪૦માં એવી જોગવાઈ કરી છે કે ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજય પગલા ભરશે અને સ્વરાજયનાં એકમો તરીકે કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સતા અને અધિકાર આપશે. પંચાયતો માટેની જોગવાઈ, રાજય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતોના પ્રકરણમાં સમાવિષ્ટ કરી છે.

સને ૧૯૨૦ માં બોમ્બે વિલેજ પંચાયત એકટ કરવામાં આવેલ ત્યારબાદ સને ૧૯૩૯ માં બોમ્બે વિલેજ પંચાયત એકટ ઘડેલ અને ૧૯૪૭ માં

સુધારા– વધારા કરી, પંચાયતોને અમુક સતાઓ આપતી જોગવાઈ કરવામાં આવેલી. સને ૧૯૫૮ માં રાજય પુર્નરચના એકટના કારણે, બોમ્બે વિલેજ પંચાયત ૧૯૫૮ ઘડેલો તે એકટ, મુંબઈ રાજયના ગુજરાત પ્રદેશને પણ લાગુ પડતો હતો બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે એક સમિતિ નીમેલી અને તે સમિતિએ ૨૪મી નવેમ્બર, ૧૯૫૭ ના રોજ રિપોર્ટ રજુ કરેલ. આ રિપોર્ટથી ભારતમાં પંચાયતી રાજનું શિલારોપણ થયેલ. બળવંતરાય મહેતા સમિતિઓ સ્થપાવાને કારણે, જિલ્લા લોકલ બોર્ડ અને જિલ્લા કક્ષાએ બીજુ કોઈ એકિઝકયુટિવ બોર્ડની રચના કરવી. જિલ્લા–પરિષદ, પંચાયત સમિતિના પ્રમુખો, વિધાનસભા અને સંસદના સભ્યો અને વિકાસ ખાતાના તમામ જિલ્લા કક્ષાના અધિકારીઓની અને કલેકટર તેના અધ્યક્ષ ગણાય, જિલ્લા પરિષદ પંચાયત સમિતિનું બજેટ મંજૂર કરે અને તેમની માંગણીઓ સરકારને મોકલે. જિલ્લા પરિષદ, દેખરેખ રાખનાર મંડળ તરીકે કામ કરે તે સમિતિએ પંચાયતની સીધી ચૂંટણી કરવાની પણ ભલમાણ કરેલી આ સમિતિનો ત્રણે ક્ષેત્રે સતાનું વિકેન્દ્રીકરણ કરવાનો ઈરાદો છે. બળવંતરાય મહેતા સમિતિનો રિપોર્ટ સ્વીકારી. કેન્દ્ર સરકારે, રાજય સરકારોને પંચાયતી રાજ માટે સદરહું રિર્પોટનો અમલ કરવાની વિનંતી કરેલી અને તેનો ઘણાં રાજયોએ સ્વીકાર કર્યો અને સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ એકટો ઘડવામાં આવ્યા.[૧]

ગુજરાત રાજયે પંચાયતી રાજના સિધ્ધાંતનો સ્વીક ાર કર્યો અને માજી ગ્રહમંત્રી શ્રી રસિકલાલ પરીખના અધ્યક્ષપણા હેઠળ ડેમોક્રેટિક ડીસેન્ટ્રલાઈઝેશન કમિટીની રચના કરી. કમિટી એ તાલુકા પંચાયતની સ્થાપના કરવાની ભલામણ કરી અને જિલ્લા પંચાયતની રચના કરવાની પણ

ભલામણ કરી. ગુજરાત સરકારે રસિકલાલ કમિટીનો રિર્પોટ સ્વીકારી ગુજરાત પંચાયત એકટ, ૧૯૬૧ ઘડાયો, તેમાં ત્રણ સ્તરીય પંચાયતી પધ્ધતિ જણાવી છે. જેવી કે, ૧. ગ્રામ અથવા નગર કક્ષાએ ગ્રામ પંચાયત અથવા નગર પંચાયત. ૨. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત. ૩. જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત.

આમ ભારતની અને ગુજરાતની મોટાભાગની વસ્તી ગ્રામીણ છે. દેશની કુલ વસ્તી ગ્રામી ણ છે. દેશની કુલ વસ્તીના ૭૪.૩ ટકા વસ્તી ગામડાંમા વસવાટ કરતી હોવાથી ગામડાનાં વિકાસ માટે તેનો અભ્યાસ કરવો જરૂરી બને છે. આમ જોઈએ તો ગ્રામીણ અર્થ વ્યવસાયો જેવા કે પશુપાલન, સુથાર, લુહાર, વગેરે પર આધારીત છે. પરોક્ષ રીતે જીવન નિવાર્હનું મુખ્ય સાધન ખેતી જ છે. દરેક સમાજમાં તેની આર્થિક વ્યવસ્થા સામાજિક સંસ્થાઓનું ઘડતર થાય છે. આ દષ્ટ્રિએ ગામડાનાં અભ્યાસો મહત્વના બની રહે છે. ગામડું એક ઐતિહાસિક વાર છે. ગામડામાં ભારતીય સંસ્કૃતિનું યુગોથી સાતત્ય જળવાઈ રહયું છે. ગામ સમુદાયોમાં પરિવર્તનોમાં પણ ગ્રામીણ પરંપરાનાં સાતત્યની ઝાંખી થાય છે. ભારતનાં કેટલાક સમુદાયો ખેતી, પશુપાલન અને તેને પૂરક વ્યવસાય અર્થે ઘણા વિસ્તારમાં નેંસ બાંધી ને અને નાના ગામડાઓ પણ વસે છે."ભારતના ૫૦૦૦ જેટલા વિસ્તારના ગામડાંઓમાંથી આજે ગુજરાતમાં ૧૧૪ જેટલા ગામો સંપૂર્ણ વન વિસ્તારનાં ગાંઢ જંગલમાં આવેલા છે. આ જંગલના ગામોને 'વનવસાહતો' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાત ગામોમાં ૨૩૪૧ જેટલા કુટુંબો ૫૫૮૧,૬૯ હેકટર જેટલી જંગલની જમીન ખેડીને પણ પોતાનું ગુજરાન ચલાવે છે.

આમ ગામડાનાં સર્વાંગી વિકાસમાં ગામડાનાં લોકોનું ગ્રામ્યજીવન સામાજીક જીવન, સાંસ્કૃતિક જીવન, ધાર્મિકજીવન, આર્થિકજીવન, વ્યવસાય, શિક્ષણ, રહેઠાણની વ્યવસ્થા, આરોગ્ય, લગ્ન વૈવાહિત દરજ્જો, ગામડાનાં લોકોની સમસ્યાઓ, ગામડાનાં લોકોની અપેક્ષાઓ વગેરે જેવા અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે.

ગામડાના વિકાસ કાર્યો હાથ ધરતાં પહેલાં આ લોકોની લાક્ષણિકતાઓ નો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવો જરૂરી બને છે. ગામડાનો વિકાસ રૂંધાય નહિ, એ માટે તેનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવે તો, ગામડામાં વસતા ગ્રામજનોનો અને ગામડાનો વિકાસ યોગ્ય દિશામાં કરી શકાય તેમ છે.

## ૨.૨ વ્યાખ્યા

સને ૧૯૫૧ ની વસ્તી ગણતરીમાં ગામડાને સામાજિક કે વસવાટના એકમ તરીકે નહી ગણતાં વહીવટી એકમ ગણવામાં આવ્યું છે તેમજ વસ્તીનાં પ્રમાણને આધારે ગામડાનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

શ્રી નિવાસી ભારતીય ગામડાની વ્યાખ્યા આપતાં જણાવે છે, " ગામડું એ જ્ઞાતિ જેવા ભિન્ન ભિન્ન આડા સ્તરોનું બનેલું ઉભું એકમ છે. " [૨]

મજુમદાર ગામડાને જીવનશૈલી **(Way of life)** અને એક ખ્યાલ **(Concept)** તરીકે વર્ણવે છે.

પરંતુ આવી સંક્ષિપ્ત વ્યાખ્યાથી ગામડાનું સ્પષ્ટ સ્વરૂપ રજૂ કરી શકાતું નથી ઉપરોકત સમજુતી તેમજ ભારતના વિવિધ ગામડાના થયેલા અભ્યાસોને આધારે ભારતીય ગામડાની વ્યાખ્યા [૧] કંઈક આ પ્રમાણે પણ આપી શકાય.

ગામડું એ પ્રકૃતિની નિકટ વસતા તથા મુખ્યત્વે ખેતી ઉપર આધાર રાખતા વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો પ્રાથમિક સમુદાય છે. કે જેમાં એક પ્રકારની એકવિધતા અને ઐકય હોય છે. આ સમુદાય સામાન્ય રીતે જ્ઞાતિ અને કૃષિ અર્થવ્યવસ્થાના પાયા પર સ્તરીકૃત થયેલો હોય છે. જેમા સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી જોવા મળે છે.

આ વ્યાખ્યા સંદર્ભમાં તેમાથી ફલિત થતાં લક્ષણોની ચર્ચા દ્વારા ભારતના વિભિન્ન પ્રાંતોના ગામડાના અભ્યાસોને આધારે આપણે ભારતીય ગામડાના સ્વરૂપને સમજી શકાય, ગામડાના લોકો પ્રકૃતિની અત્યંત નિકટના સબંધમા જીવન જીવે છે. તેમની આજીવિકાં નું મુખ્ય સાધન ખેતી છે. ખેતીની જમીન સાથે તે સતત સંપર્કમાં રહે છે. ખેતી માટે વરસાદ, સૂર્ય, વનસ્પતિ, પશુ, નદી, તળાવ, પવન વગેરે પ્રકૃતિના વિવિધ તત્વો ઉપર ખેડૂતોને આધાર રાખવો પડે છે. આથી તેની આજીવિકા માટે ધણી અચોકકસતા હોય છે. વાવણી માટે તે વરસાદ ઝંખતો હોય છે.

" મહેનત કરીને જીવવા માટે ભેગો મળેલો સમૂહ તે ગામડું "

" એક બીજાને મદદ કરી બધા ધંધા વહેંચી જીવનારો સમૂહ તે ગામડું."

## ૨.૩ ઉત્પતિ અને વિકાસ

ગામડાંની ઉત્પતિ અને તેનો વિકાસ "મહેનત કરીને જીવવા માટે ભેગો મળેલો સમુહ તે ગામડું"

માનવજાતની ઉત્પતિ થઈ, તેનો વિકાસ થયો અને પછી સંગઠનની જરૂર પડી એટલે અનુકૂળ સ્થળે ગામડાંની રચના થઈ. તે ગામડાંનો વિકાસ કેવી રીતે થયો તે હવે આપણે જોઈએ.

## ૨.૩.૧ વિકાસ ક્રમ

ગામ કેમ બંધાયાં, તેનો ઈતિહાસ ઘણો લાંબો છે. તે સબંધીનાં પુસ્તકો પણ લખાયાં છે ટૂંકમાં વિચારીએ આપણે જાણીએ કે આદિકાળમાં માણસ ફળ અને કંદમૂળ ખાતો અને ઝાડની છાલથી શરીરનું રક્ષણ કરતો.

હકીકત એવી હોવી જોઈએ કે, માણસ પ્રથમ શિકાર કરી પોતાનું પોષણ કરતો. શિકારની મુશ્કેલી વધી હશે, એટલે તેણે કંદમૂળ અને ફળફળાદિની શોધ કરી : અને વસ્તી વધતાં તેમાંય મુશ્કેલી વધી હશે, એટલે ખેતીની શોધ થઈ. ગાયના વાછરડાને ધાવતું જોઈ, તેણે દૂધ ચાખ્યુ હશે અને તે સ્વાદમાં ઠીક લાગ્યું હશે, તેમાંથી તે ઢોર રાખતો થયો તે ઢોર રાખતો થયા પછી તેની જાતનાં પશુઓને ખોરાક માટે મારવાનું તેણે નહિ ગમ્યું હોય, એટલે અનાજની શોધ થઈ.

ફળફૂલ અને શિકાર પર જયાં સુધી જીવવાનું હતું, ત્યાં સુધી સ્થિરતાં શકય પણ નહોતી, પરંતુ ખેતી અને ઢોર આવ્યાં, એટલે સ્થિરતાની આવશ્યકતા ઉભી થઈ અને ઢોરનો સમૂહ થયો તે ગોકુળ થયું અને તેને તે સાચવવા લાગ્યો. તે સ્થાન ગોપુર બન્યું.

પછી લોકો ટોળામાં રહેતા થયાં, તેમાથી કુળ થયાં અને પછી ગામડું થયું. આમ રચનાત્મક કામ માટે ભેગા મળી જીવવા માટે ગામ થયું.

## ૨.૩.૨ સ્થળની પસંદગી

હવે સારી રીતે કેમ જીવી શકાય, તેનો તેમણે વિચાર કર્યો. પ્રથમ હવા સારી જોઈએ, એટલે તેમણે વસવાટ માટે ટેકરા પસંદ કર્યો.પછી પાણીની સગવડ જોઈએ એટલે તેમણે નદી અને સરોવર પર જગ્યા કરી.

આમ હિંદની અને ઈજિપ્તની સંસ્કૃતિઓ સિંધુ, ગંગા અને નાઈલ નદીઓ પર થઈ.

વસ્તી વધતી ગઈ તેમ–તેમ રહેવાની મુશ્કેલી વધતી ગઈ : એટલે તે સપાટ મેદાનમાં નદીથી દૂર વસતા ગયાં. ત્યાં પાણી જોઈએ, તેથી કુવા બનાવ્યા. તે વખતે લોકો વસવાટ માટે સારી હવા, ખેતી માટે જમીન અને પીવા માટે પાણી–એ ત્રણની સગવડ જોતા.

આજીવિકાનાં સાધનમાં ઢોર હતાં. ખેતી કરી હોય ઢોરને ચરવાનું પણ જોઈએ માટે જંગલો પાર વિનાનાં હતાં.

ઢોરનાં છાણ તથા બીજી દુર્ગંધવાળી ચીજોનું ખાતર કરવા માટે જુદી જમીન રાખી, હિદુસ્તાનમાં સામાન્ય રીતે ઉકરડાની જગ્યા માટે પૂર્વ દિશા તરફની જમીન સારી ગણાય છે : કેમકે પૂર્વ તરફનો પવન કોઈક વખત જ આવે. આમ કરતાં–કરતાં હજારો વર્ષે ગામની રચના થઈ હશે.

## ૨.૩.૩ વસવાયાં

આજે "વસવાયાં" શબ્દ હલકો બન્યો છે.પણ તેનો અર્થ એવો નથી. ગામમાં જે વસવા યોગ્ય હોય, તે વસવાયા. આ માનવાચક શબ્દ છે. ત્યારે ખેડૂતો સાથે વસવા યોગ્ય કોણ કોણ છે. તેનો વિચાર કરીએ.

પીવા તથા રાંધવા માટે વાસણની જરૂર પડી : એટલે તેમાંથી એક

જણે તે કામ કરવા માંડયું તે કું  ભકાર–કુંભાર કહેવાયો.

પછી સુથાર થયો 'સુત્રધાર' પરથી ' સુથાર ' થયો. સુતરથી દોરીથી માપ લઈ  લાકડું વહેરતાં કાપતાં, તે પરથી ' સુત્રધાર ' – ' સુથાર ' કહેવાયો.  ખેતી કરવા માટે હથિયાર જોઈએ.તે માટે લુહારની જરૂર પડી. ' લુહાર '  શબ્દ ' લોહ ' લોઢું પરથી થયો : એટલે એ ટોળામાંથી એક લુહાર થયો.

ઠંડીમાંથી બચવા માટે રક્ષણની જરૂર પડી : એટલે ઘર કરવાની જરૂર પડી  : માટે ટોળામાંથી કોઈએ તે કામ કરવા માંડયું, અને તે કડિયો કહેવાયો.

આમ ટોળામાં કોઈ મોટું–નાનું ન હતું. બધાને એક–બીજાની આવશ્યકતા હતી  બધાએ ભેગા મળીને સરળતાથી જીવવાનું હતું : એટલે કામની  વહેંચણીની આવશ્યકતા ઉભી થઈ. બધા સ્વતંત્ર, છતાં એકબીજા પર આધાર રાખનારા હતાં. બધા ભેગા થઈને ન જીવેતો ચાલે એમ ન હતું એટલે એમાથી સંગઠન થયું આ સંગઠન વધતું ચાલ્યું. જીવનની જરૂરીયાતો અને વસતી વધતી ગઈ. તેમતેમ કામો પણ વધતાં ગયાં. જેમ ગાંધીજીએ શરૂઆતમાં રચનાત્મક કાર્યોની સંખ્યા ચારની ગણાતી હતી, પણ જરૂર ઉભી થઈ તેમ તેમ વધતી ગઈ અને આજે અઢારની થઈ તેમ ગામડાંની રચનામાં પણ થયું છે.

હવે આગળ વિચારી એ શરીરનાં રક્ષણ માટે કપડાંની જરૂર ઉભી થઈ, એટલે વણનાર તૈયાર થયો તે ' વણકર ' કહેવાયો આ વણવાની ક્રિયા ઝાડની છાલમાં તાણાવાણા જોઈને સુજી હશે. એમ વણવાની ક્રિયા કુદરતે શિખવાડી કપાસની શોધ કરનારે જગત પર કેટલો ઉપકાર કર્યો છે. ડોડી, આકડા કે શીમળાના રૂમાંથી કપડાં નહિ બન્યાં હોય : એટલે કપાસની શોધ

કરી હશે તેમાં ચીકાશ, સુવાળપ, રેસાનું ઘટપણું વગેરે બધું છે. એટલે તેમાંથી કપડું બની શકે છે જોકે શરૂઆતમાં ઘેટાં–બકરાંના વાળમાંથી કપડાં થયાં હશે, પછી સુતર થયુ હશે. પહેલા લોકો કપડાં ઓઢતાં અને પહેરતાં : પણ સીવવાનું ન હતું વેદમાં કપડું વેતરવા માટે શબ્દ નથી, એમ વિનોબાજી કહેતા. પછી સીવવાની જરૂર થઈ. એટલે દરજી થયો.

કપડાં મેલાં થવા માંડયાં એટલે ધોબી થ યો. આ વિકાસ થયો કે કેમ તે તો કોણ જાણે પણ પરિગ્રહ વધતો જાય છે. તેમ નવીનવી જરૂરિયાતો ઉભી થાય છે.

ગામની સાફસૂફી માટે એક અલગ માણસ રહયો તે ભંગી કહેવાયો.

પહેલા વાળ રાખતાં હશે અને તેથી માથામાં જુ થતી હશે અને કામમા મુશ્કેલી પડતી હશે. એટલે વાણંદ થયો હશે. વસ્તુઓના વિનિમયની જરૂર ઉભી થઈ એટલે વાણિયો થયો. માંદગી આવી એટલે વૈધ થયો.

વૈધ પહેલા અપશુકનિયાળ ગણાતો કેમ કે તેને આખો દિવસ માંદા માણસોની વચ્ચેજ રહેવાનું થતું. જેમ આજે બ્રાહય કરનાર કાયટિયાની જરૂર બધાને પડે છે, છતાં તે શુભ પ્રસંગે હાજર નહિ રહે એવો રિવાજ છે. પણ ચ્યવનઋષિની આંખની દવા અશ્વિનકુમારોએ કરી અને તે આંખે દેખતાં થયા, ત્યારે ઋષિએ વૈધને યજ્ઞનો ભાગ આપવા ફરમાવ્યું અને ત્યારથી વૈધોની પ્રતિષ્ઠા થઈ એવી વાર્તા છે.

પછી ધાતુઓની શોધ થઈ. ત્રાબું, પિતળ મળ્યું, તેમાંથી તેનાં વાસણો બનાવનારા કંસારા થયાં.

સોનાની શોધ થઈ અને મોજશોખ થયા એટલે ધરેણાં આવ્યા, એટલે તેને ધડનારા સોની થયા.

જ્ઞાનની ભુખ જાગી, એટલે પવિત્ર માણસોને બોલાવ્યા તે બ્રાહમણ – શિક્ષક થયા. આ બધા એક સાથે નથી થયા, બધા ભેગા થયા, એટલે ગામ થયું. ' ગ્રામ ' નો શબ્દાર્થ ' જથ્થો ' છે એ ઉપરથી સમુહમાં રહેનારા થયાં, તેથી 'ગ્રામ' – ' ગ્રામ ' નામ પડયું.

આ રીતે ગામમાં બધા એક બાપની પ્રજા હોય તેવી રીતે રહેતા હતા. મોટા–નાનાનો ભેદ ન હતો. જેમ શરીરનાં અંગોમાં આંખ, કાન, નાક, મોં વગેરે માં કોઈ મોટું–નાનું નથી, તેમ ગામમાં પણ કોઈ મોટું–નાનું ન હતું.

## ૨.૪ ગામડાના લક્ષણો

ગામની વ્યાખ્યા સંદર્ભમાં તેમાંથી ફલિત થતાં લક્ષણોની ચર્ચા નીચે મુજબ છે.

### ૨.૪.૧ પ્રકૃતિ સાથે નિકટનો સંપર્ક અને સતત સંઘર્ષ

ગામડામાં ખેડૂત જયારે વરસાદની રાહ જોતો હોય છે ત્યારે કેટલીક વખત તાપ પડે છે. તાપની રાહ જુએ છે ત્યારે કેટલીક વખત સતત વરસાદ આવે છે કુમળા પાકમાં કે તૈયાર પાકમાં કેટલીક વખત તીડના ટોળાં ઉતરે છે. જીવાત પડે છે. વન્ય પશુઓથી અને પંખીઓથી પાકનું રક્ષણ કરવું પડે છે. અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની પરિસ્થિતિમા જીવનની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આમ ગ્રામવાસીઓ પ્રકૃતિ ની નિકટ વસે છે અને પ્રકૃતિ સાથે સતત સંઘર્ષમાં પણ રહે છે.

ગ્રામવાસીઓ પ્રકૃતિની નિકટ હોઈ. ગ્રામમાં અનેકવિધ વિશિષ્ટતાઓ વિકસે છે. તેમના જીવનદર્શનમાં પ્રકૃતિનાં વિવિધ તત્વોને તેમના ધર્મમાં સ્થાન મળે છે. તેમનો ધર્મ પ્રકૃતિ પ્રધાન બને છે આ સદર્ભમાં ડો.દેસાઈ

જણાવે છે કે "ગામડાનો ધર્મ પ્રકૃતિના એક એક તત્વ કે ઘટનામાં આત્માનો વાસ કલ્પે છે. અને અસંખ્ય આત્માઓની એક વિલક્ષણ સૃષ્ટિનું છાયાચિત્ર ઉપસાવે છે." જમીન તેમને માટે સર્વસ્વ હોય છે વધુ મુલ્યવાન ગણાય છે. અને તે પ્રત્યે વિશેષત : મમત્વ ધરાવે છે. જમીનને ધરતીમાતા તરીકે અળખાવે છે.

બીજી બાજુ બર્ટ્રાન્ડ નોંધે છે તેમ "ગ્રામીણ લોકો પ્રકૃતિ સાથે સતત સંઘર્ષમાં રહેતા હોઈ તેઓ પોતાના રિવાજો અને વ્યવહારો, વ્યકિતત્વની લાક્ષણિકતાઓ પ્રકૃતિ સંઘર્ષને અનુરૂપ વિકસાવે છે. "ગામલોકોના તહેવારો અને ઉત્સવો ઋતુના ફેરફાર સાથે આકાર લેતા હોય છે. ભારતના ગામલોકોમાં જોવા મળતું ભાગ્યવાદી વલણ કઈક અંશે પ્રકૃતિ સાથેના સબંધોમાંથી વિકસ્યુ છે. પ્રકૃતિ પર આધારિત કૃષિ વ્યવસ્થા અને પ્રકૃતિ સાથેના સતત સંપર્ક તથા સંઘર્ષને લીધે ગામડાના લોકોમાં એક વિશિષ્ટ જીવનશૈલી વિકસેલી જોવા મળે.

## ૨.૪.૨ મુખ્ય ધંધો ખેતી

ગામડાના લોકોની અર્થવ્યવસ્થા મુખ્યત્વે ખેતી ઉપર આધારિત છે. ખેતી એટલે પ્રકૃતિ પાસેથી પ્રત્યક્ષ રીતે જ આજીવિકા મેળવવાની રીત, જેમાં પશુનો ઉપયોગ તથા માનવશ્રમ શકિત કેન્દ્ર સ્થાને રહે છે. ગામડાની આ કૃષિ અર્થવ્યવસ્થા દવારા ગામલોકો મહદંશે પોતાની જીવન જરૂરિયાત પુરતું ઉત્પાદન કરી લે છે. આ અર્થવ્યવસ્થા સાપેક્ષ રીતે એકંદરે નિવાર્હલક્ષી હોય છે. લોકો મુખ્યત્વે ખેતી ઉપર આધાર રાખે છે. તેનો અર્થ એવો નથી કે ગામડામાં અન્ય વ્યવસ્થાનો અભાવ હોય છે. ખેતીને પૂરક તથા

ગ્રામજરૂરિયાત પૂરતા અન્ય મર્યાદિત વ્યવસાયો વિકસ્યા હોય છે. ભારતીય ગામડાની આ અર્થવ્યવસ્થાને કુટુંબ અને જ્ઞાતિના સંદર્ભમાં જ સમજી શકાય તેમ છે.

ખેત વ્યવસ્થા માટે અન્ય જ્ઞાન જરૂરી બને છે. તેથી ખેડૂત લગભગ **Jack of all Trades** ની ભૂમિકા ભજવતો હોય છે. ખેતીકામ એક વ્યકિતથી થઈ શકતું નથી. કુટુંબના અન્ય સભ્યોની મદદ આવશ્યક બને છે. તેથી ખેતી એ કુટુંબનો વ્યવસાય બની રહે છે. આથી ગામડામાં કુટુંબવાદી વલણ વિકસે છે એટલે કે ગામડાના કુટુંબમાં વ્યકિતગત હિતને પ્રાધાન્ય હોતું નથી, પરંતુ કુટુંબના હિતને પ્રાધાન્ય મળે છે. કુટુંબકલ્યાણનો આદર્શકેન્દ્રસ્થાને રહે છે અને તેથી ભારતીય ગામડામાં સંયુકત કુટુંબ એક જરૂરિયાત બની રહે છે.

## ૨.૪.૩ ગામડું પ્રાથમિક સમુદાય છે

ગામડામાં પ્રાથમિક જુથ અને સમુદાયનાં લક્ષણો રહેલા છે. ગામડું એ પ્રાથમિક જુથ છે. દરેક ગ્રામવાસી ગામના દરેક સભ્યથી પરિચય હોય છે. પરસ્પરના જીવન વિષે જાણતા હોય છે. આ સંદર્ભમાં શ્રી નિવાસ નોંધે છે કે " ગ્રામ સમુદાયમાં બે વ્યકિત વચ્ચેના સંબંધો તેમના મા–બાપ વચ્ચેના સબંધોના સાતત્યરૂપ હોય છે. અને આ સબંધો તેમનાં સંતાનો વચ્ચેના સબંધો વિકસાવે છે." આમ, ગ્રામલોકોના પારસ્પરિક સબંધો પેઢી દર પેઢી ચાલ્યા આવતા પ્રાથમિક સ્વરૂપના હોય છે. એક બીજાની પ્રત્યેક્ષ હાજરી, પરસ્પરની ઓળખ તેમજ ટીકામશ્કરી જેથી અનૌપચારિક પ્રયુકિત ïારા સામાજિક નિયંત્રણ થાય છે. પરસ્પરની મદદ એકંદરે કેન્દ્રસ્થાને રહે છે.

ગ્રામ સમુદાયનું પ્રાથમિક અને પાયાનું એકમ સયુંકત કુટુંબ છે. દરેક સયુંકત કુટુંબ જે તે જ્ઞાતિનું ઉપજુથ છે. ગામની બધી પ્રવૃતિઓમાં કુટુંબ જેવાં પ્રાથમિક જુથનું વિશિષ્ટ પ્રભુત્વ હોય છે.

પોતાના ગામ પ્રત્યે ગ્રામવાસીઓને એક પ્રકારનાં મમત્વની લાગણી હોય છે. તેઓ મુસાફરીના પ્રસંગોમાં કે બહારની દુનિયામાં પોતાની સામાજિક ઓળખ પોતાના ગામના નામે આપે છે. ગામલોકોનો બહારની દુનિયા સાથેનો સંપર્ક મર્યાદિત હોય છે. તેમના સામાજિક, આર્થિક, અને ધાર્મિક સબંધો મહદંશે પોતાના ગામ કે પડોશના ગામ પૂરતા મર્યાદિત હોય છે. જ્ઞાતિ અને જમવાની પ્રથા તેમના પારસ્પરિક સબંધો નકકી કરે છે અને તે રીતે ગામડું એકંદરે વતે ઓછે અંશે અલગતા ધરાવે છે.

ભારતીય ગામડાની આ લાક્ષણિકતાને જ્ઞાતિના સંદર્ભમાં જ સમજી શકાય તેમ છે. આ સંદર્ભમાં દુબે એ નોંધ્યુ છે કે "ગામડામાં એકથી વધુ જ્ઞાતિઓ હોય છે. આ જુદી–જુદી જ્ઞાતિઓ પરસ્પરાવલંબી હોય છે અને તે બધી જ્ઞાતિઓ ગામના સમાજીક, ધાર્મિક, આર્થિક અને વહીવટી સંગઠનમાં સંગ્રહિત થયેલી હોય છે. વ્યકિત માત્ર ગ્રામ સમુદાયની જ સભ્ય નથી પરંતુ તે સાથો–સાથ જ્ઞાતિ, ધર્મજુથ, પ્રાદેશિક જુથની પણ સભ્ય છે. "

રામપૂર ગ્રામની સમગ્ર ગામરચનાના અભ્યાસના સારાંશરૂપે શ્રી નિવાસે લખ્યું છે કે ગામડું એક પરસ્પરાવલંબી એકમ છે. મહદંશે આત્મનિર્ભર છે. ગામને પોતાની ગ્રામસમિતિ છે. ગામની અંદર દરેક જ્ઞાતિ પોતાનું આગવું જીવન જીવે છે. જોકે, દરેક જ્ઞાતિ ગામમાં અને ગામની બહાર અન્ય જ્ઞાતિઓ પર આધાર રાખે છે. ગ્રામ સમુદાયના સભ્યોને એકતામાં બાંધતાં બંધનો છે. આ બંધનો મજબૂત અને રૂઢિગત છે પરંતુ છેલ્લાં દોઢસો

વર્ષમાં વિવિધ પરિબળોએ આ બંધનોને નબળાં બનાવ્યાં છે.

આ સમગ્ર ચર્ચાથી સ્પષ્ટ થશે કે ભારતીય ગામડું પ્રાથમિક સમુદાય છે. ગામની તેની પોતાની આગવી પ્રતિષ્ઠા અને સંસ્કૃતિ છે. તે એક સામાજિક–આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક એકમ તરીકે જોવા મળે છે. ઘણી– ખરી પ્રવૃતિઓમાં ગ્રામવાસી એક એકમ તરીકે વર્તે છે.

## ૨.૪.૪ એકવિધતા **(Homogeneity)**

ગામડામાં એક પ્રકારની એકવિધતા કે સમરૂપતા જોવા મળે છે. ગામલોકો લગભગ સમાન વાતાવરણમાં જીવન જીવે છે.

ખેતી એ પાયાનો વ્યવસાય છે.સુથારી,લુહારી,ચર્મકામ વગેરે વ્યવસાયો હોય છે. ખરા, પરંતુ એકંદરે તે ખેતી પર આધારિત વ્યવસાયો છે. અહી વ્યવસાયોની વિષમતા જોવા મળતી નથી. સુક્ષ્મ વિશેષીકરણનો અભાવ જોવા મળે છે. લિંગ અને વયના પાયા પર સાદું શ્રમવિભાજન થયેલું હોય છે.

ગ્રામમાં ધાર્મિક જીવનની સમરૂપતા હોય છે. ગામમાં સમાન દેવદેવી, સમાનમંદિર, સમાનધાર્મિક ઉત્સવ હોય છે. મહાશિવરાત્રી, હોળી, રામનવમી, ગોકળઅષ્ટમી, ગણેશચતુર્થી, દિવાળી, જેવા ધાર્મિક–સામાજિક તહેવારો સમગ્ર ગામના તહેવારો ગણાય છે. ઉત્સવો ગામલોકો સાથે મળી ને ઉજવતા હોય છે. આ રીતે ગામમાં ધાર્મિક જીવનની એકવિધતા જોવા મળે છે.

એજ રીતે ગામના લોકોની ભાષા, બોલવાની ઢબ, રીતરિવાજ, જીવનશૈલી, પોશાકની ઢબ વગેરેમાં એકંદરે એકવિધતા જોવા મળે છે. જો કે

અહી જ્ઞાતિઓનું વૈવિધ્ય છે. પરંતુ આ જ્ઞાતિઓ સમગ્ર સમુદાયિક જીવનમાં સુગ્રથિત થયેલી હોય છે. આ સામાજિક વૈવિધ્યમાં–વ્યવહારમાં એકવિધતા રહેલી છે.

સંક્ષેપમાં ગ્રામમાં આર્થિક, ધાર્મિક, સામાજિક, સાંસકૃતિક એકવિધતા રહેલી છે. અહી જોવા મળતા તફાવતો ગૌણ છે. અને સામ્ય મુખ્ય છે. ગ્રામની આગવી સંસ્કૃતિનો એકવિધતા સર્જવામાં મહત્વનો ફાળો છે. આ એકવિધતાનું મહત્વ દર્શાવતાં બર્ટ્રેન્ડે નોંધ્યું છે કે "આ એકવિધતા સુગ્રયનની ચાવી છે."

## ૨.૪.૫ ઐકય

ભારતીય ગામડા એક વિશિષ્ટ સ્વરૂપનું ઐકય ધરાવે છે. બર્ટ્રેન્ડ કહે છે. કે "ગ્રામ રંગમંચમાં સંગઠિતતા યંત્રવત છે. અને એકવિધતા સુગ્રથનની ચાવી છે." [૨]

ભારતના મોટા ભાગના ગામડાઓ વિવિધ જ્ઞાતિઓના બનેલા છે. બીજી બાજુ ગામડાનાં ઘરો જ્ઞાતિઓના પાયા પર રચાયેલાં હોય છે અને તેમાં જ્ઞાતિઓનું ભૌગૌલિક વિભાજન જોવા મળે છે. આથી બ્રાહય દષ્ટ્રિએ જોતાં સામુદાયિક ભાવના પોતપોતાનાં નાના જુથમાં વિભાજિત થયેલી જણાય છે. આમ છતાં ગામનાં લોકો એક ઐકય બની રહે છે.

ગામનું આ ઐકય પરિસ્થિતિ અને અમુકહિતના સંદર્ભમા વ્યકત થતું હોય છે.

મુસાફરીના પ્રસંગોમાં ગ્રામવાસી પોતાની ઓળખ પોતાના ગામના નામથી આપે છે. આ ઘટના માત્ર સામાજિક ઓળખ પૂરતું જ મહત્વ ધરાવતી

નથી, પરંતુ તે વ્યકિતનું ગામ સાથેનું ઐકય સુચવે છે.

અતિવર્ષા, દુષ્કાળ, કાપણી, પૂર અને ઉત્સવો જેવી ઘટનાઓમાં ગ્રામવાસીઓ એક થઈને કાર્ય–પ્રવૃતિઓ કરે છે. આ ઘટના તેઓના એકતાનાં બંધનોમાં બાંધે છે. અમુક ઉત્સવો કે તહેવારોમાં લોકો પોતાના સામાન્ય તફાવતો અને મનદુઃખ કે કડવાશ ભુલી જાય છે અને એકતા વ્યકત કરે છે.

આનો અર્થ એવો નથી કે ગામડામાં સંઘર્ષનો અભાવ હોય છે. સંપૂર્ણ ઐકય કોઈપણ જુથમાં અશકય છે. ગામનાં ખેતરના કુવાના હકક અંગે, સીમસેઢા ના સંદર્ભમ ાં એક ખેતરમાંથી બીજા ખેતરમાં જવાના માર્ગ અંગે. મિલકતની વહેંચણી માટે ગોચર સબંધી કે કાપણીની મોસમમાં ખેતરની ભેળ સબંધી એમ વિભિન્ન પરિસ્થિતિમાં ઝઘડતા હોય છે. ભારતના કેટલાક વિસ્તારના ગામડાંમાં જમીનદાર અને કિસાનો વચ્ચે વર્ગ સંઘર્ષ અને જ્ઞાતિ–હુલ્લડો થયાનાં દષ્ટાંતો મળી આવે છે. આમ છતાં ગામમાં એકંદરે ઐકય રહેલું છે. ઐકય એક પ્રક્રિયા છે જે વિભિન્ન હિતના સંદર્ભમાં વ્યકત થતી હોય છે. શ્રી નિવાસ રામપૂરના અભ્યાસમાં લખે છે કે " ગામનું ખોટું દેખાય તેવી બાબતની માહિતી બહારનાં માણસ ને આપવાનું ગ્રામજનોને રુચતું નહોતું.

## ૨.૪.૬ જ્ઞાતિ અને કૃષિ અર્થવ્યવસ્થાના પાયા પર રચાયેલ સ્તરીકરણ

ભારત ગ્રામમાં સામાજિક સ્તરીકરણ જ્ઞાતિ તેમજ વર્ગના પાયા ઉપર રચાયુલું હોય છે. આ બંન્ને ભિન્ન સ્વરૂપના સ્તરીકરણ પરસ્પર સબંધિત

જોવા મળે છે.

ગામની અર્થવ્યવસ્થા સામાન્ય રીતે કાર્યાત્મક શ્રમવિભાજન અને પરસ્પરરાંવલંબન પર રચાયેલી છે. ખેતીનો વ્યવસાય અમુક જ્ઞાતિઓનો રૂઢિ ગત વ્યવસાય હોવા છતાં અન્ય ' ઉંચી ' કે ' નીચી ' જ્ઞાતિ આ વ્યવસાય કરતી હોય છે. પરંતુ ગામમાં પુરોહિતનું કાર્ય માત્ર બ્રાહમણ જ કરે છે, માટીનાં વાસણ બનાવવાનું કાર્ય કુંભાર જ કરે છે. ક્ષૌરકર્મ માત્ર વાણંદ જ કરે છે. સુથારી કામમાત્ર સુથાર અને ચર્મકામ માત્ર ચમાર કરે છે. આમ એકંદરે જ્ઞાતિના રૂઢિગત વ્યવસાયો જન્મદર ચાલ્યા આવે છે. જ્ઞાતિના પાયા પર રૂઢિ ગત સ્તરરચના બંધ વર્ગ સ્વરૂપની છે. વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે કાયમી સામાજિક અંતર રહેલું છે. વ્યકિત આ જ્ઞાતિ–દરજજો બદલી શકતી નથી. જો કે, ગામની દરેક જ્ઞાતિને ચોકકસ કોટિક્રમિક માળખાંમાં ગોઠવવી મુશ્કેલ છે.

સાથો સાથ કૃષિ અર્થ વ્યવસ્થાના સંદર્ભમાં આર્થિક પાયા પરનું વર્ગોની રચનાવાળું સ્તરીકરણ પણ ગામમાં વિકસે છે.

રામક્રિશ્ર મુકરજીએ પશ્ચિમ બંગાળની ગામ વર્ગરચનાનો અભ્યાસ કર્યો છે. તેમા તેમણે ત્રણ વર્ગો દર્શાવ્યા છે.

પ્રથમ વર્ગ

આ વર્ગ લેન્ડ હોલ્ડર્સ–અને સુપરવાઈઝરી ફાર્મર્સનો બનેલો છે. આ એક પ્રકાર ના જમીનદારો છે. તેઓ જાતે ખેતી કરતાં નથી. પરંતુ માત્ર પોતાની જમીનની ખેતી ઉપર સુપર વિઝન કરતા હોય છે. સમાજમાં તેમનું સર્વોચ્ચ સ્થાન છે. આ વર્ગમાં ઉચ્ચ હિદું જ્ઞાતિઓની ૮૦% જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. તેમાં એક પણ નિમ્ન હિંદુ જ્ઞાતિ તેમજ અનુસુચિત જ્ઞાતિ જોવા મળી નથી.

બીજો વર્ગ

આ વર્ગ માં આત્મનિર્ભર ખેડૂતો, કારીગર અને વેપારીઓનો સમાવેશ થાય છે. ખેડૂતની જેમ આ કારીગરો અને વેપારી ઓ અમુક અંશે જમીન પર આધારીત છે. તેઓ પોતાનું આત્મનિર્ભર અસ્તિવ જાળવી રાખે છે. આ વર્ગમાં નિમ્ન હિદુંજ્ઞાતિઓની ૭૧% જ્ઞાતિઓનો તેમજ અનુસુચિત જ્ઞાતિઓની ૧૮% જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. આ વર્ગમાં એક પણ ઉચ્ચ હિદુંજ્ઞાતિ જોવા મળતી નથી.

ત્રીજો વર્ગ

આ વર્ગમાં ભાગીદારીના પાયા પર ખેતી કરતા ખેડૂત, ખેતમજૂર નોકરિયાત વર્ગ અને અન્યનો સમાવેશ થાય છે. આ વર્ગમાં નિમ્ન હિદુંજ્ઞાતિઓની ૨૯% જ્ઞાતિઓનો ૨૦% જ્ઞાતિઓનો તેમજ અનુસુચિત જ્ઞાતિઓની ૮૨% જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

આમ આ ત્રણેય કોટિક્રમિક આર્થિક વર્ગો અને જ્ઞાતિ વચ્ચે વિશિષ્ટ પ્રકારનો સબંધ જોવા મળે છે.

## ૨.૪.૭ ઓછી સામાજિક ગતિશીલતા

સામાજિક ગતિશીલતા એટલે સ્થાનનું સ્થળાંતર ભારતીય ગ્રામમાં જોવા મળતું સામાજિક સ્તરીકરણ જ્ઞાતિ અને કૃષિવિષયક વર્ગો ઉપર રચાયેલાં બે ભિન્ન સ્વરૂપો છે. સ્તરીકરણનાં આ બંને સ્વરૂપો પરસ્પર સબંધિત હોવાનું જણાયું છે.આથી ગ્રામ સમુદાયમાં સામાજિક ગતિશીલતાનું પ્રમાણ ઓછું હોય છે.

ગામની વિવિધ જ્ઞાતિઓ વચ્ચે કાયમી સામાજિક અંતર રહેલું હોય

છે. જ્ઞાતિનો રૂઢિગત વ્યવસાય ઓછે વતે અંશે જન્મદર હોય છે.વ્યકિત સ્વપ્રયત્નથી જ્ઞાતિ દરજ્જો બદલી શકતી નથી. પરિણામે જ્ઞાતિમાળખામાં વ્યકિતગત ક્ષેત્રે અગતિશીલતા **(Immobility)** ની ઘટના જોવા મળે છે. વ્યકિત વ્યવસાય પરિવર્તન કરે, ગમે તેટલું શિક્ષણ કે સંપતિ મેળવે તો પણ તેનો જ્ઞાતિ દરજ્જો તેનો તે જ રહે છે. અલબત, પોતાની જ્ઞાતિમાં વ્યકિતનો દરજ્જો બદલાય છે ખરો.

જુથલક્ષી ગતિશીલતા જ્ઞાતિનું લક્ષણ છે. સંસ્કીતાઈઝેશનની પ્રકિયાને લીધે જ્ઞાતિ દરજ્જો બદલાય છે. ખરો, પરંતુ તેમાં સમગ્ર જુથનો દરજ્જો બદલાય છે, વ્યકિતનો નહી. વળી, આ રીતે દરજ્જો બદલતાં ઘણો લાંબો સમય લાગે છે. તે દષ્ટ્રિએ ગામમાં ગતિશીલતાનું પ્રમાણ ઓછું રહે છે. આ સંદર્ભમાં મજમુદારનું વિધાન ઉલ્લેખનીય છે. તેમણે નોંધ્યું છે કે "જ્ઞાતિ રચના માં જોવા મળતી ગતિશીલતા નથી પણ આડી ગતિશીલતા છે".

## ૨.૪.૮ વિશિષ્ટ જીવનશૈલી

ગામના લોકોની જીવનશૈલી વિશિષ્ટ સ્વરૂપની છે. અહી પ્રણાલિંગન જીવનનું પ્રાધાન્ય રહેલું છે. અને પરિવર્તનમાં એક પ્રકારની અરૂચી જોવા મળે છે.

ગામના લોકોનાં નિવાસ્થાનો ખેત વ્યવસાયને અનુરૂપ સાદા હોય છે. મકાનોની સજાવટ તથા તે માટેની કલામાં સાદાઈ હોય છે. લોકોના પોશાક, બોલવા ચાલવાની ઢબ, શૃંગારનાં સાધનો, આનંદપ્રમોદનાં સાધનો અલ્પ અને સાદાં હોય છે. મેળા, ઉત્સવ, ધાર્મિક તહેવાર ગરબા, રાસ, ભવાઈ વગેરે તેમનાં મનોરંજનનાં સાધનો બની રહે છે. બીજી બાજુ, ગ્રામ

સમુદાયમાં કુટુંબજીવનમાં પરસ્પરિક સબંધો રૂઢિગત સતા અને તાબેદારીના પાયા પર ચાલ્યા આવે છે. વિભિન્ન જ્ઞાતિઅ ો વચ્ચે ના તથા ગ્રામવડા અને ગ્રામજનો વચ્ચેના સબંધોમાં પણ સતા અને તાબેદારીનું રૂઢિગત તત્વ નજરે પડે છે. આમ, ગામમાં જીવનની સાદગી અને પ્રણાલિકાગત તત્વોનું પ્રધાન્ય જોવા મળે છે.

મજુમદાર કહે છે કે "ગ્રામ સમુદાય એક જીવનશૈલી છે કારણકે ગ્રામ વાસીઓ હજુ પણ ભુતકાળમાં જેવું જીવતાં હતાં તેવું જીવન ઓછેવતે અંશે જીવે છે.

ભારતીય ગામડું હજુ પણ ભારતીય ભાવનાની ભુતકાલીન પ્રણાલીનું કેન્દ્ર છે. તેની મૂલ્ય પધ્ધતિ અને સમગ્ર સંસ્કૃતિમાં ભુતકાલીન ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોના દર્શન થાય છે.

ગામમાં કેટલીક નવી પધ્ધતિઓ દાખલ કરવામાં આવી હોવા છતાં જુની પધ્ધતિનું સાતત્ય જોવા મળે છે. પંચાયતી રાજયની સ્થાપનાથી ગામમાં લકશાહી ઢબની પંચાયતો અસ્તિવમાં આવી છે. પરંતુ આ નવી લોકશાહી ઢબની પંચાયતોનું વાસ્તવિક સ્વરૂપ તેમની રૂઢિગત ગ્રામ સમિતિથી બહુ ભિન્ન નથી.

ગ્રામવાસીઓનો બહારની દુનિયા સાથેનો ઓછો સંપર્ક, અલ્પશિક્ષણ, પોતાની રૂઢિઓ અને રિવાજો પ્રત્યેનું મમત્વ વગેરે પરિબળો રૂઢિગત જીવનના સાતત્યને શકય બનાવે છે અને પરિવર્તન પ્રત્યે અરુચિ વિકસાવે છે. તો બીજી બાજુ, સમાજની વ્યવહારમૂલ્યોની ઢબ ઉપર જ્ઞાતિની ઘેરી અસર હોય છે. રૂઢિરક્ષક ગ્રામવાસીઓ પ્રચલિત પ્રણાલીઓને ટકાવી રાખવા પ્રયત્નશીલ રહે છે. ડો.દેસાઈ નોંધ છે કે "ગ્રામપ્રજા નૈસર્ગિક અને

ભૌતિક જગતના જ્ઞાનથી વંચિત રહે છે. તેથી તેઓમાં એક પ્રકારની અજ્ઞાનતા, વહેમ અને શંકાશીલતા વિકસ્યાં હોય છે. "આ સમગ્ર પરિસ્થિતિને લીધે ગ્રામમાં પરિવર્તન ધીમું આવે છે. ગ્રામલોકો પોતાની રૂઢિ ગત ખેતપધ્ધતિ એકદમ બદલવા તૈયાર થતા નથી, નવાં પરિવર્તનોનો સ્વાભાવિક સ્વીકાર કરતા નથી.

શ્રી નિવાસ લખે છે કે ખેડૂત રૂઢિચુસ્ત છે. તે અકારણ નથી. એની ખેતીની પધ્ધતિઓ એને બહુ વહાલી હોય છે. એના સામાજિક અને સાંસ્કૃતિક રિવાજો એને સલામતી અને સ્થિરતાની લાગણી પૂરી પાડે છે. એટલે એ રિવાજો બદલવાની સ્વાભાવિક રીતે એની મરજી હોતી નથી. શ્રી નિવાસ આગળ નોંધે છે કે ખેડૂત રૂઢિચુસ્ત હોવાથી નવી રીતો અને પધ્ધતિ વિશે તે શંકાશીલ હોય છે. ગ્રામજનો નવાં ઓજારો કે કાર્યપધ્ધતિઓનો વિરોધ કરતા હોય તો તેનું કેટલુંક કારણ એ હોય છે કે એનાથી સમાજ પર જે અસરો થવા સંભવ હોય છે. તે એ લોકો સમજી શકતાં હોય છે. ડો.દુબેએ સમુદાય વિકાસ કાર્યક્રમની સફળતામાં જે અવરોધક પરિબળો દર્શાવ્યા છે. તેમાં ગ્રામલોકોની કાર્યક્રમ પ્રત્યેની ઉદાસીનતા, લોકોની આશંકા અને અવિશ્વાસ તેમજ પરંપરાગત અને સાંસ્કૃતિ કારણોને પણ જવાબદાર ગણ્યા છે. આ ઘટના ગ્રામની વિશિષ્ટ જીવનશૈલી પર મહત્વનો પ્રકાશ ફેકે છે. ડો.દેસાઈનું વિધાન આ સંદર્ભમાં ઉલ્લેખનીય છે. તેમણે નોંધ્યું છે કે "છેલ્લાં સો દોઢસો વર્ષ થી ભારતીય ગ્રામ સમાજ ઐતિહાસિક પરિર્વતન કેટલાક દેશોને મુકાબલે ઘણું જ જૂજ પ્રમાણમાં દેખાય છે."

આમ ગ્રામજનોની જીવનશૈલીમાં વિશિષ્ટતા રહેલી છે. પરંપરાગત કે રૂઢિગત જીવનનું સાતત્ય અને પરિવર્તન પ્રત્યેએક પ્રકારની અરુચિ ગામની

લાક્ષણિકતા બની રહે છે.

ભારતીય ગામ તેનાં કેટલાક લાક્ષણિક તત્વો કેટલાંક લાક્ષણિક તત્વો જેવાં કે અર્થવ્યવસ્થા, કુટુંબ અને જ્ઞાતિ સાથે વિશિષ્ટ સબંધ યજમાની પ્રથા, બહુમુખી સમાજ તરીકેની લાક્ષણિકતા, જ્ઞાતિના પાયા પર સામાજિક અંતર વ્યકત કરતી વસવાટોની ભૌગોલીક વહેંચણી, જ્ઞાતિ અને કૃષિવિષયક વર્ગો સ્વરૂપની પરસ્પર સબંધિત સ્તરરચના તેમજ ઐકયનું વિશિષ્ટ સ્વરૂપ વગેરે લક્ષણોને કારણે ભારતીય ગ્રામ રશિયા, યુરોપ, જર્મની, ચીન વગેરે ગામથી ઘણી બાબતોમાં ભિન્ન પડે છે.

ગ્રામનાં આ લક્ષણો મહદંશે ગ્રામ ભારતનું રૂઢિગત સ્વરૂપ રજૂ કરે છે. તેમ છતાં ભારતના દરેક ગામડાંમાં આ સ્વરૂપે અને સમાન માત્રામાં જોવા મળે છે. તેમ માની લેવાની જરૂર નથી.

ભારતનાં કેટલાંક ગામડાં શહેરોથી તદન નજીક છે. કેટલાક ગામડાં અત્યંત દૂર છે. તો કેટલાંક ગામડાં વાહનવ્યવહારનાં સાધનોને લીધે બહારની દુનિયા સાથે વધુ સંપર્કમાં છે. અમુક વિસ્તારોનાં ગામડાંમાં ટ્રેકટર, સિંચાઈ માટેની નહેરો તથા ખેતીમાં વીજળીનો ઉપયોગ શરૂ થયો છે, જયારે ઘણાંખરાં ગામડાં આવી સુવિધાઓથી વંચિત છે. બીજી બાજુ ભારતનાં ગામડાંમાં જ્ઞાતિઓની સંખ્યા ઓછી હોય છે. તો કેટલાંક ગામડાંમાં હિદું જ્ઞાતિઓની સંખ્યા વધુ હોય છે. તો કટલાક ગામડાંમાં હિદુંજ્ઞાતિઓ સાથે મુસ્લિમો પણ વસવાટ કરતાં હોય છે. તેજ રીતે ભારતીય ગામડાંના કદમાં તફાવતો રહેલાં છે. ગામડાની વસ્તીનું પ્રમાણ અને તેની સમાજ રચના વચ્ચે ગાઢ સબંધ રહેલો છે. ભારતનાં વિભિન્ન ગ્રામમાં જોવા મળતાં આ બધા તફાવતોને લીધે આપણે વર્ણવેલા ગ્રામનાં લક્ષણોની માત્રા તેમજ તેના

સ્વરૂપમાં કેટલાક તફાવતો દષ્ટિગોચર થાય તે સ્વાભાવિક છે. આમ છતાં એકંદરે આ લક્ષણો ગ્રામભારતનું ચિત્ર રજુ કરે છે. તેમ કહી શકાય.

## ૨.૫ પચાસ વર્ષે પહેલાનું ગામ

એકબીજાને મદદ કરી બધા ધંધા વહેંચી જીવનારો સમુહ તે ગામડું. [૩]

## ૨.૫.૧ ગ્રામતંત્ર – સાર્વજીનક કાર્યો

કુંભાર, સુથાર, લુહાર, કડિયો, વણકર, દરજી, ધોબી, મોચી, ભંગી, વાળંદ, વાણિયો, વૈધ, કંસારા, બ્રા હ્મણ.

આ ઉપર જણાવ્યા તે બધા ધંધા ગામમાં થયાં. ખેડૂત એમને બધાને અનાજ પાકે ત્યારે તે આપતો અને બધા સુખે હળીમળીને રહેતા.

પરંતુ ભેગા રહયા એટલે કેટલાંક સાર્વજીનક કામો ઉભાં થયાં : જેમકે ઘરનો મહેમાન હોય તે ઘરે ઉતરે, પણ ગામનો મહેમાન હોય તો કયાં ઉતરે ? એટલે લોકોએ ધર્મ–શાળા બંધાવી. ત્યાં સાધુ સંત ઉતરવા લાગ્યા. તેમના ખોરાકની વ્યવસ્થા માટે ખેડૂતે એક ચાસ ધર્મનો કાઢયો : પણ એમાથી જે અનાજ આવે તેની વ્યવસ્થા કોણ કરે ?

એ કામ વાણિયાએ લીધું : કેમકે તેને તે કામ કરવાની આવડત અને સરળતા હતી, એટલે તે મહાજન કહેવાયો.

ગામના લોકોને જાહેર મંદિરની આવશ્યકતા જણાઈ, એટલે મંદિર બંધાવ્યું અને યોગ્ય સાધુને રાખ્યો તેની આજીવિકા માટે જુદી જમીન કાઢી જેમાથી તે સાધુનો નિર્વાહ થયો.

ગામ વસ્યું એટલે કોઈ પ્રસંગે કજિયો – કંકાસ થાય, તેનો ઉકેલ કોણ લાવે ? એટલે ગામના ડાહયા ગણાતા માણસને તે કામ સોપ્યું : અને તેને

સલાહ વગેરેની જરૂર પડે તે માટે સલાહકારો પણ રાખ્યા, આમ ગામના મુખી અને મતદારોની ઉત્પતિ થઈ.

ગામની સુવ્યવસ્થા રહે એ જોવાનું અને યોગ્ય દોરવણી આપવાનું કામ મુખી પાસે આવ્યું એટલે તેના પર ગામનાં રક્ષણ અને ન્યાયનાં કામ કરવાની જવાબદારી આવી.

ગામ, ધર્મશાળા, મંદિર, મહેમાનો વગેરેના રક્ષણ માટે ચોકિયાત કોટવાળ, પગથીયા, 'પગી' શબ્દ 'પગલુ શોધનાર' પરથી થયો પગલું શોધી કાઢવાની પણ આવડત હોય છે.

આમ સાર્વજીનક કાર્યોની વ્યવસ્થા થઈ અને ગ્રામતંત્ર ઉભું થયું. આ બધાં કામો સાથે રાજય ને કંઈ સબંધ ન હતો.

## ૨.૫.૨ કાર્યપઘ્ધતિ,જીવવાની પઘ્ધતિ

આ તંત્રનું કાર્ય કેવા ભાવથી થતું હતું તેનાં ઉદાહરણ નીચે મુજબ આપવામાં આવ્યા છે.

## ૨.૫.૩ ન્યાયપઘ્ધતિ

મુખી પાસે ન્યાય કરવવા બંને પક્ષકરો આવે. તે બંને પક્ષોનું સાંભળે, તે વખતે સાથે સલાહકારો પણ હોય. બંનેનું સાંભળ્યા પછી, સલાહ લઈ, મુખી ન્યાય આપે, ત્યાર પછી કસૂંબો પીવામાં આવે. આ કસુંબો પછી ગોળની કાંકરી આપે.

આનો અર્થ એ થયો કે, સમાધાનમાં બંનેએ કડવા ઘૂટડાં પીવા પડે છે. વેર–ઝેર ભુલી જવાં જોઈએ : અને એ ભાવથી જ કસુંબો પીએ અને છેવટે સ્નેહથી, પ્રેમથી અને લાગણીથી રહેવાના નિર્ણયના પ્રતીક રૂપે ગોળની કાંકરી લે એટલે ન્યાયને અંતે મીઠાશ આવતી.

## ૨.૫.૪ માંદગી

ધારો કે ગામમાં કોઈ વાણંદ બીમાર છે. તેથી વાણંદ હજામત કરવા ન જઈ શકે : એટલે લોકોની ખબર પડે કે, 'વાણંદ નિયમિત હજામત કરવા આવતો, તે આજે કેમ આવ્યો નહી ? એમ વિચાર કરી, લોકો તેને ત્યાં મળવા જાય અને વાણંદને અને તેના કુટુંબને ધીરજ આપે. આમ આખું ગામ જાય – જવાની ફરજ માને. પછી સારી સ્થિતિનો માણસ હોય તે અથવા મુખી હોય તે પણ જાય અને તેને જોઈતું – કરતું મોકલાવે. દૂધની જરૂર હોય તો તે મોકલાવે મોકલવાની ફરજ માને.

તે વાણંદ જલ્દી સાજો થાય એમ ઈચ્છતા. વાણંદ વિના હજામત વધી જાય એટલે કોઈ પૂછે તો કહે છે કે, 'શું કરીએ ? અમારો વાણંદ માંદો છે.'

આમ એકબીજાને પરસ્પર ગરજ રહેતી, અને તેવા જરૂરી સંસર્ગથી મીઠા સબંધ બંધાતા.

## ૨.૫.૫ મૃત્યુ – પ્રસંગે

ગામમાં કોઈનું મરણ થાય, એટલે આખુ ગામ બાળવા જાય. મુડદાને બાળવા માટે ગામ બહાર કાઢયા સિવાય ગામમાં કોઈનોય ચૂલો સળગતો નહી.

કોઈ મરી જાય એની બધાને ખબર પડે, એ માટે ઘરનો માણસ મરણપોક પાડે છે. જે સાંભળે તે બીજાને કહે એમ કર્ણોપકર્ણે આખા ગામામાં વાયુવેગે ખબર પડી જાય અને તરત લોકો મરનારે ઘેર એકઠાં થાય.

મડદુ બાળવા માટે મરનારને ત્યાથી લાકડાં લઈ જવાનાં હોય, તે દરેક એકેક લાકડું ઉચકી લે, ગ્રહસ્થ હોય તો પણ તે લઈ લેવાની ફરજ સમજે.

પછી મરનારને ત્યાંનાં માણસોને તેના કુટુંબી પોતાને ત્યાં લઈ જઈને

ખવરાવે – તેને ઘેર રસોઈ ન કરવા દે. રાતે મરનારને ત્યાં સૂવા જાય. ત્યાં ઘર નાં માણસો સાથે વાતો કરે–આમ, વાતો માં પેલાનું દુઃખ હળવું થાય ત્યાં લુગડું પાથરી સૂઈ જાય ઘરવાળા પાસે પથારી માગે નહિ. જોઈતું હોય, તો તે ઘેરથી જ લઈ જાય.

આવી ઓછામાં ઓછા દસ દિવસ સૂવા જાય. તે વખતે ટપાલ ન હતી એટલે મરણનાં ખબર બહાર–ગામનાં સગાંઓને ચિઠી લખી ને પહોંચાડતા. એ ખબર જાણી તે લોકો આશ્વાસન આપતાં : સાથે ભાથાની જરૂર હોય તો તે લઈ જાતા જેથી મરનારનાં ઘરવાળા ને ચિંતા કરવાની ન રહે. આશ્વાસન આપીને તે પાછા જતા.

આમ એકને ત્યાં મરણ થાય, એટલે આખું ગામ મરનારની પાછળ રહેલાંનાં સાથમાં કહેતું અને એ રીતે આશ્વાસન મળતું.

આ બધી વ્યવસ્થા છપ્પનિયા (સં.૧૯૫૬ ) પછી તૂટી ગઈ.

## પ્રશ્ન : હિદુંઓ મુડદા ને બાળે છે કેમ ?

જવાબ : મુડદાને દાટવાની પ્રથા રાખવામાં આવે, તો તે માટે જગ્યા ઘણી જોઈએ કેમકે એક મુડદુ દાટયું એટલે તેજ જગ્યાએ ફરી ન ખોદાય, તે માટે ઉપર કબર બનાવવામાં આવે છે. આમ જગ્યા બહુ રોકાય. મુડદુ બહાર રહે તો તે દુર્ગંધ ફેલાવે : એટલે મુડદુ બાળવાનું પસંદ કર્યુ.

બાળતી વખતે પણ દુર્ગંધ ન નીકળે, એ માટે તેમાં સુખડ અને ઘી વપરાય છે.

ભગવાને દેહ આપ્યો અને તેનું કાર્યપૂર્ણ થયું, એટલે તેને માનપૂર્વક ઠેકાણે પાડવામાં હિદું ધર્મમાં મહાપુણ્ય મનાય છે. એટલા માટે વિધિ પૂર્વક

મુડદુ બાળવમાં આવે છે. મુડદાને લઈ જવામાં પણ વિધિ હોય છે. એને અંત્યેષ્ટિ સંસ્કાર કહે છે.

## પ્રશ્ન : બારમું કેમ કરતા હશે ?

જવાબ : ઘરમાં બાપ મરી જાય, ત્યારે છોકરાને થાય કે, મારા પિતા જે મિલકત મૂકી ગયા છે, તે બધી મિલકતમાં મારો એકલાનો હક નથી : કેમ કે તે મિલકત મેળવવામાં ગામ લોકોનો પણ સાથ હતો, એટલે હું એકલો તે કેમ ભોગવું ? તેથી તે ગામને વહેંચી આપવી જોઈએ. તે વખતે વહેંચી આપવાની રીત અને જરૂર બીજી નહિ સમજાઈ હોય : એટલે છોકરો ગામના ડાહયા માણસોને કુંટુંબીજનોને પોતાની ઈચ્છા જણાવે. કુટુંબીજનો તેને જણાવે કે તારી મુશ્કેલીઓનો, કુટુંબનો વિચાર કર, બીજા પણ તેવા પ્રસંગો આવે, તેની ત્રેવડ રાખ એ રીતે યોગ્ય સૂચનાઓ આપતા. પછી છોકરો મિલકતમાંથી સારો એવો હિસ્સો જમાડવામાં ખર્ચતો.

એ બારમું કરવામાં પણ કેવી જાતનો સહકાર હતો, તે જાણો છો ? બારમું કરવા સીધું જોઈએ, તે મોટા ગામમાં લેવા જવાનું હોય, તો કુટુંબના લોકો સાથે જાય અને ઉચકી લાવે. ઘઉં દળવા માટે ઘેર–ઘેર આપી દે. પતરાળાં બધાં પોતપોતાનાં બનાવી લે રસોઈ કરવા માટે ઘરદીઠ એક માણસ જાય. પાણી પણ બધાં કુટુંબીઓ રેડી જાય. બધાં આવી જાય એની ચોકસાઈ કર્યા પછી જમવા બેસે : આમ બધાં કામો પરસ્પરના સહકાથી ઉકેલાઈ જતાં.

## ૨.૫.૬ પેદાશની વહેંચણી

ખેતરમાં દાણા થાય, ત્યારે ખેડૂત એમ સમજે કે, આ દાણા પકવવામાં બધાંનો હિસ્સો છે, એટલે હું એકલો તે કેમ લઈ જઈ શકું ? એટલે તે સુથાર, લુહાર, વાણંદ વગેરે બધાને બોલાવે અને તેમાંથી હિસ્સો આપે, સંત–સાધુ માટે જુદા કાઢે અને તેમા મનુષ્યજાતિને જ માટે કાઢે એમ નહિ પણ મનુષ્યેતર યોનિઓને પણ યાદ કરે અને કુતરાં તથા કબુતર માટે પણ દાણા કાઢે. પોતાને ત્યાં પાળેલાં ઢોર તો હોયજ આમ સાધુ–સંત–કુતરાં વગેરે માટે જે જુદા દાણા કાઢે, તેની વ્યવસ્થા ગામનો મહાજન વાણિયો કરે. આ અનાજની વહેંચણી એવી રીતે કરે કે જેથી ગામમાં કોઈ ને અનાજની તાણ ન રહે.

## ૨.૫.૭ દૂઝણું

ખેડૂતને ત્યાં જ ગાય, ભેંસ હોય એમ નહિ : પણ બ્રાહમણ, વાણંદ, લુહાર, સુથાર વગેરે બિનખેડૂત પણ ઢોર રાખતાં. દરજી ગાય–ભેંસ રાખતા નહિ, ત્યારે એવાને વાર–તહેવારે બોલાવીને લોટો દૂધ તથા મિષ્ટાન્ન જમાડતા તથા ઘી પણ આપતા. જે ઢોર રાખતાં, તેમને અનાજ ઉપરાંત ઢોર માટે સાકળસાયા પૂળા ઘરાકીમાં આપવાનો રિવાજ હતો.

તે વખતે દૂધ વેચવાનું બહું ઓછું હતું એક જણને ત્યાં ગાય વસૂકી ગઈ હોય, તો તેનો પડોશી કે કુટુંબી તેને ત્યાં જરૂરિયાત જાણી લઈને દૂધ પહોચાડે જ ઘી તો જોઈતું સંઘરી રાખે તે જાણે કે ગાય કે ભેંસ અમુક વખત સુધી દૂધ આપશે, એટલે તે પછી ઘીની જરૂર રહેશે. એમ હિસાબ કરીને જ તે દૂધ–ઘી વાપરે અને ત્રેવડ કરીને દૂઝણું ન હોય, તે વખત પૂરતું ઘી સંઘરી રાખે.

છાંશ થાય, તેની પણ કેવી સુંદર વહેચણી થતી : જેને ત્યાં વલોણું હોય તે છાશ પૂરતા પ્રમાણમાં કરે. તે કુટુંબીઓને અને ફળીયાનાં ને આપે એટલુજ નહિ, પણ કોઈ પણ છાંશ લેવા જાય તેને તે આપે છાંશ ન આપે તો તેની નિંદા થાય છાંશ તો સૂરજનું ફુલ કહેવાય, તેમાં દરેકનો હક હોય. છાશ લેનાર પણ શું કરે, તે જાણો છો ? ચોખાની કુરાકી, તુવેરનાં છોડાં વગેરે જે કંઈ પોતાને ત્યાં હોય, તે વેચે નહિ (વેચવાનો રિવાજ પણ નહિ) : પણ દૂઝણું હોય તેને ત્યાં છાશ લેવા જાય, ત્યારે લઈ જાય અને આપી દે. વળી વલોણું હોય, તેને ત્યાં બેડું પાણી પણ વલોણા ને દિવસે ભરી આપે.

ગામમાં અમુક અનાજ વધુ હોય અને અમુક અનાજ ઓછું હોય તેનો વિનિમય કરવાનું કામ વાણિયો કરે. વાણિયો ગામનો ધંધો બગડે એવું બહારથી કશું લાગે નહિ અને બહાર કશું આપે નહિ.

વાણંદ ભેંસ મૂંડે, તેને માટે તેને ઘી આપતાં.

રેંટિયા ઘેર–ઘેર હતાં. તેનું સૂતર થાય, તે વણકર પાસે વણાવી લેતા અને વણકરી પેટે તેને દાણા આપતાં.

આ રીતે શ્રમ તથા અર્થની વહેંચણી થતી.

## ૨.૫.૮ વૃતિછેદનું માપ

આ શ્રમ વિભાગમાં કોઈ એકબીજાની ઈર્ષા કરતા ન હતાં બધા શરીરના જુદા–જુદા અવયવોની માફક એક બીજાને મદદગાર હતાં, સરખા ઉપયોગી હતાં.

તેમાં કોઈ કોઈની જીવનવૃતિ લેવાનો વિચાર કરતું ન હતું. વાણિયાને ગાદી પર બેઠે–બેઠે લખવાનું અને લુહારને કોઢની ગરીમાં કામ કરવાનું હતું,

તેમાં લુહાર વાણિયાની ઈર્ષા કરતો ન હતો. વાણિયાનો દીકરો વૃઘ્ઘ લુહારને 'કાકા' કહી બોલાવતો. ગામના પંચમાં વાણિયો હોય, તેમ લુહાર પણ હોય. તે વખતે જીવનવૃતિનો છેદ કરવો, એ મહાપાપ ગણાતું. વાણંદનું કામ કોઈ બીજા કરે તો તેના પેટ પર પગ મૂકવા બરાબર હતું અને તે બહું મોટું પાપ ગણાતું હતું. એવી રીતે દરેક ધંધાદારીઓમાં બીજો કોઈ હાથ ઘાલતો નહિ.

આજે તો વૃતિચ્છેદ કરી પૈસા કમાવના રો માણસ મોટો ગણાય છે.

## ૨.૫.૯ શિક્ષા

તે સમયે ગામડાંમાં અન્યાય થતો ન હતો કે ગુના થતા જ ન હતા, એમ નહોતું, એવા ગુના માટે ગામનું પંચ ભેગું થતું : તેમાં મુખી મહાજન, લુહાર, સુથાર વગેરે બધા જતાં.

ભારે શિક્ષા કરવાની હોય તો તેને ગામ બહાર મૂકતા. એનો અર્થ એ કે તેને ગામનો લુહાર, કુંભાર, વાળંદ કોઈજ મદદ ન કરે. આખું ગામ અસહકાર કરે, તે વખતે ગામના સહકાર વિના જીવવું મુશ્કેલ હતું.

એથી પણ આકરી સજાતો તેનો ' દીવો–દેવતા બંધ ' કરવાની હતી. તે વખતે દીવાસળી રાખનાર બહુંજ ઓછા, કોઈક જ હતાં અને દીવો એક જણ. કરે તેને ત્યાં જઈ , બધી બહેનો દીવો સળગાવી લાવે અને એ રીતે ચૂલો પણ સળગાવે, તેથી ' દીવો – દેવતા બંધ ' ની સજા મોતની સજાથી પણ વસમી ગણાતી.

આવી શિક્ષા કરનારા ગામના વડિલો જ હતાં, તેમની ઈચ્છા ગુનેગારોને સુધારવાની જ રહેતી. તેમને ગામના બધા લોકો 'ભા', 'દાદા', 'બાપા' વગેરે નામોથી બોલાવતા. તેઓ ગામ ની આબરૂ સચવાય તેમ

વર્તતા અને ગામની વ્યવસ્થા જાળવતા.

## ૨.૫.૧૦ પરસ્પર વ્યવહાર મહેમાન આવે ત્યારે

તે વખતે ઘેર–ઘેર મહેમાન માટે ખાટલા–ગોદડાં ખાસ રાખતા ન હતાં. દરેક પોતાના ખપપૂરતાં ગોદડાં રાખે : ઉપરાંત એકાદ–બે વધુ રાખે. હવે એવે પ્રસંગે મહેમાન આવે, ત્યારે પડોશી સમજી જાય કે, આજે પાડોશીને ત્યાં મહેમાન છે એટલે ખાટલા–ગોદડાં ની વ્યવસ્થા કરી લે.

તેમને ત્યાં ઢોર નથી, એટલે પોતે દૂધ આપે અને બીજું જોઈતું કરતું જાણી લઈ પહોંચાડે.

સાંજ પડયે ગોદડું, ખાટલો પણ લેવા આવે કે તરત કાઢી આપી પોતાની ફરજ બજાવે.

ફળીયામાં મહેમાનને રહેવાની ભીડ પડે છે, એમ જાણી ને આગેવાન ઘર બંધાવતી વખતે મહેમાનની વ્યવસ્થાનો પણ વિચાર કરે, અને ફળિયામાં કે ગામમાં મહેમાન વધુ હોય, ત્યારે પોતાને ત્યાં પણ વ્યવસ્થા કરે. એવા આગેવાનોનું મોટું ઘર કોઈને ખુંચતું ન હતું, પણ બધાને તે જરૂર લાગતું : એટલે આગેવાન પ્રત્યે ઈર્ષા ને બદલે માન વધતું.

## ૨.૫.૧૧ યાત્રા સમયે

ગુજરાતમાં પહેલા બહુચરાજી, પાવાગઢ, અંબાજી, રણછોડજી વગેરે ઠેકાણે જવાનું હોય તો લોકો ચાલીને અથવા ગાડામાં જતા. કાશી અને ગોકુળ– મથુરાની યાત્રા પગપાળા કરનાર પ્રત્યે ગામ લોકો ભકિત ભાવની દ્રષ્ટિએ જોતાં : કેમકે અનેક સંકટો સહન કરીને તે યાત્રાઓ પગપાળા થતી. તે વખતે યાત્રા એકલ–દોકલ કરવા કરતાં, સંઘમાં કરવાનું પસંદ કરતાં. એ

સંઘનો આગેવાન કહે તે વખતે બધા એકબીજા માટે ઘસાવા તૈયાર રહેતાં. કોઈની પાસેથી પાણી પીધું હોય તોય તેને થાય કે મને પેલા ભાઈએ પાણી પાયું, એને હું કઈ રીતે મદદ કરૂં ?

સંઘવાળા રસ્તામાં કયાંય કયાંય પાણીની મુશ્કેલી અનુભવે તો ત્યાં કૂવો, ધર્મશાળા કરાવે, જેથી પછીથી જતાં બીજા યાત્રાળુઓને મુશ્કેલી ન પડે. સંઘ જયાં પડાવ નાખે, ત્યાં આસપાસની વસ્તીને અડચણ રૂપ ન થતા, મદદરૂપ કેમ કરીને થવાય એવી ભાવના રાખતા. આથી જ એવા સંઘના સમાચાર મળતાં, લોકો સંઘના દર્શને જતા અને યથાશકિત સંઘની આગતા–સ્વગતા કરતા.

આમ પરસ્પર પ્રેમની આપ–લે થતી. તે વખતે દ્રવ્યનો દુર્વ્યય થતો ન હતો, પણ એ નિમિતે પૈસા વપરાતા.

વડોદરા સરકારની એક જુની વાર્તા મે સંભળી છે. તેમને કઈ સંતતિ ન હતી, તે કબુતરના શોખીન હતાં : એટલે એક કબુતર પાળેલું. તેમણે વિચાર કર્યો કે, પ્રજા મને મહેસૂલ આપે છે અને મને પોષે છે – હું તેનો બદલો કેવી રીતે વાળું ? મારી પાસે ધન ભેગું થાય, તેના કરતાં પ્રજામાં જ તે વહેંચાય તો સારૂં : એટલે તેમણે કબુતર પાળેલું હતું, તેને પરણાવવાનો સમારંભ કર્યો અને એ નિમિતે લોકોને પુણ્યદાન કર્યું. તેમણે ગામેગામ કૂવાની જરૂર હતી ત્યાં કૂવા કરાવ્યા, ઉતારા કરાવ્યાં : કપડાં, વાસણ વગેરેની ભેટો આપી.

'આ રીતનો ખર્ચ થતો જોઈ, તેમને કોઈએ કહયું કે, ' આ નકામો ખર્ચ થાય છે.' તેનો જવાબ તેમણે વાળ્યો કે, ' નકામો શાથી ? મારા રાજયમાં ધન એક ઠેકાણે એકઠું થાય, તેના કરતાં ફરતું રહે તો સારૂ. કાપડીયા ને ત્યાં

કાપડ રહયું છે. સોની ને ત્યાં ઘરેણાં છે : કંસારાને ત્યાં વાસણો છે. આ બધાનો માલ ખપી ગયો, એટલે તે હવે ધંધો કરી શકશે, લોકોને પાણીની, જાહેર સ્થળોની સગવડ થશે, એટલે સુખ–સગવડ વધશે : એમાં ખોટો ખર્ચ શો થયો ? '

આ રીતે કબુતર પરણાવવાની અને ધન ફરતું કરવાની રીત યોગ્ય હતી કે અયોગ્ય તેની ચર્ચા છોડીને એમાં રાજાની ભાવના કેવી હતી તે જાણવા જેવું છે.

રાજા પણ એમ જ વિચારતો કે, મારી પ્રજા સુખી તો હું સુખી તે એની પોતાની કલ્પના પ્રમાણે પ્રજાનું અહિત થાય તેવું કઈ ન કરતો.

## ૨.૫.૧૨ લગ્નપ્રસંગે

કોઈ ને ત્યાં લગ્ન હોય, ત્યારે જાન જવાની હોય, તો તેમાં બધી જાતના લોકો હોય, જાનમાં માણસોની સંખ્યા કંઈક વધુ થતી હશે, પણ તે વખતે ખાવા–પીવાની ચિંતા ન હતી : અને જાન લઈ જનારને કે કન્યાના પિતાને બોજો ન પડે એ જોતા હતાં : અને એ પ્રસંગ સહેલાઈથી ઉકલે એ રીતે ચાંલ્લા વગેરેની રીત દાખલ કરી હતી. જાન જાય ત્યારે સાધન હોય નહિ, તો બધા પગે ચાલતા જાય. એકાદ ગાડું હોય તો પોટલાં મૂકવા ચાલે.

## ૨.૫.૧૩ મરણ પ્રસંગે

બારમું ઘરડાનું, જુવાનનું નહિ.મા અને બાપનું બારમું જીવનમાં એક જ વખત આવે છે ને એમ માની કરતાં.

તે પ્રસંગે લોકોને સાથે બેસીને જમવાનો પ્રસંગ મળતો. તે વખતે જલસા, પાર્ટી કે મહાસભા ન હતાં આખું ગામ એક કુટુંબ હોય તેમ વર્તતું :

એટલે આવે પ્રસંગે આખું ગામ ભેગું મળી જમતું. તે વખતે જમણનો ખર્ચ થતો હતો, પણ તે એક ગજવામાંથી કાઢીને બીજા ગજવામાં મૂકવા જેવું થતું હતું બધુ ધન કયાંય દૂર જતું ન હતું : ગોળ–ગોળ અંદર અંદર ફરતું હતું.

પહેલાં તો દાતરડે લૂગડું વીટી, દિવેલમાં બોળી, મશાલ બનાવતાં અને જાન જમતી હતી. એ વખતે જે ચીજો વપરાતી હતી. તે બધી ગામને અને ગામના ધંધાને પોષાક હતી : એટલે વરા થતા હતાં, પણ તે નુકસાનકર્તા ન હતા, કેમ કે ધન બહાર જતું ન હતું.

## ૨.૫.૧૪ ચોરી થાય ત્યારે

ગામમાં ચોરી થઈ હોય, ત્યારે જેને ત્યાં ચોરી થઈ હોય, તેણે મુખીને ખબર આપવાની રહેતી. મુખી રાતે ને રાતે ચોકિયાતને બોલાવે. અંધારુ હોય તો પૂળો સળગાવીને અજવાળું કરે. પછી વાણંદ આવે એટલે મશાલ સળગાવે. પગીને બોલાવી, તેને પગલું શોધવા સાથે લઈ જાય તે પગલું જયાં જાય, ત્યાં પાછળ–પાછળ જાય તે પગલું બીજે ગામ પહોંચે : એટલે પેલા મુખી તે ગામના મુખી ને બોલાવે અને કહે કે, અમારા ગામમાંથી ચોરી થઈ છે. અને તેનું પગલું અહીં સુધી તમારા ગામમાં આવ્યુ ં છે. હવે તમે આગળ પગલું મેળવી આપો અથવા મુદ્દામાલ આપો. સામો મુખી પોતાના પગીને બોલાવી પગલાને તપાસે અને ગામની ચારે બાજુ જુએ તે વખતે પગી પગલું શોધવામાં બહું હોશિયાર હતાં.

જો ચારે બાજુ તપાસ કરતો પગલું ગામ બહાર ન મળે, તો પગી પોતાના મુખીને કહે કે–માલ ગામમાં આવ્યો છે. અને તેની તપાસ કરી, માલ મેળવી, પેલા મુખીને સોંપે : નહિ તો ગામ પર ચોરીનો માલ રાખ્યાનો

આરોપ આવ્યો સમજે અને ગામની પ્રતિષ્ઠા ઓછી થવા જેવું લાગે. આમ ચોરીના કિસ્સા બનતા ત્યારે તેનો ઉકેલ કરતા. આ રીતે જીવનના દરેક ક્ષેત્રમાં ગામમાં બધાં ભાઈ–ભાઈની જેમ રહેતા અને પડોશી ગામો સાથે પણ મીઠો સબંધ રહેતો અને સૌ એક બીજાને મદદ કરવા તૈયાર રહેતા.

## ૨.૬ ગામની સંખ્યા

### ૨.૬.૧ ભારતમાં ગામડાની સંખ્યા [૪]

કુલ ગામડાં – ૫.૭૮.૪૧૩

ગ્રામીણ વસ્તી (૧૯૯૧) – ૭૬.૭૦%

વિસ્તાર – ૩.૨૮૭.૨૬૩ ચો કિમી.

પાટનગર – દિલ્હી

ભારત માપ–ઉતરથી દક્ષિણ,૩૨૧૪ કિમી અને

પૂર્વથી પશ્ચિમ ૨.૯૩૩ કિમી.

જમીન સરહદ – ૧૫.૨૦૦ કિમી.

દરિયા કિનારો – ૭.૫૧૬ કિમી

વસ્તી – ૧.૦૨૭.૦૧૫.૨૪૭ (૨૦૦૧)

વસ્તીની ગીચતા–૩૨૪ (દર ચોકિમી પરની જન સંખ્યા) (૨૦૦૧)

ગ્રામીણ વસ્તી – ૭૬.૭૦% (૧૯૯૧)

શહેરી વસ્તી – ૨૩.૩૦% (૧૯૯૧)

શિક્ષણ – પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશ (૨૦૦૧) – ૬૫.૩૮%

શિક્ષણ–પ્રમાણ પુરૂષો (૨૦૦૧) –૭૫.૮૫%

શિક્ષણ–પ્રમાણ મહિલા (૨૦૦૧) – ૫૪.૧૬%

પુરૂષ– મહિલા – પ્રમાણ (૨૦૦૧) – હજાર પુરૂષે ૯૩૩ મહિલા

જન્મ પ્રમાણ (હજારે) – ૩૨.૫૦%

મુત્યું પ્રમાણ (હજારે) – ૧૧.૪%

સરેરાશ આયુષ્ય – ૬૭ વર્ષ

રાષ્ટ્રિય આવક (૧૯૯૧.૯૨) – રૂપિયા ૪.૭૩.૨૪૬ કરોડ

માથાદીઠ ગુરૂતમ આવક (૧૯૯૧.૯૨) – રૂપિયા ૫.૫૨૮.૬

મુખ્ય ભાષાઓ – હિન્દી તથા અંગ્રેજી

મોટામાં મોટું શહેર–મુંબઈ

ધર્મ– હિન્દું ૮૨%, મુસ્લિમ ૧૧%

અન્ય ખ્રિસ્તી–શીખ બૌધ્ધ–જૈન વગેરે ૭ %

કુલ માર્ગ–લંબાઈ (૩૧ માર્ચ ૧૯૯૪)–૨૦,૬૫,૦૦૦ કિમી

(કાચા પાકામળીને)

રેલ્વે – માર્ગની કુલ લંબાઈ ( ૧૯૯૭ ) – ૬૨.૯૧૫ કિમી

કુલ શહેરો – ૩,૩૬૬

કુલ ગામડાં – ૫.૭૮.૪૧૩

શિક્ષણ સંસ્થાઓ (૨૦૦૧)

પ્રાથમિક (હજારમાં) – ૬૧૦

માધ્યમિક (હજારમાં) – ૧૮૫

હાઈ / હાયર સેકન્ડરી (હજારમાં) – ૧૦૭

કોલેજો (સામાન્ય શિક્ષણ ) – ૭.૧૯૯

કોલેજો (વ્યવસાયિક શિક્ષણ – ૨.૦૭૫ યુનિવર્સિટીઓ – ૨૨૯)

ટપાલ – કચેરીઓ (હજારમાં–૧૯૯૦.૯૧)–૧૪૮.૭

## ૨.૬.૨ ગુજરાતમાં ગામડાની સંખ્યા [૫]

ગુજરાતમાં કુલ ગામડાં – ૧૮.૪૮૫ છે.

પાટનગર – ગાંધીનગર

ક્ષેત્રફળ – ૧૯૬૦૨૪ ચો કિમી

વસ્તી (૨૦૦૧) – ૪૮૦ લાખ

સાક્ષરતાં (૨૦૦૧) – ૬૯.૯૭%

વસ્તી ની ગીચતા – ૨૫૮

જિલ્લા – ૨૫

તાલુકા – ૨૨૫

રસ્તાઓ – ૬૭૦૦કિમી.(પાકા), ૬,૬૩૭ કિમી. (કાચા)

રેલમાર્ગો – ૫,૬૫૬ કિમી.

હવાઈ મથકો – અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, કેશોદ, સુરત, ભુજ.

મુખ્ય ભાષઓ – ગુજરાતી , હિન્દી અંગ્રેજી , સિંધી , મરાઠી.

મુખ્ય પાક – કપાસ, તેલીબીયા, ચોખા, શેરડી, તમાકુ વગેરે

મુખ્ય ઉધોગો–સુતરાઉ કાપડ, સિમેન્ટ, રસાયણો, પેટ્રોકેમીકલ્સ, ડેરી પેદાશો , ખાંડ.

આબોહવા (મોસમ) ઉનાળું તાપમાન ૨૭ં સેંથી ૪૨ં સે શિયાળુ તાપમાન ૪ં સે થી ૨૯ં સે, ચોમાસું જૂન થી સપ્ટેમ્બર.

ઉતમ ઋતુ – સપ્ટેમ્બર થી માર્ચ

ગુજરાતમાં કુલ–૨૫ જિલ્લા છે અને ૨૨૫ તાલુકા આવેલા છે. જેમા ગામડાની સંખ્યા નીચે મુજબ છે અને ગામડાં – ૧૮૪૮૫ છે.

| | જિલ્લા | ગામડાં ની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૫૬ |
| ૨ | અમરેલી | ૬૧૩ |
| ૩ | આણંદ | ૩૫૩ |
| ૪ | બનાસકાઠાં | ૧૨૪૬ |
| ૫ | ભરૂચ | ૬૬૨ |
| ૬ | ભાવનગર | ૭૯૪ |
| ૭ | દાહોદ | ૬૮૮ |
| ૮ | ડાંગ | ૩૧૨ |
| ૯ | ગાંધીનગર | ૨૯૦ |
| ૧૦ | જામનગર | ૭૫૩ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૩૪ |
| ૧૨ | કચ્છ | ૯૪૯ |
| ૧૩ | ખેડા | ૬૦૮ |
| ૧૪ | મહેસાણા | ૫૯૯ |
| ૧૫ | નર્મદા | ૬૧૩ |
| ૧૬ | નવસારી | ૩૭૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૨૧૩ |
| ૧૮ | પાટણ | ૫૧૬ |
| ૧૯ | પોરબંદર | ૧૮૬ |
| ૨૦ | રાજકોટ | ૮૪૩ |
| ૨૧ | સાબરકાઠાં | ૧૩૬૩ |
| ૨૨ | સૂરત | ૧૨૭૮ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૫૧ |
| ૨૪ | વડોદરા | ૧૫૪૩ |
| ૨૫ | વલસાડ | ૪૫૨ |
| ––––– | કુલ | ૧૮૪૮૫ ગામડાં છે. |

## ૨.૭ અભ્યાસ હેઠળનાં ચાર ગામોનો ટૂંકમાં પરિચય

### ગ્રામ્ય જીવન

આ અભ્યાસ હેઠળના ગામડાંનાં નિરીક્ષણ કરવાથી ત્યાના ગામડાંના લોકોના ગ્રામ્ય જીવન વિશેનો ખ્યાલ આવે છે. જેમાં ગામડાંના લોકોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે. તેમજ સ્વચ્છતાનું પ્રમાણ કેવું છે. ગામડાના લોકોને કેવા પ્રકારની સુવિધાઓ મળી રહે છે વગેરે બાબતોનો પણ સર્વે થઈ શકે છે. તે ઉપરાંત ગામડાના લોકોનું સામાજીક જીવન, સાંસ્કૃતિક જીવન, ધાર્મિક જીવન, આર્થિક જીવન, વ્યવસાય, શિક્ષણ, રહેઠાણની વ્યવસથા, આરોગ્ય, લગ્ન વૈવાહિત દરજ્જો, ગામડાંના લોકોની સમસ્યાઓ અને અપેક્ષાઓ શું છે ? વગેરે બાબતો વિશે ગામડાંનો સર્વે કરવાથી માહિતી મળી શકે છે.

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલા ૪–ગામના કુલ ૨૧૫ કુટુંબનો પૂર્ણ ગણતરીથી અભ્યાસ કરવામાં આવ્યો છે. અભ્યાસ હેઠળના ૨૧૫ કુંટુંબમાં જુદા જુદા – ૮ જ્ઞાતિ સમુદાયોનો સમાવેશ થાય છે. અભ્યાસ હેઠળના ૪–ગામોનો ટુંકો પરિચય આ પ્રમાણે છે.

અભ્યાસ હેઠળના ગામોની વિગત દર્શાવતા કોઠા પરથી તેની વિશેષ માહિતી મળી શકે છે.

## અભ્યાસ હેઠળના ગામોની વિગત દર્શાવતો કોઠો :

| ક્રમ | ગામ | રેન્જ | કુટુંબ સંખ્યા | વસ્તી | પશુધન | ખેતીનીજમીન હે. મા. | જ્ઞાતિ સમુદાયો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમૃતવેલ | સાસણ | ૬૯ | ૪૯૭ | ૪૪૩ | ૧૭૫.૬૯ | પટેલ,રબારી,કોળી, બાવાજી,હરીજન. |
| ૨ | શીરવાણ | સાસણ | ૪૨ | ૩૧૨ | ૧૫૧ | ૧૬૦.૭૩ | સીદી |
| ૩ | જાંબુથાળા | ડેડકડી | ૨૨ | ૧૮૭ | ૨૧૬ | ૫૩.૭૭ | મકરાણી |
| ૪ | હસ્નાપૂર | વિસાવદર | ૮૨ | ૮૧૮ | ૫૪૨ | ૨૧૧.૨૨ | કોળી,બાવાજી,વાઘરી. |
| કુલ | ૪ | ૩ | ૨૧૫ | ૧૮૧૪ | ૧૩૫૨ | ૬૦૧.૪૧ | ૮–જ્ઞાતિઓ |

### (૧) અમૃતવેલ

તાલાલા તાલુકા અને સાસણ ફોરેસ્ટ રેન્જ હેઠળ આવતું આ ગામ કોઈ ઉજજડ થયેલા માલધારી નેસના સ્થાને ૧૧૫ વર્ષે પહેલા વસ્યું છે. આ ગામની સ્થાપના તે વખતના ગીરના વહીવટદાર હરપ્રસાદ દેસાઈ દ્વારા કુંબર તથા છોડવડીયા અટકના પટેલ જ્ઞાતિના વડિલોએ કરી હતી.

આ ગામમાં પટેલ, રબારી, બાવાજી, હરિજન અને કોળી જ્ઞાતિના કુલ–૬૯ કુટુંબ વસે છે. ગામની કુલ માનવ વસ્તી ૪૯૭ અને પશુધનની સંખ્યા ૪૪૩ છે. આ ગામ સાસણથી દક્ષિણ દિશાએ ૭ કિ.મી.આવેલું છે. દક્ષિણે શીરવાણ ૪ – કિ.મી અને જસાપર પણ ૪ કિ.મી દૂર છે. પૂર્વેજંગલ અને પશ્ચિમે લુશાળા ગામ ૩–કિ.મી દૂર છે.લુશાળા જવા માટેનો રસ્તો અત્યારે બંધ છે. ગામની પૂર્વ વન વિભાગની ઓફીસ છે. મકાનો મોટે ભાગે કાચા અને નળીયાવાળા છે. કેટલાક ખેડૂતો પણ મકાન ધરાવે છે.

આ ગામ કેટલીક પ્રાથમિક સગવતાઓ ધરાવે છે. છેલ્લા ૧૭–વર્ષથી

ગામમાં વીજળીની સગવડ છે. ૯૦% ખેડૂતો સિંચાઈમાં વીજળી વાપરે છે. પ્રાથમિક શાળામાં ૨–રૂમ તથા ૫–ધોરણ,૨ શિક્ષકો અને કુલ–૫૫ જેટલા વિધાર્થી છે. બાળકોને આગળ અભ્યાસ માટે બાજુના જસાપુર ગામે અથવા શહેરમાં મોકલે છે. અહી પાકા રસ્તા નથી. આ માટે ૪–કિ.મી દુર જસાપુર જવું પડે છે. અહી લોટ દળવાની ઘંટી, પોષ્ટ સેવા, આરોગ્ય કેન્દ્ર, ટેલીફોન વગેરે સુવિધા નથી. આ બધી સેવાઓ માટે નજીકના મહેસુલી ગામોમાં જવું પડે છે. આ ગામમાં ૩–ટ્રેકટર, ૧–જીપ તથા ૨૨ જેટલી મોટર સાયકલ છે. ગામમાં પીવાની પૂરતી વ્યવસ્થા છે. દિવસ દરમ્યાન ગામમાં ૨–વખત બસ આવે છે.

આ ગામમાં પટેલ જ્ઞાતિના કુટુંબ વધારે છે, જેઓ ખેતી કરે છે. અન્ય લોકો પણ ખેતી, પશુપાલન અને મજુરીકામ કરે છે. ગામમાં ૬૦–કુટુંબો ખેતી આધારિત છે. ખેતીના પાકોમાં મુખ્યત્વે બગાયતી ખેતી "કેસર કેરીની ખેતી" કરે છે. ખેતીની ઉપજની નિકાસ "તાલાળા" તાલુકા મથકે કરે છે. ગામના બધાજ લોકો હિન્દુધર્મી હોવાથી અહી ૪–મંદિરો, ૫–ખુલ્લા ઓટલા પરના દેવસ્થાનો છે. અહી લોકો સાથે મળી હિન્દું ધર્મ–ઉત્સવો તહેવારો ઉજવે છે.

આ વનવસાહતી ગામ હોવાથી અહી, ગ્રામ પંચાયત નથી. કોઈ વ્યકિત સરપંચ નથી. આથી તલાટી–મંત્રી પણ નથી. પંચાયત ઘર નથી. બહારના મહેસૂલી ગામની કોઈ વ્યકિતએ આ ગામમાં જવું હોય તો તેમણે વન વિભાગની પૂર્વ મંજૂરી લઈ નોંધણી કરાવવી પડે છે. કારણ આ ગામ રક્ષિત વનમાં વસે છે. ગામનું સમગ્ર વહીવટી કાર્ય વન વિભાગ હેઠળ આવે છે. વન વિભાગની ઈકો ડેવલપમેન્ટ યોજના આ ગામમાં અમલી બની છે.

## (૨) શીરવાણ

તાલાલા તાલુકાનું સાસણ રેન્જ હેઠળ આવતું. આ ગામ પણ પૂર્વે નેસ રૂપે હતું. આ ગામ પણ ૧૨૦ વર્ષે પુર્વેનું હોવાનું મનાય છે. અહી સીદી (નિગ્રો) આદિવાસી સિવાય અન્ય કોઈ કોમ કે જ્ઞાતિના લોકો રહેતા નથી. સીદી કોમ પૂર્વે અહી પશુપાલન, લાકડા, મહદઅંશે ખેતી તથા શિકાર કરી ગુજરાન ચલાવતા હતા. અહી કુલ ૪૨–જેટલા સીદી કુટુંબ વસે છે. ગામની કુલ માનવ વસ્તી ૩૧૨ અને પશુધનની સંખ્યા ૧૫૧ છે. આ ગામ સાસણથી ૧૨–કિ.મી. દક્ષિણે આવેલું છે. ઉતરે ૪ કિ.મી. અમૃતવેલ, દક્ષિણે ૩–કિ.મી. રસુલપરા મહેસુલી ગામ, પૂર્વે જંગલ તથા પશ્ચિમે ૩–કિ.મી. જસાપુર ગામ આવેલ છે. ગામની દક્ષિણે આ વિભાગની ઓફિસ તથા ચેકીંગ નાકું આવેલ છે. અહીથી દક્ષિણે રસુલપુર જતા ૧–કિ.મી ના અંતરેથી ડામરરોડ આવી જાય છે. ગામના મકાનો કાચા, દેશી પથ્થરના, નળીયાવાળા છે.

આ ગામ ૧૫–વ ર્ષથી વીજળીની સગવડ ધરાવે છે. ખેડૂતો ખેતીની સિંચાઈ માટે વીજળી વાપરે છે. ગામમાં પણ ઘર વપરાશ માટે વીજળીના જોડાણ છે. અહી પ્રાથમિક શાળાના ૨–રૂમ સારી હાલતમાં છે. શાળામાં ૩–ધોરણ, ૩૦ જેટલા વિધાર્થીઓ અને ૨–શિક્ષકો છે. જે અન્ય જગ્યાએથી આવજા કરે છે. બાળકો આગળ અભ્યાસ કરતા નથી. જેઓ ભણે છે. તેઓ બાજુના રસુલપરા ૩–કિ.મી. ગામે જાય છે. અહી લોટ દળવાની ચકી, ટપાલ, આરોગ્ય સેવા કે કોઈ સહકારી મંડળી નથી. ગામમાં કોઈ ખાસ વાહન પણ નથી. આ બધી સેવાઓ માટે નજીકના ગામ રસુલપરા તથા

જસાપુર જવું પડે છે. ગામમાં પીવાના પાણીની પુરતી સુવિધા છે. ગામના કોઈ લોકો પોતાનું વાહન ઘરાવતા નથી દિવસ  દરમ્યાન ગામમાં ૩ વખત એસ.ટી.ની બસ આવે છે.

આ ગામના બધાજ કુટુંબ સીદી કોમના છે. જેઓ મુળે આફ્રિકન નીગ્રો જાતિના છે. આ લોકો ખેતી પશુપાલન અને છુટક મજુરીનો વ્યવસાય કરી જીવન નિર્વાહ ચલાવે છે. ખેતીના પાકોમાં મુખ્યત્વે બગાયતી ખેતી, શેરડી, મગફળી મુખ્ય પાકો લે છે. ખેતી માટેનું બજાર નજીકનું તાલાળા તાલુકા મથક ૨૧–કિ.મી. દુર છે. અહી વસતા બધાજ લોકો મુસ્લીમ ધર્મ પાળે છે. આથી તેઓ મુસ્લીમ ઉર્ષ ઉત્સવ માટે નજીકના સીદી કોમની વસ્તીવાળા જાંબુર ગામે જાય છે. ગામમાં ખુલ્લા ઓટલા પર મોટાપીર, ગેબનશાપીર અને ભાઈ  સાબના સ્થાનકો આવેલા છે.

ગામ ઢાળવાળી ટેકરીના ઢોળાવ પર વસે છે. ઉતરે નદી પસાર થાય છે. આ ગામમાં ગ્રામ પંચાયત, સરપંચ, તલાટીમંત્રી, ગ્રામસેવક વગેરે મહેસુલી  સેવા નથી. ગામનું સમગ્ર વહીવટી સંચાલન વન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે. મહેસુલી ગામ માંથી કોઈ વ્યકિતઓ આ ગામમાં જવા માટે વન વિભાગની મંજુરી લેવી પડે છે, કારણકે આ ગામ પ્રતિબંધિત (રક્ષિત)  વનમાં વસે છે. વનવિભાગની ઈકો ડેવલપમેન્ટ યોજના આ ગામમાં અમલી બની  છે.

### ૩ જાંબુથાળા

ડેડકડી રેન્જ હેઠળ આ ગામ વસે છે. ૧૯૬૫ સુધી આ ગ  ામ 'જાંબુથળ' નેસ  તરીકે જ ઓળખાતુ હતું, પરંતુ પાછળ થી તેને ગામ તરીકેનો

દરજજો મળ્યો છે. ૨૨–કુટુંબ સંખ્યા ધરાવતા આ ગામમાં માત્ર 'મકરાણી' કોમ સિવાય અન્ય લોકો રહેતા નથી. અહી કુલ માનવ વસ્તી ૧૮૭ અને પશુધનની સંખ્યા ૨૧૬ જેટલી છે. મૂળે પશુપાલન સાથે સંકળાયેલાઆ લોકો ખેતી પણ  કરે છે. આ ગામમાં જવા માટે બે કાચા રસ્તાઓ છે. ગામની ઉતરે જંગલ અને ૬–કિ.મી.દૂર મહેસુલી પીયાવા ગામ, દક્ષિણે ૧૦–કિ.મી પગરસ્તે સાસણ, ઈ  પૂર્વે ૭–કિ.મી. વિસાવદર–તાલાળા રોડ પરનુ કાંસીયા નાકુ અને પશ્ચિમે જંગલ આવેલ છે. મોટા ભાગના મકાનો જંગલના લાકડામાંથી બનાવેલા કાચા ઝુંપડા જેવા છે. દૂરથી આ ગામ કોઈ માલધારી નેસ જેવું લાગે છે. ગામની  દક્ષિણે આ વિભાગની ઓફિસ આવેલી છે.

૧૮૫૫ ના સમય ગાળામાં કામ માટે મકરાણી કોમને અહી વસાવ્યા  હતાં જેઓ જંગલ મંજુરી સાથે પશુપાલન પણ કરતા હતા. ત્યારબાદ ૧૯૦૦ થી  ૧૯૦૫ ના સમય ગાળામાં નવાબ સરકારે આ લોકોને ખેડવા માટે જમીન આપી  હતી અત્યારે પણ આ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેત મજૂરી અને પશુપાલન છે. અહી ખેતીના પાકોમાં મુખ્યત્વે મગફળી, ઘંઉ, બાજરો, કઠોળ, વગેરે  પાક લેવાય છે. ગામની ઉતરે મધરવડી નદી વહે છે. આ નદી પર નાના ચેકડેમ  બાંધેલા હોવાથી પાણીની સુવિધા  સારી છે.

આ ગામમાં વીજળી પ્રાથમિક શિક્ષણ, પાકા રસ્તા, એસ.ટી.ની  બસ, ટપાલ, આરોગ્ય વગેરે પ્રાથમિક સુવિધાઓનો સંપૂર્ણ અભાવ છે. આ ગામમાં સંગઠન, વિકાસ, જાગૃતિ વગેરેનો અભાવ છે. ગીર ઈકો ડેવલપમેન્ટ યોજના  હેઠળ આ ગામને આવરી લેવાયું છે.

## ૪ હસ્નાપુર

ઉતર સરહદે વિસાવદર તાલુકાનું વિસાવદર રેન્જ હેઠળ આવતું આ ગામ આ હદમાં વસે છે. સને.૧૮૫૧માં વસેલું આ ગામ "નુરગઢ" નામે ઓળખાતું હતું. જયારે ૧૯૦૦ થી૧૯૦૫ સુધીમાં જુનાગઢ નવાબે ગીરના જંગલમાં ગામો વસાવ્યા ત્યાર પછી આ ગામ 'હસ્નાપુર' તરીકે ઓળખાયું. આ ગામમાં મુખ્યત્વે ચુંવાળીયા કોળી, રામાનંદી બાવાજી અને વાઘરી જ્ઞાતિના લોકો વસે છે. આ ગામમાં હાલમાં કુલ ૮૨. જેટલા કુટુંબો વસવાટ કરે છે. જેની માનવ વસ્તી ૮૧૮ અને પશુધનની સંખ્યા ૫૪૨ જેટલી છે. આ ગામ વિસાવદરથી પૂર્વે તરફ ધારી રોડ પર ૪–કિ.મી જતા કાલાવડ ગામ આવે છે. ત્યાંથી કાચા રસ્તે દક્ષિણ તરફ ૩–કિ.મી જતા રક્ષિત વનની હદમાં આવેલ છે. ગામની દક્ષિણ અને પૂર્વે જંગલ અને પશ્ચિમે અભયારણ્યમાંજ ૪–કિ.મીના અંતરે કાલેશ્વર સ્થળ છે. ગામમાંથી ઉતરથી દક્ષિણ તરફ પોપટડી નદી વહે છે. ઉતરે શાળા આવેલ છે. ગામના મોટા ભાગના મકાન કાચા, દેશી પથ્થરના, 'નેસ' જેવા નળીયા વાળા છે.

આ ગામમાં ૧૮–વર્ષથી વીજળીની સગવડ છે. ૭૦% લોકો ઘરમાં વીજળી વાપરે છે. અહી પ્રથમિક શાળાના ૨–રૂમ, ૪–ધોરણ, ૨– શિક્ષકો કે જે વિસાવદરથી આવજા કરે છે. કુલ ૮૦–જેટલા વિધાર્થી શાળાએ આવે છે. આગળના શિક્ષણ માટે બાળકો કાલાવડ ૩–કિ.મી જાય છે. ગામમાં ઘંટી, ટપાલપેટી, ટેલીફોન, આરોગ્ય કેન્દ્ર જેવી સુવિધા નથી. ચોમાસા સિવાયની ઋતુમાં દિવસ દરમ્યાન એક વખત એસ.ટી.ની બસ આવે છે. લોકો નજીકના ગામ કાલસરી કે કાલાવડ ચાલીને સાઈકલ દ્વારા આવજા કરે છે. ગામમાં

પીવાના પાણીની સુવિધા છે. ઉનાળામાં અને દુષ્કાળના સમયે પાણીની અછત ઉભી થાય છે. અહી ઉર્જાથી ચાલતી લાઈટ પણ છે.

આ ગામની મોટાભાગની વસ્તી ચુંવાળીયા કોળી જ્ઞાતિની છે. અહીની ખેતીની જમીન ટેકરાળ, મોરમવાળી અને ઓછી ફળદ્રુપ હોવાથી, સિંચાઈનો અભાવ હોવાથી ખેતી ક્ષેત્રે વિકાસ થયો નથી. લોકોમાં આળસવૃતિ અને વ્યસનનું પ્રમાણ વધુ છે. શિક્ષણનો અભાવ, ગરીબી, બેકારી જેવી સમસ્યા અહી વધુ છે. લોકો વરસાદ આધારીત ખેતી કરે છે. થોડા ઘણા ઢોર પણ રાખે છે. મોટેભાગે મજૂરી કરી ગુજરાન ચાલાવે છે. ખેતીમાં મુખ્યત્વે ઘંઉ, બાજરી, જુવાર અને મગફળીની ખેતી થાય છે. અહી વસતા બધાજ લોકો હિન્દું ધર્મ પાળતા હોવાથી બધાજ હિન્દું તહેવારો ઉજવે છે. ગામમાં ૨–મંદિર, ૪–ખુલ્લી જગ્યા પરના દેવસ્થાનો અને એક ખેતરમાં પીરની દરગાહ આવેલી છે.

આ ગામમાં ગ્રામપંચાયત, સરપંચ, તલાટી જેવી કોઈ વ્યવસ્થા નથી. વહીવટી વ્યવસ્થા વનવિભાગની વિસાવદર ઓફિસ દ્વારા ચાલે છે. આ ગામમાં ઈકો ડેવલપમેન્ટ યોજના આ ગામમાં અમલી બની છે.

## ૨.૭.૧ સામાજિક સાંસ્કૃતિ જીવન

" ઈતિહાસમાં નોધાયું છે કે ગુજરાત ઉપર વિવિધ મુસ્લિમ, શક અને અન્ય જાતિઓના સમયાંતરે આક્રમણ થયાં ત્યારે ગુજરાતની કેટલીક જાતિઓ તેમના મૂળ વસવાટ સ્થાનેથી ભાગીને જંગલો અને પહાડોમાં જતા રહયા હતાં અને ત્યારથીજ માનવીની સામાન્ય તરાહ કરતા તેઓ અલગ પડી ગયા. આમ આ ગામમાં વસતા લોકો તેઓ એક બીજા સાથે સબંઘ વધુ મજબુત બનાવે છે.

લોકો પોતાની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, ખોરાક–પોષાક, આરોગ્ય, મનોરંજન વગેરે લગતી જરૂરિયાતો જંગલમાંથીજ મેળવતા હતાં અને પર્યાવરણનું સમતુલન પણ જળવાય રહેતું હતું.

"વર્તમાન સમયમાં આપણાં દેશ સમક્ષ પડેલા અનેક વણઉકેલ્યા પ્રશ્નો પૈકી દેશના લગભગ ૩૫% વસ્તી ધરાવતી અને સામાજિક, શૈક્ષીણક, સાંસ્કૃતિક, આર્થિક વગેરે બાબતોમાં પછાતપણું ભોગવતા અને જંગલ વિસ્તારમાં વસતી આદિવાસી, અસ્પૃશ્ય, વિમોચન, અને સામાજિક–શૈક્ષણિક રીતે પછાતપણુ ભોગવતા એવા કેટલાક જ્ઞાતિ સમુદાયો વસે છે. આ બધા સમુદાયો પશુપાલન, મજૂરી, મહદઅંશે ખેતી અને જમીન તથા જંગલ પેદાશ આધારિત વ્યવસાય કરી જીવન નિર્વાહ ચલાવે છે. વર્ષોથી કચડાયેલા, ગુલામી દશા ભોગવતા, અર્ધભૂખમરામાં સબડતા આ બધા સમુદાયો પ્રત્યે સ્વતંત્રતા સુધી દૂર્લક્ષ રખાયું હતું સ્વતંત્રતા પછી સરકારે આવા પછાત ગામડાઓના વિકાસ માટે અનેક પ્રયત્નો કર્યા છે."

ભારતમાં સ્વતંત્રતા પછી રાષ્ટ્રના સામાન્ય પ્રવાહના વિકાસમાં જુદી–જુદી પંચવર્ષિય યોજનાઓને કારણે ઘણો વિકાસ થયો છે. શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, વીજળી, સિંચાઈ અને સામુદાયિક વિકાસનાં કાર્યો તાલુકા, જિલ્લા વિકાસ યોજનાઓ હેઠળ થઈ રહયા છે. સરકારની આવી કેટલીક યોજનાઓએ ખાસ કરીને જંગલો, પહાડો અને અંતરિયાળના પ્રદેશમાં વસતા ગરીબ, નિરક્ષર, પછાત ગામડાઓ સુધી પહોંચતી નથી. આથી સ્વતંત્રતા પછી પણ તેઓનો વિકાસ ઓછો થયો છે. જો કે સ્વતંત્ર ભારતના બંધારણમાં પણ પછાત ગામડાઓના ઝડપી વિકાસ કરવા માટેની ખાસ જોગવાઈ છે. આ જોગવાઈ અનુસાર પંચવર્ષિય યોજનાઓમાં પછાત જાતિઓના વિકાસ

માટેનો પાયો નંખાયો છે. આ બધી યોજનાઓમાં ફાળવવામાં આવતા કુલ નાણાં માથી કૃષિ અને સંલગ્ન સેવાઓના સેકટરમાં આવેલા સબ–સેકટર, વનસેકટર હેઠળ પ્રથમ પંચવર્ષિય યોજનાથી માંડીને ચાલુ નવમી પંચવર્ષિય યોજના સુધી  વિકાસ કાર્યો ચાલુ રહયાં છે. આજે વિવિધ યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોવા છતાં આજે છેવાડાનાં ગણાંતા ઘણાં ગામડાઓ અને સમુદાયો સુધી આવા કોઈ લાભો પહોચ્યા નથી, કારણકે આ લોકો નિરક્ષર છે. કાર્યકુશળ   નથી, ગરીબ અને પછાત  છે. પરંપરાઓમાં જીવન જીવે છે. તેઓ કોઈપણ પ્રકારનું સંગઠન ધરાવતા નથી, લોક જાગૃતિનો અભાવ છે. ડુંગરાળ અને જંગલવાળા અંતરીયાળ પ્રદેશમાં વસે છે. આવા અનેક કારણોસર આવા  ગામડાઓને આજે વિકાસના કોઈ લાભ મળતા નથી.

ગામડાઓમાં વસતા દરેક જ્ઞાતિના લોકો પોતાના પરંપરાગત વ્યવસાય  સાથે પ્રાથમિક કક્ષાનું જીવન જીવે છે. આ ગામડાઓમાં રોજગારી, કૃષિસુધારણા,  આરોગ્ય, સિંચાઈ, શિક્ષણ, રસ્તાઓ, પશુપાલન, વાહન વ્યવહાર, પ્રચારમાધ્યમો,  સંદેશાવ્યવહાર, ગૃહનિર્માણ વગેરે વિકાસ કાર્યો પર અભયારણ્યના કાયદાઓને કારણે આપોઆપ પ્રતિબંધ આવી જાય છે. બીજી બાજુ સદીઓથી અહી વસતા આ ગામડાઓના લોકો અન્ય મહેસુલી ગામડાંઓ અને તેના  લોકોના સંપર્કમાં  ઓછા આવે છે. આથી તેઓમાં કોઈ દિશાનું પરિવર્તન દેખાતું નથી. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે વર્ષોથી પછાત રહેલ અશિક્ષિત, ગરીબ, અજ્ઞાન અને કચડાયેલ આ ગામડાઓના લોકોનો વિકાસ કેવી રીતે  કરવો ?

કોઈપણ સમાજના સર્વોગી વિકાસમાં વ્યકિતના વ્યકિતત્વ ઘડતરમાં

સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક, માનસિક વગેરે જેવા અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે. આથી સામાજિક સાંસ્કૃતિક પરંપરાઓ ધરાવતા કોઈપણ ગામડાના વિકાસ કાર્યો હાથ ધરતાં પહેલા આ લોકોની લાક્ષણિકતાઓનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવો જરૂરી બને છે. આજે તેઓના સમાજજીવન સાથે વણાયેલાં કયાં–કયાં પરિબળો તેઓનો વિકાસ રૂધે છે ? આ માટે દરેક જ્ઞાતિ અંગેની જરૂરી માહિતી હોવી જોઈએ, આ ગામડાઓની સામાજિક, સાંસ્કૃતિ, આર્થિક, ધાર્મિક વગેરે પરંપરાઓનો ઉંડાણ પૂર્વકનો અભ્યાસ કરવામાં આવે તો આજે આ વિસ્તારના અહી વસતા ગ્રામ લોકોને યોગ્ય રીતે, યોગ્ય રીતે, યોગ્ય દિશામાં વિકાસ કરી શકાય તેમ છે.

ગામોમાં વસતા બધાજ જ્ઞાતિ સમુદાયોનું સર્વસામાન્ય ગણાય એવું જો કોઈ લક્ષણ હોય તો તે તેઓનું સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણું છે. અહી પણ તેઓના વસવાટ સ્થળ અને જ્ઞાતિઓની પરંપરાઓ અનુસાર પછાતપણાનું પ્રમાણ જુદું–જુદું છે.

૧. આ ગામડામાં વસતા માલધારી નેસ કે જેમાં રબારી, ચારણ, ભરવાડ, આહીર, બાવાજી, કાંઠા, મકરાણી જ્ઞાતિના માલધારીઓ છે. આવા કુલ ૪૬ નેસ અને ૮–આંતર સ્થળાંતરિત મળીને કુલ–૫૪ નેસ થાય છે.

૨. આ ગામડાની સરહદ પરની હદમાં મુ ખ્યત્વે કોળી, મકરાણી, પટેલ, સીદી, આહીર, ભરવાડ, રબારી, ચારણ, હરિજન વગેરે જ્ઞાતિના માલધારીઓ, ખેડૂતો અને મજૂરો વસે છે. આવા ગામોની સંખ્યા પણ ઘણી છે.

૩. મહેસુલી ગામો છે જે ગામનું વસવાટ સ્થળ મહેસુલી હદમાં હોય પણ ગામના કેટલાક ખેડૂતોની જમીન આ હદમાં આવેલી હોય છે. આવા

નામોની પણ ઘણી સંખ્યા છે.

આ ઉપરોક્ત પ્રકારની વસાહતોએ એકબીજાથી ભિન્ન એવી પરંપરાઓ સુવિધાઓ, જરૂરિયાતો, પરિવર્તન વગેરે નિર્માણ કર્યા છે. દરેક વસાહતોના પ્રશ્નો અને તેના ઉકેલના માર્ગો પણ કેટલેક અંશે જુદા–જુદા છે. આથી આવા ગામડાઓમાં વસતા લોકોના પ્રશ્નો અંગેના દષ્ટ્રિબિદુંથી ઉડાણપૂર્વકનો અભ્યાસ કરવો જોઈએ. તેઓના આનુવંશીક સંસ્કારનું સંશોધન કરવું એ આ લોકોની સમસ્યાઓના કાયમી ઉકેલ માટેની દિશામાં સાચું અને આવશ્યક પગલું છે. તેઓના સમાજ જીવન સાથે વર્ણાયેલા સારા અને ખરાબ તત્વો (પાસાઓ) નું સંશોધન કરવું જરૂરી છે. આમ આ ગામડા ઓમાં વસતા લોકો જ્ઞાતિવાર સામાજિક સાંસ્કૃતિક બાબતો સમજવી જરૂરી બને છે.

અભ્યાસ હેઠળના ચાર ગામોમાં વસવાટ કરતા જ્ઞાતિ સમુદાયો આ પ્રમાણે છે.

(૧) અમૃતવેલ :–પટેલ, કોળી, રબારી, હરિજન, બાવાજી (હિન્દુ)

(૨) શીરવાણ :–સીદી(મુસ્લીમ)

(૩) જાંબુથાળા :–મકરાણી (મુસ્લીમ)

(૪) હસ્નાપૂર :–કોળી,વાઘરી,બાવાજી (હિન્દુ)

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે. કે અમૃતવેલ ગામમાં પટેલ જ્ઞાતિના–૪૯, કોળી જ્ઞાતિના–૨, રબારી જ્ઞાતિના–૯, હરિજનજ્ઞાતિના–૫ અને બાવાજી જ્ઞાતિના–૪ એમ કુલ મળીને ૬૯–કુટુંબો વસે છે. જેમા સૌથી વધુ ૪૯ –કુટુંબ પટેલ જ્ઞાતિના છે. શીરવાણ ગામમાં બધાજ કુટુંબો સીદી કોમના છે. જેમની સંખ્યા–૪૨ છે. જાબુંથાળા ગામના બધાજ કુટુંબો મકરાણી

કોમના છે. જેમની સંખ્યા–૨૨ જયારે હસ્નાપુર ગામમાં કોળી જ્ઞાતિના ૭૪, બાવાજી–૧ અને વાઘરી જ્ઞાતિના ૭ કુટુંબો મળીને આ ગામમાં કુલ ૮૨– કુટુંબો છે. જેમાં સૌથી વધુ ૭૪–કુટુંબો કોળી જ્ઞાતિના છે. અ ભ્યાસ હેઠળનાં ઉપરોકત આ ચાર ગામોની કુલ કુટુંબ સંખ્યા–૨૧૫ છે. અહી કુટુંબ સંખ્યાની દષ્ટ્રિએ પ્રભાવી જ્ઞાતિઓ તરીકે પટેલ, કોળી, સીદી અને મકરાણી જ્ઞાતિ છે. આ ઉપરાંત રબારી, બાવાજી, હરિજન, વાઘરી જ્ઞાતિના લોકો પણ વસે છે. પરંતુ તેઓની કુટુંબ સંખ્યા ઓછી છે. આમ છતા આ અભ્યાસ પસંદગીના ચાર ગામોનો પૂર્ણ ગણતરીથી અભ્યાસ કર્યો હોવાથી બધાંજ કુટુંબોને અભ્યાસ હેઠળ આવરી લેવાયા છે.

## ૨.૭.૨ ગામડાની જ્ઞાતિના લોકોનો પરિચય

આ ગામડાના વિસ્તારમાં માલધારી,ખેડૂત અને મજૂરીનાં વ્યવસાય સાથે જોડાયેલી કેટલીક જ્ઞાતિઓ વસવાટ કરે છે. અહી અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા–૪ ગામોમાં સમાવિષ્ટ કુલ–૮ જ્ઞાતિના લોકો સાસ્કૃતિ જીવનનું અહી વર્ણન કરવામાં આવ્યું છે.

### ક) પટેલ

એક લોકવાયકા પ્રમાણે પટેલ જ્ઞાતિનો ઉદભવ આર્ય સંસ્કૃતિના મહારાજા રામચંન્દ્રજીના બે પુત્રો લવ અને કુશ પરથી થયો હોવાનું મનાય છે. ઈ.સ.પૂર્વે –૨૦૦૦ માં લવે પંજાબ પર ચડાઈ કરી જે પ્રદેશ જીત્યો તે લેવા પ્રદેશ તરીકે ઓળખાય છે. કુશે જે પ્રદેશ જીત્યો તે કુશક–કરડ તરીકે ઓળખાયો. આ સમયે લવ અને કુશના સૈનિકો તરીકે આ જ્ઞાતિ ક્ષત્રિય તરીકે જાણી હતી.

''આર્યોનું મુળ સ્થાન મધ્ય એશિયા હતું. આર્યોની એક શાખા એશિયા ખંડના પામિર પ્રદેશમાંથી સ્થળાંતર કરીને ઈશાન દિશામાં અફઘાનીસ્તાનની હિન્દુ કુશ પર્વતમાળા ઓળંગીને ભારતમાં આવી વસ્યા હતાં. ૠગ્વેદમાં ઈ.સ.પૂર્વેના ૨૫૦૦ થી ૨૦૦૦ સુધીમાં આર્યો પંજાબ પ્રદેશમાં વસતા હતાં. જેઓ ધીમે–ધીમે આખાય ભારતમાં ફેલાયા છે. અફઘાનીસ્તાનમાંથી આવેલા આ લોકો કુર્મી તરીકે ઓળખાય છે. પંજાબમાં અન્ય રાજયના આક્રમણો વધી જતાં આ લોકો ભારતના અન્ય પ્રાંતમાં હતા. પંજાબના 'લૈયા' પ્રદેશમાંથી આવેલા 'લેઉવા' અને 'કરડ' પ્રદેશમાંથી આવેલા 'કડવા' પટેલ તરીકે ઓળખાયા. પાટલીક શબ્દ પરથી પટેલ આવ્યો છે. ગુજરાત માં ઈ.સ.૧૪૦૦ પછી તેઓ પટેલ તરીકે ઓળખાવા લાગ્યા. તે પહેલા તેઓ કણબી તરીકે ઓળખાતા હતા. 'કુર્મી' શબ્દનું અપભ્રંશ ' કણબી' થયું છે.

''પહેલી શતાબ્દીના અંત ભાગમાં માળવા પ્રદેશ પાસે માયાવતી નગરમાં કુર્મીઓનું માન હતું. સુરાષ્ટ્રના ગીરીનગરમાં ક્ષત્રિય રાજા જયસિંહના સમયમાં મગધદેશના રાજા ચંદ્રસેને માયાવતી નગરી પર ચઢાઈ કરી ત્યારે ત્યાનાં કુર્મી રાજા વ્રજપાલજી રાજય કરતા હતાં તેઓનો પરાજય થતાં અહીંથી પાંચેક ગાઉ દૂર વિક્રમ સવંત–૨૧૨માં ઉમાપુર (ઉઝા) ગામ વસાવ્યું. રાજા વ્રજપાત પોતે શિવભકત હોવાથી આ ગામના દેવી તરીકે ભગવાન શંકરના પટરાણી ઉમા–પાર્વતી તરીકે 'ઉમિયા' દેવીની સ્થાપના કરી તેનું મંદિર બંધાવ્યું. તે સમયના કુર્મીઓએ ઉમિયા દેવીને કુળદેવી તરીકેનું સ્થાન આપ્યું. આજે પણ આખાયે હિન્દુસ્તાન અને દેશ વિદેશમાં ફેલાયેલા આ લોકો ઉમિયા દેવીને કુળદેવી તરીકે પૂજે છે. ''

ભારતના જુદા–જુદા પ્રાંતમાં વસતા આ લોકો જુદા–જુદા નામે

ઓળખાય છે. પરંતુ ગુજરાતમાં વસતા પટેલ મુખ્યત્વે લેઉવા પટેલ અને કડવા પટેલ એમ બે પેટા જ્ઞાતિઓ સ્વરૂપે વસવાટ કરે છે. અભ્યાસ હેઠળના અમૃતવેલ ગામમાં લેઉવા પટેલ પેટા જ્ઞાતિના છે. જેઓને રાજકોટ–કાલાવડ વિસ્તારમાંથી ગીરમાં ખેતી અર્થે વસાવ્યા હોવાનું મનાય છે. પટેલ જ્ઞાતિ તેની પેટાજ્ઞાતિ ઉપરાંત અનેક અટકો, શાખી ધરાવે છે. તેઓનું વસવાટનું સ્થળ, કાર્યક્ષેત્રે, વડીલોના નામ, ગામ વગેરેના નામ પરથી અટકો પડી છે. પટેલ શબ્દ અન્ય કેટલીક જ્ઞાતિઓમાં અટક તરીકે વપરાય છે. આ ઉપરાંત જ્ઞાતિના આગેવાનો માટે પણ પટેલ શબ્દનું સંબોધન કરવામાં આવે છે. કણબી પટેલ લોકો પાટીદાર તરીકે પણ ઓળખાય છે, એટલે કે જમીન–ઘર ધારણ કરનાર.

ગુજરાત અને સૌરાષ્ટ્રના પટેલોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અભ્યાસ હેઠળના પટેલ જ્ઞાતિના લોકો પણ ખેતી કરે છે. આ લોકોની ખેતી વિકસતા, આર્થિક સ્થિતિ સુધરી છે. તેઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આર્થિક, શૈક્ષણિક વિકાસ થતા આજે સમાજ જીવનના દરેક ક્ષેત્રે આ લોકોએ વિકાસ કર્યો છે. રાજકીય ક્ષેત્રે પટેલો આગળ આવ્યા છે. વિશ્વના અન્ય દેશોમાં સ્થળાંતર કરી આધુનિક ઉધોગ, ધંધા વેપાર વાણિજય વગેરે ક્ષેત્રે નોંધનીય પ્રગતિ કરી છે.

રીત રીવાજની દષ્ટ્રિએ જોઈએ તો દરેક જ્ઞાતિ એક અલગ સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. તેઓનો પોશાક જોઈએ તો પુરૂષો ચોરણો, કેળીયું અને માથે ફાળીયું બાંધે છે. ખાસ કરીને પાઘડી બાંધે છે. સ્ત્રીઓ મુખ્યત્વે સાડી–બ્લાઉઝ પહેરે છે. પુરૂષો સફેદ અને સ્ત્રીઓ રંગબેરંગી કપડા પહેરે છે. સમય બદલતાં શિક્ષિત યુવક યુવતીઓએ નવી પેઢીએ આધુનિક પોશાક અપનાવ્યો છે.

પટેલ લોકો ખેતી, વેપા ર, ઉઘોગ, નોકરી અને દરેક અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા છે. તેઓની આર્થિક સ્થિતિ સારી છે. તેઓ શાકાહારી છે. પટેલ જ્ઞાતિમાં શિક્ષણ અને ખાસ કરીને સ્ત્રીમાં શિક્ષણનું પ્રમાણ ઉચું છે. આથી અત્યારે આ જ્ઞાતિમાં કેળવણીકારો, દાતાઓને લીધે હોસ્ટેલો, કન્યાશાળા, કોલેજો, છાત્રાલયો વગેરે જ્ઞાતિ સબંધિત વિકાસલક્ષી કાર્યો થતા રહયા છે.

## ખ) કોળી

"વિધ્યં પર્વતની દક્ષિણે મધ્યપ્રદેશમાં વસતી કોલ જાતિ અને આ કોળી જાતિ મુળે એકજ છે. ભીલ અને કોળી એ મુળે તો આદિવાસી પ્રજા છે. મુંબઈ સમાચાર તા.૧૬–૬–૧૯૫૨ ના અહેવાલ મુજબ કોળીઓની ઉત્પતિ સિંધુ નદીના પરદેશમાં થઈ હતી. મહાભારતના હરિવંશ પર્વના શ્લોક નં. ૧૮, ૧૯, ૨૦ પ્રમાણે વશિષ્ટ દ્વારા ધર્મભ્રષ્ટ થયેલી જાતિએ આ કોળીઓ મુળે ક્ષત્રિય હતા. પાછળથી તેઓએ બૌઘ્ધ ધર્મનો સ્વીકાર કરતાં વૈદિક મતવાળાઓએ તેમની ગણના મલેરછમાં કરી અને બ્રાહમણોએ ધર્મદેશના કારણે તેઓને શુદ્ર ગણ્યા હતા. આમ, આ કોળી લોકો મહારાજા સગરના કાળમાં એટલે કે રામચંદ્રજી અને દશરથ રાજાથી પણ કઈ પેઢીઓ પહેલાં હતા. આમ આ જ્ઞાતિ ઘણા જુના સમયથી અસ્તિત્વ ધરાવે છે."

"પ્રાચીન સમયમાં કોળી જ્ઞાતિઓના ઘણા રાજયો પણ હતાં. આ જે ભારતના દરેક પ્રદેશમાં વસતા કોળીઓ મુળે તો એકજ છે. પરંતુ તેના પેટા વિભાગો જેમકે તળપદા, ચુંવાળીયા, ઘેડીયા, વળાંકીયા, ખાંટકોળી વગેરે નામે ઓળખાય છે. અભ્યાસ હેઠળના ગામોમાં વસતા કોળીઓ ચુંવાળીયા કોળી પેટા જ્ઞાતિ ના લોકો છે."

## ❖ ચુંવાળીયા કોળી

ચુંવાળીયા શબ્દની ઉત્પતિ મુળે ચુંવાળ પ્રદેશ પરથી થઈ છે. ઉતર ગુજરાત તરફ આવેલા બહુચરાજી પાસેના "ચુવાળા પ્રદેશ" તરીકે ઓળખાતા વિસ્તારમાં  આ પ્રજા સારાયે  સૌરાષ્ટ્રમાં ફેલાઈ છે. અહી બાજુના દેતરોજ ગામે તેઓના કુળદેવી "બહુચરાજી" નું નાનું મંદિર છે. સૌરાષ્ટ્રના ગામડાઓમાં, જંગલ પ્રદેશોમાં અને દરિયાકાંઠાના વિસતારમાં પણ આ લોકોની વસ્તી સારી એવી છે. તેઓએ જુદી–જુદી જગ્યાએ જુદા–જુદા વ્યવસાયો અપનાવ્યા છે. આથી તેઓની જીવન શૈલી પણ બદલતી રહી છે.

ગીર પ્રદેશમાં ચુંવાળીયા કોળીઓનો વસવાટ થયા પાછળના કારણો જોઈએ તો આ પ્રજા શિકારપ્રિય રહી છે. તેઓ કેટલાંક પશું–પક્ષીઓ અને પ્રાણીઓનો શિકાર કરવાની ટેવ ધરાવે છે. આથી ગીરનું જંગલ તેઓના વસવાટ માટે અનુકુળ બન્યું હશે. આ ઉપરાંત રાજા–મહારાજાઓ જંગલમાં શિકાર કરવા જતા હતા ત્યારે જંગલમાં હાંકોટા (અવાજ) પાડવા માટે આ લોકોને સાથે લઈ જતા હતા. આજે  શિકાર પ્રથા બંધ થઈ  છે. પણ, ત્યારથી આ લોકોનું વસવાટ  સ્થળ જંગલ પ્રદેશની આસપાસ જ રહયું છે. અત્યારે આ લોકોની વસ્તી ગીર અભયારણ્યના વનવસાહતી ગામોમાં છે. આ લોકો મહદઅંશે ખેતી, પશુપાલન અને મોટે ભાગે મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવે છે.

## ❖ દેખાવ

આ લોકો મધ્યમ કદના, મજબુત બાંધાના, કસાયેલા શરીરવળા અને સખત મજૂરી કરી શકે તેવા હોય છે. શરીરનો રંગ ઘંઉવર્ણો હોય છે. પરંતુ સહેજ રતાશ પડતા રંગના હોય છે.

## ❖ શાખ અટક

આ લોકોની અટકોમાં મુખ્યત્વે સોલંકી, પરમાર, ઝાલા, રાઠોડ, બારૈયા, વાઘેલા, મકવાણા, ગોહીલ, ચૌહાણ, ડાભી, વાજા, છાપરીયા, મોરવાડીયા, બાબરીયા, મજેવડીયા, ધામેચા વગેરે છે. તેઓની આ શાખો રાજપૂત શાખાને મળતી આવે છે. કારણકે રાજાઓ સાથે રહીને સંસ્કૃતિકરણના ભાગરૂપે તેઓની અટકો સ્વીકારી છે.

## ❖ પહેરવેશ

આ જ્ઞાતિના પહેરવેશમાં પ્રદેશવાર તફાવત જોવા મળે છે. તેઓના ભૌગોલિક વસવાટ સ્થળ, વ્યવસાય અને અન્ય જ્ઞાતિઓ સાથેનો સંપર્ક અનુસાર પહેરવેશ બદલાતો રહે છે. તેઓના પરંપરાગત પહેરવેશ અનુસાર ગીર પ્રદેશમાં આ લોકોના પુરૂષો ઢીલી ચોરણી, નાના કપડાની પાઘડી, અંદર મેલખાયું અને શરીરે ટુંકુ પહેરણ પહેરે છે. ખાસ પ્રસંગોએ ટપકાવાળો સાફો બાંધે છે. શરીરે સફેદ બંડી પણ પહેરે છે. જેના બટનમાં ઘુઘરી સાથે સાંકળી લટકતી રાખે છે. ડોકમાં કાળી દોરી અને માદળીયું પહેરે છે. પગમાં પ્લાસ્ટીકના અને કેટલીક વખત ચામડાના પગરખાં પહેરે છે.

## ❖ ઘરેણા

પુરૂષો કાનમાં બુટીયાં (છાપવાં) અને ઠોળીયા પહેરે છે. હાથની આંગળીમાં વીંટી અને કરડા પહેરે છે. નાના બાળકોના ગળામાં ચાંદીનો વેલો, કાળી દોરી, માદળીયું, પક્ષીના હાડકાની ભુંગળી વગેરે પહેરાવે છે. બાળકના હાથામાં કાળી બંગડી અને પગે કાળી દોરી બાંધે છે. જયારે સ્ત્રીઓ કડલાં, બલોયા, ચુડલા, સાદા સોનાની પટીવાળાં પાટલાં, કાચ અને

પ્લાસ્ટીકની બંગડીઓ, આંગળીમાં ચાંપ, પગની આંગળીઓમાં માછલી અને મોર, નાકમાં નથડી, કાનમાં વાળી અને ચુંક ગળામાં કંઠી અને પગમાં જાંજરી પહેરે છે. કેટલીક સ્ત્રીઓ ગળામાં કોહરી પારો બાંધે છે.

## ❖ ભાષા

ગીરના જંગલમાં વસતા આ લોકોની ભાષા ગુજરાતીજ છે. પરંતુ તેમા કેટલીક પ્રદેશિક રૂઢિ પ્રમાણેના શબ્દોનું અશુધ્ધ ઉચ્ચારણ થાય છે. તેઓ છાશને 'છાહ' ભાઈ ને બદલે 'ભઈ' પિતાને બદલે 'બાપ' ગીરને બદલે ' ગઈર 'કહે છે. જયારે શું ? ને બદલે કાઉં ? જોવું ને બદલે 'હેરવું', વાતચીત માં 'સ' ને બદલે 'હ', 'ળ' ને બદલે 'ર', અક્ષરના ઉચ્ચારણ બોલે છે.

## ❖ કલા

આ જ્ઞાતિની સ્ત્રીઓ ભરત–ગુંથણનું કામ સારૂ જાણે છે. ચાકળા–ચંદરવા ભરવાની, ચણીયા, બ્લાઉઝ, કપડાં પરનું ભરત, થેલીઓ ભરતી, તોરણ ગૂથવાં, મો તીના પડદા બનાવવા વગેરે રીતે તેઓની રાસ રમવાની કલા પણ એટલીજ મનમોહક છે.

જંગલ વિસ્તારમાં વસતા કોળી પુરૂષો શિકાર કરવામાં ઘણાં માહેર છે. તેઓ ધાર્યું નિશાન પાર પાડે છે. તેઓ પક્ષીના શિકાર માટેની જાળને'મોગરો' કહે છે. તેઓ પશુ, પક્ષીના અને પ્રાણીઓના સગડ (સંકેત) પારખવાની શકિત ધરાવે છે. આજે જનજાગૃતિ અને જંગલ કાયદાઓથી શિકાર કરવાની પ્રથા બંધ થઈ છે.

## ❖ તહેવારો

આ વિસ્તારમાં વસતા લોકો દીવાળી, હોળી, દશેરા, શીતળા સાતમ

વગેરે હિન્દુ તહેવારો આ લોકો ઉજવે છે. તહેવારો દરમ્યાન નવાં કપડાં પહેરે છે. મીઠાઈ– વાનગીઓ બનાવીને જમે છે. ધાર્મિક વિધિ–વિધાનો પૂજા–પાઠ કરે છે. વાર, તહેવાર, મેળા, મંડપમાં આ લોકો ઉત્સાહથી ભાગ લેતા હોય છે. ધાર્મિક તહેવારો ઉપરાંત પ્રસંગોપાત દેવસ્થાનો અને માતાજીને પશુભોગ (બલી) ચઢાવવાની પ્રથા ધરાવતા હતા, જો આ પ્રથા હવે ઓછી થતી જાય છે.

## ❖ ગુણ અને ખાસિયત

ચુંવાળીયા કોળી ખૂબજ મહેનતું અને શ્રમિક ગણાય છે. અત્યારે આ વિસ્તારમાં કામના અભાવે આળસુ, રખડુ અને ઉડાઉ બની ગયા છે. પશુ કે પ્રાણીઓનું પગેરું શોધવામાં, શિકાર કરવામાં, ધાર્યુ નિશાન પાર પાડવામાં આ જ્ઞાતિ હોશિયાર મનાય છે. આ સિવાય આ લોકો ઘોડેસવારી કુશળ તરવૈયા પણ છે. ચુંવાળીયા કોળ ીના આ વનવસાહતના ગામોમાં આ લોકો દારૂ પીવાની, જુગાર રમવાની અને ચોરી–લૂંટફાટ કરવા જેવી આદતો ધરાવે છે. અન્ય કોળીઓની તુલનામાં ચુંવાળીયાઓ વધારે જંગલી, જનુની અને ઓછા વશમાં (કાબુમાં) રહે તેવા છે.

## ગ) રબારી

સૌરાષ્ટ્રની બળવાન અને ખમીરવંતી જાતિઓમાં રબારી જાતિ લોકો જીવનમાં એક અલગ ભાત પાડે છે. તેઓ સમાજમાં રહે છે. છતાં સમાજથી અલપ્તિ પણ રહે છે. તેઓનો મુખ્ય વ્યવસાય સદીઓથી આજ સુધી પશુપાલનનો હોવાથી તેઓનું નિવાસ વગડામાં જ રહયું છે. રબારી સામાન્ય રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ હરતી–ફરતી રહેતી કોમ છે. જયાં

ઘાંસચારો કે પાણીની વિપુલતા હોય ત્યાં તેઓ નેસડો નાખે છે. આ દષ્ટ્રિએ તેઓ એક પ્રકારની જનજાતિજ છે."કર્નલ વોકર રબારીઓને પ્રાંતના મૂળ વતની ગણે છે. પણ રબારીઓ કહે છે કે તેઓ મારવાડમાંથી આવેલા. તેઓ ઉંટ, ગાય, ભેંસ, બકરા, ઘેટા, જેવા પાલતું દુધાળા ઢોર રાખે છે. ઢોરના ચારા માટે પશુઓ સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા રહે છે. જે જગ્યાએ જઈ કામ ચલાઉ રહેઠાણ બાંધે છે. તેને તેઓ નેસ કહે છે.

રાષ્ટ્રના રબારીઓ દ્રારકા પાસેથી દરિયાઈ પટીમાં દ્રીપકલ્પની પટીપર ઉટ ચરાવે છે. સૌરાષ્ટ્રના અંદરના ભાગોમાં ગાય, ભેંસ, ઘેટા, બકરાં, ચરાવે છે. ગાય–ભેંસ માટે ચારો ન હોય ત્યારે તેઓ બરડાના ડુંગરમાં અને ગીરના જંગલમાં ઢોર લઈ જતા

જુનાગઢ રાજયને મેંદરડાના કાઠી રજવાડા વચ્ચે સરહદનો વિવાદ જાગ્યો ત્યારે બ્રિટીશ એજન્સીએ ઘણાં વર્ષો કેસ ચલાવી, કેપ્ટન ચાર્લ્સ વુડ હાઉસે તા.૨૬–૭–૧૮૭૫ નો ફેસલો આપ્યો તેમાં નેસડા બાંધીને રહેતા રબારી માલધારીનો ઉલ્લેખ છે. આથી કહી શકાય કે પશુપાલન ચારા માટે અન્ય જગ્યાએથી આ કોમ આ વિસ્તારમાં ઈસુની ૧૯–મી સદીના ઉતરાર્ધમાં આવીને વસ્યા હતા.

ડુંગરોમાં નેસ બાંધીને વસવાટ કરતા ચારણ, આહીર, કાઠી, બાવાજી, જેવા જ્ઞાતિના લોકોની જેમ રબારીઓ પણ પશુપાલનનો વ્યવસાય કરતા તથા ઘી, દૂધ વેંચી પોતાનો જીવન નિર્વાહ ચલાવતા આર્થિક અવદશા ભોગવતા તથા ઘાસચારાની તંગીને લીધે એક જગ્યાએથી બીજી જગ્યાએ રખડતું ભટકતું જીવન જીવતા લોકોનો સમુદાય છે. રબારી ઓ સૌરાષ્ટ્રમાં બધી જ જગ્યાએ વસે છે. તેઓ નેસ બાંધીને તો કેટલાક લોકો નેસમાંથી વિસ્થાપિત થઈ

ગામડાઓમાં જઈ વસ્યા છે. જયાં ગામડાઓમાં તેઓ સ્થિર ગ્રામજીવન જીવે છે.

## ❖ જાતિ

રબારી લોકો ઉંચા, મજબૂત બાંધાના તથા કસાયેલા શરીરવાળા હોય છે.તેઓના મૂળમાંથી કોઈ માહિતી મળતી નથી. પરંતુ તેઓના વ્યવસાય અને પરંપરાઓ અનુસાર રબારીઓ ઉતર વસ્તી જાદવ (યાદવ) જાતિના હોવાનું મનાય છે. તેઆમાં ચાવડા, ચોપડા, કોડીયાતર, ગળચર, શામળા, છેલાળા, મુછાળ, કલોત્રા, ખાંભલા, ખટાણા, સાંબડ, આબ, વગેરે શાખો (અટકો) જોવા મળે છે. તેઓના વીરોઆતો, રામાઆતો, બીજલ, ડોસો દેવો વગેરે જેવા પુરુષ નામો હોય છે. રાંભી, અજાય, જેકી, સુંદર, રાણી, કમી, જાહી, ભરમી, મલી વગેરે જેવા સ્ત્રીઓના નામ હોય છે. રબારીઓમાં પુરુષના નામ પાછળ ''આતા'' શબ્દ અને સ્ત્રીના પાછળ ''આઈ'' શબ્દ જોડાય છે.

## ❖ પહેરવેશ

પુરુષો ચોરણી, કેડીયું અને માથે મેલખાયું બાંધે છે. બહારગામ જતી વખતે માથે પાઘડી બાંધે છે. કપડાં બધા સફેદ રંગના હોય છે. ઢોર ચરાવવા જાય ત્યારે ચોરણીને બદલે ખેસનો કાચડો બાંધે છે.ખંભે ખેસ રાખે છે. જે સફેદ રંગનો પણ છે કે કાળી દોરી હોય છે. પુરુષો પગમાં ચામડાના પગરખાં પહેરે છે. જયારે સ્ત્રીઓ લાલ રંગનું પંથેની પેની સુધીની લંબાઈ વાળું પેરણું પહેરે છે. બદન પર ઘેરા રંગીન કસવાળા કાપડાં પહેરે છે. અને માથે છીંટ જેવું ઓઢણું કે કાળી મરૂન ધાબળી ઓઢે છે. યુવાન યુવતીઓ ચમકતા રંગબેરંગી લાલ, પીળા, લીલા વગેરે ડિઝાઈનવાળા કપડાં પહેરે છે.

## ❖ ઘરેણાં

રબારી પુરુષો કાનમાં ઠોળીયાં, ફુલ, છાપવાં પહેરે છે. ગળામાં સોનાની ટૂંપીઓ, સોનું મઢેલ રૂદ્રાક્ષ,પાવલાં કાંઠલી, તુલસીના પારાવાળી માળા, હાથમાં માતાજીના સરલ વગેરે પહેરે છે. સ્ત્રીઓ કાનમાં ચાંદીની વેઢલી, ઠોળીયાં, ગળામાં સુમણા, મગમાળા, હાર, પગમાં ચાંદીના વજનદાર કડલાં, નાકમાં સોનાની નથડી, ગળામાં હાંસડી, હાથામાં કળદીપો પહેરેછે. નાના બાળકો ચાંદીના ઠોળીયા પહેરે છે.

## ❖ ભાષા અને કલા

આ લોકોની ભાષા ગુજરાતી જ છે,પણ તેને સ્થાનિક શબ્દોની પધ્ધતિથી બોલે છે. રબારી લોકો પશુપાલનનો વ્યવસાય કરતા હોય ઢોરને વાળવા, ચરાવવા, હાંકવા, રોકવા પ્રાણીના ભયથી ચેતવવા જુદા–જુદા શબ્દોનો ઉપયોગ કરે છે. અન્ય લોકોની વાતચીતમાં કેટલાક કાઠિયાવાડી ગામઠી શબ્દો બોલે છે.

આ લોકોની ખાસ કહી શકાય તેવી કોઈ કલા નથી પરંતુ રબારી પુરૂષો દોરડા ગૂંથવામાં હોશિયાર હોય છે. સ્ત્રીઓ હીર–દોરાનું ભરત ગુંથણ જાણે છે. સ્ત્રીઓ સમૂહમાં એકઠી થઈ તાલબધ્ધ રાસ રમે છે. પુરૂષો ભજનો–દૂહા ગાતા નથી, લગ્ન વખતે સ્ત્રીઓ ગીતો ગાય છે. અને પુરૂષો સરજુ ગાય છે. રબારી બાળકો નાનપણથી ઢોર ચરાવવા નિકળી જતા હોય તેઓમાં શિક્ષણ બિલકુલ નથી.

## ❖ ધાર્મિક ઉત્સવો

રબારી લોકો ધાર્મિક રીતે અન્ય કોમો કરતા વધુ શ્રધ્ધાળુ અને રૂઢિ

ચુસ્ત છે. તેઓ અનેક દેવ–દેવીઓમાં અખૂટ શ્રધ્ધા ધરાવે છે. દેવતાઓમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ઓળદર, લોએજ, બરેજ, સીડોકર, ચોરવાડ વગેરે ગામોમાં માતાજીના મઢ છે. દરેક મઢમાં ભૂવા હોય છે. રબારી લોકો ચૂસ્ત રીતે આભેડ છેટમાં માને છે.

આ લોકો ધાર્મિક ઉત્સવમાં બધાજ હિન્દુ તહેવારો ઉજવે છે. પરંતુ તેઓનો જ્ઞાતિ પુરતો માર્યાદિત ઉત્સવ 'પુંજ' હોય છે. જે તે માતાના મે 'પુંજ' ઉજવવી કે કેમ ? તે ભૂવો દાણા જોઈને નકકી કરે છે. પુંજના ઉત્સવમાં આખાયે સૌરાષ્ટ્રના રબારીઓ ભેગા થાય છે. બે ત્રણ દિવસ રોકાય છે. અહીં પોલીસ બંદોબસ્ત રાખવો પડે છે. સોમપૂરા બ્રાહમણો રબારીના ગોર ગણાય છે. આઠમના દિવસે માતાનો હવન કરે છે. પુંજ વખતે માતાના મઢ તરફથી ભોજન વ્યવસ્થા હોય છે. અહી ખીચડી, ઘી, ગોળ, દૂધ, દહીં ખૂબજ વપરાય છે. સૌ પોત પોતાની શકિત પ્રમાણે ફાળો આપે છે. પુંજ દરમ્યાન અને ખાસ પ્રસંગોએ રબારી પુરૂષો હાથમાં ઝાંઝ વગાડતા 'સરજુ' બોલે છે. જે એક પ્રકારના શાસ્ત્રીય રાગ જેવી પણ કોઈ શબ્દ વાકય ઉકેલી શકાય તેમ નથી.'સરજુ' પરંપરાથી ગવાતા આવતા માતાજીના શ્લોક કે સ્તુતિ હોવાનું મનાય છે. તેનો અર્થ કોઈ જાણતુ નથી. આ ઉપરાંત રબારીઓ જાત્રા જાય અને ઉતર ભારતમાંથી ગંગાનદીનું પાણી ભરેલી નાની લોટી લાવી ઘરે લોટી ખોલવા માટે ઉત્સવ પ્રસંગ ઉજવે છે. આ પ્રસંગે પણ ઘણુંજ ખર્ચ કરે છે.

## ❖ ખાસિયતો

તેઓ જયાં પણ જાય ત્યાં તેમને તેમની જ્ઞાતિ તરફથી આવકાર અને આશ્રય મળે છે. કેટલાક રબારી નેસડાઓને બહાર મહેસુલી ગામોમાં વસાવ્યા

હતા ત્યાં આજે તેઓ ગ્રામ જીવન જીવે છે. આ માલધારી નેસ ઉપરાંત અન્ય ગામડાઓમાં પણ વસે છે. આમ જયાં જઈ તેઓ વસે છે. ત્યાં તેઓનું જીવન અને આસ્થા વસવાટને અનુરૂપ થઈ જાય છે.

આ માલધારી અને સંપીલી કોમ ધર્મચુસ્ત છે. તેઓની સમાજ વ્યવસ્થા અને વફાદારીના કારણે આજના કપરા સમયમાં પણ તેઓની–પરંપરાઓ ટકી રહી છે.

## ઘ) વાઘરી

વાઘરી રખડતી ભટકતી કોમ છે. માલધારી નેંસમાં કોઈ વાઘરી કુટુંબ રહેતા નથી. ગામડાઓમાં કેટલીક જગ્યાએ વાઘરી પરિવારો વસે છે. અભ્યાસ હેઠળના હસ્નાપુર ગામમાં–૭ જેટલા વાઘરી કુટુંબો રહેતા હોવાથી અહીં વાઘરી સમુદાયનો સામાજીક પરિચય આપવામાં આવ્યો છે.

"વાઘરી" શબ્દની વ્યુત્પતિ વાઘ + અરિ એટલે વાઘના દુશ્મન એવો થાય છે. જંગલો વગડાઓમાં રખડતા–ભટકતા, મધપુડામાંથી મધ પાડતા, ઉડતા પક્ષીનો શિકાર કરતા અને વાઘ જેવા હિંસક પ્રાણીઓનો પણ શિકાર કરતા આ વાઘરીઓ એક સમયે હિંસક પ્રાણીઓથી ગામડાઓનું રક્ષણ પણ કરતા હતા. વન વગડામાં શિકાર ઉપરાંત ગામમાંથી ખાવાનું માંગી લેતા હતા "જરૂર પડયે નાની મોટી ચોરીપણ કરી લે છે. આ ઉપરાંત ઘંટડા, સુંડલા, કામ– વાસણ, જુના કપડાં વગેરે વેંચવાનો ઘંધા કરીલે છે. કેટલાક વાઘરીઓ શાકભાજીના વાડા ઉગાડી શાકભાજી વેચે છે, તો કેટલાક માલ–ઢોર, બળદો વગેરે લે–વેંચનો ધંધો કરે છે.

કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં જણાવ્યા અનુસાર આ કોમ ઘણા જૂના સમયથી સૌરાષ્ટ્રમાં છે. ગીરના જંગલ વિસ્તારમાં તેઓ શિકાર કરવા,

માલ–ઢોરની લે–વેંચ કરવા વારંવાર આવતા જતા રહેતા હતા. ત્યાર પછી કેટલાક ગામડાઓમાં ગામનું, માલઢોરનું અને ખેતીનું વન્યપ્રાણીઓથી અને ચોર, ડાકુથી રક્ષણ મેળવવા રખોપું કરતા હતા. વાઘરી લોકો ગામના પાદરે કે સીમાડે છુટા છવાયા કુબા (કાચા ઝુંપડા) બાંધીને રહેતા હોય છે. જરૂર પડયે સ્થળાંતર કરતા રહે છે. સૌરાષ્ટ્રમાં વસતા વાઘરીઓની ૧૮–જેટલી પેટા શાખાઓ છે.

અભ્યાસ હેઠળના હસ્નાપુર ગામના વાઘરી વેડવા વાઘરી છે. આ લોકોનો વ્યવસાય માલ–ઢોર ખાસ કરીને બળદ લે–વેંચનો છે. આ સાથે વન્યપ્રાણી, પશુપક્ષીઓનો શિકાર પણ કરી લેતા હોય છે. મોકો મળતા ચોરી, લૂંટફાટ જેવી ગુન્હાઈત પ્રવૃતિઓ પણ કરે છે. ભટકતું જીવન–જીવતા હોય દરેક ગામોથી પરિચિત હોય ગમે ત્યારે કુશળતા પૂર્વક ચોરી લૂંટફાટ કરી શકે છે.

વાઘરીઓ ધર્મે હિન્દુ છે. હિન્દુ તહેવારો ઉજવે છે. મેળા–મંડપમાં જાય છે.

વારે તહેવારે માતાજીને ભોગ ચડાવે છે. તેઓ શીતળા, ચામુંડા, મેલડી, કાળકા, વગેરે દેવીઓમાં વધુ શ્રધ્ધા ધરાવે છે. આથી આજે તેઓ દેવીપૂજક તરીકે ઓળખાય છે. તેઓ તંત્ર–મંત્ર ડાકણવિદ્યા, મેલીવિદ્યા, ભૂવા,દોરાધાગા વગેરેમાં ખૂબજ અંધશ્રધ્ધા ધરાવે છે. આ લોકોમાં શિક્ષણ બીલકુલ નથી, આથી સમાજ જીવનમાં દરેક ક્ષેત્રે આજ સુધી પછાત રહયા છે. વાઘરીઓ સામાન્ય રીતે વણકર, ભંગી, હાડી, ચમાર વગેરેને સ્પર્શ કરવાથી અભડાતા હોવાનું કહે છે. મુસ્લિમોને ત્યાં જમતા નથી. જાહેરમાં તેઓ પટેલ, કોળી, રબારી, આહીર, કારડીયા, રાજપૂત, કાઠી ભરવાડ વગેરે

સમુદાયોથી દબાતા રહયા છે. તેઓ રખડતું ભટકતું જીવન જીવી જેમ તેમ કરીને પોતાનું ગુજરાત ચલાવે છે.

હસ્નાપુર ગામના વાઘરીઓ ગામની પૂર્વેકાચા મકાનોમાં રહે છે. સાથે ગાય, બકરાં, કુકડા, કુતરાં જેવા પાલતુ પ્રાણીઓ રાખે છે. નાની મોટી મજૂરી કરીને તેઓ ગુજરાન ચલાવે છે. તક મળ્યે ગુનાહિત પ્રવૃતિઓ પણ કરી લેતા હોય છે.

## ચ) હરિજન

''વંશ પરંપરાથી વણાટનો ધંધો કરતી, સવર્ણ સમાજમાં અસ્પૃશ્ય ગણાતી આ જ્ઞાતિ આખાયે સૌરાષ્ટ્રમાં વસે છે. વણાટનાં વ્યવસાયના કારણે તેઓ વણકર કહેવાયા હશે ગામડાઓના તેઓ ઢેઢ, ગણેશ્યા અને મેઘવાળ તરીકે પણ ઓળખાય છે.

બ્રિટિશ યુગ પહેલા હિંદનો કાપડ ઉધોગ સમૃઘ્ધ હતો ત્યારે આ લોકોની આર્થિક સ્થિતિ સારી હતી.યંત્ર યુગની શરૂઆત થતાં વણકરોનો વણાટ ઉધોગ નાશ પામ્યો ત્યારથી આજસુધી તેઓને ગરીબી, બેકારી, અજ્ઞાનતા ઘેરી વળતાં હજુ સુધી તેમાંથી મુકત થયા નથી.

''આજે જે ગામમાં તેઓ વસે છે, ત્યાં તેઓનું ગ્રામ જીવન ગામના એક ભાગમાં' વણકર વાસ' (અલગ નિવાસ) હોય છે. આ લોકો અન્ય પછાત સમુદાયો કરતા સ્વચ્છ અને વ્યવસ્થિત પણ છે. આ લોકો આજે ખેતી, પશુપાલન, મજૂરી અને જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની નોકરી ઓમાં જોવા જાળે છે. સમૃઘ્ધ ગામડાઓ અને શહેરના હરિજનો શિક્ષણ ક્ષેત્રે આગળ આવ્યા છે. આ જ્ઞાતિમાં ભજનોનું મહત્વ વિશેષ છે. આ જ્ઞાતિમાં કબીર,

સુરદાસ, રોહીદાસ, મીરા, ભાણસાહેબ, દાસીજીવણ વગેરેના ભજનો ગવાય છે.

હરિજન વણકર કેટલાક કિનારાના ગામોમાં ખાસ કરીને મહેસુલી ગામોમાં હરિજનોની વસ્તી છે. અભ્યાસ ક્ષેત્રના અમૃતવેલ ગામમાં આ જ્ઞાતિના પાંચ કુટુંબો વસે છે. જેઓ મજૂરી કરીને જીવનનિર્વાહ ચલાવે છે.

## ૭) બાવાજી

જસાપર રેંજ અને જામવાળા રેન્જ હેઠળ આવેલા અને ગાયકવાડ સરકારે વસાવેલા ગાયકવાડી નેસમાં 'રામાનંદી' અને 'મારગીબાવા' જ્ઞાતિના લોકો વસે છે. જેઓ શૈવ પંથી છે. તેઓ ચાર ધામમાં ચાર મઠો સ્થાપી દશનામ કરી જુદે– જુદે ધામે બેઠા તેઓ ગોસાઈ, ખશનામી કે અતીત બાવા કહેવાયા.

"ગીરી, પર્વત, સાગર, ભારથી, સરસ્વતી આ બધા જ રામાનંદી બાવા છે. તેમાંથી ઉત્પન્ન થયેલા કાપડી, શ્રવણ, ગોદડ, ભૂખડ, સુખડ માર્ગી બાવા છે. અહી રામનંદી અને માર્ગી બન્ને પ્રકારના બાવાઓ વસે છે.

હિન્દુ સમાજમાં જુદા–જુદા સમયે જુદા–જુદા ધર્મોનું નિમાર્ણ થતાં તેના પ્રચાર અર્થે ધર્મનું શરણું લેનાર સાધુ બાવાઓ જુદા–જુદા સ્થળે નિકળી પોતાનું કાર્ય બજાવતા હતાં.

વેદકાળમાં અગ્નિ, અરુણ, વાયુ, સૂર્ય વગેરેની પૂજા–આરાધના થતી હતી. આ સિવાય બ્રહમા, વિષ્ણુ અને મહેશની પૂજા આરાધના થતી હતી. આ વેદકાળના પૂજા–આરાધના કરનારા સંતો સન્યાસીઓ મુખ્યત્વે વેદાંતી કહેવાતા હતા.

ઉપર મુજબ વેદકાળથી નૈષ્ઠિક બ્રહમચારી સન્યાસીઓની પરંપરા ચાલુ

રહી પણ સમય જતાં શિષ્યગત પરંપરાથી ગ્રહસ્થી અને ફકકડ સન્યાસી જેવા વર્ગો પડતા ગયા. ગ્રહસ્થીઓની પરંપરાએ જ્ઞાતિનું સ્વરૂપ પકડયું અને છેવટે અન્ય જ્ઞાતિઓની જેમ જ્ઞાતિગત બાવાઓ બાવાજી જ્ઞાતિ તરીકે ઓળખાય છે".

આ વિસ્તારમાં વસતા બાવાજી રામાનંદી સ્થાનધારી છે. બાવાજી જ્ઞાતિ ને પછાત જ્ઞાતિમાની એક ગણવામાં આવી છે. બાવાજીઓ વંશ પરંપરાથી છૂટા છવાયા વસે છે. ધાર્મિક ફરજો બજાવે છે. ભિક્ષાવૃતિ, નાની મોટી મજૂરી, ધર્મસ્થાનોનાં પૂજારી વગેરે દ્વારા જીવન નિર્વાહ ચલાવે છે. કેટલાક તેને વસવાયા કે માંગણ તરીકે ઓળખા વે છે. ગુજરાત સરકારે આ લોકોની પછાત જ્ઞાતિ તરીકે ગણના કરી છે.

આ ગામડાના ઈતિહાસ અનુસાર અહીં અનેક આશ્રમો હતાં ધર્મ સ્થાનો હતા, દેવી દેવતાઓના મંદિરો પણ હતા. વર્તમાનમાં આજે પણ ઘણાં હિન્દુ ધર્મસ્થાનો આવેલા છે. કહેવાય છે કે, ત્યારથી આ શૈવપંથી બાવાજીઓ ગીરમાં આવી વસ્યા હશે. ધાર્મિક કાર્યો કરવાની સાથે ગીરના મુખ્ય વ્યવસાય ગણતા પશુપાલનનો વ્યવસાય કરવા લાગ્યા છે. જામવાળા પાસેના બથેશ્વર(શિવ મંદિર) ના નેસમાં બાવાજી માલધારીઓ શિવપૂજા અને ખેતી પણ કરે છે. આમ અહીં આવી તેઓ સમય, સ્થળ અનુસાર વ્યવસાય બદલતા રહયા છે.

અભ્યાસ હેઠળના અમૃતવેલ ગ ામના ચાર બાવાજી કુટુંબોમાંથી બે કુટુંબો ગામના મંદિરમાં પૂજારી તરીકે ઉપરાંત બાકીના બે અને બન્ને પૂજારી કુટુંબો મજૂરી પણ કરે છે. હસ્નાપુર ગામના એક બાવાજી કુટુંબ શિવમંદિરના પૂજારી છે, જે ગામના આગેવાન અને 'બાપુ' તરીકે ઓળખાય છે.

## જ) મકરાણી (મુસલમાન)

મુસલમાનની પેટા કોમ તરીકે ઓળખાતા મકરાણીઓ સોરાષ્ટ્રના જૂનાગઢ જીલ્લામાં અને ખાસ કરીને ગીરના જંગલની આસપાસના ગામડાઓમાં વસવાટ કરતી કોમ છે. અત્યારે વ્યવસાયે તેઓ ખેતી અને પશુપાલક છે. ધર્મે તેઓ ચૂસ્ત મુસ્લિમો છે.

"આમ તો ઈસ્લામનો ઉદભવ અરબસ્તાનના મકકા મદીનામાં થયો હતો. આ ધર્મ બહારથી આવેલો ધર્મ છે. અહીં તેનું આગમન આરબો દ્વારા થયું હતું. ૧૨–મી સદીમાં ઉતર ભારતમાં મુસ્લિમોની સતા સ્થાપતાં ઇસ્લામ રાજધર્મ બન્યો. અગિયારમી સદીના અંતમાં અનેક મુસ્લિમો ગુજરાતમાં ઉતરી આવ્યા હતા. પરિણામે સમય જતાં અહીં વ્હોરા, ઘાંચી, મેમણ, ખોજા, મકરાણી, સંધી, તુર્ક, પટણી વગેરે અનેક મુસ્લિમ જાતિઓ અસ્તિવમાં આવી હતી. "ઈ.સ. ૧૩૦૪ માં ગુજરાતમાં મુસ્લિમ સતાની સ્થાપના થતા જૂનાગઢમાં મુસ્લિમમોની વસ્તી વધી. જૂનાગઢના નવાબે પોતાના રાજદરબારમાં સૈનિકો તરીકે મુસલમાનોને જ રાખ્યા હતા. જેમાના કેટલાક મકરાણીઓ હતાં.

"મૂળ અરબસ્તાનથી ભારત માં આવેલા ઉતર રાજસ્થાનના મકરાણા વિસ્તારમાં આવી વસેલા આ મુસ્લિમો મકરાણી તરીકે ઓળખાય છે. ગુજરાતમાં ખાસ કરીને જૂનાગઢના રાજદરબારમાં તેઓ સૈનિકો તરીકે આવ્યા હતા. આજે પણ ધણા ખરા મકરાણીઓ સૈનિક–સિપાઈ કે ચોકીદાર જેવી નોકરીઓ કરે છે. અહી તેઓની સંખ્યા અન્ય ગામડાઓની તુલનામાં ખુબજ ઓછી છે. મકરાણીઓમાં કોઈ પેટા વિભાગો નથી. મકરાણીઓ ગરીબ

છે, પણ ઈમાનદાર છે. તેઓ ધર્મે મજહબે સુન્ની પંથી છે. મેદરડાં, તાલાળા, કોડીનાર, ઉના તાલુકાના ગામડાઓમાં આ કોમ વસવાટ કરે છે.

## ❖ વંશ અને જાતિ

મકરાણીઓ મધ્યમ કદના, મજબૂત બાંધાના, શરીરે પા તળા, માથાનાવાળ લાંબા રાખે છે. દાઢી વધારીને વચ્ચેના ભાગમાંથી થોડી કાપી બે ભાગ પાડે છે. મોટે ભાગે મુછો રાખતા નથી તેઓ આરબ દેશના મુસ્લિમોને મળતા આવે છે. તેઓ ભારતમાં આવી ગરીબ મુસ્લિમોની કન્યાઓ સાથે લગ્ન કરતા હતા. આજે તેઓમાં બહુપત્નિ પ્રથા જોવા મળે છે. તેઓ અટક(શાખા) તરીકે મકરાણી લખાવે છે. પુરૂષોના નામ શેરમામદ, દોરામામદ, જાનમામદ, વજીરમામદ, અલીમામદ આ રીતે નામ પાછળ 'મામદ' શબ્દ લાગે છે. જયારે સ્ત્રીઓના નામોમાં જલુબેન, રાતીમાબેન, અમીનાબેન, જમીયનબેન, મમતાજબેન, સકીનાબેન, સરીફાબેન એમ નામની પાછળ 'બેન' શબ્દ લાગે છે.

## ❖ પહેરવેશ

મકરાણી કોમ મૂળે રાજસ્થાન તરફથી આવેલી હોય તેઓ સ્ત્રી–પુરૂષોના પોષાક રાજસ્થાની મારવાડી ડીઝાઈનના પોશાક પહેરે છે. પુરૂષો ટુંકી અને પગે પહોળી ચોરણી (પાયજામો) પહેરે છે. શરીરે ખમીસ અને ઉપર કાળો, ભૂરો કે કાળા રંગનો કોટ પહેરે છે. માથે મારવાડી જેવી નીચી પણ તંગ આંટાવાળી પાઘડી બાંધે છે. તેઓ દાઢીનાવાળમાં મહેંદીનો રંગ કરે છે. સ્ત્રીઓ મુખ્યત્વે રંગબેરંગી ખાસ કરીને લીલા મટરના રંગના વધારે ઘેરવાળા ઘાઘરા, શરીર પોલકું અને માથે રંગીન ડિઝાઈનવાળી

ઓઢણી ઓઢે છે. તેઓમાં પરદાપ્રથા નથી, પરંતુ સ્ત્રીઓ વડીલોની લાજ કાઢે છે. સ્ત્રીઓ ચાંદીના ઘરેણાંપહેરે છે. જયારે પુરૂષો ઘરેણા પહેરતા નથી.

## ❖ ભાષા અને કલા

મકરાણીઓ મૂળ અફઘાનીસ્તાનના મુસ્લિમો હોય પહેલાં ઉર્દૂભાષા તેઓની મુખ્યભાષા હતી. ત્યારબાદ રાજસ્થાન ઉતરપ્રદેશ વગેરે જગ્યાએ આવી વસ્યા હોવાથી હિન્દી ભાષા બોલવા લાગ્યા હતાં. અહીં ગુજરાતમાં આવી વસતાં હોવાથી તેઓ ગુજરાતી ભાષા બોલે છે. તેઓની ભાષામાં કેટલાક ઉર્દૂ શબ્દો, તોમોટા ભાગના હિન્દી શબ્દો બોલાય છે. આમ તેઓની ભાષામાં ઉર્દૂ, હિન્દી અને ગુજરાતી એમ ત્રણ ભાષાઓનું મિશ્રણ જણાય છે. તેઓમાં કોઈપણ પ્રકારની જાગૃતિ ન હોવાથી બાળકોને શાળાએ મોકલતા નથી આ કોમમાં શિક્ષણનુ પ્રમાણ નહિવત છે.

## ❖ ધર્મ ઉત્સવો

મકરાણીઓ ધર્મે ચુસ્ત મુસ્લિમ છે. અને મજહબે સુન્ની પંથી છે. ભારતમાં સુન્ની પંથનો પ્રચાર રાજયકર્તાઓએ કરેલો હતો. તેઓ ધર્મના આદેશો શ્રધ્ધાપૂર્વક પાળે છે. તેઓ ઓલીયા અને પીરની માનતાઓ માને છે. દરેક મુસ્લિમ ગામોમાં પીરની દરગાહ આવેલી હોય છે, જયાં તેઓ માથુ ટેકાવવા જાય છે. આ લોકોના તહેવારો હિજરી સવંત પ્રમાણે નકકી થાય છે. મહોરમ હિજરી સવંતનો પહેલો માસ ગણાય છે. ગીરના મકરાણીઓ મહોરમ, ઈદેમિલાદ, શબેમેરાજ, રમજાનઈદ વગરે તહેવારો ઉત્સાહપૂર્વક ઉજવે છે.

## ❖ ગુણ અને ખાસિયતો

ભોળપણ, અજ્ઞાનતા, અંધશ્રધ્ધા, વહેમ વગેરેથી મકરાણીઓ પણ અન્ય પછાત ગામડાઓની જેમ ધેરાયેલા છે. શિક્ષણ બિલકુલ નથી. તેઓ અંદરો– અંદર મોટાઈમાં માનનારા અને લગ્ન સબંધો બાબતોનાં અંદરોઅંદર કુસંપ વધારે હોય છે. કારણકે તેઓ મોટે ભાગે મામા ફઈના કે પિતરાઈના કુટુંબીઓ વચ્ચે સગાઈ લગ્નના સબંધો બાંધે છે. એક સમયે તેઓ અન્ય ડરપોક પ્રજા સાથે દાદાગીરી, મારકુટ કરી શકતા હતા. આ કોમ મુખ્યત્વે રાજદરબારોમાં સૈનિકો તરીકે રહેલી હોય, તેઓમાં શુરવીરતા, વફાદરી નિડરતા, ઈમાનદારી, અન્યને મદદ કરવાની ભાવના તેમનામાં પડેલા સદગુણો છે. તેઓ લડાયક પણ છે. નાના–મોટા શિકાર કરવાની ટેવ ધરાવે છે. તેઓ સારા નિશાનબાજ હોય છે. શિકાર કરવા માટે બંદૂક, લાકડી, ધારીયું, કુહાડી, પથ્થર, જાળ, ગાળીયા, વગેરેનો ઉપયોગ કરે છે. તેઓ ધોડેસ્વારીના શોખીન છે. પશુપાલનના વ્યવસાયમાં તેમજ કેટલાક ખેતી ક્ષત્રે કામ કરે છે. આજે કેટલાક લોકો થોડું ઘણું ભણ્યા હોવાથી શહેરમાં પોલીસ, સૈનિક અને વોચમેન તરીકે નોકરી કરે છે.

## ઝ) સીદી

"શારીરિક દેખાવની દ્રષ્ટિએ જોઈએ તો હિન્દની અન્ય પ્રજા કરતાં સીદીઓ જુદા તરીઆવે છે.મુળે તો તેઓ આફ્રિકાના જંગલ પ્રદેશના નિગ્રો આદિવાસીઓ છે. એક સમયે ગોરા લોકો તેઓને યુરોપના દેશોમાં ગુલામ તરીકે વેચતા હતા. આ લોકો ભારતમાં કયારે આવ્યા તેના વિશે ચોકકસ કહી શકાતુ નથી, પણ એવું મનાય છે કે. પોર્ટૂગીઝ લોકો તેઓને હિન્દમાં

લાવ્યા હતા. આજે હિન્દમાં પોર્ટૂગીઝ સંસ્થાનોની આસપાસ સીદીઓ વસે છે. આ ઉપરાંત અંગ્રેજો પણ તેને ગુલામ તરીકે લાવ્યા હતા. સમય જતાં અહીનાં રાજા મહારાજાઓએ તેઓને ખરીદીને ગુલામ તરીકે રાખ્યા હતા.

હિન્દ અને આફ્રિકા વચ્ચે વર્ષોથી વેપાર ચાલતો રહયો છે. હિન્દના કેટલાક વેપારીઓ વેપાર કરવા આફ્રિકા જઈ વસ્યા હતા. તેઓ જયારે હિન્દમાં આવતા હતા ત્યારે નોકર તરીકે સીદીઓને સાથે લાવતા હતા. આમ, સીદીઓ ગુલામ–નોકર તરીકે જુદા–જુદા સમયે ભારતમાં આવ્યા હોવાનું મનાય છે."

સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં વસતા તાલાળા તાલુકાના 'જાંબુર' અને 'શીરવાણ' બન્ને ગામો સો ટકા સીદીઓની વસ્તી ધરાવતા ગામ છે. જેઓ 'સીદી બાદશાહ' તરીકે ઓળખાય છે. અભ્યાસ હેઠળનું શીરવાણ ગામ સો ટકા સોદીઓની વસ્તી ધરાવે છે. ગામડામાં વસતા સીદીઓ અને અન્ય શહેરી વિસ્તારમાં વસતા સીદીઓની દૈનિક જીવન પ્રણાલિકામાં કેટલેક અંશે તફાવત છે.

ગામડામાં તેઓ કયારે અને કેવી રીતે આવ્યા છે તે અંગે અધાર ભૂત ઉલ્લેખ મળતો નથી. છતાં કહી શકાય છે કે, શિકાર કરવાની ટેવ ધરાવતા હોય, જૂનાગઢના નવાબો જયારે શિકા રે જતા ત્યારે સીદીઓને પણ સાથે લઈ જતા હતા. આથી તેઓ ગીરના જંગલમાં આવી વસ્યા હોવાનું મનાય છે. તેઓ શિકારી, માંસાહારી છે. તેઓ પાડા, બકરા, કૂકડા, તેતર, હરણ, સસલાં વગેરેનું માંસ ખાય છે. આ લોકો વધારે પડતા મુસ્લિમોના સંપર્કમાં રહયા હોવાથી આજે મુસ્લિમ ધર્મ પાળે છે.

## ❖ વંશ અન જાતિ

આ લોકો રંગે સીસમ જેવા કાળા અને વાળ વાંકડીયા ગુંચવાયેલા હોય છે. નાક ચપટું અને પહોળું હોય છે, હોઠ જાડા હોય છે. શરીરે ઘણાં ખડતલ અને કસાયેલા હોય છે. તેઓ સંપૂર્ણ પણે આફ્રિકન હબસી ઓના શારીરિક લક્ષણો ધરાવે છે.

## ❖ પહેરવેશ

અન્ય સમુદાયોની જેમ સી દીઓનો પોષક આકર્ષક અને વિશિષ્ટ નથી. પુરૂષો લેંઘો, પેન્ટ, ખમીસ, શર્ટ, કોટ, બંડી તથા માથે ગોળાકાર નાની ટોપી પહેરે છે. કેટલાક ચોરણી, ખમીસ પણ પહેરતા હતા. સંજોગોવસાત માથે ફાળીયું બાંધે છે. જયારે સ્ત્રીઓનો પહેરવેશ અન્ય મુસ્લિમ સ્ત્રીઓ જેવો જ છે. તેઓ કુર્તા, સુરવાલ પહેરે છે. તેઓનાં કપડાં મેલા અવ્યવસ્થિત અને ગંદા હોય છે. માથાના વાળ ગંદા હોય છે. તેઓ ન્હવા–ધોવા કે સ્વચ્છતામાં માનતા નથી.

## ❖ ઘરેણાં

પુરૂષો હાથની આંગળીઓમાં ચાંદીની વીટીઓ પહેરે છે. કેટલાક કાનમાં સોનાની ભૂરકી પણ પહેરે છે. જયારે સ્ત્રીઓ હાથમાં ચુડલી, નાકમાં ચુંક, કાનમાં કાંપ અને ગળામાં સોનાનો દાણીયો પહેરે છે. તેઓ પોતાની આર્થિક સ્થિતિ અનુસાર સોના કે ચાંદીના ઘરેણાં ખરીદે છે.

## ❖ ભાષા

આ લોકો આફ્રિકાથી આવ્યા હશે, ત્યારે તેની ભાષા કઈ હશે તે જાણી શકાતું નથી. પરંતુ જયારે તેઓ ગીરના જંગલમાં વસતા હોય, તેથી ગુજરાતી

ભાષા બોલે છે. તેઓ મૌલવીઓ કે ધર્મગુરૂઓ પાસેથી ધર્મનું જ્ઞાન ઉર્દૂ અને હિન્દીમાં મેળવે છે. આજે તેઓ ગુજરાતી ભાષા બોલે છે. તેઓ કેટલેક અંશે અવાજ ઘોઘરો કરીને બોલે છે.

## ❖ ધર્મ અને ઉત્સવ

સીદી લોકો મુસ્લિમ ધર્મ પાળે છે. તેઓ મુર્તિપૂજામાં માનતા નથી તેઓ મસ્જિદમાં જઈ નમાઝ પઢે છે. પ્રસંગોપાત કુરાન અને શરીફ પઢાવે છે. રમજાનમાં રોજા કરે છે. મહોરમમાં તાજીયા કરે છે. આમ, મુસ્લિમોની બધીજ ધાર્મિક ક્રિયાઓને અનુસરે છે. આ લોકો મકકા–મદીનાની હજયાત્રાએ જવાની ખૂબજ ઈચ્છા ધરાવે છે. પરંતું આર્થિક સ્થિતિ ખરાબ હોવાના કારણે જઈ શકતા નથી, જાંબુરના સીદીઓ હનુમાનના મંદિરે જઈ તેલ–સિંદૂર ચડાવે છે.

આ લોકો પીર, ઓલીયાને માને છે. ખાસ કરીને ડોસલપીર, બાવાગોળ, માયસાબ, દરિયાપીર અને હબઝપીરને માને છે. દેવીઓમાં તેઓ મામાઈ, ઈમાઈ, મસીરા, ભરોસીમાઈ અને પારશણીમાઈને માને છે.

સીદી લોકોનું જીવન હિન્દુ સંસ્કૃતિની વચ્ચે રહી ઝબુકતું હોવાથી તેઓ હિન્દુ તહેવારો–ઉત્સવોમાં પણ ભાગ લેતા હોય છે. વારે–તહેવારે સારા કપડાં પહેરે છે. મીઠાઈ જમે છે. આ ઉપરાંત તેઓ તાજીયા અને પીરનો ઉર્ષ ધામધૂમ પૂર્વક ઉજવે છે. ઉર્ષના દિવસોમાં તેઓ શરાબ પીવે છે, લહેજત ઉડાવે છે. જમણમાં તેઓ મલીદો બનાવી આરોગે છે. અને ઢોલ નગારા સાથે કીકીયારીઓ કરી ધમાલ નૃત્ય કરે છે. તેઓનું ધમાલનૃત્ય તેઓની આફ્રિકન સંસ્કૃતિની ઓળખ છે.

## ❖ સીદીઓનું ધમાલનૃત્ય

આફ્રિકાના આદિવાસીઓ જંગલમાં શિકાર પર જતા પહેલા અને શિકાર મળી ગયા પછી આનંદમાં આવી જઈ આ પ્રકારનું નૃત્ય કરે છે. તેની ઝાંખી સીદીઓના આ નૃત્ય દ્વારા થાય છે. આખાયે ભારતમાં સીદીઓનું ધામલનૃત્ય પ્રખ્યાત છે. ધણી હરીફાઈઓમાં તેઓના આ નૃત્યે ઈનામો મેળવ્યા છે. તેઓનું આ નૃત્ય જોનારાઓને મુગ્ધ કરી દે છે. સ્ત્રી પુરૂષોના અલગ–અલગ ટોળાં સમુહમાં એક સાથે તાલબધ્ધ રીતે વગાડવામાં આવતા તેમના ઢોલક અને વાજીત્રો અનેરો ઉમેરો કરે છે. વચ્ચે વચ્ચે ચિત્ર–વિચિત્ર હાઉ... હાઉ.... અવાજ પ્રગટ થાય છે. તેઓ ઢોલ ને 'મુસીરો' અને સ્ત્રીઓના વાજીંત્રોને 'માયમીસરા' કે 'સેલાની' કહે છે. આ ધમાલ નૃત્ય તેઓ વારે પ્રસંગે અને ખાસ કરીને ઉર્ષના ઉત્સ્વ પ્રસંગે કરે છે. શોખીન લોકો સીદીઓનું ધમાલનૃત્ય જોવા ઉર્ષના દિવસે ત્યાં જાય છે, તેમાં કેટલાક વિદેશી પ્રેક્ષકો પણ હોય છે.

## ❖ ગુણ અને ખાસીયતો

સીદીઓમાં કેટલીક ઈમાનદારી, વફાદારી શિકાર કરવાની કુશળતા, પોતાના ક્ષેત્રમાં હોંશીયારી, બુધ્ધિચાતૂર્ય,ખાનદાની વગેરે ગુણોના કારણે તેઓ રાજા–મહારાજાઓના સમયમાં ખૂબજ માન મેળવી ગયા હતા. તેથી કેટલાક સીદીઓ સૂબા અને સેનાપતિ પણ બન્યા હતા. સૌરાષ્ટ્રમાં રાજવંશી સીદી નવાબો પણ થઈ ગયા છે. તેઓ સ્વભાવે અન્ય સમુદાયો કરતા ઘણા ભોળા છે, પછાત છે. જંગલી જીવન જીવે છે. તેઓ ખેતી, પશુપાલન અને મજૂરી જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. આ લોકો કસાયેલા

શરીરવાળા હોવાથી સખત મજૂરી કરી શકે છે. આ પ્રજા વિશ્વાસુ છે. સારા ગુણો ધરાવે છે. પરંતુ બેકારી, ગરીબી, અજ્ઞાનતા, શિક્ષણનો અભાવ, સમગ્ર રીતે પછાતપણાના કારણે આજે ગીરના અન્ય ગ્રામ સમુદાયોની તુલનામાં સીદીઓ પછાત, ગરીબી અને દુ:ખી પણ છે.

## ૨.૭.૩ આર્થિક જીવન

ભારતમાં સ્વતંત્રતા પછી જુદા–જુદા પછાત જ્ઞાતિ સમુદાયોને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય પ્રજાની સમકક્ષ લાવવા માટે સરકાર દ્વારા પ્રયત્નો થયા છે. આવા સમુદાયોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ હેઠળ સમાયન્તરે રાજય દ્વારા નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે. ભારતમાં જુદા–જુદા વિસ્તારમાં વસતા પછાત સમુદાયોના થયેલ અભ્યાસોના પરિણામો દર્શાવે છે કે અન્ય સમુદાયોની તુલનામાં જંગલ વિસ્તારમાં વસતા મોટે ભાગે ખેતી, ખેત મજૂરી, પશુપાલન વગેરે પરંપરાગત પધ્ધતિ મુજબ પ્રાથમિક કક્ષાના વ્યવસાયો કરતા સમુદાયો ઘણી રીતે પછાત અને પાછળ છે. કેટલાક ક્ષત્રીય અભ્યાસો બતાવે છે કે પછાત સમુદાયોનું જીવન ધોરણ સુધારવાનો સરકારી હેતુ સિધ્ધ થતો નથી. આથી પછાત સમુદાયો પછાત જ રહયા છે.

આવા ગ્રામ સમુદાયોના વિવિધ જુથોમાં પણ આર્થિક સામાજિક પછાતપણાનો તફાવત રહેલો છે. આવા પછાત સમુદાયોમાં ગણાતી જુદી–જુદી જ્ઞાતિઓ અને જુદા–જુદા વિસ્તારોની વિકાસની કક્ષાઓ જુદી–જુદી છે.

અભ્યાસ હેઠળના ગ્ાામ સમુદાયો જંગલ પ્રદેશમાં ગીરી ટેકરીઓના

દુર્ગમ વિસ્તારમાં અને રાજયના રક્ષિત વન (અભ્યારણ્ય) વાળા વિસ્તાર માં વસતા હોવાથી અન્ય જ્ઞાતિ સમુદાયોના સંપર્કમાં ઓછા આવે છે. આથી તેઓ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે ઘણાંજ પછાત રહયા છે. અહીં જુદી–જુદી ભૌગોલીક સ્થાનિક પરિસ્થિતિના કારણે ખેતીની ડુંગરાળ, અસમાન જમીન કયાંક ફળદ્રુપતો કયાંક હલકા પ્રકારની હોવાથી, લોકો પરંપરાગત ખેત પધ્ધતિને અનુસરતા હોવાથી, રોકડીયા પાકોને બદલે ધાન્ય પાકોનું વાવેતર કરે છે. અહીં અમૃતવેલ ગામના ખેડૂતો સિવાય અન્ય ગામોના ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી નથી.

ખાસ કરીને શીરવાણ, જાંબુથાળા અને હસ્નાપુર ગામોના ખેતી વિષયક પ્રશ્નો જોઈએ તો જમીન ધારણાનો અભાવ, ખેતરનું નાનુ કદ, સિંચાઈનો અભાવ, ખેતી વિષયક પધ્ધતિની જાણકારી અને તાલીમનો અભાવ, ખેતી સાથે જોડાયલા લોકોમાં જમીન વિહોણા કુટુંબોની સંખ્યામાં વધારો, વસ્તી વધારો તથા પશુપાલનના વ્યવસાય માટે વન વિભાગ સાથે વારંવાર થતો સંઘર્ષ વગેરે કારણોસર પશુપાલનનો વ્યવસાય પણ હાડમારીઓના કારણે મંદ પડતો જાય છે. અહીં ખેતી પશુપાલન સિવાય અન્ય રોજગારીમાં આ લોકો ખેત મજૂરી તથા જંગલ મજૂરી સાથે સંકળાયેલ છે. અહીં કોઈપણ લોકો ઉધોગ, ધંધા, વેપાર, નોકરી, ટ્રાન્સપોર્ટ કે વન પેદાશો એકત્ર કરવી વગરે આર્થિક પ્રવૃતિઓમાં રોકાયેલા નથી આમ આ લોકો પોતાનો મુળ વ્યવસાય ખેતી અને પશુપાલન કરતા હોવા છતાં સંજોગોવસાત તેઓ કોઈને કોઈ પ્રકારની મજૂરી કરીને ગુજરાન ચલાવે છે.

પરંપરાગત જીવનશૈલી ધરાવતા અને જંગલ વિસ્તારમાં વસતા પછાત ગ્રામ સમુદાયોની અર્થવ્યવસ્થા સામાન્ય રીતે પોતાની પ્રાથમિક, ભૌતિક

જરૂરિયાતો પૂરી કરવા તથા કુટુંબોના સભ્યોનું ભરણપોષણ કરવા પૂરતી મર્યાદિત હોય છે. ગ્રામ સમુદાયોની અર્થવ્યવસ્થાને સમજવા માટે જુદા–જુદા અર્થશાસ્ત્રીઓ અને નૃવંશશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

(૧) 'ગ્રોસ' નું વર્ગીકરણ નીચે મુ જબના સ્તરો દર્શાવે છે.

૧) ખોરાક એકઠો કરનારની અર્થવ્યવસ્થા.

૨) પશુપાલકો તરીકે ભટકતું જીવન વીવનારાઓની અર્થવ્યવસ્થા.

૩) સ્થિર ગ્રામ અર્થવ્યવસ્થા.

૪) નાગરિક અર્થવ્યવસ્થા.

૫) મેટ્રોપોલિટન અર્થવ્યવસ્થા.

(૨) 'થર્નવાલનું' વર્ગીકરણ નીચે મુજબ છે.

૧) શિકારીઓ અને અન્ય ખોરાક એકઠો કરનાર.

૨) શિકારી અને ખેતી કરનાર

૩) શિકારી,પશુપક્ષી પકડનાર,ખેતીકરનાર તથા અન્ય કલા કારીગરવર્ગ

૪) પશુપાલકો.

૫) શિકારી તથા પશુપાલકો.

૬) પ્રજાતિના આધારે પશુપાલકો તથા વેપારીઓ.

૭) સામાજિક રીતે શ્રેણીબધ્ધ શિકારી,ખેતી કરનારા અને કારીગર વસ્તીના સમૂહો.

ઉપરોકત વ્યા ખ્યાઓના આધારે પછાત સમુદાયોની અર્થ વ્યવસ્થાના લક્ષણો જીચે મુજબ આપી શકાય.

(૧) લોકોની ભૌતિક જરૂરિયાતો પુરી કરવી.

(૨) ઉત્પાદનને વ્યવસ્થિત કરવું.

(૩) વિતરણ ને નિયંત્રિત કરવું.

(૪) સમુદાયમાં માલિકીના હકકો નકકી કરવા.

આમ દરેક સમુદાયની ભિન્ન–ભિન્ન પ્રકારની જરૂરીયાતો જોવા મળે છે. આ જરૂરિયાતો તેણે કઈ રીતે પૂર્ણ કરવી તેનો ખ્યાલ દરેક સમુદાયમાં જુદો જુદો હોય છે. આર્થિક સંગઠનના પ્રકારની દષ્ટ્રિએ આ સમુદાયોની અર્થવ્યવસ્થા પ્રાથમિક કક્ષાની હોવાથી તેઓ ઉત્પાદન અને ઉપભોગની કક્ષમાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામ સમુદાયોનો અભ્યાસ હોવાથી જુદા–જુદા ગ્રામ સમુદાયોનું સામાજિક માળખું તેઓની જ્ઞાતિ સાથે સીધી રીતે જોડાયેલું છે". બોમ્બે ગેઝેટિયર અનુસાર સો વર્ષો પહેલા ગુજરાત એ મુખ્યત્વે જ્ઞાતિઓનો પ્રદેશ હતો. જ્ઞાતિઓના આટલા વિગતવાર ભેદભાવો દેશના અન્ય કોઈ ભાગમાં પ્રર્વતતા ન હતા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ જ્ઞાતિઓમાંથી પેટા જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવતી ગઈ. આ બધી જ્ઞાતિઓ નવા નામે ઓળખાતા જ્ઞાતિઓની સંખ્યામાં વધારો થતો ગયો. "અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા ગામોમાં આઠ જ્ઞાતિ સમુદાયોનો સમાવેશ થાય છે. જેમાં પટેલ, કોળી, રબારી, સીદી, મકરાણી, હરિજન, વાઘરી અને બાવાજી જેવી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારે ઉપરોકત જ્ઞાતિઓને જુદા–જુદા પછાત વર્ગોમાં મૂકી છે. ગુજરાત લેવલે આવા વર્ગોની સ્થિતિ જોઈએ તો આ પ્રમાણે છે.

પટેલ જ્ઞાતિ કણબી તરીકે ઓળખાય છે. ૨૦ મી સદી દરમ્યાન આ ખેડૂત જ્ઞાતિની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. મોટા ભાગના પટેલ ખેડૂતો મધ્યમ વર્ગના છે. છતાં કેટલાકે શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરી વેપાર, ઉધોગ, નોકરી વગેરે ક્ષેત્રે આગળ આવી ધનિક બન્યા છે. ગુજરાતના

કેટલાક પટેલો ઉતર અમેરિકા અને યુરોપમાં જઈને વસ્યા છે. સોરાષ્ટ્રના પટેલોમાં લેઉવા અને કડવા પટેલ એવા બે પેટા વિભાગ છે. અભ્યાસ હેઠળના અમૃતવેલ ગામના પટેલ લેઉવા પટેલ છે.

કોળીઓ ૧/૧૦ ભાગ ધનિક ખેડૂતો છે. થોડાક લોકો સ્વરોજગારી વાળા વ્યવસાય અને વેપાર ધંધામાં છે. મધ્ય ગુજરાતના કોળીઓ પોતાને ક્ષત્રિય ગણાવે છે. દક્ષિણ ગુજરાતના કોળીઓ કોળી પટેલ તરીકે ઓળખાવે છે. સૌરાષ્ટ્રના કોળીઓ તરીકે ઓળખાય છે. પણ તેમાં કેટલાક પેટા વિભાગો છે. અભ્યાસ હેઠળના હસ્નાપુર ગામના કોળીઓ ચુંવાળીયા કોળીઓ છે.

અભ્યાસ હેઠળની કોળી, મકરાણી, બાવાજી, વાઘરી જ્ઞાતિઓ સામાજિક શૈક્ષણિક રીતે પછાત ગણાતી જ્ઞાતિ સમુદાયમાં આવે છે. ગુજરાતની ૮૨–જ્ઞાતિઓ આ વિભાગમાં આવે છે. ગુજરાતમાં સમુદાયોની કુલ વસ્તી લગભગ ૪૯ ટકા જેટલી છે. આમાના મોટાભાગના લોકો ગરીબ ખેડૂતો,ખેત મજૂરો, પશુપાલકો અને શહેરોના ઉધોગ ધંધામાં જોડાયેલા મજૂરો છે.

અભ્યાસ હેઠળની મકરાણી કોમ ખેતી અનેપશુપાલનનો વ્યવસાય કરે છે. જયારે બાવાજી અને વાઘરી કોમ બક્ષીપંચ પ્રકારની વિચરતી વિમુકત (રખડતી ભટકતી) જાતિમાં આવતા હોવાથી તેઓ અતિ પછાત વર્ગમાં આવે છે.

અભ્યાસ હેઠળના અમૃતવેલ ગામમાં ૫–કુટુંબો હરિજનના છે. ગુજરાતમાં તેઓ અસ્પૃશ્યો તરીકે 'અુસૂચિત જાતિ' ( **S.C**)વર્ગમાં મુકાયા છે. ગુજરાતમાં તેઓની વસ્તી ૭ % છે. મોટા ભાગના દલિતો નાના અને સિમાંત ખેડૂતો, ખેત મજૂરો અને ગ્રામ વિસ્તારોમાં બિનખેતી વિષયક મજૂરો

કે શહેરી વિસ્તારોમાં કામદારો છે.

અભ્યાસ હેઠળના અમૃતવેલ ગામના રબારીઓ અને શીરવાણ ગામના સીદીઓ આદિવાસીઓ છે. ગુજરાતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૧૫ ટકા જેટલું છે. તેમાંથી મોટા ભાગના સીમાંત ખેડૂતો અને ખેત મજૂરો છે, તો કેટલાક પશુપાલકો પણ છે.

આમ પછાત સમુદાયોના પ્રકારો લક્ષણો તેઓની અર્થવ્યવસ્થાની સામાન્ય તરાહ જોયા બાદ અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ અમૃતવેલ, શીરવાણ, જાંબુથાળા અને હસ્નાપુર ગામના ૨૧૫ કુટુંબોની અર્થવ્યવસ્થા, વ્યવસાય, આવક, ખર્ચ, દેવું વગેરેની વિગતો આ પ્રકરણમાં રજૂ કરવામાં આવી છે.

## ❖ વ્યવસાય

સામાન્ય રીતે એવુ ં માનવામાં આવે છે કે આ ગામડામાં વસતા લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. કારણકે પશુપાલન કરતા કેટલાક માલધારી તરીકે ઓળખાતા લોકો નેસ બાંધીને કાયમી વસે છે. નવાબ સરકારે વસાવેલાં કેટલાક ગામોના નામોના વસવાટ સમયે લોકોને ખેતી જમીન અને માલઢોરના ચરિયાણના અધિકારો આપી અહી વસાવ્યા હતા. ગામડાઓમાં વસતા આ સમુદાયોનો મુખ્ય વ્યવસાય ખેતીજ છે. કામના દિવસોમાં કુટુંબના બધાજ સભ્યો ખેતરમાં ખેતીના કામ પર રોકાયેલા હોય છે. આજે જેઓ જમીન ધરાવે છે, તે તેમની માલીકી નથી. પરંતુ સરકાર તરફથી ભાડા પટે મળેલી જમીનો છે. જે કુટુંબો ભાડા પટાની પણ જમીન ધરાવતા નથી તેવા લોકો અને કામનાં દિવસો સિવાય ખેડૂતો પણ વધારાના સમયગાળામાં પશુપાલન અને મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવે છે.

આમ ગામડાઓમાં ખેતી, ખેત મજૂરી અને જંગલની મજૂરી તેમજ પશુપાલનનો વ્યવસાય કરતા લોકો વસવાટ કરે છે. આથી અભ્યાસ હેઠળ આવરી

લેવાયેલા ગામોના બધાજ કુટુંબોના મુખ્ય અને ગૌણ વ્યવસાય અંગેની વિગતો સમજવી જરૂરી બને છે.

| કોઠા નં ક મુખ્ય અને ગૌણ વ્યવસાય અનુસાર કુટુંબ વર્ગીકરણ દર્શાવતો કોઠો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગામ | અમૃતવેલ | | શીરવાણ | | જાંબુથાળા | | હસ્નાપુર | | કુલ |
| વ્યવસાય | મુખ્ય | ગૌણ | મુખ્ય | ગૌણ | મુખ્ય | ગૌણ | મુખ્ય | ગૌણ | |
| ખેતી | ૪૮ | – | ૩૧ | – | ૧૬ | – | ૪૩ | – | ૧૩૮ |
| ટકા | ૬૯.૫૭ | – | ૭૩.૮૧ | – | ૭૨.૭૩ | – | ૫૨.૪૪ | – | ૬૪.૧૯ |
| પશુ પાલન | ૧૨ | ૪૪ | – | ૨૫ | ૬ | ૪ | – | ૧૬ | ૧૮ |
| ટકા | ૧૭.૩૯ | – | – | – | ૨૭.૨૭ | – | – | – | ૮.૩૭ |
| મજુરી | ૯ | ૭ | ૧૧ | ૬ | – | ૧૧ | ૩૯ | ૩૮ | ૫૯ |
| ટકા | ૧૩.૦૪ | – | ૨૬.૧૯ | – | – | – | ૪૭.૫૬ | – | ૨૭.૪૪ |
| કુલ | ૬૯ | ૫૧ | ૪૨ | ૩૧ | ૨૨ | ૧૫ | ૮૨ | ૫૪ | ૨૧૫ |
| ટકા | ૧૦૦ | – | ૧૦૦ | – | ૧૦૦ | – | ૧૦૦ | – | ૧૦૦ |

કોઠા નં. ક પ્રમાણે અભ્યાસ હેઠળના ચાર ગામોના ૨૧૫ કુટુંબોનું તેઓના મુખ્ય વ્યવસાય અને ગૌણ વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણ અનુસાર અમૃતવેલ ગામના ૪૮(૬૯.૫૭ ટકા) કુટુંબો ખેતી કરે છે. ખેતી કરનારાઓમાં બધા પટેલ જ્ઞાતિના લોકો છે. પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા બધાજ રબારી જ્ઞાતિના કુટુંબો છે. મજૂરી કરનારામાં હરિજન, બાવાજીનો સમાવેશ થાય છે. અમૃતવેલ ગામની ખેતીની જમીન  ફળદ્રુપ છે. તળમાં પાણી છે. વીજળી અને પિયતની સગવડ છે. આથી અહીંના પટેલ ખેડૂતો ગામડામાં વસતા અન્ય ખેડૂતો કરતા સારી આર્થિક સ્થિતિ સારી ધરાવે છે. અહીંની ખેતીમાં ૧૦૦ ટકા બગાયતી ખેતી છે. આ ઉપરાંત તેઓ આંતર ખેડ કરીને રોકડીયા પાકોનું વાવેતર કરે છે.

અહી મુખ્ય વ્યવસાય સિવાય અન્ય ૪૪–કુટુંબો (ખેડૂતો) ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. કંટુંબોનો એકાદ બે

વ્યક્તિ ઢોર ચરાવે છે અને જરૂર પડયે અન્ય ૭ કુટુંબો મજૂરીએ પણ જઈ આવે છે. આમ સમગ્ર રીતે જોઈએ તો ગામવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે.

શીરવાણ ગામના ૪૨ – કુટુંબોમાંથી ૩૧ (૭૩.૮૧ ટકા)કુટુંબો ખેતી કરી ગુજરાન ચલાવે છે. અહીં ખેતીમાં કોઈ કામ ન હોય કે પછી મજૂરી ન મળતી હોય તેવા સંજોગોમાં ૨૫ જેટલા કુટુંબો ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન કરે છે. આ ૨૫ કુટુંબો કોઈને કોઈ પ્રકારના દુધાળાં ઢોર ધરાવે છે. અન્ય ૬ જેટલા ખેડૂતો જરૂર પડયે મજૂરી કરી રોજગારી મેળવી લે છે. આમ, આ ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને મજૂરી છે, જયારે ગૌણ વ્યવસાય પશુપાલનનો છે.

જાંબુથાળા ગામના ૨૨ કુટુંબોમાંથી ૧૬ (૭૨. ૬૩ ટકા) કુટુંબો ખેતીનો વ્યવસાય કરે છે. ઉપરોકત ૨૨–કુટુંબોમાંથી ૧૧ કુટુંબો જરૂર પડયે મજૂરી પણ કરે છે. મોટા ભાગના મકરાણી કુટુંબો ભેંસો રાખે છે. આમ આ ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. જયારે ગૌણ વ્યવસાય મજૂરી છે.

હસ્નાપુર ગામના ૮૨ કુટુંબોમાંથી ૪૩ (૫૨.૪૪ ટકા) કંટુંબો ખેતી સાથે જોડાયેલા છે. આ ગામના ખેડૂતો પાસે ઓછી જમીન, બિનપિયત અને મોરમવાળી જમીન હોવાથી ઓછું ઉત્પાદન થતાં આખું વરસ જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બને છે. આથી લોકો મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેઓના ગૌણ વ્યવસાય તરીકે ૧૬ કુટુંબો પશુપાલન અને ૩૮–કુટુંબો જરૂર પડયે મજૂરી કરે છે.

અભ્યાસ હેઠળના ૪–ગામોના ૨૧૫ કુટુંબો માંથી ૧૩૮ (૬૪.૧૯

ટકા) કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી છે.૧૮ (૮.૩૭ ટકા) કુટુંબોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે અને ૫૯ (૨૭.૪૪ ટકા) કુટુંબોનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. આથી કહી શકાય કે મોટા ભાગના લોકો ખેતી કરે છે. પરંતુ જરૂર પડયે પશુપાલન અને મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. અહીં ખેતી વિસ્તાર હોવાથી આ વિસ્તારમાં ઢોર માટે પાણી અને ઘાંસચારાની સગવડતા મળી રહે છે. આથી આ લોકોને ઢોર રાખવાનું પોષય છે. આ રીતે પશુપાલનના ધંધામાંથી પણ તેઓ સારી એવી આવક મેળવી લેતા હતા.

અભ્યાસ હેઠળના ૪–ગામના કુલ ૨૧૫ કુટુંબોમાંથી ૧૩૮ કુટુંબ ખેતીના વ્યવસાયસાથે જોડાયેલા છે. આથી ગામવાર ખેતીની જમીનના કદના આધારે નીચે મુજબ વર્ગીકરણ કરવામાં આવ્યુ છે.

## કોઠા નં. ખ

## ખેતી ધરાવતા ખેડૂતોની જમીનના હદ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| જમીનનુંકદ | અમૃતવેલ | | શીરવાણ | | જાંબુથાળા | | હસ્નાપુર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુટુંબ | જમીન | કુટુંબ | જમીન | કુટુંબ | જમીન | કુટુંબ | જમીન | કુટુંબ | જમીન |
| ૦ થી ૫ એકર | ૩૪ | ૬૫.૪૨ | ૨૫ | ૧૦૩.૦૫ | ૧૧ | ૩૨.૭૪ | ૩૭ | ૧૪૩.૭૪ | ૧૦૭ | ૩૪૪.૯૫ |
| (ટકા) | (૭૦.૮૩) | | (૮૦.૬૪) | | (૬૮.૭૫) | | (૮૬.૦૫) | | (૭૭.૫૪) | |
| ૬ થી ૧૦ એકર | ૧૨ | ૮૬.૨૪ | ૫ | ૪૫.૨૩ | ૫ | ૨૧.૦૩ | ૬ | ૬૭.૪૮ | ૨૮ | ૨૧૯.૯૮ |
| (ટકા) | (૨૫.૦૦) | | (૧૬.૧૩) | | (૩૧.૨૫) | | (૧૩.૯૫) | | (૨૦.૨૯) | |
| ૧૧ થી ૧૫ એકર | ૨ | ૨૪.૦૩ | ૧ | ૧૨.૪૫ | – | – | – | – | ૩ | ૩૬.૪૮ |
| (ટકા) | (૪.૧૭) | | (૩.૨૩) | | – | – | – | – | (૨.૧૭) | |
| ૧૬ થી વધુ એકર | – | – | – | – | – | – | – | – | – | – |
| (ટકા) | – | – | – | – | – | – | – | – | – | – |
| કુલ | ૪૮ | ૧૭૫.૬૯ | ૩૧ | ૧૬૦.૭૩ | ૧૬ | ૫૩.૭૭ | ૪૩ | ૨૧૧.૨૨ | ૧૩૮ | ૬૦૧.૪૧ |
| (ટકા) | (૧૦૦) | | (૧૦૦) | | (૧૦૦) | | (૧૦૦) | | (૧૦૦) | |
| કુટુંબદીઠ જમીન | ૩.૬૬ એકર | | ૫.૧૮ એકર | | ૩.૩૬ એકર | | ૪.૯૧ એકર | | ૪.૩૬ એકર | |
| કુટુંબ દીઠ જમીનની વાર્ષિક આવક રૂા. | ૨૫,૧૧૪ | | ૨૦,૬૧૭ | | ૧૧,૭૧૪ | | ૧૨,૬૫૭ | | ૧૮,૬૬૯ | |

ઉપરોકત કોઠા નં. ખ અનુસાર કરવામાં આવેલ વર્ગીકરણ પ્રમાણે જોઈએ તો આ ચાર ગામોમાંથી જમીનનું વધુ કદ ધરાવતા હોય તેવા ખેડૂતો અમૃતવેલ ગામમાં વસવાટ કરે છે. જયારે ઓછું જમીનનું કદ ધરાવતા હોય તેવા ખેડૂતો હસ્નાપુર અને જાંબુથાળા ગામમાં વસવાટ કરે છે. અહીં ખેડૂત દીઠ સરેરાશ ખેતીની જમીન જોઈએ તો અમૃતવેલ ગામના ખેડૂત દીઠ ૩.૬૬ એકર, શીરવાણ ગામના ખેડૂત દીઠ ૫.૧૮ એકર,જાંબુથાળા ગામના ખેડૂત દીઠ ૩.૩૬ એકર અને હસ્નાપુર ગામના ખેડૂત દીઠ ૪.૯૧ એકર જમીન ધરાવે છે. અભ્યાસ હેઠળના ખેડૂતોમાંથી સરેરાશ એક ખેડૂત દીઠ ૪.૩૬ એકર જેટલી ખેતીની જમીન ધરાવતા હતા.

આ વર્ગીકરણ પ્રમાણે ચારેય ગામના કુલ ખેડૂતોના ૭૭.૫૪ ટકા ખેડૂતો ૦ થી ૫ એકર જેટલી ખેતીની જમીન ધરાવતા હતા.૨૦.૨૯ ટકા ખેડૂતો ૧૦ થી ૧૫ એકર જેટલી ખેતીની જમીન ધરાવતા હતા. અહીયા ૧૬ કે તેથી વધુ એકર જમીન ધરાવતા કોઈ ખેડૂતો ન હતા. આમ આ ગામડામાં વસતા ખેડૂતોમાં ૭૫ ટકા ખેડૂતો નાના ખેડૂતો છે કે જેઓ સરેરાશ ૨૦–વિઘાથી ઓછી ખેતીની જમીન ધરાવે છે. માત્ર ૩ ખેડૂતો એવા છે કે જે ૧૧–એકર થી વધુ જમીન ધરાવતા હતા.

ખેડૂતોની ખેતીની જમીનમાંથી મળતી વાર્ષિક આવકના આધારે જોતા કહી શકાય કે સૌથી વધુ અમૃતવેલ ગામના ખેડૂતો કુટુંબ દીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ/.૨૫,૧૧૪/–મેળવતા હતા. જયારે સૌથી ઓછી આવક જાંબુથાળા ગામના ખેડૂતો કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ/.૧૧, ૭૧૪/–મેળવતા હતા. ચારેય ગામોના ખેડૂતોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક

રૂ/.૧૮,૬૬૯/– જેટલી થતી હતી. ગામડામાં વસતા જુદા–જુદા સમુદાયો ખેતી, પશુપાલન અને મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવે છે. અહી ખેતી સાથે પશુપાલનનું કામ સાર્વત્રિક રીતે જોડાયેલું છે. અહી ખેતીની જમીન હોવાથી દુધાળા ઢોર તરીકે ગાય–ભેંસ રાખવાનું પોષાય છે. કારણકે ખેતરમાંથી ઘાંસ અને ચરિયાણ મળી રહે છે. પશુધનમાંથી તેઓ ખેતી માટે શકિત પુરી પાડતા સાધન તરીકે બળદ અને ગાય ભેંસ દ્રારા દૂધની આવક મેળવી લે છે. અભ્યાસ હેઠળના ચાર ગામો માં કયાં પ્રકારના કેટલા ઢોર છે. તેની વિગત કોઠા નં.ગ માં આપવામાં આવી છે.

| પશુ ઢોર પ્રકાર | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| ગાય (ટકા) | ૮૩ (૧૮.૭૪) | ૨૫ (૧૬.૫૬) | ૪૨ (૧૯.૪૪) | ૯૯ (૧૯.૭૬) | ૨૪૯ (૧૮.૯૯) |
| બળદ (ટકા) | ૪૯ (૧૧.૦૫) | ૨૨ (૧૪.૫૭) | ૨૩ (૧૦.૬૫) | ૯૮ (૧૯.૫૬) | ૧૯૨ (૧૪.૬૫) |
| વાછરડાં (ટકા) | ૨૧ (૪.૭૪) | ૨૩ (૧૫.૨૩) | ૨૨ (૧૦.૧૮) | ૭૪ (૪૪.૭૭) | ૧૪૦ (૧૦.૬૮) |
| ભેંસ (ટકા) | ૨૪૦ (૫૪.૧૮) | ૫૧ (૩૩.૭૭) | ૯૭ (૪૪.૯૧) | ૪૬ (૯.૧૮) | ૪૩૪ (૩૩.૧૧) |
| પાડરૂં (ટકા) | ૪૫ (૧૦.૧૬) | ૨૭ (૧૭.૮૮) | ૩૨ (૧૪.૮૨) | ૩૪ (૬.૭૯) | ૧૩૮ (૧૦.૫૩) |
| બકરાં (ટકા) | – | ૩ (૧.૯૯) | – | ૧૪૮ (૨૯.૫૪) | ૧૫૧ (૧૧.૫૨) |
| અન્ય (ટકા) | ૫ (૧.૧૩) | – | – | ૨ (૦.૪૦) | ૭ (૦.૫૩) |
| કુલ પશુધન (ટકા) | ૪૪૩ (૧૦૦ ) | ૧૫૧ (૧૦૦ ) | ૨૧૬ (૧૦૦ ) | ૫૦૧ (૧૦૦ ) | ૧૩૧૧ (૧૦ ૦) |
| કુટુંબ દીઠ પશુ | ૬.૪૨ | ૩.૫૯ | ૯.૮૧ | ૬.૧૦ | ૬.૦૯ |
| કુટુંબદીઠ વા.આ | ૪૦૮૦ | ૬૩૯ | ૪૭૧૦ | ૩૨૬૯ | ૩૧૬૩ |

ઉપરોક્ત કોઠા નં. ગ પર જોતા જણાય છે કે અમૃતવેલ ગામમાં કુલ પશુધન

૪૪૩ છે. શીરવાણ ગામમાં કુલ પશુધન ૧૫૧ છે. જાંબુથાળા ગામમાં કુલ પશુધન સંખ્યા ૨૧૬ જેટલી છે. જયારે હસ્નાપુર ગામમાં કુલ પશુધનની સંખ્યા ૫૦૧ છે.

ઉપરોક્ત વિગતો અનુસાર ચાર ગામના ૧૩૧૧ સંખ્યાના કુલ પશુધનના ૨૪૯ (૧૮.૮૯ ટકા ) ગાય, ૧૯૨ (૧૪.૬૫ ટકા) બળદ, ૧૪૦ (૧૦.૬૮ ટકા) વાછરડાં, ૪૩૪ (૩૩.૧૧ ટકા) ભેંસ, ૧૩૮ (૧૩.૫૩ ટકા) પાડરૂં,૧૫૧ (૧૧.૫૨ ટકા) બકરાં (૦.૫૩ ટકા) અન્ય ઘોડા, ગધેડાંનો સમાવેશ થાય છે. અહી ભેંસોની સંખ્યા સૌથી વધુ છે. ભેંસો ગીરનું મુખ્ય દુધાળું ઢોર છે. કારણકે તે અહીના જંગલી પ્રાણીઓથી પોતાનું રક્ષણ કરી શકે છે.

ઉપરોકત કોષ્ટકમાં કુટુંબદીઠ પશુધન સંખ્યા જોતા અમૃતવેલ ૬.૪૨, શીરવાણ ૩.૫૯, જાંબુથાળા ૯.૮૧ અને હસ્નાપુરમાં ૬.૧૦ છે. આ ગામોમાં સરેરાશ કુટુંબ દીઠ ઢોરની સંખ્યા ૬. ૦૯ છે.

## ❖ આવક

પશુધનમાંથી થતી દૂધ, ઘી વગેરે આવકની દષ્ટિએ જોઈએ તો અમૃતવેલ ગામમાં કુટુંબ દીઠ રૂ/.૪૦૮૦/–, શીરવાણ ગામમાં રૂ/.૬૩૯/–, જાંબુથાળા ગામમાં રૂ/.૪૭ ૧૦/– અને હસ્નાપુર ગામમાં રૂ/. ૩૨૬૯/– જેટલી વાર્ષિક આવક છે. અભ્યાસ હેઠળના ચાર ગામોના ૨૧૫ કંટુંબોના ૧૩૧૧ જેટલા પશુધનમાંથી કુટુંબ દીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ/.૩૧૬૩/– જેટલી છે.

અભ્યાસ દ્વારા જાણી શકાયુ છે કે અભ્યાસ હેઠળના ચાર ગામોના આવરી લેવાયેલા ૨૧૫ કુટુંબોમાંથી ૧૩૮ (૬૪.૧૯ટકા) કંટુંબોનો વ્યવસાય ખેતી છે. આ કુટુંબોની ખેતીની પધ્ધતિ પ્રાથમિક છે. આધુનિક ખેત ઓજારો,

સુધારેલું બિયારણ અને અન્ય માવજતના અભાવે તેઓ ખેતી ક્ષેત્રે મર્યાદિત સીમાઓમાં ગુંથાઈ રહેવાને લીધે શીરવાણ, જાંબુથાળા અને હસ્નાપુર ગામોના ખેડૂતો નાણાંકીય ક્ષેત્રમાં પ્રવેશી શકયા નથી. તેઓ નિભાવલક્ષી અર્થવ્યવસ્થામાં મુખ્યત્વે પોતાની જરૂરિયાતો પુરી કરવા માટેજ ખેતી કરતા હોય તેવું લાગે છે. અહીં કમાવાનો હેતુ ગૌણ હોય છે. આથી જ તેઓએ ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય સ્વીકાર્યો છે. કેટલાક લોકો મજૂરી પણ કરે છે.

જેઓ ખેત મજૂરી કે જંગલ મજૂરી કરે છે. તેવા લોકો પણ આંતરરાષ્ટ્રીય શ્રમના સિધ્ધાંત પ્રમાણે અને કાયદા પ્રમાણે મજૂરી મેળવી શકતા નથી. અભ્યાસ હેઠળના ૧૮ (૮.૩૭ ટકા) પશુપાલન અને ૫૯ (૨૭.૪૪ટકા) કોઈને કોઈ પ્રકારની મજૂરી કરીને આવક મેળવીને ગુજરાન ચલાવે છે.

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા કુટુંબોની રૂબરૂ મુલાકાત દરમ્યાન તેઓએ જણાવ્યું કે અહીં દુધ મંડળીઓ નથી. બહારના વાહનો દુધ લેવા આવી શકતાં નથી ઢોરનું ખાણ–દાણ કે ચારો વાહનમાં લઈ આવવામાં રસ્તા ખરાબ વાહનોને અટકાવે છે. ઢોરનું છાણ ખાતર તરીકે કોઈને વેંચી શકાતુ નથી. ગામડાના કાયદા મુજબ ઢોરને અમુક અંતરથી આગળ ચરવા માટે લઈ જવાતા નથી. અમુક અંતરેથી ઘાંસ વાઢવાની પણ મનાઈ છે. આથી પશુપાલનના વ્યવસાયમાં હવે કેટલીક મુશ્કેલીઓ પડે છે. ઉપરોક્ત કારણોસર વારંવાર સંઘર્ષ થાય છે. તેને કારણે માલધારીઓએ અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે.

## ❖ આર્થિક રીતે આધારિત વસ્તી

કોઈપણ સમાજની આર્થિક પ્રગતિનો આધાર જેતે સમાજમાં કામ કરનારાઓ અને કામ નહિ કરનારા આધારિત લોકોની સંખ્યા પર રહેલ છે. જયાં આધારિત (આશ્રિતો)નું પ્રમાણ વધુ હોય છે, ત્યાં આર્થિક વિકાસ રૂંધાય છે. ગ્રામ સમાજમાં મોટે ભાગે સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધોએ પોતાના નિભાવ માટે અન્ય પર આધાર રાખવો પડે છે. પરિણામે આવા લોકો કુટુંબના અન્ય કામ કરતા સભ્યો માટે આર્થિક રીતે બોજારૂપ બનતા હોય છે. આર્થિક સંકડામણ અનુભવતા નિમ્ન–મધ્યમ વર્ગના કુટુંબોએ ખોરાક, પોશાક અને અન્ય જીવન જરૂરિયાતની બાબતો પર કાપ મુકવો પડે છે. સ્ત્રીઓ અને બાળકોએ ગમે તેવી પરિસ્થિતિમાં કમાવવા જવું પડે છે. પરિણામે સ્ત્રીઓનું આરોગ્ય જોખમાય છે. બાળકો શિક્ષણ મેળવી શકતા નથી. આમ જયાં કામ કરનારાઓનું પ્રમાણ વધુ હોય અને આશ્રિતોનું પ્રમાણ ઓછું હોય ત્યારે આર્થિક વિકાસનો દર ઉંચો રહે છે. આથી આ અભ્યાસમાં આર્થિક રીતે અન્ય પર આધારિત વસ્તી અંગેનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા ચાર ગામોના ૨૧૫ કુટુંબોમાં કુલ વસ્તીમાંથી કામ કરનારા અને નહીં કરનારાઓનું વર્ગીકરણ તેમજ કામના પ્રકારના આધારે કામ કરનાર સ્ત્રીઓ પુરૂષોનું વર્ગીકરણ કોઠા નં :– ધ માં કરવામાં આવ્યું છે.

## કોઠા નં:– ધ
## કામ કરનાર અને નહીકરનાર વસ્તીનું વર્ગીકરણ દર્શાવતો કોઠો.

| ગામનું નામ | કામકરનાર | | કામ નહીકરનાર | | કુલ સંખ્યા | | કુલ વસ્તી |
|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | |
| અમૃતવેલ | ૧૧૯ | ૮૨ | ૧૩૮ | ૧૫૮ | ૨૫૭ | ૨૪૦ | ૪૯૭ |
| (ટકા) | (૪૬.૩૦) | (૩૪.૧૭) | (૫૩.૭૦) | (૬૫.૮૩) | (૧૦૦) | (૧૦૦) | |
| શીરવાણ | ૭૪ | ૫૪ | ૮૬ | ૯૮ | ૧૬૦ | ૧૫૨ | ૩૧૨ |
| (ટકા) | (૪૬.૨૫) | (૩૫.૫૩) | (૫૩.૭૫) | (૬૪.૪૭) | (૧૦૦) | (૧૦૦) | |
| જાંબુથાળા | ૩૮ | ૨૮ | ૫૯ | ૬૨ | ૯૭ | ૯૦ | ૧૮૭ |
| (ટકા) | (૩૯.૧૮) | (૩૧.૧૧) | (૬૦.૮૨) | (૬૮.૮૯) | (૧૦૦) | (૧૦૦) | |
| હસ્નાપુર | ૧૪૦ | ૧૨૩ | ૨૫૭ | ૨૯૮ | ૩૯૭ | ૪૨૧ | ૮૧૮ |
| (ટકા) | (૩૫.૨૬) | (૨૯.૨૨) | (૬૪.૭૪) | (૭૦.૭૮) | (૧૦૦) | (૧૦૦) | |
| કુલ | ૩૭૧ | ૨૮૭ | ૫૪૦ | ૬૧૬ | ૯૧૧ | ૯૦૩ | ૧૮૧૪ |
| (ટકા) | (૪૦.૭૨) | (૩૧.૭૮) | (૫૯.૨૮) | (૬૮.૨૨) | (૧૦૦) | (૧૦૦) | |

ઉપરોક્ત કોઠા નં: ધ ઉપરથી જણાય છે કે અભ્યાસ હેઠળની કુલ વસ્તીના ૯૧૧ પુરૂષોમાં થી ૩૭૧ (૪૦.૭૨ ટકા) કામ કરનારા પુરૂષો છે અને કુલ ૯૦૩ સ્ત્રીઓમાંથી ૨૮૭ (૩૧.૭૮ ટકા) કામ કરનારી સ્ત્રીઓ છે.

ગામવાર કામ કરનારઓની સંખ્યા જોઈએ તો અમૃતવેલ ગામના કુલ પુરૂષોમાંથી ૪૬.૩૦ ટકા પુરૂષો અને ૩૪.૧૭ ટકા સ્ત્રીઓ કામ કરનાર છે. શીરવાણ ગામના કુલ પુરૂષોમાંથી ૪૬.૨૫ ટકા અને કુલ સ્ત્રીઓમાંથી ૩૧.૧૧ ટકા કામ કરનાર છે. જાંબુથાળા ગામના કુલ પુરૂષો માંથી ૩૯.૧૮ ટકા અને કુલ સ્ત્રીઓમાંથી ૩૧.૧૧ ટકા કામ કરનાર છે. હસ્નાપુર ગામના કુલ પુરૂષોમાંથી ૩૫.૨૬ ટકા કુલ સ્ત્રીઓમાંથી ૨૯.૨૨ ટકા સ્ત્રીઓ કામ કરનાર છે.

ઉપરોક્ત કામ કરન ારાઓમાંથી અમૃતવેલ, શીરવાણ અને જાંબુથાળા ગામના મોટાભાગના પુરૂષો ખેતીકામ સાથે જોડાયેલા છે. જયારે હસ્નાપુર ગામના પુરૂષો ખેતી ઉપરાંત મજૂરી કામમાં સંકળાયેલા છે. કામ કરનારી સ્ત્રીઓ મોટેભાગે ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં મદદરૂપ થતી હોય છે. જરૂર પડયે મજૂર કુટુંબની સ્ત્રીઓ મજૂરી કામે પણ જતી હોય છે. આ ઉપરાંત સ્ત્રીઓ ધરકામ, બળતણનાં લાકડાં લાવવા, ઢોર માટે ધાંસચારો લાવવો, ઢોરનું વાસીદુ કરવા જેવા કામમાં રોકાયેલી હોય છે.

વર્ષ–૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે રાજયની કુલ વસ્તીમાં કામ કરનારાઓની સંખ્યા ૩૯.૧૪ ટકા હતી, બાકીના કામ નહી કરનાર ા આશ્રિતો હતા. રાજયનું જાતિવાર વર્ગીકરણ કરતાં પુરૂષોમાં ૫૫.૧૪ ટકા અને સ્ત્રીઓમાં ૨૨.૭૩ ટકા કામ કરનારાઓનું પ્રમાણ હતું. બાકીના કામ નહી કરનારા આશ્રિતો હતા.

આમ સામાન્ય સમાજમાં કામ કરનારાઓની દષ્ટિએ ગ્રામ સમુદાયોમાં કામ કરનારાઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. અહી પુરૂષો અને સ્ત્રીઓમાં પણ કામ કરનારા ઓની સંખ્યા વધુ જોવા મળી છે. આમ છતાં આ સમુદાયોમાં ઓછી આવક, ગરીબી, બેકારી વગેરે કરણોસર ધરના નાના મોટા સ્ત્રી–પુરૂષ બધાજ સભ્યોને કોઈને કોઈ કામે જવું પડતું હોય છે. આથીજ કામ કરનારાઓનું પ્રમાણ વધુ છે. નાના બાળકો એક યા બીજા પ્રકારે કોઈને કોઈ કામમાં રોકાયેલાં હોવાથી શિક્ષણ લઈ શકતાં નથી અથવા તો ભણવાનું છોડી દે છે.

| ગામ | ખેતી | | પશુપાલન | | મજૂરી | | અન્ય | | કામ કરનારા કુલ | | કુલ (ટકા) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | |
| અમૃતવેલ | ૮૧ | ૫૧ | ૨૧ | ૧૯ | ૧૫ | ૧૨ | ૨ | – | ૧૧૯ (૩૨.૦૮) | ૮૨ (૨૮.૫૭) | ૨૦૧ (૩૦.૫૫) |
| શીરવાણ | ૫૪ | ૩૯ | – | – | ૨૦ | ૧૫ | – | – | ૭૪ (૧૯.૯૫) | ૫૪ (૧૮.૮૧) | ૧૨૮ (૧૯.૪૫) |
| જાંબુથાળા | ૨૬ | ૧૭ | ૧૨ | ૧૧ | – | – | – | – | ૩૮ (૧૨.૨૩) | ૨૮ (૯.૭૬) | ૬૬ (૧૦.૦૩) |
| હસ્નાપુર | ૭૧ | ૫૪ | ૮ | ૭ | ૫૮ | ૬૨ | ૩ | – | ૧૪૦ (૩૭.૭૪) | ૧૨૩ (૪૨.૮૬) | ૨૬૩ (૩૯.૯૭) |
| કુલ સંખ્યા | ૨૩૨ | ૧૬૧ | ૩૧ | ૩૭ | ૮૩ | ૮૯ | ૫ | ૦ | ૩૭૧ (૧૦૦) | ૨૮૭ (૧૦૦) | ૬૫૮ (૧૦૦) |
| એકંદરે કુલ (ટકા) | ૩૯૩ (૫૯.૭૩) | | ૬૮ (૧૧.૮૫) | | ૧૮૨ (૨૭.૬૬) | | ૫ (૦.૭૬) | | ૬૫૮ (૧૦૦) | | |

કોઠા નં. ચ જોતા સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ગામોના કુટુંબોમાં કામના પ્રકારના આધારે કામ કરનારા સ્ત્રી–પુરૂષોની સંખ્યા જે રીતે જોવા મળે છે, તેની ગામવાર અને જાતિ ( **SEX**)વાર વિગતો આ પ્રમાણે છે.

અભ્યાસ હેઠળના ૪–ગામોના કુલ કામ કરનારા લોકોની સંખ્યા ૬૫૮ છે, જેમાં ૩૭૧ પુરૂષો અને ૨૮૭ સ્ત્રીઓ છે. અહી સૌથી વધુ કામ કરનાર પુરૂષો હસ્નાપુર ગામમાં ૧૪૦ (૩૭.૭૪ટકા) અને સૌથી ઓછા કામ કરનારા પુરૂષો જાંબુથાળા ગામમાં ૩૮ (૧૨.૨૩ટકા)નો સમાવેશ થાય છે. જયારે સ્ત્રીઓમાં પણ સૌથી વધુ હસ્નાપુર અને સૌથી ઓછી જાંબુથાળા ગામની સ્ત્રીઓ છે.

ગામવાર કામના પ્રકારના આધારે વર્ગીકરણ કરતાં જણાય છે કે કુલ કામ કરનારાઓની સંખ્યા ૬૫૮ માંથી ખેતીક્ષેત્રે ૩૯૩ (૫૯.૭૩ટકા) પશુપાલન ક્ષેત્રે ૬૮ (૧૧.૮૫ ટકા), મજુરી ક્ષેત્રે ૧૮૨ (૨૭.૬૬ટકા) અને અન્ય વ્યવસાયમાં ૫(૦.૭૬ટકા) લોકો જોડાયેલા છે.

ગામડાઓમાં ખેતી ક્ષેત્રે રોકાયેલા લોકોની સંખ્યા સૌથી વધુ છે. મજુરી ક્ષેત્રે રોકાયેલા લોકોમાં હસ્નાપુર ગામની વસ્તી વધુ છે. ખેતી ક્ષેત્રે રોકાયેલાઓમાં અમૃતવેલ ગામની વસ્તી વધુ છે. જયારે પશુપાલન ક્ષેત્રે જાંબુથાળાના મકરાણીઓની સંખ્યા વધુ છે. આથી કહી શકાય કે અમૃતવેલ ગામની ખેતી સારી છે. જયારે શીરવાણ ગામની ખેતી ઉપજાવ તો છે પરંતુ સીદીઓ પરંપરાગત પધ્ધતિથી ખેતી કરતા હોવાથી આ ક્ષેત્રે ઓછો વિકાસ થયો છે. આ લોકો પુરક વ્યવસાય તરીકે પશુપાલન અને મજૂરી પણ કરે છે. જાંબુથાળા ગામે મહદઅંશે ખેતીતો છે જ પરંતુ મકરાણીઓને પશુપાલનનો વ્યવસાય વધારે અનુકૂળ આવતાં અહીના ખેડૂત કુટુંબો પણ ભેંસો રાખે છે.

હસ્નાપુર ગામની ખેતીની જમીન સારી ન હોવાથી, લોકો આળસુ હોવાથી વગેરે કારણોસર અહીં ખેતી પશુપાલન જેવા વ્યવસાયને બદલે મજૂરી કામે જનારાઓની સંખ્યા વધુ જોવા મ ળી છે.

## ❖ આવક

"વ્યકિતએ પોતાનું જીવન ટકાવવા આવશ્યક એવો ખોરાક, રહેઠાણ, પોશાક અને અન્ય પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે યોગ્ય આવક ઉભી કરવી પડે છે. જો જરૂરી આવક કરતાં ઓછી આવક મળે તો તેવી વ્યકિતને ગરીબીની રેખા નીચે જીવતી વ્યકિત તરીકે ઓળખાવી શકાય છે. ભારતમાં આશરે ૪૦ ટકા વસ્તી ગરીબીની રેખા નીચે જીવે છે. ગરીબીની નાબુદી માટે રાષ્ટ્રીય આવક વૃધ્ધિની સાથે સાથે માથાદીઠ આવકમાં પણ વૃધ્ધિ થતી રહેવી જોઈએ. જે આર્થિક ક્ષેત્રે વિકાસ સાધ્યા વિના શકય નથી. આ માટે આર્થિક ક્ષેત્રે રોકાણો વધારવાં જરૂરી બને છે.

ગ્રામ સમંદાયયોની આર્થિક સ્િ થતિ તપાસવા માટે આ લોકોના આવકનાં સાધનો અને તેમાંથી મળતી આવકનું પ્રમાણ, આવકની જુથોમાં વહેંચણી અને આવશ્યક ઓછામાં ઓછી આવક અંગેનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે.

અહીં મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને મજૂરી હોવાથી ખેડૂતોની આવકનો મુખ્યભાગ ખેત ઉત્પાદનમાંથી વસ્તુના સ્વરૂપે મળે છે પશુપાલનની આવક પણ દૂધ ઉત્પાદન સ્વરૂપે મળે છે. અહીં આવકના આંકડાની વિશ્વાસપાત્રતા અને ખેતી પશુપાલન કે મજૂરી ક્ષેત્રે કામ કરનાર વ્યકિતની કામની ચોકકસ કિંમત કાઢવી અશકય બને છે. પ્રસ્તુત અભ્યાસમાં આ

સમુદાયોના આર્થિક જીવનને સમજવા માટે તેઓની આવકના સાધનો કુટુંબદીઠ, વ્યકિતદીઠ સરેરાશ આવક, લઘુતમ આવકમાં જીવતા કુટુંબો અને વસ્તી વગેરેનું અહી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

અભ્યાસ હેઠળના ચારેય ગામદીઠ જુદા–જુદા વ્યવસાયમાંથી સરેરાશ વાર્ષિક આવક જાણી રકાય છે. અભ્યાસ હેઠળના ચાર ગામોની જુદા– જુદા વ્યવસાયોમાંથી મળતી વાર્ષિક આવક રૂ/.૩૯,૩૬,૨૭૨ /– જેટલી છે. આ કુલ આવકમાંથી કુલ ૨૧૫ કુટુંબોમાના ૧૩૮ કુટુંબો ખેતીના વ્યવસાયમાં જોડાયેલા છે. અહીં ખેતીમાંથી તેઓ કુલ આવકના ૬૫.૪૫ ટકા આવક મેળવે છે. પશુપાલનમાંથી તેઓ કુલ આવકના ૧૭.૨૮ ટકા આવક મેળવે છે. અને ખેતીની મજૂરી તથા અન્ય છૂટક મજૂરીમાં થી તેઓ કુલ આવકના ૧૭.૨૭ ટકા જેટલી આવક મેળવે છે. આમ સરેરાશ અહી ખેતીની આવકનો હિસ્સો મોટો છે. જયારે પશુપાલન અને મજૂરીમાંથી મળતી આવકનું પ્રમાણ લગભગ સમાન રહયું છે. ગામવાર જુદા–જુદા વ્યવસાયોમાંથી આવકનું વર્ગીકરણ કોઠા નં:– ૭ પ્રમાણે કરતાં નીચે મુજબની વિગતો જોવા મળે છે.

કોઠા નં ૭

જુદા–જુદા વ્યવસાયમાંથી ગામદીઠ સરેરાશ વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| વ્યવસાય | મૃતવેલ | | શીરવાણ | | જાંબુથાળા | | હસ્નાપુર | | કુલ આવક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુ. | આવક | કુ. | આવક | કુ. | આવક | કુ. | આવક | કુ. | આવક |
| ખેતી (ટકા) | ૪૮ (૭૩.૯૪) | ૧૨૦૫૪૯૦ | ૩૧ (૭૪.૨૦) | ૬૩૯૧૩૬ | ૧૬ (૬૦.૩૨) | ૧૮૭૪૨૪ | ૪૩ (૪૮.૦૦) | ૫૪૪૨૩૦ | ૧૩૮ (૬૫.૪૫) | ૨૫૭૬૨૮૦ |
| પશુપાલન (ટકા) | ૧૨ (૧૭.૨૭) | ૨૮૧૫૪૪ | પુરક (૩.૧૨) | ૨૬૮૪૨ | ૬ (૩૩.૩૬) | ૧૦૩૬૪૦ | પુરક (૨૩.૬૪) | ૨૬૮૦૭૨ | ૧૮ (૧૭.૨૮) | ૬૮૦૦૯૮ |
| મજૂરી (ટકા) | ૯ (૮.૭૯) | ૧૪૩૨૯૮ | ૧૧ (૨૨.૬૮) | ૧૯૫૪૪૨ | પુરક (૬.૩૨) | ૧૯૬૪૨ | ૩૯ (૨૮.૩૬) | ૩૨૧૫૧૨ | ૫૯ (૧૭.૨૭) | ૬૭૯૮૯૪ |
| કુલ આવક (ટકા) | ૬૯ (૧૦૦) | ૧૬૩૦૩૩૨ | ૪૨ (૧૦૦) | ૮૬૧૪૨૦ | ૨૨ (૧૦૦) | ૩૧૦૭૦૬ | ૮૨ (૧૦૦) | ૧૧૩૩૮૧૪ | ૨૧૫ (૧૦૦) | ૩૯૩૬૨૭૨ |

કોઠા નં. ૭ અનુસાર અમૃતવેલ ગામના કુલ ૬૯ કુટુંબોની કુલ વાર્ષિક આવક રૂા.૧૬,૩૦, ૩૩૨/– જેટલી છે. ખેતીક્ષેત્રે રોકાયેલા ૪૮ કુટુંબોની ખેતીની આવક ગામની કુલ આવક ના ૭૩.૯૪ ટકા છે. બાકીના આવક પશુપાલન અને મજૂરી કામમાં રોકાયેલા ૯–કુટુંબોની આવક છે.

શીરવાણ ગામના કુલ ૪૨ કુટુંબોની જુદા જુદા વ્યવસાયોમાંથી મળતી કુલ વાર્ષિક આવક રૂ/.૮,૬૧,૪૨૦/–જેટલી છે. અહીં ખેતી ક્ષેત્રે રોકાયેલા ૩૧ કુટુંબોની આવક ગામની કુલ આવકના ૭૪.૨૦ ટકા છે. ખેડૂતો અને મજૂરો પૂરક વ્યવસાય તરીકે પશુપાલન કરતા હોવાથી તેની આવકનો હિસ્સો ૩.૧૨ ટકા જેટલો છે.

જાંબુથાળા ગામના કુલ ૨૨ કુટુંબોની જુદાજુદા વ્યવસાયોમાંથી મળતી કુલ વાર્ષિક આવક રૂ/.૩,૧૦,૭૦૬/– જેટલી છે. ખેતી ક્ષેત્રે જોડાયેલા કુલ ૧૬–કુટુંબોની આવક ગામની કુલ આવકના ૬૦.૩૨ ટકા છે. ઉપરોકત ખેડૂતો અને પશુપાલકો ગૌણ વ્યવસાય તરીકે મજૂરી કરતા હોય અહીં ૬.૩૨ ટકા આવક મજૂરીની આવકનો હિસ્સો છે.

હસ્નાપુર ગામના કુલ ૮૨ કુટુંબોની વાર્ષિક આવક રૂ/.૧૧,૩૩,૮૧૪ જેટલી છે. કુલ આવકમાંથી ખેતી ક્ષેત્રે જોડાયેલા લોકોની ૪૮ ટકા, મજૂરી ક્ષેત્રે ૨૮.૩૬ ટકા અને ગૌણ વ્યવસાય માંથી ૨૩.૬૪ જેટલી આવક ધરાવે છે .

આમ કોઈપણ સમુદાયની આર્થિક સ્થિતિ અને સમાજજીવન અંગેની વિગતો તપાસવી હોય તો તેવા સમુદાયોની આવકના સાધનો કે વ્યવસાયો અને તેના દ્વારા થતી આવકનું પ્રમાણ, આવકની રોજગારીના ક્ષેત્રોવાર વહેંચણી અને આવશ્યક લઘુતમ આવક અંગે જાણવું જરૂરી છે.

કુટુંબની કુલ આવક અને તેની ઉપર આધારિત કમાનારાઓની આવક મળીને ભેગી થાય છે. અહી આવકનું મુખ્ય સાધન ખેતી છે અને ખેડૂત કુટુંબોની આવકનો મુખ્ય ભાગ ખેત ઉત્પાદનમાંથી વસ્તુના રૂપમાં મળે છે. તેથી ખેતીની પ્રવૃતિ ઉપર જે ખર્ચ કરવો પડે છે તે આવકમાંથી બાદ કરવાથી ચોખ્ખી આવક મળે છે.આવકના આંકડાની વિશ્વાસપાત્રતા અને ખેતીના કામમાં કુટુંબની કમાનાર વ્યકિતઓના કામની ચોકકસ કિંમત કાઢવી કે નકકી કરવી અશકય છે.

આથી અહીં આ સમુદાયોના આર્થિક જીવનને સમજવા માટે જુદા–જુદા વ્યવસાય સાથે જોડાયેલા કુટુંબો અને તેમાંથી મળતી વાર્ષિક આવકનું અહી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

અભ્યાસ હેઠળના કેટલાંક કુટુબો ખેતીની સાથે પશુપાલન પણ કરે છે. તેઓ ગાય, ભેંસ જેવા દુધાળા ઢોર રાખે છે. અહી વિસ્તારમાંથી ઢોરનો ધાંસ ચારો મળી રહેતો હોય આ વ્યવસાય અહીં ખુબજ અનુકૂળ છે. આ ઉપરાંત અહીં કેટલાક કુટુંબો ખેત મજૂરી અને મજૂરીના કામે જાય છે. સામાન્ય રીતે આ લોકો ખેત મજૂરી માટે આજુ બાજુના મહેસુલી ગામોના ખેડૂતોના ખેતરે કામે જાય છે. કામની મોસમ અને મજૂરોની માંગ અનુસાર તેઓને ૨૦–રૂપિયાથી લઈને ૫૦–રૂપિયાની દૈનિક મજૂરી મળતી હોવાનું જણાવે છે. કેટલાક લોકો જંગલ ખાતા તરફથી રસ્તા રીપેરીંગ, વૃક્ષો કાપવા, નર્સરી, ચણતર, વન્ય પ્રાણી અને અન્ય જંગલ સબંધિત કામો કરવા જંગલખાતામાં મજૂરીએ પણ જાય છે.

ઉપરોકત કોષ્ટક અનુસાર ખેતીમાંથી સૌથી વધુ આવક અમૃતવેલ અને શીરવાણ ગામના ખેડૂતો મેળવે છે. પશુપાલનમાંથી સૌથી વધુ આવક

જાંબુથાળાના મકરાણી માલધારીઓ મેળવે છે. અને મજૂરી કરનારાઓનું સૌથી વધુ પ્રમાણ હસ્નાપુર ગામવાસીઓનું છે.

કોઠા નં ૪

કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| વિગત | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| કુલ કુટુંબ | ૬૯ | ૪૨ | ૨૨ | ૮૨ | ૨૧૫ |
| કુલ વસ્તી | ૪૯૭ | ૩૧૨ | ૧૮૭ | ૮૧૮ | ૧૮૧૪ |
| ગામની કુલ આવક રૂપિયા | ૧૬૩૦૩૩૨ | ૮૬૧૪૨૦ | ૩૧૦૭૦૬ | ૧૧૩૩૮૧૪ | ૩૯૩૬૨૭૨ |
| કુટુંબ દીઠ વા.આ. રૂ. | ૨૩૬૨૮ | ૨૦૫૧૦ | ૧૪૧૨૩ | ૧૩૮૨૭ | ૧૮૩૦૮ |
| માથાદીઠ વા.આ.રૂ. | ૩૨૮૦ | ૨૭૬૧ | ૧૬૬૨ | ૧૩૮૬ | ૨૧૭૦ |

કોઠા નં. ૪ માં અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા ચાર ગામના બધાજ કુટુંબોની જુદા–જુદા વ્યવસાયના આધારે મળતી કુલ આવકમાંથી કુટુંબ દીઠ વાર્ષિક આવક અને માથાદીઠ વાર્ષિક આવકનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેની વિગતો આ પ્રમાણે છે.

અમૃતવેલ ગામમાં સૌથી વધુ વસ્તી પટેલ જ્ઞાતિની છે. અહીં કુલ ૬૯ કુટુંબોની ૪૯૭ જેટલી વસ્તી છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ સાથે તેઓ પશુપાલનનો વ્યવસાય કરે છે. જરૂરિયાત અનુસાર કેટલાંક કુટુંબો મજૂરી પણ કરે છે. અહીં જુદા–જુદા વ્યવસાયોમાંથી મળતી ગામની કુલ વાર્ષિક આવકનું કુટુંબદીઠ વિભાજન કરતાં રૂ/.૨૩,૬૨૮/– થાય છે.કુલ આવકનું માથાદીઠ વિભાજન કરતાં એક વ્યકિત દીઠ વાર્ષિક આવક રૂ/.૩૨૮૦/– જેટલી થાય છે.

શીરવાણ ગામ ૧૦૦ ટકા સીદી આદીવાસીઓની વસ્તી ધરાવતુંગામ છે. ગામના કુલ ૪૨ કુટુંબોની ૩૧૨ જેટલી વસ્તી છે. અહી મોટા ભાગના કુટુંબો ખેતી સાથે જોડાયેલા છે. બાકીના મજૂરી કરે છે. ખેડૂતો અને મજૂરો ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન પણ કરે છે. અહીં જુદા–જુદા વ્યવસાયોમાંથી મળતી ગામની કુલ વાર્ષિક આવકનું કુટુંબદીઠ વિભાજન કરતા થતી આવક રૂ/.૨૦, ૫૧૦/– અને માથાદીઠ વાર્ષિક આવક રૂ/.૨,૭૬૧/–જેટલી થાય છે.

જાંબુથાળા ગામ ૧૦૦ ટકા મકરાણી કોમની વસ્તી ધરાવે છે. ગામ ના કુલ ૨૨–કુટુંબોની ૧૮૭ જેટલી વસ્તી છે. અહીં ખેતી, પશુપાલન અને જરૂરિયાત હોય ત્યારે મજૂરી કરતા કુટુંબો વસે છે. આ ગામની જુદા–જુદા વ્યવસાયમાંથી થતી વાર્ષિક આવકનું કુટુંબ દીઠ વિભાજન કરતા વાર્ષિક આવક રૂ/.૧૪,૧૨૩/– અને માથાદીઠ વાર્ષિક આવક રૂ/.૧૬૬૨ જેટલી થાય છે.

હસ્નાપુર ગામમાં ૮૦ ટકા વસ્તી કોળીઓની છે.ગામના કુલ ૮૨ કુટુંબોની ૮૧૮ જેટલી વસ્તીની જુદા–જુદા વ્યવસાયોમાંથી મળતી વાર્ષિક આવકનું કુટુંબ દીઠ વિભાજન કરતાં વાર્ષિક આવક રૂ/.૧૩૮૨૭/–અને માથાદીઠ વાર્ષિક આવક રૂ/.૧૩૮ ૬ જેટલી થાય છે.

આમ આવકની દ્રષ્ટિએ સૌથી વધુ અમૃતવેલ ગામ અને સૌથી ઓછી આવક હસ્નાપુર ગામની છે. અમૃતવેલ ગામનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અહીં ખેતીની આવક સારી છે. ખેડૂતોની સ્થિતિ સારી છે. જયારે હસ્નાપુર ગામની ખેતી નબળી છે, ઉપજ થતી નથી લોકોએ મજૂરીની આવક પર આધાર રાખવો પડે છે.

કોઠા નં ઝ

વાર્ષિક આવક મર્યાદા પ્રમાણે કુટુંબવર્ગ રચના દર્શાવતો કોઠો

| આવક મર્યાદા | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| રૂ/.૧૦૦૦ થી ઓછી | – | – | – | – | – |
| રૂ/.૧૦૦૧થી રૂ/.૨૦૦૦૦ | ૩૯ (૫૬.૫૨) | ૨૪ (૫૭.૧૫) | ૧૬ (૭૨.૭૩) | ૪૮ (૫૮.૫૪) | ૧૨૭ (૫૯.૦૭) |
| રૂ/.૨૦૦૦૧થી રૂ/.૫૦૦૦૦ | ૧૮ (૨૬.૦૯) | ૧૦ (૨૩.૮૧) | ૬ (૨૭.૨૭) | ૨૩ (૨૮.૦૫) | ૫૭ (૨૬.૫૧) |
| રૂ/.૫૦૦૦૧ થી વધુ | ૧૨ (૧૬.૩૯) | ૮ (૧૯.૦૪) | – – | ૧૧ (૧૩.૪૧) | ૩૧ (૧૪.૪૨) |
| કુલ | ૬૯ (૧૦૦) | ૪૨ (૧૦૦) | ૨૨ (૧૦૦) | ૮૨ (૧૦૦) | ૨૧૫ (૧૦૦) |

કોઠા નં. ઝ માં અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા કુટુંબોની વાર્ષિક આવક મર્યાદા પ્રમાણે કુટુંબ વર્ગરચના દર્શાવવામાં આવી છે. આ કોઠા દ્વારા અભ્યાસ હેઠળના કુટુંબોની આર્થિક સ્થિતિ ગરીબ, બિનગરીબ તેમજ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોનો ખ્યાલ મળે છે.

આવક જુથની દષ્ટિએ અહી આવ કનું વર્ગીકરણ જુદા–જુદા ચાર જૂથોમાં કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ જૂથમાં રૂ/.૧૦૦૦/–થી ઓછી વાર્ષિક આવક ધરાવતાં કોઈ કુટુંબ માલુમ પડયા નથી. જયારે નવમી પંચવર્ષિય યોજનાની ગરીબી રેખાના માપદંડ અનુસાર જે કુટુંબની વાર્ષિક આવક રૂ/. ૨૦,૦૦૦/–થી ઓછી હોય અથવા માસિક આવક રૂ/.૧,૭૦૦/– થી ઓછી હોય તેવા કુટુંબને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો ગણવામાં આવ્યા છે. અભ્યાસ હેઠળના કુટુંબોમાંથી ૫૯.૦૭ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો છે. રૂ/.૨૦૦૦૧/– થી રૂ/.૫૦૦૦૦/–સુધી આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૨૬.૫૧ ટકા જેટલું છે, કે જેઓ ગરીબ તો છે પણ

તેઓ પોતાની પ્રાથમિક જીવન જરૂરિયાત જેવી કે ખોરાક, પોશાક, રહેઠાણ વગેરે મેળવી શકે છે. આવા કુટુંબોમાં જયારે કોઈ બિમારી, સામાજિક–કૌટૂંબિક પ્રસંગ, અકસ્માત વગેરે જેવો આકસ્મિક ખર્ચ આવી જાય ત્યારે તેઓએ આર્થિક મુશ્કેલીઓ ભોગવવી પડે છે. અહી રૂ/.૫૦૦૦૦૧/–થી વધુ આવક ધરાવતાં બધાં કુટુંબો ખેડૂતો છે. જેઓનું પ્રમાણ ૧૪.૪૨ ટકા જેટલું છે. આવા કુટુંબોની આર્થિક સ્થિતિ મધ્યમ કક્ષાની કંઈક અંશે સારી ગણાવી શકાય, કારણકે આ લોકો પોતાના કામના ક્ષેત્રમાં ખાતર, દવા, બિયારણ, સિંચાઈ ખાણદાણ વગેરેમાં ખર્ચ કરીને આવક મેળવી શકે છે. આ ખેડૂતો અહીંની સ્થાનિક અર્થવ્યવસ્થા અનુસાર પૈસાદાર ગણાય છે. કારણકે તેઓ બાગ–બગીચાને સિંચાઈ વાળી ખેતી ધરાવે છે.

આ ગામમાં લોકોની મિલ્કતમાં ઘણીજ અસમાનતાઓ રહેલી છે. ખેતીની જમીનના કદની અસમાનતા, ખેતીના સાધનો, પશુધનની સંખ્યા, રોજગારીની તકો તથા મકાનનું કદ અને સ્વરૂપમાં પણ અસમાનતાઓ જોવા મળી છે. વર્તમાન સમયમાં ભારતીય ગ્રામીણ વર્ગરચના અનુસાર આ વિસ્તારના વર્ગો જોઈએ તો

(૧) પ્રથમ વર્ગ (ઉચ્ચ વર્ગ) આ વર્ગમાં બધાજ જમીનદારો આવે છે. તેઓ જાતે ખેતી કરતા નથી. માત્ર પોતાની ખેતીની જમીન ઉપર દેખરેખ રાખતા હોય છે. આ દ્રષ્ટિએ જોતા અભ્યાસ હેઠળના ગામોમાં ઉચ્ચ વર્ગના કોઈ કુટુંબ જોવા મળતા નથી.

(૨) બીજો વર્ગ(મધ્યમ વર્ગ)આ વર્ગમાં આત્મનિર્ભર ખેડૂતોનો સમાવેશ થાય છે. અભ્યાસ હેઠળના ગામોમાં મધ્ય વર્ગના બિનગરીબ કુટુંબોનું પ્રમાણ ૪૦.૯૩ ટકા છે. આ કુટુંબો પોતાનું આત્મ નિર્ભર અસ્તિત્વ ટકાવી રહયા છે.

(૩) ત્રીજો વર્ગ (નિમ્ન વર્ગ) આ વર્ગમાં ભાગીદારીના પાયા પર કામ કરતા ખેડૂતો, ખેત મજૂરો અને ગરીબ માલધારીઓનો સમાવેશ થાય છે.

અભ્યાસ હેઠળના ૪–ગામોના ૫૯.૦૭ ટકા લોકો આ ત્રીજા વર્ગમાં આવે છે. તેને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો ગણાવી શકાય.

આમ ગ્રામ સમુદાયોમાં ખેડૂત, ખેત મજૂરી, મજૂરી, પશુપાલન જ ેવી શ્રેણીઓમાં આર્થિક સ્તરીકરણ જોવા મળે છે.

કોઠા નં ટ

કુટુંબ દીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ દર્શાવતો કોઠો

| ખર્ચની વિગત | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| ખોરાક–પોષણ અંગેનું ખર્ચ | ૫૩૩૫ (૨૬.૯૩) | ૫૩૧૪ (૨૮.૬૭) | ૪૭૧૧ (૩૨.૪૬) | ૪૫૨૦ (૩૦.૭૫) | ૧૯૮૮૦ (૨૯.૪૩) |
| કપડાં,પગરખાં અલંકાર ખર્ચ | ૨૧૭૫ (૧૦.૯૮) | ૧૨૬૮ (૬.૮૪) | ૯૮૭ (૬.૮૦) | ૭૨૬ (૪.૯૪) | ૫૧૫૬ (૭.૬૩) |
| સામાજિક–ધાર્મિક બાબતોનું ખર્ચ | ૧૩૬૩ (૬.૮૮) | ૧૮૨૯ (૯.૮૭) | ૧૯૨૨ (૧૩.૨૪) | ૧૭૬૦ (૧૧.૯૭) | ૬૮૭૪ (૧૦.૧૮) |
| આરોગ્ય–દવા સારવારનુંખર્ચ | ૩૯૯ (૨.૯૧) | ૭૮૯ (૪.૨૬) | ૬૫૦ (૪.૪૮) | ૮૪૨ (૫.૭૩) | ૨૬૮૦ (૩.૯૭) |
| પાન,બીડી,તમાકુ દારૂ વગેરે વ્યસન | ૨૯૭ (૧.૫૦) | ૯૮૦ (૫.૨૯) | ૯૬૬ (૬.૬૬) | ૧૨૬૦ (૮.૫૭) | ૩૫૦૩ (૫.૧૯) |
| શિક્ષણ માટે થતુ ખર્ચ | ૭૮૫ (૩.૯૬) | ૨૦૬ (૧.૧૧) | ૧૫ (૦.૧૦) | ૧૮૫ (૧.૨૬) | ૧૧૯૧ (૧.૭૫) |
| મુસાફરી માટે થતુ ખર્ચ | ૭૮૫ (૩.૯૬) | ૨૦૬ (૧.૧૧) | ૧૫ (૦.૧૦) | ૧૮૫ (૧.૨૬) | ૧૧૯૧ (૧.૭૫) |
| અન્ય મોજ શોખ નું ખર્ચ | ૭૭૨ (૩.૯૦) | ૮૯૩ (૪.૮૨) | ૯૨૭ (૬.૩૯) | ૧૦૩૩ (૭.૦૩) | ૩૬૨૫ (૫.૩૭) |
| ખેતી તથા માલ ઢોર પાછળ ખર્ચ | ૮૨૧૭ (૪૧.૪૭) | ૫૭૧૮ (૩૦.૮૬) | ૩૯૨૨ (૨૭.૦૨) | ૩૪૨૭ (૨૩.૩૧) | ૨૧૨૮૪ (૩૧.૫૧) |
| કુલ ખર્ચ (ટકા) | ૧૯૮૧૨ (૧૦૦) | ૧૮૫૩૨ (૧૦૦) | ૧૪૫૧૩ (૧૦૦) | ૧૪૬૯૯ (૧૦૦) | ૬૭૫૫૬ (૧૦૦) |

## ❖ વાર્ષિક વપરાશી ખર્ચ

કોઠા નં. ટ માં ગામવાર સરેરાશ કુટુંબ દીઠ વાર્ષિક વપરાશી ખર્ચ દર્શાવવામાં આવ્યું છે. અભ્યાસ હેઠળના બધાજ કુટુંબો પાસે તેઓના કુટુંબો પાસે તેઓના કુટુંબની જુદી–જુદી  બાબતો પાછળ વર્ષ દરમ્યાન થતું ખર્ચની વિગતો અંગેની માહિતી મેળવતાં અહીં વપરાશી ખર્ચમાં ખોરાક–પોષણ અંગ થતું ખર્ચ, કપડાં, પગરખાં અને ઘરેણાં પાછળ થતું ખર્ચ, સામાજિક–ધાર્મિક પ્રસંગોનું ખર્ચ, આરોગ્ય પાછળ દવા, દારૂ અને સારવાર સબંધિત ખર્ચ, પાન, બીડી, તમાકુ, દારૂ જેવું વ્યસનો પાછળ થતું ખર્ચ, બાળકોના શિક્ષણ પાછળ થતું ખર્ચ, વધારાની મોજ શોખ પાછળ થતું ખર્ચ તથા પોતાના વ્યવસાય પાછળ થતું ખર્ચ એમ ઉપરોકત વિગતે આ લોકો વર્ષ દરમ્યાન કોઈને કોઈ પ્રકારનું ખર્ચ કરતા હોય છે.

કોઠામાં આપેલ ખર્ચની વિગત મુજબ ગામવાર કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ જોઈએતો અમૃતવેલમાં કુટુંબ દીઠ થતું વાર્ષિક ખર્ચ રૂ/.૧૯,૮૧૨/– જેટલું છે. શીરવાણમાં કુટુંબ દીઠ વાર્ષિક ખર્ચ રૂ/.૧૮,૫૩૨/– છે. જાંબુથાળામાં કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ/.૧૪,૫૧૩/–છે. અને હસ્નાપુર ગામમાં કુટુંબ દીઠ વાર્ષિક ખર્ચ રૂ/.૧૪,૬૯૯/– છે. આમ અભ્યાસ હેઠળના બધાંજ કુટુંબોનું જુદા–જુદા કારણો અને જરૂરિયાતો સબંધિત વર્ષ દરમ્યાન થતું કુટુંબદીઠ સરેરાશ ખર્ચ રૂ/.૬૭,૫૫૬/–છે.

ખર્ચની બાબતોના આધારે જોઈએ તો અમૃતવેલ અને શીરવાણ ગામના કુટુંબો ખેતી–પશુપાલન પાછળ ખર્ચ વધુ કરે છે. જાંબુથાળા અને હસ્નાપુર ગામના લોકો  ખોરાક પોષક પાછળનું ખર્ચ વધુ કરે છે. એવીજ રીતે આ ગામોમાં સામાજિક ધાર્મિક તેમજ  મોજશોખ પાછળ તથા ખર્ચનું પ્રમાણ

વધુ છે. અમૃતવેલ ગામ કપડાં પગરખાં અને શિક્ષણ પાછળ અન્ય ગામની તૂલનાઓ વધુ ખર્ચ કરે છે. જયારે વ્યસનો અને આરોગ્યની બાબતમાં અનુક્રમે સૌથી વધુ હસ્નાપુર, જાંબુથાળા, શીરવાણ અને અમૃતવેલ આવે છે. હસ્નાપુર ગામમાં દારૂના વ્યસનીઓની સંખ્યા વધુ છે .

વિગતવાર ખર્ચનું વર્ગીકરણ કરતા અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ ગામોમાં કુટુંબ દીઠ થતા કુલ ખર્ચના ૨૯.૪૩ ટકા ખર્ચ ખોરાક–પોષણ અંગેનું ખર્ચ અને ૩૧.૫૧ ટકા ખર્ચ વ્યવસાય પાછળ થતું ખર્ચ જે સૌથી વધુ છે. ત્યારપછીના ક્રમે ૧૦.૧૮ ટકા ખર્ચ સામાજિક, ધાર્મિક પ્રસંગો પાછળ થતું ખર્ચ છે. ૭.૬૩ ટકા કપડાં પગરખાં અલંકાર વગેરે, ૫.૩૭ ટકા અન્ય મોજશોખ પાછળ થતું ખર્ચ છે. ૩.૯૭ ટકા ખર્ચ આરોગ્ય પાછળ થાય છે. જયારે સૌથી ઓછું ૧.૭૫ ટકા તેઓ શિક્ષણ પાછળ ખર્ચ કરે છે.

જરૂરિયાતના સંદર્ભમાં જોઈએ તો તેઓના વ્યવસાય અને ખોરાક – પોષાક પાછળ થતું વધુ ખર્ચ યોગ્ય ગણાવી શકાય જોકે, વ્યવસાયમાંની અણઆવડતના કારણે કેટલીક વખત ખર્ચ વધી જતું હોય છે. પરંતુ સામાજિક ધાર્મિક બાબતોનું ખર્ચ વ્યસનો અને બિમારીઓ પાછળ થતું ખર્ચ પ્રમાણમાં વધુ પડતું ખોટુ ખર્ચ છે. માનવીની ભવિષ્યની જરૂરિયાતો માટે જયાં વધુ ખર્ચ કરવાની જરૂર છે, ત્યાં શિક્ષણ પાછળ બિલકુલ ખર્ચ થતુ નથી એ દુઃખદ ઘટના છે. અહીંની પ્રજા શિક્ષણથી વિમુખ રહી છે તેમ કહી શકાય. જોકે છેલ્લા દશેક વર્ષથી બાઈકો શાળાએ જતા થયાં છે. અમૃતવેલ ગામ સિવાયના કુટુંબો પોતાના બાળકોને અધવચ્ચેથી ભણતા ઉઠાડીને પોતાના વ્યવસાયમાં કામ ધંધે લગાડી દેતા હોવાનું માલુમ પડયું છે.

કેટલાક કુરિવાજો, વધુ પડતા વ્યસનો, અંધશ્રધ્ધ ા આરોગ્ય વિષયક

પ્રશ્નો, દુષ્કાળ વગેરે કારણોસર આ લોકોની આવક કરતાં ખર્ચ વધી જતું હોય છે, ત્યારે આ લોકો દેવું કરે છે. આ લોકોની આવક સામે કેટલું ખર્ચ થાય છે. પરિણામે વર્ષ દરમ્યાન આવકમાં થતી વધ કે ઘટ અને આવક સામે ખર્ચનું પ્રમાણ હવે પછીના કોઠામાં વિગતો દર્શાવેલી છે તેના પરથી માલુમ પડશે.

કોઠા નં ૮ કુટુંબદીઠ વાર્ષિક આવક સામે ખર્ચનું પ્રમાણ દર્શાવતો કોઠો

| વિગત | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| આવક | ૨૩૬૨૮ | ૨૦૫૧૦ | ૧૪૧૨૩ | ૧૩૮૨૭ | ૧૮૩૦૮ |
| ખર્ચ | ૧૯૮૧૨ | ૧૮૫૩૨ | ૧૪૫૧૩ | ૧૪૬૯૯ | ૧૬૮૮૯ |
| વધ/ઘટ | ×૩૮૧૬ | ×૧૯૭૮ | –૩૯૦ | –૮૭૨ | ×૧૪૧૯ |
| આવક–ખર્ચ નું પ્રમાણ | ૦.૮૪ | ૦.૯૦ | ૧.૦૩ | ૧.૦૬ | ૦.૯૨ |

કોઠા નં. ૮ માં ગામવાર કુટુંબની સરેરાશ આવક, ખર્ચ અને બચત તેમજ આવક સામે ખર્ચનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. તેની વિગતો જોતા અમૃતવેલ અને શીરવાણ બંન્ને ગામોની ખેતી સારી હોવાથી તેમજ ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય હોવાથી બન્ને ગામો અન્ય વિકસીત મહેસુલી ગામોની નજીક વસતા હોવાથી અહીં તેઓની સ્થિતિ સારી છે. જાંબુથાળા જંગલની અંદરગાળે આવેલું કોઈપણ પ્રકારની પ્રાથમિક સુવિધાઓના અભાવવાળું ગામ છે. હસ્નાપુર ગામ પછાત ગામ છે. અહીંની ખેતી સારી નથી. તેમજ લોકો આળસુ, બેદરકાર હોય કોઈ બચત કરી શકતા નથી. આ દષ્ટિએ ચારેય ગામોની આર્થિક વિગતો નીચે મુજબ છે.

અમૃતવેલ ગામની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક સામે જુદા–જુદા કારણોસર થતું વપરાશી ખર્ચ જોતા કુટુંબદીઠ વાર્ષિક રૂ/.૩૮૧૬/જેટલી બચત થઈ શકે છે. એટલે કે અહીં એક રૂપિયાની આવક સામે ૦.૮૦ પૈસા ખર્ચનું પ્રમાણ છે.

શીરવાણ ગામની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવકની સામે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક વપરાશી ખર્ચ જોતા કુટુંબદીઠ વાર્ષિક રૂ/.૧૯૭૮/– જેટલી બચત થઈ શકે છે. એટલે કે અહી એક રૂપિયાની આવક સામે ૦.૯૦ પૈસા જેટલું ખર્ચનું પ્રમાણ છે.

ઉપરોક્ત બંન્ને ગામના કુટુંબોની આવક–ખર્ચનું પ્રમાણ જોતા તે ઓ બચત કરતા માલુમ પડયા છે. આમ આકસ્મિક ખર્ચાઓ, બિમારી, દુષ્કાળ કે સામાજિક, ધાર્મિક પ્રસંગોના કારણે આ લોકોએ અગાઉ દેવું કર્યુ હોય જે આજે પણ ભરી શકયા નથી. અહીંના કેટલાક કુટુંબો દેવાદાર છે.

જાંબુથાળા ગામની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક સામે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક વપરાશી ખર્ચ જોતા કુટુંબદીઠ વાર્ષિક રૂ/.૩૯૦/–જેટલી ઘટ થાય છે. અહી સરેરાશ એક રૂપિયાની આવક સામે ૧.૦૩ રૂપિયા જેટલું ખર્ચનું પ્રમાણ છે, આવક કરતાં જાવક વધુ છે.

હસ્નાપુર ગામની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક સામે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક વપરાશી ખર્ચ જોતા કુટુંબદીઠ વાર્ષિક રૂ/.૮૭૨/–જેટલી ઘટ નોંધાઈ છે. સરેરાશ એક રૂપિયાની આવક સામે રૂ/.૧.૦૬ પૈસા જેટલું ખર્ચનું પ્રમાણ છે.

ઉપરોક્ત વિગતે જાંબુથાળા અને હસ્નાપુર ગામે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક કરતાં જાવક વધુ હોવાથી આર્થિક ઘટ સર્જાતા લોકો પોતાની જરૂરિયાત મુજબ દેવું કરતા હતા.

### ❖ દેવાદાર કુટુંબ અને દેવુ

ગામડાઓમાં વસવાટ કરતા અને આ અભ્યાસમાં આવરી લેવાયેલા કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક રૂ/.૧૮,૩૦૮/– છે, તેની સામે ખર્ચનું

પ્રમાણ રૂ/.૧૬,૮૮૯/– છે. આવકમાંથી ખર્ચ બાદ કરતા કુટુંબદીઠ રૂ/.૧૪૧૯/ – જેટલી બચત થાય છે. આ દષ્ટિએ અહી આવક સામે ખચ ર્નું પ્રમાણ ૧ : ૦.૯૨ પૈસાનું છે. આમ છતા કેટલાક આકસ્મિક કારણો અને જરૂરિયાતો સામે આ લોકો કોઈને કોઈ પ્રકારનું દેવુ કરતા હોવાનું જાણવા મળ્યું છે.

કોઠા નં ૬
વિગતવાર કુંટુંબદીઠ દર્શાવતો કોઠો

| વિગત | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| કુલ કુટુંબ (ટકા) | ૬૯ (૧૦૦) | ૪૨ (૧૦૦) | ૨૨ (૧૦૦) | ૮૨ (૧૦૦) | ૨૧૫ (૧૦૦) |
| દેવાદાર કુટુંબ (ટકા) | ૧૨ (૧૭.૩૯) | ૫ (૧૧.૯૦) | ૪ (૧૮.૧૮) | ૩૬ (૪૩.૯૦) | ૫૭ (૨૬.૫૧) |
| સગા સબંધી (ટકા) | ૨૦૯૦ (૨૫.૩૯) | ૨૧૪૩ (૬૭.૨૪) | ૧૯૨૮ (૩૪.૨૬) | ૨૨૩૬ (૩૩.૪૦) | ૮૩૯૭ (૩૫.૩૭) |
| વેપારી પાસેથી (ટકા) | ૬૧૪૩ (૭૪.૬૧) | ૧૦૪૪ (૩૨.૭૬) | ૩૭૦૦ (૬૫.૭૪) | ૪૪૫૮ (૬૬.૬૦) | ૧૫૩૪૫ (૬૪.૬૩) |
| સહ.મંડળીમાંથી (ટકા) | – – | – – | – – | – – | – – |
| બેંક લોનમાંથી (ટકા) | – – | – – | – – | – – | – – |
| વન વિભાગમાંથી (ટકા) | – – | – – | – – | – – | – – |
| કુટુંબદીઠ દેવું (ટકા) | ૮૨૩૩ (૧૦૦) | ૩૧૮૭ (૧૦૦) | ૫૬૨૮ (૧૦૦) | ૬૬૯૪૨ (૧૦૦) | ૩૭૪૨ (૧૦૦) |

અભ્યાસ હેઠળના કુટુંબોમાં દેવા અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન માલુમ પડયું હતુ કે અમૃતવેલ ગામના કુલ કુટુંબોમાંથી દેવાદાર કુટુંબોની સંખ્યા–૧૨ (૧૭.૩૯ ટકા), શીરવાણ ગામમાં

દેવાદાર કુટુંબોની સંખ્યા ૫ (૧૧.૯૦ ટકા), જાંબુથાળા ગામમાં દેવાદાર કુટુંબોની સંખ્યા ૪ (૧૮.૧૮ ટકા) અ ને હસ્નાપુર ગામમાં દેવાદાર કુટુંબોની સંખ્યા ૩૬ (૪૩.૯૦ ટકા) જેટલી છે. આમ, અભ્યાસ હેઠળના કુલ ૨૧૫ કુટુંબોમાંથી ૫૭ (૨૬.૫૧ ટકા) કુટુંબો દેવું ધરાવે છે. અહી દેવાદાર કુટુંબોની સૌથી વધુ સંખ્યા અનુક્રમે હસ્નાપુર, જાંબુથાળા, અમૃતવેલ અને શીરવાણ ગામ આવે છે.

ઉપરોક્ત દેવાદાર કુટુંબોએ દેવું કયા સાધનમાંથી મેળવ્યું હતુ તે અંગેની જુદા–જુદા સાધનવાર જેવા કે સગાસબંધી પાસેથી, શાહુકાર–વેપારી પાસેથી, સહકારી મંડળી પાસેથી, બેંક લોન દ્વારા, દેવાની સ્થિતિ અંગેની માહિતી કોઠાનં. ૩ ૫૨ જોતા સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ચારેય ગામોના કુલ –૫૭ દેવાદાર કુટુંબોએ સગા સબંધીઓ પાસેથી અને શાહુકાર વેપારીઓ પાસેથી ધીરાણ મેળવેલું હતું. અભ્યાસ હેઠળના કોઈ કુટુંબોએ સહકારી મંડળીમાંથી, બેંકમાંથી ધીરાણ મેળવ્યું નથી. આ પરથી કહી શકાય છે કે આ ગામડાઓમાં બિન સંસ્થાકીય દેવું વધુ પ્રમાણમાં છે. જયારે અહી સંસ્થાકીય દેવું વધુ પ્રમાણમાં છે. જયારે અહી સંસ્થાકીય ધિરાણની કોઈ યોજના અમલમાં ન હોવાથી આ લોકો કોઈ સંસ્થામાંથી ધિરાણ મેળવી શકતા નથી. સંસ્થાકીય ધિરાણમાં વ્યાજના દર ઓછા હોય છે. જયારે શાહુકાર વેપારીઓ કે સબંધીઓ પાસેથી મેળવતા ધિરાણમાં વ્યાજનો દર વધુ હોવાથી આ લોકો કાયમી માટે દેવામાંજ ડુબેલા રહે છે.

અમૃતવેલ ગામના કુલ દેવાદાર કુટુંબમાંથી ૭૪.૬૧ ટકા શાહુકાર વેપારીઓ પાસેથી ધિરાણ મેળવ્યું હતુ. શીરવાણ ગામના કુલ દેવાદાર કુટુંબોમાંથી ૬૭.૨૪ ટકા સગા–સબંધીઓ પાસેથી ધિરાણ મેળવ્યું હતુ.

જાંબુથાળા ગામના કુલ દેવાદાર કુટુંબોમાંથી ૬૫.૭૪ ટકા શાહુકાર વેપારીઓ પાસેથી ધીરાણ મેળવ્યું હતુ. હસ્નાપુર ગામના કુલ દેવાદાર કુટુંબોમાંથી ૬૬.૬૦ ટકા શાહુકાર વેપારીઓ પાસેથી ધિરાણ મેળવ્યું હતુ.

આમ છતા એટલું ચોકકસપણે કહી શકાય છે કે ગુજરાતના ગામડા વિસ્તારમાં વસતા જુદા–જુદા જ્ઞાતિ સમુદાયો અને ખાસ કરીને આદિવાસીઓની તુલનામાં અહી દેવાનું પ્રમાણ અને શોષણનું પ્રમાણ ઘણું ઓછું ગણાવી શકાય. પરંતુ આસપાસ વસતા મહેસુલી ગામોની તુલનામાં આ ગામડાઓની આર્થિક સ્થિતિ સારી નથી.

અભ્યાસ હેઠળના કુલ દેવાદાર કુટુંબોમાંથી ૩૫.૩૭ ટકા સગા સબંધીઓ પાસેથી અને ૬૪.૬૩ ટકા શાહુકાર વેપારીઓ પાસેથી ધિરાણ મેળવતા હોવાથી અહી મોટા ભાગના લોકો શાહુકાર વેપારીઓ પર આધાર રાખે છે. શાહુકાર વેપારીઓ વ્યાજના દર ઉંચા રાખી આ લોકોનું શોષણ કરતા હોય છે.

આમ ગામમાં કૂપ કાપવાનો ધંધો ચાલતો હતો, ત્યારે રોજગારી મેળવી શકતા હતા. હવે કૂપ પ્રથા બંધ થઈ છે. ખેડૂતો પાસે જે ખેતીની જમીન છે. તેના ભાગલા પડી ગયા છે. ખેડૂતોની જમીન પોતાની માલીકીની નથી, જંગલ ખાતા તરફથી ભાડા પટે મળેલી છે. ખેડૂતો આ જમીન અન્યને વેચી શકતા નથી. આ જમીન કે ગામ તળના મકાનો અન્ય વ્યકિતના નામે રજીસ્ટર થતાં નથી. આથી અહીની મિલ્કત કોઈ ખરીદી શકતું નથી. ખેતીની ઓછી આવક, આધુનિકરણનો અભાવ, છેલ્લા ૧૫–વર્ષથી પશુપાલન માટે ઢોરને ચરાવવા બાબતે જંગલખાતા સાથે સંઘર્ષ અન્ય રોજગારીનો અભાવ, આસપાસ ઉધોગ, ધંધા, વેપાર, રોજગારનો અભાવ વગેરે કારણોસર રોજગારીના અન્ય કોઈ સાધનો ન મળતાં આ લોકોના કુટુંબનું અંદાજપત્ર ખાધમાં ચાલે છે. પરિણામે જીવન નિર્વાહ–નિભાવવા માટે દેવું કરવું પડે છે.

ઉપરોકત પરિસ્થિતિમાં કયારેક ખેતી માટે તો કયારેક પશુપાલન માટે ઢોરની ખરીદી, ખોળ–દાણ, નિરણ લેવા કે માંદગી પાછળ થતું ખર્ચ, ખાવા માટે અનાજ કરિયાણું ખરીદવા તો કયારે મકાન મરામત કરવા, કયારેક લગ્ન, જન્મ કે મરણ, તેમજ ધાર્મિક અને આકસ્મિક પ્રસંગોએ લોકોને ઘણું ખર્ચ કરવું પડતું હોય છે. આ પ્રકારનું ખર્ચ બિન ઉત્પાદનકીય હોવાથી કોઈ સંસ્થાઓ દ્વારા ધિરાણ મેળવી શકાતું નથી. ત્યારે આ લોકો કર્જ મેળવવા સગા સબંધીઓનો સહારો લે છે. જયારે તેઓના સગાઓની સ્થિતિ પણ આવીજ હોય ત્યારે ના છૂટકે તેઓ વેપારીઓ–શાહુકારો પાસે ઉંચા વ્યાજે ધિરાણ મેળવે છે. તેના બદલામાં રોકડ રૂપિયા, ખેત ઉત્પાદન કે પછી ઘી–દૂધ વગેરેની આવક ચુકવતા રહે છે. પરિણામે તેઓની આર્થિક સ્થિતિમાં કોઈ સુધારો આવતો નથી.

### કોઠા નં ૮

### હેતુવાર દેવાદાર કુટુંબદીઠ દેવું દર્શાવતો કોઠો

| હેતુ | અમૃતવેલ | શીરવાણ | જાંબુથાળા | હસ્નાપુર | કુલ |
|---|---|---|---|---|---|
| ખેતી પાછળ ખર્ચ કરતાં | ૩૬૧૧ (૪૩.૮૬) | ૯૨૪ (૨૯.૦૦) | ૧૮૦૦ (૩૨.૦૦) | ૮૦૩ (૫૨.૦૦) | ૭૨૩૮ (૩૦.૪૦) |
| પશુપાલન પાછળ નું ખર્ચ કરતાં | ૧૬૯૪ (૨૦.૫૮) | ૫૭૪ (૧૮.૦૦) | ૨૦૨૬ (૩૫.૦૦) | ૫૩૬ (૮.૦૦) | ૪૮૩૦ (૨૦.૩૦) |
| સામાજીક ધાર્મિક ખર્ચ કરતાં | ૧૬૨૯ (૧૯.૭૯) | ૭૯૭ (૨૫.૦૦) | ૮૪૪ (૧૫.૦૦) | ૨૪૧૦ (૩૬.૦૦) | ૫૬૮૦ (૨૩.૯૦) |
| કુટુંબ નીભાવનું અન્ય ખર્ચ | ૧૨૯૯ (૧૫.૭૮) | ૮૯૨ (૨૮.૦૦) | ૯૫૮ (૧૮.૦૦) | ૨૯૪૫ (૪૪.૦૦) | ૬૦૯૪ (૨૫.૪૦) |
| કુલ ખર્ચ (ટકા) | ૮૨૩૩ (૧૦૦) | ૩૧૮૭ (૧૦૦) | ૫૬૨૮ (૧૦૦) | ૬૬૯૪ (૧૦૦) | ૨૩૬૪૨ (૧૦૦) |

કોઠા નં. ૯ જોતા સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના દેવાદાર કુટુંબો જુદા–જુદા હેતુ માટે દેવું કરે છે. જેની જરૂરિયાત છે. જેની જરૂરિયાતો પુરી કરવા મેળવાતુ ધિરાણ (કર્જ) ની ૩૦.૪૦ ટકા રકમ ખેતીના ખર્ચ માટે, ૨૦.૩૦ ટકા પશુપાલન પાછળ થતા ખર્ચ માટે ૨૩.૯૦ ટકા સામાજિક ધાર્મિક ખર્ચ પાછળ અને ૨૫.૪૦ ટકા કુટુંબના નિભાવ ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરે છે.

ગામવાર વિગતો જોઈએ તો અમૃતવેલના દેવાદારો સૌથી વધુ ખેતી પાછળ દેવુ કરે છે. શીરવાણના દેવાદારો ખેતી અને કુટુંબના નિભાવ ખર્ચ પાછળ દેવું કરે છે. જાંબુથાળાના દેવાદારો ખેતી અને પશુપાલન પાછળ ખર્ચ કરે છે. હસ્નાપુર ગામના દેવાદાર કુટુંબો સૌથી વધુ સામાજિક ધાર્મિક ખર્ચ અને કુટુંબના નિભાવ ખર્ચમાટે દેવું કરતા હોવાની માહિતી આપે છે.

અહીં પોતાના વ્યવસાય સબંધિત થતા દેવા ઉપરાંત ઘરખર્ચ અને સામાજિક ધાર્મિક રિવાજો પાછળ થતું વધારાનું ખર્ચ આ સમુદાયોની આર્થિક સ્થિતિ પાંગળી બનાવે છે. પરિણામે પોતાના વ્યવસાય (ખેતી,પશુપાલન)ની સુધારણા, વિકાસ સબંધિત કોઈ પ્રેરણા મળતી નથી.

અહીં ખેડૂતો અને માલધારીઓ પોતાના ઉત્પાદનના બદલામાં ધિરાણ મેળવે છે. આ દ્રષ્ટિએ ઉત્પાદન ગીરવે મુકયુ ગણાય. આ લોકો પાસે રોકડ નાણાં હોતા નથી ત્યારે પોતાનો કાચો માલ તૈયાર થયા પહેલા શાહુકાર વેપારીઓ તેઓના માલની કિંમત અગાઉ આંકી લે છે. તેને "માલનું મંડાણ કર્યુ " કહે છે. આ રીતે ઉત્પાદન થતાં પહેલાંજ વેપારી પાસે વેંચાઈ ગયું હોય છે. તેના બદલામાં તેઓ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, ઢોર માટે ખાણ–દાણ અને જરૂર પડયે રોકડા પૈસા પણ વેપારી પાસેથી ઉપાડ કરતા

હોય છે. એકતો આ લોકો પોતાનું ઉત્પાદન ઓછા ભાવે વેંચી ને ભારે કિંમતની જરૂરી ચીજવસ્તુઓ ખરીદી કરે છે. આમ બંન્ને રીતે આર્થિક પતન થાય છે. "સ્વતંત્રતા પહેલા વર્ષોથી આવા ગરીબ, પછાત, અજ્ઞાત સમુદાયોનું કોઈને કોઈ રીતે શોષણ થતુ આવ્યુ છે. અને કેટલીક જગ્યાએ આજે પણ થાય છે. આવું શોષણ અટકાવવા સરકારી તંત્ર અને વ્યકિત પોતે પણ મહેનત કરતા હોય છે. શાહુકારો, વચેટીયા, દલાલો વગેરે દ્વારા ગરીબોનું શોષણ અટકાવવા રાજય સરકારે ઘણાંજ પગલાં ભર્યા છે."આમ છતાં આજે પણ ઘણા લોકો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે કોઈને કોઈ રીતે દેવું કરતા માલુમ પડયા છે.

આ લોકો દેવું કરવાના ગેરફાયદાઓ અને ભવિષ્યમા ં પડતા તેના પ્રત્યાઘાતો જાણતા હોવા છતાં, તેઓએ જીવન ટકાવી રાખવા સંઘર્ષના સમયે દેવું કરવું પડતું હોય છે. આ લોકો ઉત્પાદક દેવા કરતાં બિન ઉત્પાદક દેવું વધુ કરતા હોય તેની સ્થિતિ વધારે ગરીબ બનતી જાય છે.

ખેતી અને પશુપાલન માટે થતું દેવું ઉત્પાદક દેવું છે, જયારે વધારે પડતા ઘરખર્ચ, લગ્ન, જન્મ, સગાઈ, મરણ, સામાજિક–ધાર્મિક ઉત્સવો, વિધિવિધાનો કે જુનું દેવું ચુકવવા માટે ભારે ખર્ચ થતો હોય છે, ત્યારે આ ખર્ચ સામે કોઈ આવક મળતી નથી. બિન ઉત્પાદકીય દેવા માટે કોઈ સરકારી કે સહકારી સંસ્થા નાણાનું ધિરાણ કરતી નથી. આથી આ લોકોએ ફરજિયાત આવી જરૂરિયાતો પૂરી કરવા શાહુકાર–વેપારીઓ પર આધાર રાખવો પડે છે.

ગ્રામ સમુદાયો ગુજરાતના વિસ્તારના સમુદાયો કરતા અમુક અંશે સારી સ્થિતિમાં હોવા છતાં અહીં તેઓની આર્થિક સ્થિતિ બહોળા પ્રમાણમાં સ્થગિત થયેલી જણાય છે. આ લોકોનું નાણાંકીય ક્ષેત્ર મંદગતિમાં છે. જો કે

આવા પછાત ગ્રામ્ય સમુદાયોના અર્થકરણમાં નાણા ઓછો ભાગ ભજવે છે. વર્તમાન નિર્વાહ અર્થકરણ નાણાંકીય અર્થકરણ હોવાથી તેઓના પરંપરાગત નિર્વાહ અર્થતંત્રમાં ફેરફારો શરૂ થયાં છે. અહી આવા સમુદાયોની વધુ મેળવવાની ઈચ્છાઓ અને ભૌતિક જરૂરિયાતો ઓછી હોવાથી આવા ફેરફારો એકદમ ધીમી ગતિએ આવશે તેમ કહી શકાય.

## ❖ ઉપસંહાર

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલાં ચાર ગામોના બધાંજ કુટુંબોની આર્થિક જીવન વ્યવસ્થાનો અભ્યાસ કર્યા પછી એમ કહી શકાય કે આ સમુદાયોમાં મોટા ભાગના ગરીબીની અવસ્થામાં જીવે છે. કારણકે તેઓની પાસે ખેતીની જમીન સુધારણા, સાધનો વિકસાવવા કે પશુપાલન માટે ખર્ચ કરવા પૈસા પણ નથી. વાર્ષિક આવક રૂ/.૨૦,૦૦૦/– થી ઓછી હોય તેવા ૫૯.૦૭ ટકા કુટુંબો છે, કે જેઓમાં કુટુંબની પ્રાથમિક જરૂરિયાતો પુરીજ ન થાય. અનાજ બહારથી ખરીદવું પડે છે, જે તેઓને મોઘું પડે છે. આ ઉપરાંત અપૂરતું પોષણ, જરૂરિયાતોની અપરિપૂર્તિ અને આરોગ્ય સેવાઓના તદ્દન અભાવને કારણે અહીં ખાસ કરીને માણસ કે માલઢોર બિમાર હોય છે. ત્યારે દાકતરી સારવાર મેળવવા તેઓએ ૧૦–કીમી. જેટલા દૂર અને અત્યંત નાજુક પરિસ્થિતિ હોય ત્યારે તાલુકા મથકે ૨૦ થી ૨૫ કી.મી દૂર જવું પડે છે. બહારગામ જવા માટે નજીકમાં કોઈ પાકા રોડ કે વાહનોની વ્યવસ્થા ન હોવાથી વાહન મળતાં સુધી બિમાર વ્યકિતને બળદ ગાડામાં લઈ જવા પડે છે.

અહીં ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં ૭૪.૪૨ ટકા લોકોનો આવક કરતાં ખર્ચ વધી જવાથી પૂરતું ઉત્પાદન મેળવી શકતા નથી. સરેરાશ

૬૦ ટકા લોકો વાર્ષિક રૂ/.૨૦,૦૦૦/– થી ઓછી આવક ધરાવે છે. આમ માસિક રૂ/–૨૦૦૦/–માં કોઈનું પુરૂ થઈ શકે નહી, આવી પરિસ્થિતિ આવે છે ત્યારે આ લોકો સગા–સબંધીઓ પાસેથી કર્જ કરે છે. સગા સબંધીઓની આર્થિક સ્થિતિ પણ નબળી હોય ત્યારે શાહુકાર વેપારીઓ પાસેથી ઉચાં વ્યાજે નાણાં લઈને વધુ ને વધુ ગરીબીની અવસ્થામાં સપડાય છે. અહી ગરીબી, બેકારી અને અજ્ઞાનતાને કારણે કોઈપણ પ્રકારનો વિકાસનો હેતુ બર આવતો નથી.

ઉપરોકત પૃથ્થકરણના આધારે કહી શકાય કે ગ્રામ સમુદાયોની અર્થવ્યવસ્થા કુદરત નિર્ભર છે. તેઓની અર્થવ્યવસ્થા પર ધાર્મિક માન્યતા ઓનો પ્રભાવ પણ છે. તેઓની ઉત્પાદન પધ્ધતિ તદ્ન પ્રાથમિક છે. આમ છતા આ ગ્રામ સમુદાયોમાં સહકાર અને સામુહિક ભાવના હોવાથી દરેક કુટુંબ જરૂરિયાત વાળા અન્ય કુટુંબને કોઈને કોઈ રીતે મદદરૂપ થતાં હોવાનું માલુમ પડયું છે. અહી જોઈએ તેટલા પ્રમાણમાં નાણાં વિનિમય અને બજાર અર્થતંત્ર વિકસ્યું નથી.

"આપણો દેશ એક બાજુએથી આધુનિકરણની અનેકવિધિ પ્રવૃતિઓથી ધમધમી રહયો છે. જયારે બીજી બાજુ દેશના એક ભાગની આર્થિક વ્યવસ્થા હજુ પણ પરંપરાઓમાંથી બહાર આવી નથી" ગામડાઓની પણ આ પ્રમાણેની સ્થિતિ છે. જો કે અહી અમૃતવેલ ગામના પટેલ લોકો અપવાદરૂપ છે.

આમ, આ પ્રકરણનો નિષ્કર્ષ એ નિકળે છે કે નબળી આર્થિક સ્થિતિને લીધે જંગલ પ્રદેશમાં વસતા જુદા–જુદા સમુદાયો પોતાનું આર્થિક જીવન સારી રીતે ગોઠવી શકતા નથી. વળી અહી આવેલા ગામડાઓમાં નિરક્ષરતા અને અજ્ઞાનતાનું પ્રામાણ ખુબજ વધુ છે. તેને કારણે કોઈપણ દિશાની પ્રગતિ કે

વિકાસ થઈ શકતા નથી. ગામડાઓ દૂરના વિસ્તારમાં આવેલાં છે. અહી રસ્તાઓ, વાહન વ્વહાર, ટેલીફોન, જાંબુથાળા ગામમાં તો વીજળી અને પ્રાથમિક શાળાનો પણ અભાવ છે, ત્યારે સરકારી યોજના દ્વારા અહીંની આર્થિક સ્થિતિ સુધારવા કોઈ નકકર પગલાં લેવાતા નથી. ખેડૂતો પાસે રહેલી ખેતીની જમીન જંગલ ખાતા તરફથી ભાડા પટે મળેલી જમીન હોય અહી જમીન વિકાસ બેંક, સહકારી મંડળીઓ વગેરે ધિરાણ આપી શકતી નથી. પશુપાલકો જે તે વસાહતમાં રહે છે, ત્યાં તેઓને કાયમી બિનકાયમી અને ગેરકાયદેસર જેવી કેટેગરીઓમાં વન વિભાગના રજીસ્ટરમાં નોંધ્યાં છે. ત્યારે તેઓને બિનકાયમી કે ગેકાયદેસર વસવાટ કરો છો એવા કારણોસર માલ–ઢોરના ચરિયાણ ના,જે તે સ્થળે વસવાટ કરવાના અધિકારો–હકકો પર પ્રહાર થાય છે ત્યારે તેઓને ન્યાય આપવા નકકર પગલાં લેવાતા નથી.

આ ઉપરાંત અહીં વસતા લોકોની કેટલીક ઉદાસીનતા, નિરક્ષરતા, આળસપણું, વ્યસન વગરે કારણસર તેઓ નિષ્ક્રિય બની ગયા છે. રોજગારીના કોઈપણ ક્ષેત્રમાંથી આવક વધારવાની તરકીબો શોધતા નથી. આવક કરતા ખર્ચનું પ્રમાણ વધી જતા જીવનનિર્વાહ માટે દેવું કર વું પડે છે. અહી કોઈ પણ પ્રકારની સરકારી કે સહકારી સંસ્થાઓ ધિરાણ કરતી નથી. આથી આ લોકો એને શાહુકાર વેપારીઓ પાસેથી ધિરાણ મેળવવું પડે છે. આ લોકો મેળવેલા ધિરાણના બદલામાં ખેતી ઉત્પાદન કે ઘી, દૂધ વગેરે વેપારીઓને વેચતા હોય છે. આમ સમગ્ર જીવન આર્થિક પાયમાલીમાં વિતાવવું પડે છે.

# પ્રકરણ – ૨– સંદર્ભસૂચિ

૧. વૈકુંઠલાલ કે. ત્રિવેદી – અશ્વિન બી. ત્રિવેદી (એડવોકેટ). – "ગુજરાત પંચાયત એકટ". – પ્રકાશન ધી ન્યુ ગુજરાત લો હાઉસ, અમદાવાદ. આવૃતિ – ૧૯૯૩, પાના નં.:– ૧ થી ૬.

૨ પ્રોફેસર એ.જી. શાહ – પ્રો. જે.કે.દવે – "ગ્રામીણ સમાજશાસ્ત્ર" . – પ્રકાશન – અનડા – અમદાવાદ. આવૃતિ – જુન–૨૦૦૦, પાના નં.:– ૧૧ થી ૪૦.

૩ શ્રી રવિશંકર મહારાજ – "ગ્રામરચના" – પ્રકાશન સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ–૨. આવૃતિ – ૧૯૯૬, પાના નં.:– ૯ થી ૧૬૨.

૪ કૌશિક પંડયા – અલ્પા પંડયા – "ભારત રોડ એટલાસ" – પ્રકાશન અનડા સાહિત્ય, અમદાવાદ. આવૃતિ – ૨૦૦૧, પાના નં.:– ૫

૫. કૌશિક પંડયા – અલ્પા પંડયા – "ગુજરાત રોડ એટલાસ" – પ્રકાશન અનડા સાહિત્ય, અમદાવાદ. આવૃતિ – ૨૦૦૨, પાના નં.:– ૪૦ થી ૪૪

# "ગ્રામ્ય સમિતિઓની રચના અને અહેવાલ"

## <u>પ્રકરણ ૩</u>

૩.૧ ગ્રામ વિકાસ (ગામડાનો ઉદ્‌ભવ, ગ્રામ વિકાસનું મ ંડળ )

૩.૨ જવાહરલાલ નહેરૂ અહેવાલ.

૩.૩ મહાત્માં ગાંધી અહેવાલ.

૩.૪ બળવંતરાય મહેતા કમિટીનો અહેવાલ.

૩.૫ રસિકભાઈ પરીખ અહેવાલ.

૩.૬ શુક્રાચાર્ય નીતિ અહેવાલ.

૩.૭ શ્રી.એસ.કે.સનથનમનો અહેવાલ.

# પ્રકરણ ૩

# ગ્રામ્ય સમિતિઓની રચના અને અહેવાલ.

## ૩.૧ ગ્રામ વિકાસ

## (ગામડા નો ઉદ્‌ભવ, ગ્રામ વિકાસ મંડળ ) [૧]

આપણા સામાજીક–આર્થિક પ્રવૃતિઓમાં ગામોનું હંમેશા મહત્વ રહયુ છે. ઘણા લાંબા સમયથી પ્રાદેશિક એકમ રહયુ છે. ભારતની આશરે 80% વસ્તી ગામડાઓમાં રહે છે. પરાપૂર્વથી ગામનો વહીવટ ગામનો મુખી ચલાવતો આવ્યો છે. તે ગામનો નેતા કહેવાય છે. ગામડાઓએ પોતાના કામકાજો સહેલાઈથી કરવા માટે પોતાના નિયમો બનાવેલા હતા. અગાઉ ગામડાં સંપૂર્ણપણે જાતે વહીવટ કરતા. તેઓ વ્યવહારીક રીતે કેન્દ્રના નિયંત્રણથી મુકત હતાં ગામના મુખીને અને બીજા અધિકારીઓને લોકો નીમતાં.

અગાઉ ગામડાના કાર્યો લોકોનું જીવન ધોરણ સરળતાથી ચાલે અને તેમની આંતરીક સલામતી જળવાય તે માટે જમીન મહેસુલ ઉઘરાવવામાં આવતુ તે જમાનામાં વાહનવ્યવહાર નહીવત હતો. જુના જમાનામાં દરેક ગામડું ગણતંત્ર હતુ. ગ્રામ સરકારએ પંચાયત અને ગ્રામસમિતિ હતી. જયુડિશિયલ બોર્ડોની નિમણુક માટે ચોકકસ નિયમો હતા. સભ્યપદની લાયકાતો પણ જણાવવામાં આવતા ગ્રીક એમ્બેસેડરે તો ગામ એકમને એક નાનુ સ્વતંત્ર ગણતંત્ર કરેલ.

આ એકવીસમી સદીમાં વિકાસને નામે ગામડાં તુટતાં જાય છે, અને શહેરો આબાદ થતાં રહે છે. શહેરીકરણની ચમકદમકથી અંજાયેલા ગ્રામજનો પોતાના મુળથી વિખુટા પડી શહેરો તરફ દોટ મુકે છે. રોજીરોટી કે સુવિધાની શોધમાં આમ થવું સ્વાભાવિક છે. માળખાગત સુવિધાઓના અભાવે ગામડાં ભાંગતાં જાય છે, પરંતુ આજ ગામડાંઓમાં કેટલીક પાયાની સગવડો ઉભી કરવામાં આવે તો ગામડું પણ ગોકુળિયું બની શકે છે. પરંતુ આ માટે આગવી કોઠાસૂઝ અને ભગીરથ પુરૂષાર્થની આવશ્યકતા છે. વિશ્વસંચારની પ્રગતિને લીધે દુનિયા આખી 'ગ્લોબલ વિલેજ' બની ગઈ છે, ત્યારે તુટતાં જતાં ગામડાં અને ગ્રામજનોની દરકાર કરવાનો સમય પાકી ગયો છે. આજે મોટાં શહેરોમાં વસતી નવી પેઢી એ ગામડું શબ્દ જ સાંભળ્યો છે. ગ્રામ્ય સંસ્કૃતિથી તેઓ જોજન છેટે દૂર છે. તેમનાં જ માતા–પિતા જયારે ગામડાની વાત કરે છે ત્યારે યુવાપેઢી મોં મચકોડે છે. ભુલાતી જતી ગ્રામ્ય સંસ્કૃતિ અને ગામડાંને સજીવન કરવા આજે પણ કેટલીયે સંસ્થાઓ પ્રવૃત છે. ખાસ કરીને ગામની ખેતી કે વ્યવસાય છોડી શહેરોમાં વસેલા લોકોને આજે પણ ગામની જર્જરીત શાળા, ગામનુ પાદર, તળાવ, વૃક્ષોની હારમાળા, રામજીમંદિર અને બાળપણના મિત્રોનું અનોખું આકર્ષણ હોય છે. વતનની યાદમાં ઝૂરતા અનેક લોકો વતન માટે કંઈક કરી છુટવાની ઈચ્છા રાખે છે અને આવા અનેક આશાદીપો ચારેબાજુ ઝળહળતા જોવા મળે છે.

## પ્રાચીન ભારતમાં ગ્રામ પંચાયતો [૨]

ઐતહાસિક દષ્ટિએ જોતા ભારતનાં ગામડાંઓમાં પ્રાચીન સમયથી ગ્રામ પંચાયતનું કોઈ ને કોઈ સ્વરૂપ જોવા મળે છે. 'પંચ ત્યા પરમેશ્વર' એ

આદર્શ અનુસાર આ 'પંચ' ગ્રામ સમુદાયનાં પ્રશ્નો સમજવા અને ગ્રામ્ય સમુદાયની સમસ્યાઓનું નિરાકરણ કરતું પાંચ માણસોનું બનેલું હોય તેને માટે ખાસ 'પંચાયત' એવા શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. વૈદિક સમયથી તેનું અસ્તિત્વ જોવા મળે છે. કહેવામાં આવે છે કે ગ્રામપંચાયત એ ગ્રામ સમુદાયનો કાયદો અને તેની વ્યવસ્થા જળવણી કરનાર મહત્વનું રચના તંત્ર ગણવામાં આવે છે. આવી પંચાયત નિર્ણય આપે તે આખરી ગણાતો ગ્રામ દ્વારા કાર્યની જવાબદારી સોપવામાં આવતી. ગ્રામ પંચાયત તે કરનાર મહત્વનું રચનાતંત્ર ગણવામાં આવે છે. આવી પંચાયત જે કોઈ નિર્ણય આપે તેને કાયદો ગણીને નિર્ણય માનવામાં આવતો અને ગ્રામ સમુદાયની પ્રવૃતિઓ તથા ગ્રામ દ્વારા કાર્યોની જવાબદારી પણ આ ગ્રામ પંચાયતને સોંપવામાં આવતી.

ભારતના ગામડાઓની નોંધપાત્ર હકીકત એ છે કે ગ્રામ્ય સમુદાયમાંના દરેકને રોજી રોટી મળી શકે તે બાબતમાં ઘણી મદદરૂપ આર્થિક વ્યવસ્થા હતી. સ્થાનિક વહીવટ બાબતમાં લોકો જેના જેના પર વિશ્વાસ રાખી શકે તેવા થોડાંક માણસોની સમિતિ પંચાયત તરીકે કામ કરતી 'પંચ ત્યાં પરમેશ્વર' એ ઉકિત હજુ પણ પ્રચલિત છે. ઝઘડાનો ન્યાય ચુકવવો હોય, સ્થાનિક વિકાસનાં કામ કરવાનાં હોય વગેરે બાબતો માં સ્થાનિક પ્રતિષ્ઠિત માણસોની સમિતિ મહત્વનો ભાગ ભજવીતી ગ્રામ પંચાયતે મહત્વની કામગીરી બજાવી છે. ભારતનાં રાજકીય ઈતિહાસમાં ઘણી ઉથલપાથલો થઈ છે. કેટલાય રાજવંશોની ચડતી પડતી થઈ છે. તેમજ વખતો વખત વિદેશીઓનો આકર્ષણો પણ ભારત ઉપર થયા છે. આવી અસ્થિર રાજકીય પરિસ્થિતિ સેંકડો વર્ષોનાં સમયમાં ગ્રામપંચાયતો ભારતનાં ગ્રામ સમુદાયોને સ્થાનિક

સામાજિક વ્યવહારો વિકસાવવામાં મદદ કરી છે. રાજકીયપક્ષ ક્ષેત્રે અંધા ધુંધી ભર્યો સમય આવ્યો હતો છતાં હિદમાં એક રીતે સંસ્કૃતિની ધારાં અતૂટ પણે ચાલુ કરી તેનું કારણ પંડીત જવાહરલાલ નહેરૂ ગ્રામ સમુદાયોનાં સ્થાનિક સ્વરાજમાં જુએ છે. "પ્રાચીન કાળમાં હિન્દુસ્તાન માં જે સામ્થ્ર્ય અને ચીવટ હતાં તે તેની ખૂબ ફેલાવો પામેલી ગ્રામ્ય સ્વરાજની સંસ્થામાં રહેલી હોય એમ જણાય છે. જમીનની માલીકી ગ્રામ્ય લોકોની અથવાં તેમાં ખેતી કરતાં ખેડુતોની હતી પંચાયતો પાસે ઘણી સતા અને અધિકારો હતાં. રાજાઓ તો આવતા અને જતા અથવા એકબ ીજા સાથે લડતા પરંતુ તેઓ આં ગ્રામ સંસ્થાઓ માં કશીયે દખલ કરતાં નહી. "આમ ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલા જે પરંપરાગત પંચાયતોનું માળખુ હતું એમા ખાસ કરીને સ્થાનીક માણસો દ્વારા શાસન વ્યવસ્થા ચલાવી શકાય અને ગામડાનાં લોકોને ન્યાય મળી શકે. એ માટે સ્થપાતી સંસ્થાને ગ્રામ પંચાયતના નામે ઓળખવામા આવતી ઋગ્વેદ અને અન્ય મળી શકે એ માટે સ્થપાતી સંસ્થાને ગ્રામ પંચાયતનાં નામે ઓળખવામાં આવતી. ઋગ્વેદ અને અન્ય પૌરાણિક ગ્રંથોમાં ગ્રામ પંચાયતો ઉદ્ભભવ સીધી યા આડકતરી રીતે જોવાં મળે છે. તે સમયે દરેક ગામ દીઠ એક–એક પંચાયત હતી તે મુખ્યત્વે શાંતિ, સંરક્ષણ અને શિક્ષણ તથા સ્વાસ્થ્ય અને ન્યાયનાં કાર્યો કરતી હતી. પંચાયત આત્મનિર્ભર હતી. અને કોઈપણ કાર્ય કરવા માટે તે સ્વતંત્ર અધિકાર ધરાવતી હતી. પંચાયત ને કેન્દ્રિય શાસનના મહત્વપૂર્ણ એકમ તરીકે ગણવામાં આવતી હતી.

## ૨ મોગલયુગ અને ગ્રામ પંચાયત

મોંગલયુગ એ ભારતીય ઈતિહાસમાં પંચાયતનાં વિનાશનો યુગ

કહેવામાં આવે છે. તે સમયે સ્વશાસનની ચાલી આવતી વ્યવસ્થાને નિરૂત્સાહી બનાવવાનાં પ્રયત્નો છે. મોગલ શાસકોમાં અકબરે પ્રતિભાશાળી શાસક હતા અને તેમણે પણ બધીજ સતા પોતાના હાથમાં કેન્દ્રિત કરેલી અને પરંપરાગત સ્વરૂપમાં ચાલી આવતી ગ્રામ પંચાયત ને પ્રોત્સાહન અપાયું નહિ આમ તે સમયનાં જુદા–જુદા શાસકોએ ગ્રામ પંચાયત જેવી સ્વતંત્ર શાસકની વ્યવસ્થાને સ્વીકારી ન હતી. પરિણામે મોંગલ સમયમાં ગ્રામ પંચાયતનું મહત્વ ધીમે–ધીમે ઘટવાં લાગ્યું.

### ૩ બ્રિટિશયુગ અને ગ્રામ પંચાયત [૩]

બ્રિટિશ સમયમાં પણ બ્રિટિશરોએ સમગ્ર રાજયનો વહીવટ પોતાના હાથમાં સંચાળ્યો પરિણામે એમ કહેવામાં આવે છે. કે બ્રિટિશ સમયમાં પંચાયતનું વાસ્તવિક પતન થયું જો કે અપવાદ રૂપે કેટલાંક બ્રિટિશ શાસકોએ ગ્રામપંચાયતના વખાણ પણ કર્યા છે. ગ્રામપંચાયતને ગ્રામીણપણ રાજય તરીકે ઓળખવાનો પ્રયત્ન પણ કર્યો છે. તેમ છતાં કહી શકાય છે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન ભારતીય સમાજમાં ગ્રામ પંચાયતોનું પતન થયું અને તે માટે કેટલાક મહત્વનાં જવાબદાર પરિબળો હતાં, જેમાં ના મુખયત્વે નીચે પ્રમાણે છે.

### અ) જમીનદારી પ્રથા

બ્રિટિશ રાજય અમલ દરમિયાન સમસ્ત ગાંમડા ઓમાં સયુંક્ત રીતે કર વસુલ કરવામાં આવતો અને આં સંદર્ભમાં ગ્રામપંચાયતને વધારે મહત્વ આપવામાં આવતું પરંતુ બ્રિટિશ શાસનનું મહત્વ વધારે છે. અને જમીનદારી પ્રથાં અમલમાં આવે છે. જમીનદારો પોતાની ઈચ્છાં પ્રમાણે બીજાને સૌપી શકતાં એટલું જ નહી પરંતુ મહેસુલ ઉઘરાવવાની જવાબદારી પણ પંચાયતને બદલે જમીનદારનાં

હાથમાં આવી પરિણામે ગ્રામપંચાયતનું એક પરં પરાગત કાર્ય છૂટુ થયુ અને પંચાયતનુ મહત્વ ઘટ્યું.

બ) નિયંત્રણનાં પાલનની વ્યવસ્થા

બ્રિટિશ શાસન શરૂ થયું તે પહેલાં ગામડાની શાંતિ અને સુરક્ષા સબંધી કાર્ય પંચાયતનાં હાથમાં હતું અને તેથી જ તેને કાયદો અને વ્યવસ્થા જળવણીની સંસ્થા કહેવામાં આવતી હતી પરંતુ બ્રિટિશ સમય દરમ્યાન આંતરિક શાંતિ અને સુરક્ષા માટે પોલીસ ખાતાની સ્થાપનાં કરવામાં આવી આમ નિયંત્રણનાં પાલનની નવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી અને કાયદો અને વ્યવસ્થા જળવણીનુ કાર્ય પંચાયતને બદલે પોલીસ ખાતાએ સંભાળ્યું આં ખાતાનું કામ ગ્રામ સમુદાયમાં પણ વ્યાપક બન્યું અને પરિણામે પોલીસને રાજયની માન્યતા પ્રાપ્ત થવાથી તેનો પ્રભાવ વધવા લાગ્યો અને પંચાયતોનો પ્રભાવ ઘટવા લાગ્યો.

ક) ન્યાયની વિશિષ્ટ વ્યવસ્થા

પરંપરાગત સ્વરૂપમાં ગ્રામ પંચાયત ન્યાય આપવાનું કાર્ય કરતી હતી અને તે જે ન્યાય આપે તે બંને પક્ષોને બંધનકર્તા રહેતો. પરંતુ બ્રિટિશ શાસનકાળ દરમિયાન દિવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના થઈ. ન્યાય વ્યવસ્થાનું ક્રમબધ્ધ સંગઠન અસ્તિત્વમાં આવ્યું. આવી ન્યાયાલયની સ્થાપનાથી પંચાયતનાં ન્યાય વિશેનાં બધા જ અધિકારો દૂર થયા અને એ રીતે ન્યાય આપવાની બાબત પંચાયતનુ જે મહત્વ હતુ તે ઘટવા લાગ્યું.

ડ) ઔધૌગિક અને વાહન વ્યવહારનો વિકાસ

બ્રિટિશ અમલ દરમિયાન ભારતમાં જુદા–જુદાં વિભાગોને સાંકળતી

વાહન વ્યવહારની સગવડતાં વિકાસ પામી ગ્રામ સમુદાયનાં લોકો સ્થળાંતર કરીને શહેરી સમુદાયમાં આવવાં લાગ્યા પરિણામે ગામડામાં કાર્યક્ષમ વ્યકિતઓ ઘટવાં લાગી અને પંચ તરીકે યોગ્ય વ્યકિતઓ મળી નહી પરિણામે પંચાયતનું મહત્વ ઘટવા લાગ્યું.

પરંપરાગત ગામડાંઓમાં પંચાયતોનું સંગઠન સરકારનાં પાયા પર રચાયુ હતું. ભારતમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરને પરિણામે વ્યકિતવાદની ભાવનાં નબળી પડવા લાગી આની અસર ગામડાઓ પર થઈ અને પરંપરાગત રીતે અસ્તિત્વ ધરાવતી પંચાયતો ધીમે ધીમે નષ્ટ પામવા લાગી.

આમ બ્રિટિશ અમલ દરમ્યાન અનેક કારણોને લીધે પંચાયતોનું વિઘટન થયું,[૪] તેથી સરકારે ગ્રામ સમુદાયોના બધા પ્રકારની વ્યવસ્થા કરવા માટે કોઈને કોઈ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મુકયો પરિણામે બ્રિટિશ સરકારે ગ્રામપંચાયતને સ્થાને જિલ્લાં પરિષદની રચનાં કરી પરંતુ સાયમન કમિશને તથા રોયલ કમિશને ૧૯૦૯માં જિલ્લાં પરિષદની નિષ્ફળતાઓ તરફ અંગુલી નિર્દેશ કર્યો અને એવુ સુચન કર્યુ કે ભારતીય સમાજમાં ગ્રામપંચાયતને પુનઃજીવિત કરવી અનિવાર્ય છે. કારણકે તેના વિકાસમાં ઉત્પન્ન કરવામાં આવેલી જિલ્લા પરિષદો ગ્રામ્યપંચાયતની જવાબદારી અદાકરી શકે તેમ નથી આવા સુચનના પરિણામે ૧૯૭૫ માં ભારત સરકારે આ સબંધી પ્રસ્તાવ પસાર કર્યો અને ૧૯૧૯ નાં માં પણ એ બાબત પર ભાર મુકવામાં આવ્યો હતો. અને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો કે સમગ્ર ભારતીય સમાજમાં ગ્રામપંચાયતને પુનઃજીવિત કરવા માટે જરૂરી પગલા લેવા આવાં સુચનનાં પરિણામે જુદા–જુદાં રાજયોમાં ગ્રામપંચાયતને લગતા કાયદાઓ પસાર કરવામાં આવ્યા. આ દિશામાં સૌથી પહેલો પ્રયત્ન ૧૯૧૯માં બંગાળની સરકારે કર્યો અને તેમણે બંગાળ ગ્રમાપંચાયત

એકટ પસાર કર્યો પરંતુ આ બધા કાયદાઓના પરિણામે ગ્રામપંચાયતને સંપૂર્ણ સ્વાયતતા આપવામાં આવી ન હતી.

અને સરકારનાં હસ્તક્ષેપની નીતિન ે સંપૂર્ણ પણે છોડવામા આવી ન હતી આમ પંચાયતને સત્તા ન મળવાથી ગ્રામિણ જનતાનો તેને સાથ અને સહકાર મળ્યા નહી. તેના પરિણામે કાયદાઓ ઘડીને અસ્તિત્વમાં આવેલ ગ્રામ પંચાયતો નિષ્ફળ નીવડી.

## ❖ સ્વતંત્ર ભારતમાં ગામડાઓને પૂનઃજીવિત કરવાનાં થયેલા પ્રયત્નો

સ્વતંત્રતા પહેલા બ્રિટિશ સરકારે ભારતનાં ગામડાં ઓના વિકાસ તરફ દુર્લભ સેવ્યુ હતું અને એવા વિસ્તારો તરફ આઝાદી બાદ દેશના જુદાજુદાં ગામડાઓના વિકાસ માટે લક્ષ કેન્દ્રિત કર્યુ ખાસ કરીને ગાંધીજીએ તે બાબત પર વિશેષ ભાર મુકયો હતો અને એવું મંતવ્ય રજુ કરેલુ કે સરકારી શકિતનું વિકેન્દ્રિકરણ એ દેશની પ્રગતિ માટેની આવશ્યક શરત છે. અને એ માટે દરેકે દરેક ગામડાઓને સ્વતંત્ર એકમ રૂપમાં સંગઠિત કરી રાજકીય સત્તા તેમને મળે તે દિશામાં પ્રયત્નો કરવા જરૂરી છે.

ગાંધીજીનાં આ વિચારોને અમલમાં મુકવા માટે સ્વતંત્ર ભારતનાં બંધારણમાં એની જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની ૪૦ મી કલમમાં આવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે રાજય ગ્રામપંચાયતોને સંગઠન કરવા તથા એવા અધિકાર અને સતા આપવા માટે પગલા લેશે કે જેના પરિણામે સ્વતંત્ર ભારતમાં નવેસરથી પંચાયતી રાજયની વ્યવસ્થા કરવાનુ સ્વીકારવામાં આવ્યું છે. અને તે માટે જુદાજુદાં રાજયોમાં કાયદાઓ પસા ર

કરીને અમલની જોગવાઈ પણ કરવામાં આવી છે.

## ૧. ઉતરપ્રદેશનું પંચાયતી રાજ ૧૯૪૭

સ્વાતંત્રતા પ્રાપ્તિ બાદ સૌ પ્રથમ ઉતરપ્રદેશમાં ૭–મી ડિસેમ્બર ૧૯૪૭ ના રોજ ઉતરપ્રદેશમાં પંચાયતી રાજ એકટ સ્વીકારવામાં આવ્યો જે દ્વારા ગ્રામ્ય સ્તર પર ત્રણ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી જેને(૧)ગ્રામ સભા(૨)ગ્રામ પંચાયત(૩)ન્યાય પંચાયતનાં નામે ઓળખવામાં આવે છે.

ગ્રામસભા અને ગ્રામ પંચાયતો ગામડાનાં વિવિધ પ્રકારની જોગવાઈઓ અને વિકાસ માટેના કાર્યો કરે અને ન્યાય પંચાયતો ન્યાય આપવાનુ કાર્ય કરતી હતી. શરૂઆતમાં કોઈપણ ૧૦૦૦ વસ્તી ધરાવતા ક્ષેત્ર ને ગામડામાં એક ગ્રામસભા સ્થાપવામાં આવી હતી પરંતુ નવા સંશોધનોને પરિણામે પાછળથી ૨૫૦ ની વસ્તી કે તેથી વધારે વસ્તી હોય તો પણ ગ્રામસભાની સ્થાપનાં થઈ શકે તેવી જોગવાઈ સ્વીકારવામાં આવી અને પરિણામે નાનાં નાનાં ગામડાને નજીક ગ્રામસભામાં જોડી દેવામા આવતા હતા, અથવા નાનાં નાનાં ગામડાને ભેગા કરી એક ગ્રામસભા બનાવી શકતી જોકે આં પ્રકારે ગ્રામસભાની રચના કરતી વખતે મુખ્ય બે બાબત ધ્યાનમાં રાખવી પડે :

૧) ગામડાઓની વચ્ચે ભૌગોલીક અંતર બહુ ન હોય.

૨) ગામડાઓ વચ્ચે નદી–નાળા વગેરે કુદરતી મુશ્કેલીઓ ન હોય.

### ❖ ગ્રામ પંચાયત

દરેક ગ્રામસભાની કાર્યવાહી સમિતિ હોય છે. જેના દ્વારા ગ્રામસભામાં બધા કાર્યો થતા હોય તેને ગ્રામ પંચાયત કહેવામાં આવે છે. ગ્રામસભાનાં

અધ્યક્ષ એ ગ્રામપંચાયતનાં પણ અધ્યક્ષ હોય છે. ગ્રામપંચાયતનાં સભ્યો દર વર્ષે પોતાનામાંથી એક ને ઉપપ્રમુખ ચૂટે છે અને ગ્રામસભાનાં પણ ઉપપ્રમુખ કહેવાય છે. આ ગ્રામપંચાયતના કાર્યો જે ગ્રામસભાએ નકકી કરેલા હોય તેને અમલમાં મુકવાના છે, એટલે કે કાર્યવાહક સમિતિ તરીકેનું કાર્ય ગ્રામપંચાયતે કરવાનુ હોય છે. ગ્રામપંચાયતનાં સભ્યોની સંખ્યા મર્યાદા ૧૫ થી ૩૧ માનવામા આવી છે અને ગ્રામપંચાયતની બેઠક ઓછામાં ઓછી મહિનામાં એક વખત બોલાવવી અનિવાર્ય બની રહે છે.

## ❖ ગ્રામ વિકાસ મંડળ

આજે વાત કરવી છે વતન બહાર રહીને પણ વતન માટે વિકાસનાં સપનાં ને હકીકતમાં પલટાવનાર કેટલાક વતનપ્રેમીઓની. અમદાવાદથી ૪૫ કિલોમીટરને અંતરે કલોલ પાસે આવેલા પલિયડ ગ્રામ વિકાસ મંડળની આ વાત છે. સેવાભાવી ગ્રામજનોએ શરૂ કરેલી એક નાનકડી સંસ્થા ગામની કાયાપલટ કેવી રીતે કરી શકે તેનું તાર્દશય ઉદાહરણ એટલે પલિયડ ગામ.

તાજેતરમાં આ ગ્રામ વિકાસ મંડળ પલિયડને પચીસ વર્ષ પૂર્ણ થયાં ત્યારે તેના રજતજયંતી સમારોહની પ્રવૃતિઓ જોતાં જ ખ્યાલ આવી જશે આ મંડળની પ્રવતિઓનો વ્યાપ કેટલો વિસ્તર્યો છે. રજતજયંતી નિમિતે દસ દિવસના ભરચક કાર્યક્રમોનું આયોજન થયું જેમાં અપંગ સાધન સહાય કેમ્પમાં ૨૦૫ અપંગોને તપાસીને ટ્રાઈસિકલ, કેલીપર્સ, વ્હીલચેર, કૃત્રિમ પગ આપવામાં આવ્યા. એટલું જ નહી ૧૧ જેટલાં બળકોને વિનામૂલ્યે પોલીયોનાં ઓપરેશન કરી આપવામાં આવ્યાં. વ્યસન મુકિત કેમ્પમાં અનેક લોકો એ નાના–મોટા વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લીધી.

ગ્રામસફાઈ અને પર્યાવરણ જાગૃતિ અંતર્ગત ગ્રામ વિદ્યાપીઠ નારદીપૂરની બહેનોએ ઘરેઘરે જઈ સફાઈ અંગે લોક જાગૃતિ કરી ગ્રામ સફાઈ કરી. સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં વીસેક ડોકટરોએ સેવા આપી ૭૮૦ લોકોને તપાસી વિનામૂલ્યે દવા આપી. એઈડસ પ્રજનન અને જાતિયરોગો અંગે પણ માહિતી તેમજ નિદાન કરવામાં આવ્યું.

ગ્રામ્ય વિસ્તારમાં પશુપાલન એ મુખ્ય વ્યવસાય હોઈ પશુ સારવાર કેમ્પનું આયોજન થયું, જેમા માત્ર પલિયડનાં જ નહી આજુ બાજુનાં દસ ગામડાઓના પશુઓની પણ સારવાર કરવામાં આવી. પશુપાલક મહિલાઓમાં જાગૃતિ આવે તે માટે મહિલા સંમેલન પણ યોજયું, જેમાં તજજ્ઞોએ બહેનોને પશુપાલનની વૈજ્ઞાનિક પધ્ધતિથી માહીતગાર કરી.

બહેનો માટે રંગોળી, મહેંદી તેમજ કેશ ગુંફન સ્પર્ધા યોજાઈ. બાળકો માટે બાલોત્સવ યોજાયો જેમાં રમતગમત, વકતૃત્વ, નિબંધ, ગરબા, એકપાત્રીય અભિનય જેવી અનેક સ્પર્ધાઓનું આયોજન થયું. કાર્યક્રમોની સૂચિ બનાવવા જઈએ તો યાદી ઘણી લાંબી થઈ શકે, પરંતુ આ નિમિતે વિધવા–ત્યકતા બહેનોનું સંમેલન, ચશ્માં શિબિર, બાળતંદુરસ્તી હરીફાઈ, રકતદાન શિબિર, કિસાન સંમેલન, મહિલા સ્વાવલંબન અને કાનુની માર્ગદર્શન, બાળ–પ્રતિભાશોધ, ભકિત સંગીત અને ડાયરા જેવા કાર્યક્રમોની હારમાળાએ ગામમાં એક અનોખી જાગૃતિ આણી દિધી.

આ બધા કાર્યક્રમોના આયોજન પાછળ પ્રસિધ્ધિથી હંમેશાં દૂર રહી સમાજ સેવાની આગવી કેડી કંડારનાર પલિયડના પનોતાપુત્ર શ્રી શંકરભાઈ.લ. પટેલની દીર્ઘ દૃષ્ટિ અને કોઠાસૂઝના દર્શન થયા વિના રહેતાં નથી. ભલે તેઓ અમદાવાદમાં રહેતા હોય. પરંતુ ગ્રામજનો અને

વનવાસીઓની સેવાકરવી તેમનો જીવનમંત્ર છે. સદવિચાર પરિવાર, કરૂણા ટ્રસ્ટ, ધરતી વિકાસમંડળ જેવી અનેક સંસ્થાઓમાં સતત કાર્યરત રહી 'જન સેવા એજ પ્રભુ સેવા' ના મંત્રને તેમણે સાર્થક કર્યો છે. પલિયડ ગ્રામ વિકાસ મંડળનો વિચાર સ્ફૂર્યો કે તરતજ ગામના અગ્રણીઓનો સહકાર લઈ રણછોડભાઈ પટેલ, નારણભાઈ અને ડી. એસ.પટેલ. જેવા સેવાસાધકોને આગળ કર્યા અને ગામમાં એક વિશાળ હોસ્પિટલનું નિર્માણ કર્યુ. આજુબાજુનાં અનેક ગામો માટે આ હોસ્પિટલ આશિર્વાદ રૂપ થઈ પડી. દરરોજ ૧૦૦ થી પણ વધારે દર્દીઓ સુવિધા યુકત હોસ્પિટલનો લાભ લે છે.

શંકરભાઈની સાથે જોડાયા એવા જ એક બીજા સેવાવ્રતી શ્રી વીસાભાઈ પટેલ. બંનેની જુગલ જોડીએ પલિયડ ગ્રામ વિકાસની પ્રવૃતિઓને માત્ર ને પૂરતી સીમીત ન રાખતાં, છેક અરવલ્લીની ગિરિકંદરાઓમાં વસતા વનવાસીઓની વહારે ધાયા. પાલનપુરથી અંબાજી જવાના રસ્તે વિરમપુર આસપાસના વિસ્તારમાં મ.ગ. પટેલ સર્વોદય ટ્રસ્ટના સહયોગથી અનેકવિધ સેવાકીય પ્રર્વતિઓ આદરી. કપરા દુષ્કાળમાં ઠેરઠેર ઢોરવાડા ઉભા કરી પશુધનને મરતું બચાવ્યું. વનવાસી બાળકો માટે એક વિધાલય, ગરીબોને અનાજ સહાય જેવી પ્રવૃતિઓથી આજે પણ વનવાસી પ્રજા વિકાસને પંથે આગળ વધી છે.

સૌથી મહત્વની બાબત તો એ છે કે ગ્રામ વિકાસ મંડળમાં પલિયડ ગામના વિદેશમાં રહેતા પાંચસો જેટલા પરિવારો જોડાયા છે. રજતજયંતી પ્રસંગે દોઢસોથી પણ વધારે લોકો ગામનું ઋણ ચૂકવવા આ પ્રસંગમાં અમેરીકાથી અહી આવ્યા હતા. હજારો કિલોમીટર દૂર બેઠાં બેઠાં પણ ગામના વિકાસની ચિંતા તેમને સતાવતી. ગામના અનેક દાતાઓની મદદથી આજે

ગામમાં શ્રી સોમાભાઈ સાર્વજીનક હોસ્પિટલ, ગ્રામ પંચાયતનું આધુનિક કાર્યાલય, શ્રી સરસ્વતી વિદ્યાલય, બાલમંદિર, પશુદવાખાનું, ધોબીઘાટ, દૂધમંડળી, પલિયડ સેવા સહકારી મંડળી અને જયાં મરવાનું મન થાય એવી સુંદર સ્મશાન ભૂમિનું નિર્માણ થયું છે.

એટલું જ નહીં આ વિકાસનાં કામોને પ્રોત્સાહન આપવા અનેક પ્રતિભાઓને તેમણે પોતાના ત્યાં નિમંત્રી છે જેમાં ક્રાંતિકારી સ્વામી સચ્ચિદાનંદ, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મગનભાઈ બારોટ, માનવમંદિરના પૂ.દેવેન્દ્ર વિજયજી વડનગરના ડો.વસંતભાઈ પરીખ, સેવાભાવી ધારાસભ્ય શ્રી ડો.જીતુભાઈ પટેલ, સહકારી અગ્રણી આત્મારામ કાકા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંઘચાલક શ્રી અમૃતભાઈ કડીવાલા, વિશ્વ હિન્દુ પરિષદના ડો. જયદીપભાઈ પટેલ સહિત અનેક લોકોએ તેમની ગ્રામ વિકાસની આ પ્રવૃતિને બિરદાવી છે. ગ્રામ વિકાસ મંડળ અને ગામની બીજી અનેક નાની મોટી સંસ્થાઓએ ગામને આદર્શગામ બનાવવા માટે કમર કસી છે.

તુટતાં જતાં ગામડાં અને વધતા જતા શહેરીકરણને ન થવા આવાં મંડળો સમાજને નવી દિશા ચીંધી 'હાલો ભેરૂ ગામડે' ના સૂત્રને ચરિતાર્થ કરી રહી છે તે નાની સૂની વાત નથી. સહકારી પ્રવૃતિના ક્ષેત્રમાં ગુજરાત એક આગવુ સ્થાન ધરાવે છે. સહકારી ભાવના થકી ગુજરાતનો વિકાસ પણ સારા પ્રમાણમાં થયેલો છે. દેશભરમાં સહકારી શતાબ્દી વર્ષ ઉજવાઈ રહયું છે, એમ ગુજરાતમાં પણ વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી ચાલુજ છે તેના ભાગરૂપે કાલુપુર કોમર્શિયલ કો–ઓપરેટિવ બેંકના ઉપક્રમે ૧૭–જાન્યુઆરીના રોજ નિરમા યુનિવર્સિટી ખાતે ગુજરાતના સહકારી ક્ષેત્રના ૨૭ સેવાભાવી અગ્રણીઓને ગૌરવ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા.

સહકારી ક્ષેત્રમાં જોડાઈ સમર્પણ ભાવનાથી ખૂબ મોટું યોગદાન આપનાર અને સન્માનિત થનાર પદાધિકારીઓમાં કાલુપુર બેંકના પૂર્વ ચેરમેન સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, કાલુપુર બેંકના હાલના ચેરમેન સાદાઈ અને સિધ્ધાંતના આગ્રહી ગોપાળદાસ પટેલ, શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો.વર્ગીસ કુરિયન, દલસુખભાઈ ગોધામી, દેવેન્દ્રકુમાર દેસાઈ, ગુજરાત સહકારી સંઘના ચેરમેન ધનશ્યામભાઈ અમીન, હરિહરભાઈ જોશી, ઈન્દુભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, સેવા સંસ્થાના શ્રીમતી ઈલાબહેન ભટ્ટ, ગુજરાત કો–ઓપરેટીવ બેંકના ચેરમેન જયરામભાઈ પટેલ, જશભાઈ પટેલ, જગદીશચંદ્ર મુલાણી, જયોતિન્દ્રભાઈ મહેતા, મોતીભાઈ ચૌધરી, રમણલાલ ગાંધી, રત્નાભાઈ ભરવાડ, શંભુભાઈ પટેલ, વિઠલભાઈ પટેલ, વિઠલભાઈ અમીન, વસંતભાઈ ખોખાણી, વ્રજલાલભાઈ પટેલ, રવિન્દ્ર પાટકર, સદાશિવભાઈ જોશી, સુરેશભાઈ ક્રિશ્રકાંત વોરા અને ડો.મુકુંદ અભ્યંકરનો સમાવેશ થયો છે.

સહકારી ક્ષેત્રમાં પ્રદાન બદલ સન્માનિત એવા આ સૌ પદાધિકારીઓ લોકમાન્ય છે, તાજેતરમાં તેમના સન્માન ટાણે મુખ્ય મહેમાન પદેથી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ સૌ મહાનુભાવોની સેવા પ્રવૃતિને પ્રેરણાત્મક ગણાવી બિરદાવી હતી. તેમણે કહયું કે સો વર્ષના સહકારી આંદોલને ભારતના પશ્ચિમ વિસ્તારના પ્રદેશોમાં આર્થિક વિકાસની કેડી કંડારી છે, સહકારિતાનો કાયદ ો આવ્યો તે પહેલાં ગુજરાતે તેનાં પગરણ માંડયાં હતાં. ૧૨૫ વર્ષ પહેલા વડોદરાથી કાયદો શરૂ થયો હતો. શતાબ્દી વર્ષમાં પુનમૂલ્યાંકનની જરૂર લાગે છે. નાગરિક તરીકે ક્ષેત્રના શ્રેષ્ઠીજનો એ તેનું મૂલ્યાંકન કરીને, શ્રેષ્ઠ હોય તેને આગળ લઈ જવું જોઈએ.

આ પ્રસંગે ઉપસ્થિત સહકાર મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જણાવ્યું કે સમાજીક જીવનનાં તમામ ક્ષેત્રોમાં સહકારી ક્ષેત્રનું પ્રદાન રહયું છે. દેશની આર્થિક સ્થિતિ બદલવામાં આ ક્ષેત્રનું મોટું યોગદાન છે. કાલુપુર બેંકના ઉપક્રમે આ વ્યકિત ઓનું સન્માન કરીને સમાજ ઋણનો બદલો આ ક્ષેત્ર વાળી રહયું છે. સન્માનિતો બધાજ એક સંસ્થા સમાન છે.

આ સમારોહના પ્રમુખ શ્રી ડો. કરશનભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો, શુભેચ્છકોથી આ કાર્યક્રમ દીપી ઉઠયો હતો. જય પાઠકે મંત્રોચ્ચારથી શુભારંભ કરેલો આ કાર્યક્રમ કાલુપુર બેંકના વ્યવસ્થાપક અંબુભાઈ પટેલના સ્વાગત પ્રવચનથી સુંદર રીતે ચાલ્યો હતો. તેમણે કહયું દૂધ મંડળીની સૌથી મોટી શ્વેત ક્રાંતિ છે. ' વસુધૈવ કુટુંબકમ ' એ સહકારનું સૂત્ર રહયું છે.

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર નાગરિક સહકારી બેંકના માજી ચેરમેન શ્રી રસિકભાઈ એન. શાહની ભારત સહકાર દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ગુજરાત વિભાગ માં ૩ વર્ષ માટે ડિરેકટર તરીકે નિમણૂક થઈ છે તેવી કરશનભાઈ પટેલે જાહેરાત કરતાં ઉપસ્થિત જનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

## ❖ ગ્રામ વિકાસનાં કાર્યક્રમોનો ઉદ્ ભવ અને વિકાસ [૫]

### પૂર્વ ભૂમિકા

આપણો દેશ આઝાદ થયો ત્યારે ૮૦ % વસ્તી ગામડા ઓમાં રહેતી હતી ખેતી અને તેને આધારીત પ્રર્વતિઓ એ આવકનુ મુખ્ય સાધન હતુ. ખેતી પ્રધાન દેશ હોવા છતા દેશમાં અનાજની ભારે તંગી વર્તાતી હતી. તેથી

આઝાદી પછીનાં ૧૫–૨૦ વર્ષ સુધી ખેતીના વિકાસ ઉપર પંચ વર્ષિય યોજનાઓમાં વધુ મહત્વ આપવામાં આવ્યુ જેથી ગરીબીના મોટા ભાગના પ્રશ્નો હલ થઈ શકે. પરંતુ ખેતી 'હરિયાળી ક્રાંતિ' થઈ હોવા છતા માત્ર ખેતીવાડીનાં વિકાસથી ગરીબી નાબૂદ કરી શકાય તેમ નથી. તેવો અનુભવે ખ્યાલ આવ્યો તેથી ગરીબ પરિવારો માટે તેમને સીધેસીધો લાભ થાય તેવી સ્વરોજગારી ની વેતન–રોજગારીની તાલીમની અને તેમના સમુદાયિક વિકાસ માટેની યોજનાઓ શરૂ કરવામાં આવી. આ સમયગાળામાં ગ્રામવિકાસ ક્ષેત્રે વિવિધ યોજનાઓ અમલમાં આવી. ભારત સરકાર તેમજ રાજય સરકારો દ્વારા ગ્રામિણ વિકાસ ક્ષેત્રે ખુબ મોટું નાણાકીય ભંડોળ ફાળવવાની નીતિ રાખવામાં આવી.

## ❖ ગ્રામ વિકાસ યોજનાની સ્થાપના

ગ્રામ વિકાસના અને ખાસ કરીને ગરીબી નિવારણના કાર્યક્રમોનુ આયોજન અમલ અને સંચાલન સરળતાથી થઈ શકે માટે અને આવા કાર્યક્રમોમાં જડ સરકારી વલણના બદલે જે તે વિસ્તારની આર્થિક સામાજીક અને ભૌગૌલિક પરિસ્થિતિને અનુલક્ષીને સ્થિતિ સ્થાપકતા લાવી શકાય તે હેતુથી સમગ્ર દેશના તમામ જીલ્લાઓમાં શરૂઆત નાના ખેડૂત વિકાસ એજન્સીની સ્થાપના તા:૧૯/૩/૧૯૭૧ થી કરવામાં આવેલી હતી, ત્યારબાદ એક સૂત્રતા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સ્થાપના કેન્દ્ર સરકારના રજીસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એકટ ૧૮૬૦–હેઠળ તેમજ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ–૧૯૫૦ હેઠળ નોંધણી કરેલ સ્વાયત સંસ્થા છે. જિલ્લાં ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢનુ રજીટ્રેશન તાઃ ૨૩/૬/૧૯૮૧ થી

કરવામા આવેલ છે. ગ્રામ વિકાસ ક્ષેત્રે જરૂરી હોય તેવા વિવિધ પાસા જેવા કે ખેતી, પશુપાલન, સહકાર ઉધોગ, ધીરાણ, વનીકરણ, મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રોને આવરી લેવાના હેતુ થી જે તે વિભાગના અધિકારીઓ કર્મચારીઓને પ્રતિનિયુકિત પર જિલ્લા ગ્રામ વિકાસ યોજના નિમણુંક આપી ગ્રામ વિસ્તારોમાં સમગ્રપણે વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

જુદી–જુદી ગ્રામ વિકાસ એજન્સીમાં જિલ્લા ગ્રામ વિકાસ યોજનામાં ગવર્નીગ બોડીમાં સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સબંધિત સરકારી ખાતાનાં અધિકારીઓ સભ્ય તરીકે હોય છે. અને ગવર્નીગ બોડીમાં નીતિ વિષયક નિર્ણય લેવામાં આવે છે.

તેમજ જીલ્લા વિકાસ એજન્સીની કરોબારી સમિતિમાં પ ણ સરકારી ખાતાના અધિકારીઓ સભ્ય તરીકે હોય છે અને ગ્રામ વિકાસની યોજનાઓના અમલીકરણમાં માર્ગદર્શન પુરૂ પાડે છે.

## ❖ ગ્રામ વિકાસ યોજનાના ઘ્યેયો

ભારતની વસ્તી ગામડામાં વસે છે. તેમનુ આર્થિક સામાજીક જીવન સમસ્યા રૂપ છે. આઝાદી પછી ગ્રામ્ય સ્તરને સુધારવા પર ભાર મુકવામાં આવ્યો. ૧૯૪૮ માં અમેરીકાની સહાયથી ઉતરપ્રદેશમાં ઈટાવા ગામે પાયલોટ પ્રોજેકટ શરૂ થયો તેમા સફળતા મળતા તે વખતના અમેરિકાનાં પ્રમુખ ટ્રુમેન અને ભારત જોડે કરાર થયા. અમેરીકાએ આર્થિક સહાય આપવાની તૈયારી બતાવી. ભારતને આ ઉપરાંત **Ford Foundation** તરફથી મદદ મળી, આમ બીજી ઓકટોમ્બર ૧૯પરથી ગ્રામવિકાસ યોજના ભારતમાં શરૂ થઈ. આ જ સમયે ભારતમાં અનાજ ઉત્પાદન સમિતિ સ્થપાઈ

તેણે ગામડાંના સર્વાંગી વિકાસ માટે **National Externstion service blooks** ની સ્થાપના માટે ભલામણ કરી જે પ્રત્યેક પ્રજાજનને ગ્રામ વિકાસનાં ભાગીદાર બનાવે છે. આ યોજના નો હેતુ ગ્રામ સમાજો ને વધુ લાભ આપવાનો છે. આ ભલામણથી ૧૯૫૩ માં આ **National Externstion service blooks** સ્થાપના થઈ આમ ગ્રામ વિકાસ યોજના બે સ્વરૂપો થયા (૧) સામુદાયિક વિકાસ યોજના (૨) રાષ્ટ્રિય વિસ્તાર સેવા.

રાષ્ટ્રિય વિસ્તરણ સેવા એ સામુદાયિક વિકાસ યોજનાનુ પ્રાથમિક સ્વરૂપ છે. કોઈપણ યોજના **N.E.S** દ્વારા દાખલ થાય તે યોજના સફળ થાય લોકોમાં દઢ થાય પછી તેને ગ્રામ વિકાસ યોજનામાં ફેરવી દેવામાં આવે છે. ૧૯૬૩ સુધી ૫૮ લાખ ગામો આવર્યા છે. ૩૩૯૦ બ્લોક ખોલ્યા.

## ૩.૨ જવાહરલાલ નહેરૂ અહેવાલ [૬]

આ અહેવાલમાં ૨જી ઓકટોમ્બર ૧૯૫૯ ના રોજ રાજસ્થાન માં સૌ પ્રથમ પંચાયતી સંસ્થાઓની સ્થાપના થઈ તેનુ ઉદઘાટન કરતા પંડિત જવાહરલાલ નહેરૂએ દેશ સમક્ષ એક નવા યુગનું આશાસ્પદ ચિત્ર દોર્યુ હતુ ત્યારબાદ ભારતના મોટા ભાગના રાજયોમાં પંચાયતી રાજની સ્થાપના થોડાક વર્ષોમા થઈ ગઈ.

દેશના તાત્કાલીક અને ગંભીર પ્રશ્નોને હલ કરવા માટે નિષ્ણાતોની બનેલી એક કમિટીની રચના કરવી જરૂરી છે. આવા પ્રશ્નોને તાત્કાલીક દૂર કરીને દેશની પૂનઃરચના માટે કોઈ ને કોઈ પ્રકારની યોજના અમલ થાય તે જરૂરી બને છે. જુલાઈ ૧૯૩૮માં એવુ નકકી કરવામાં આવ્યુ કે જે રાજયોમાં કોંગ્રેસ સરકાર હતી. તેના ઉધોગો ખાતાનાં અને આયોજન ખાતાના

પ્રધાનોની એક કોન્ફરન્સ બનાવવામાં આવે અને તુરંત જ એ વર્ષના અંતે કોન્ફરન્સ ઓકટોમ્બર ૧૯૩૮ માં બોલાવવામાં આવી અને સામાન્ય વિચાર નકકી કરવામાં આવ્યો છે. ગરીબાઈની સમસ્યા, બેકારીની સમસ્યા, રાષ્ટ્રિય સંરક્ષણની સમસ્યા, આર્થિક પૂનઃરચનાની સમસ્યા વગેરેનુ ઝડપી ઔધૌગિકરણ વિના નિરાકરણ થઈ શકશે નહી. અને જો ઝડપી ઔધૌગિકરણ કરવુ હશે તો તેને માટે રાષ્ટ્રવ્યાપી આયોજનની કોઈક વ્યવસ્થા સ્વીકારવી પડશે એટલા માટે પંડિત જવાહરલાલ નહેરૂના અધ્યક્ષપણા હેઠળ (**National Planning Committee**) ની રચના કરવામા આવી.

સતત પરિવર્તનનો આધાર વિકાસ પર જોવા મળે છે. જો વિકાસ થાય તો પરિવર્તન પણ થાય આજના વિકાસના યુગમાં 'આયોજન' એ અનિવાર્ય સાધન છે. ભારતમાં ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ માં આઝાદ થયો ત્યારે તેની સમક્ષ ગરીબાઈ, બેકારી, અનાજની અછત, ખેતીની નીચી ઉત્પાદકતા ઔધૌગિક અશાંતિ, નિરક્ષરતા જેવા પ્રશ્નો ખૂબ ગંભીર સ્વરૂપે જોવા મળ્યા હતા. આથી આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે તેમજ લોકોનાં જીવનધોરણમાં સુધારો લાવવા માટે લોકશાહી આયોજનનો માર્ગ સ્વીકારવામા આવ્યો ૧૯૫૦માં સ્વ.વડાપ્રધાન જવાહરલાલ નહેરૂનાં અધ્યક્ષે રાષ્ટ્રિય આયોજન પંચની રચના કરવામાં આવી. પ્રથમ પંચવર્ષીય યોજનાની સમયમયાર્દા ૧લી એપ્રિલ ૧૯૫૧ થી ૩૧ માર્ચ ૧૯૫૬ સુધીની રાખવામા આવી.

## ❖ પ્રથમ પંચવર્ષીય યોજના (૧૯૫૧.૫૬)

### ભૂમિકા

આ યોજના થઈ તે સમયે દેશમાં તીવ્ર ફુગાવાની પરિસ્થિતિ તથા

અનાજ અને કાંચા માલની ભારે અછત હતી. બીજા વિશ્વયુધ્ધ, દેશના ભાગલા તથા કોરિયન યુધ્ધ પરિણામે રાષ્ટ્રનુ સમગ્ર અર્થતંત્ર છિન્નભિન્ન અવસ્થામાં હતુ આવી પરિસ્થિતિમાં યોજના વિકાસની ભૂમિકા મહત્વનો ફાળો આપે તે માટે થઈને ઘડવામાં આવી.

હેતુ

(૧) બીજા વિશ્વયુધ્ધ તથા દેશનાં ભાગલાનાં પરિણામે અર્થતંત્રમા જે અસમતુલાઓ સર્જાઈ હતી તે દૂર કરવી.

(૨) રાષ્ટ્રિય આવક ઉત્પાદન તથા રોજગારીમાં વધારો કરીને પ્રજાના જીવનધોરણમાં સુધારો લાવી શકાય. આ યોજના દરમ્યાન રૂ/ ૨૩૭૮ કરોડનો ખર્ચ કરવામા આવ્યો હતો. પંચાયતોનું મહત્વ દર્શાવવા તેઓ અન્વયે લખે છે 'સતાનુ કેન્દ્ર અત્યારે દિલ્હી, કલકતા, કે મુંબઈ જેવા મોટા શહેરોમાં છે. મારૂ ચાલે તો હું ભારતનાં સાત લાખ ગામડામાં લે વહેચી દઉં આ સંસ્થાઓ માત્ર પ્રાચીન હોવાથી તેમના પ્રત્યે અહોભાવ વ્યકત કરવા કરતાં પંડિત જવાહરલાલ નહેરૂ કઈક વાસ્તવદર્શી ચિત્ર આ રીતે રજુ કરે છે. 'ગામડા પાસે સ્થાનિક સ્વતંત્રતા અને સ્વાયતતા હતી એ બહું સારી વસ્તુ હતી પણ એ પધ્ધતીની ખામીઓ અને મર્યાદાઓ દુર્લભ [૧] કરવા જેવુ નથી.'

જવાહર ગ્રામ સમૃધ્ધિ યોજના

ગ્રામ કક્ષાએ જરૂરિયાત મુજબ સામુહિક ઉપયોગીતા વાળી આંતઃસ્તરીય અને ટકાઉ સુવિધાઓનું માળખુ ઉભુ કરવા અંગેની આ યોજના છે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબોને રોજગારી

આપવાનો ઉદેશ છે.–કુલ વાર્ષિક ફાળવણીના ૨૨.૫ ટકાની રકમનો અનુ. જનજાતિ / અનુજાતિના ઈસમોને લાભ મળે તેવી રીતે આયોજન કરવાનુ હોય છે.–આ યોજનાની કામગીરી ગ્રામ પંચાયત તેમજ અમલીકરણ સમિતિ દ્વારા કરવામા આવે છે.–આ યોજના હેઠળની રકમ સીધીગ્રામ પંચાયતે ફાળવવામાં આવે છે. અને રૂ/ ૫૦૦૦૦ સુધીના કામો માટે વહીવટી મજુંરી લેવાની રહેતી નથી. –વર્ષાન્તે ૧૫% કરતા વધુ રકમ વપરાયા વગરની રહેતો બીજા વર્ષે તેટલી રકમ કપાઈને મળે છે. –ગ્રામ સભામાં કામની અગ્રતા નકકી કર્યા બાદ કામગીરી કરવામાં આવે છે. –ગ્રામ પંચાયતે ઉભી કરેલ મિલકતોની જાળવણી કરવાની જવાબદારી જેતે ગ્રામ પંચાયતની રહેશે અને ઉભી થયેલ મિલ્કતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧ ઉદેશો

(અ) મુખ્ય ઉદેશો

(૧) ગ્રામ્ય સ્તરે ટકાઉ અસ્કયામતો (૨) ગ્રામીણ ગરીબોની આવકના ધોરણોમાં એકસરખો સુધારો કરે તેવી તકો વધે તેવી અસ્કયામતો.

(બ) ગૌણ ઉદેશ

ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગાર ગરીબો માટે પુરક રોજગારીનું નિર્માણ

૨ સમાજના નબળા વર્ગોના લોકો માટે વહીવટી ખાસ સાક્ષરતાની જોગવાઈઓ

(૧) યોજનાની વાર્ષિક જોગવાઈના ૨૨ % જેટલી રકમ અ. મ. જ. જા

ના વ્યકિતગત લાભાર્થી માટે અંકિત રહેશે.

(૨) ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને વેતન રોજગારી પુરી પાડવા માં આવશે.

૩ માળખુ

આ કાર્યક્રમનુ અમલીકરણ કેન્દ્ર પુરસ્કૃત રહેશે અને પ્રમાણે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર વચ્ચે ૭૫ : ૨૫ નાં પ્રમાણમાં રહેશે.

૪ કાર્યક્રમની વ્યુહરચના

આ યોજનાનું અમલીકરણ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવશે.

૫ ફંડની જોગવાઈ તથા ફાળવણીના ધોરણો અને કાર્ય પધ્ધતિ

૬ બેંકમાં ખાંતુ ખોલવા અંગે

૭ યોજના હેઠળ ખોલાયેલ ખાતામાંથી ડિપોઝિટ ઉપર મળેલ વ્યાજનો ઉપયોગ.

૮ નાણાં ઉપાડવા અંગે

વગેરે વિવિધ બાબતોનો સમાવેશ જવાહર ગ્રામ સમૃધ્ધિની યોજનામાં સમાવેશ થાય છે.

❖ ગ્રામ–તાલુકા–જિલ્લા પંચાયતોને જવાહર રોજગાર અંતર્ગત ફંડ ની ફાળવણી [૭]

નં. ગ્રવક / જર૫ (૧) પંચાયત હેડ / ૧૨૯૭ / ઝિ. ૮૪ / ૧૨૦૭ –૯૭ કમિશ્નર ગ્રામવિકાસની કચેરી પ્રતિ બ્લોક નં.–૯ પ્રથમ માળ ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર તારીખ :– ૨/૪/૯૭૭

પ્રતિ નિયામકશ્રી જિલ્લા ગ્રામવિકાસ એજન્સી. જવાહર રોજગાર

યોજના મેન્યુઅલ સુધારા વધારા.

સંદર્ભ

કેન્દ્ર સરકારનો પત્ર નં. વી. ૨૪૦૧૧ / ૯ / ૯૬ આર ઈ ના તારીખ : ૨૭/૨/૯૭.

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનુ કે આ અગાઉ કેન્દ્ર સરકારે જિલ્લા કક્ષાએ જવાહર રોજગાર યોજના અંગેના ઉપલબ્ધ ભંડોળની વહેંચણી જિલ્લા / તાલુકા અને ગ્રામ પંચાયતને સોંપાઈ ગયા હતાં. આમ ભારત તેમાથી પૂનઃર્જીવિત થવાનું હતુ ઉપરાંત ઉપર જણાવેલ સમસ્યાને તાત્કાલિક દૂર કરવાના હેતુસર ભારતમાં આયોજન ઘણુ જ મહત્વનું હતુ.

પંડિત જવાહરલાલ નહેરૂએ પંચાયતી રાજને 'મહાન ક્રાંતિકારી પ્રયોગ' તરીકે ઓળખાવેલ છે. શ્રી જવાહરલાલ નહેરૂએ પણ આ પધ્ધતિ સરકાર અને સંગઠિત ગામડા ઉપર આધાર રાખે છે. તેવુ જણાવેલ છે. વ્યકિતઓ અને કુટુંબોને અમુક હકકો તેમજ જવાબદારીઓ હતી બન્ને રૂઢિગત કાયદા દ્વારા નકકી થતી અને રક્ષણ મળતુ.

તરફથી મુલઈ યોજના 'રોમ નો' 'જીલ્લા યોજના' શ્રી મન્નાં રાપણ નો ''ગાંધીવાદી યોજના વગેરે યોજના થઈ.

૧૯૪૬માં પડિત જવાહરલાલ નહેરૂના નેતૃત્વ નીચે રચાયલી કામ ચલાઉ સરકારે સલાહકાર આયોજન પંચ નિમવા માટે ભલામણ કરી આમ સમય જતા આયોજન માટે ભારતનાં નેતાઓના ઉત્સુકતા સ્વાધીનતા ભારતમાં ફળદાઈ નીવડી ભારત પહેલા ગુલામ હતુ. બ્રિટિશ રાજય કરતા ત્યારે આયોજન ન થાય તે સ્વાભાવિક છે. અને થયા હોય તેનો પણ પૂર્ણ અમલ ન થાય પરંતુ ૧૯૪૭ માં ભારત સ્વતંત્ર થયું ૧૯૪૭માં ભારત

સ્વતંત્ર થયું ત્યારે દેશમાં અંધશ્રધ્ધા, રોગચાળો, ગરીબાઈ, બેકારી નિરક્ષરતા, અસમાનતાં અને અન્ય દેશોની તુલનામાં ભારતનુ આર્થિક પછાતપણું વગેરે સમસ્યાઓ જોવા મળતી હતી. ભારત સ્વતંત્ર થયું ત્યારે ફકત હાડકાનો માળો હતુ. તેમા લોહી વહેતુ હતુ.

### ૩.૩ મહાત્મા ગાંધી અહેવાલ

ભારતમાં સૌ પ્રથમ આ યોજનાનો પધ્ધતિસરનો વિચાર શ્રી વિશ્વેસરૈયાએ રજુ કર્યો હતો. તેમણે ૧૯૩૪માં રાષ્ટ્રિય આવક બજાણી કરવાનાં ઉદેશવાળી દશ વર્ષિય યોજના બહાર પાડી ૧૯૩૮માં કોંગ્રેસનાં પ્રમુખ સુભાષચંદ્ર બોઝનાં પ્રમુખપદે મળેલ પોતાના ઉધોગ પ્રધાનોની પરિષદો ગરીબાઈ અને બેકારી નિવારણ માટે તથા આર્થિક પૂનઃઉત્પાદન માટે સંરક્ષણને મજબૂત બનાવવા માટે ઉધૌગીકરણની જરૂરીયાત પર ભાર મુકી આયોજન પંચની નિમણુંક કરવાનો ઠરાવ કર્યો.

પંડિત જવાહરલાલ નહેરૂનાં પ્રમુખપદે યોજના સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ ભારતના આર્થિક વિકાસ માટે તથા તેના દરેક પાસાના વિકાસની યોજના તૈયાર કરી, ત્યારબાદ ૧૯૪૪ માં ભારતનાં ઉધોગપતિઓ વચ્ચે ૨૦ : ૬૫ નાં ધોરણે કરવા સૂચના આપેલ છે. તેના અનુસંધાને ૧–૪–૯૬ થી અમલમાં આવેલ જવાહરલાલ રોજગાર યોજના મેન્યુઅલમાં જરૂરી સુધારા–વધારા કરેલ છે. જેની એક નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. જેની જાણ તમામ સબંધિતોને કરવા વિનંતી છે. તથા મેન્યુઅલમાં થયેલ સુધારા–વધારાનો ચુસ્તપણે અમલ થાય તે જોવા વિનંતી છે. આગામી નાણાકીય વર્ષથી જવાહર રોજગાર યોજના હેઠળ મળનાર ગ્રામ્યની ફાળવણી ૬૫ : ૧૦ : ૨૦ (ગ્રામ પંચાયત કક્ષાએ તાલુકા

કક્ષાએ અને જિલ્લા કક્ષાએ) નાં ધોરણે કરવા અને તેની અમલવારી તે મુજબ સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા કરવામાં આવે તે રીતની વ્યવસ્થા ગોઠવવામાં વિનંતી છે.–અધિ.કમિશ્નર ગ્રામવિકાસ ગુજરાત રાજય –ગાંધીનગર.

૩.૩ મહાત્મા ગાંધી અહેવાલ

આ અહેવાલ ૨ જી ઓકટોમ્બર ૧૯૫૨ માં ગાંધીજીની જન્મજયંતિ ને દિવસે અમલમાં આવ્યો હતો. સ્વત ંત્ર્ય માટે લાંબા સંઘર્ષ દરમ્યાન લોકોનું જીવન ધોરણ સુધારવા નાં આપણા દેશ નેતાઓએ સેવેલા આદર્શની પૂર્તિ રૂપે સામુદાયિક વિકાસ યોજનાને સ્વીકારી નવા રાષ્ટ્રના ભાવિ નું નિર્માણ કરતા આપણા નેતાઓ એ દેશના આધારસ્થંભ રૂપ ખેતી કરતી ગ્રામ્ય પ્રજાનો વિચાર કર્યો છે, તેમણે દેશના પાયારૂપ પાંચલાખ અઠાવન હજાર ગામડાઓની પૂનઃરચના દવારા નવરાષ્ટ્રનું નિર્માણ કરવાનું વિચાર્યુ હતું.

**Gandhian Plan**

રજુ કરેલા પ્લાન થ ી વિરૂઘ્ધમાં ગાંધીજીનો જુદા જ પ્રકારનો પ્લાન રજુ કરવા માં આવેલો છે. કે જે **Gandhian Philosophy** પર તેનો આધારિત હતાં **Gandhian Philosophy** માં સાદાઈ, નો નવાયોલેન્સ, ટ્રસ્ટશીપ એ બધા મુદાઓને આવરી લઈને યોજના તૈયાર કરવામાં આવી હતી એ યોજનામાં ગ્રામ્ય સમુદાયો ને સ્વાવલંબી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. આ પ્રકારની યોજના માં આદર્શોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. અને યોજનાનુ અર્થઘટન પણ કોઈક જુદી જ રીતે કરવામાં આવ્યું છે. જેના પરિણામે યોજના માં સંવાદિતા જોવા મળતી નથી અને ઉપયોગીતા તથા સફળતા પણ જોવા મળતી નથી.

મહાત્મા ગાંધીજી એ પંચાયતી રાજની સ્પષ્ટ રૂપરેખા નો મારો આદર્શ એ છે કે દરેક ગામ એક સંપૂર્ણ ગણરાજય હોય પોતાની જરૂરી વસ્તુઓ માટે તે પોતાના પાડોશીઓ પર નિર્ભર ન રહે છતા અન્ય બાબતોમાં પરસ્પર નિર્ભરતા અનિવાર્ય છે. એટલે કે દરેક ગ્રામપંચાયતને પહેલું કાર્ય ખાવામાટે અન્ન, પહેરવા માટે કપડાને યોગ્ય પ્રબંધ કરવો તે છે. પશુઓ માટે ઘાસચારો, રમતગમત અને મનોરંજન માટે મેદાન, પંચાયતની પોતાની નાટયશાળા, પાઠયશાળા હોવી જોઈએ. પાણી માટે જળાશયોની વ્યવસ્થા તેમજ પ્રાથમિક શિક્ષણ અનિવાર્ય પણે હોવુ જોઈએ. ગામડું જો વ્યકિત દવારા સંચાલીત હશે તો ચુંટણી સમયે દરેક વર્ષે ગામના બધાજ પુખ્તવયના માણસો દ્વારા થશે. ઘણી વ્યકિત પોતાની સરકાર પર શાસન કરે કારણકે દરેક ગામવાસીઓ નિયમ એજ હશે કે તે પોતાના ગામની પ્રતિષ્ઠાના રક્ષણ માટે પોતાનુ જીવન સમર્પણ કરવા હંમેશા તૈયાર રહેશે. " ગાંધીજીના મતે આનેજ પંચાયત રાજ કહેવાય."

આં મંતવ્ય સાથે સંમત થતા ગાંધીજી પણ લખે છે. " ભારત એક રીતે તત્વતઃ પ્રજાસ્તાક દેશ રચ્યો છે. એના પ્રતીક રૂપે ગ્રામપંચાયતો કામ કરે છે. અને તેથી દેશમાં ગમે તેટલી આસમાની સુલતાની વીતવા છતા ભારતની અસ્મિતા ટકી રહેવા પામી છે.

ભારતમાં ર૪ી ઓકટોમ્બર ૧૯પરથી સામુદાયિક પોગ્રા મ શરૂ કરવામા આવ્યા છે. આવી અનેક વિધ હેતુઓને પૂર્ણ કરવા માટે આ યોજના કરવામાં આવી છે. સામુદાયિક યોજનાની શરૂઆત ભારત – અમેરીકા ટેકનિકલ સરકારનાં કરારના અન્વયે આ હેતુઓ ખરી શરૂઆત થઈ શકી હતી દેશભરમાં વિકાસ માટેના પુરતા નાણાં ભંડોળ સાથે પણ સમુદાય વિકાસ

યોજના ઓ શરૂ કરવામાં આવી હતી.

આમ સામુદાયિક વિકાસ યોજનાનો અર્થ એનાં ઉદેશો અને સિધ્ધાંતો જોતા એમ કરી શકાય કે સામુદાયિક યોજનાનો કાર્યક્રમ એ લોકો માટે લોકો દવારા અને લોકો અને લોકો વડે ઘડવામાં આવતી યોજના છે. કે જેમા લોકો પોતાના વિકાસમાં સહકારમય ભાગીદાર બની ગ્રામ્ય સમુદાયના લોકોનો આર્થિક સામાજિક અને સાસ્કૃતિક વિકાસ સાધી શકાય.

સ્વતંત્ર ભારતનાં બંધારણનાં મુસદામાં ગ્રામપંચાયતો નિર્દેશ સુધ્ધાં ન થયો ત્યારે કેટલાક લોકો એ ગાંધીજીનું ધ્યાન દોર્યુ પરિણામે તેમણે 'હરિજન ' માં ઉગ્ર શબ્દોમાં ટીકા કરી હતી. બંધારણ સમિતિમાં આ પ્રશ્ન ઉપર ચર્ચા શરૂ થઈ ત્યારે ડો. આંબેડકરે પ્રાચીન પંચાયત પધ્ધતિની ટીકાત્મક આલોચના નીચે પ્રમાણે કરી :–

"એવુ કહેવામાં આવે છે કે નવા રાજય બંધારણમાં પાશ્ચાત્ય સિધ્ધાંતો અપનાવવાને બદલે પ્રાચીન પધ્ધતિ ઉપર આધારિત માળખુ રચીને ગામડાને એકમ તરીકે સ્વીકારવુ જોઈતું હતું, ગામડાં ઝંઝાવાતો સામે ટકી રહયા હતા તે જોશો તો જણાશે કે ગ્રામ સંસ્થાઓ ઘણી નીચી અને સ્વાર્થથી ખદતી હતી. મારો એવો અભિપ્રાય છે કે આ ગ્રામ સંસ્થાઓએ જ ભારતને નુકશાન પહોંચાડયું છે. આ ગામડાંમાં સ્વાર્થ, અજ્ઞાનતાનો અંધકાર, સંકુલિત દષ્ટિ અને કોમવાદ સિવાય બીજુ છે શું ? બંધારણના ખરડામાં ગામડાને બદલે વ્યકિતને એકમ તરીકે સ્વીકારવામાં આવે તો તે આનંદની વાત છે".

આમ છતાં ગાંધીજીના આગ્રહને માન આપીને બંધારણ સમિતિએ બંધારણનાં રાજયનાં નીતિ નિર્દેશક સિધ્ધાંતોમા કલમ ૪૦ નો ઉમેરો કર્યો જે દ્વારા જણાવ્યું :–

"ગ્રામ પંચાયતોની રચના કરવા, ત ેમજ તેમને જરૂરી સતા અને અધિકારો આપી સમગ્ર રીતે સ્વરાજના પાયાના એકમ તરીકે કાર્યશીલ કરવાના પગલા લેવાની રાજયની ફરજ ગણાશે.

મહાત્માં ગાંધીજીએ ગ્રામ પંચાયતને દખલગીરી કર્યા સિવાયનુ સ્વતંત્ર પૂરતા ં એકમ તરીકેનો ખ્યાલ આવ્યો છે. તેમણે જણાવ્યુ છે કે ગ્રામ સ્વરાજય એટલે સંપૂર્ણપણે પોતાની વિશાળ ઈચ્છાઓ અને પડોશીઓથી સ્વતંત્ર પુરતુ અંદરોઅંદર એકબીજા ઉપર આધારીત ગણતંત્ર દરેક ગામે પોતાની જરૂરીયાત પુરતુ અનાજ ઉગાડવુ અને કપડા માટે કપાસ ઉગાડવો, ઢોરો, મનોરંજન અને રમતગમતના મેદાન માટે જમીનો અનામત રાખવી અને પછી કોઈ જમીન વધે તો તેનો રોકડીયો પાક વાવવામાં ઉપયોગ કરવો, ગામને પોતાની શાળા ગ્રામ થિયેટર અને પબ્લિક હોલ હોવા જોઈએ એને પોતાનું વોટરવર્કસ હોવુ જોઈએ ગ્રામ રક્ષકની સેવા ફરજિયાત હોવી જોઈએ અને તે વારાફરતી બજાવવી જોઈએ. પંચાયત સભ્ય થવા કરાવેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતી સ્ત્રી પુરૂષોની પસંદગી કરવી જોઈએ આ પંચાયત વિધાન મંડળ કરે.

### ૩.૪ બળવંતરાય મહેતા કમિટી નો અહેવાલ [૯]

આ અહેવાલમાં બળવંતરાય મહેતા કમિટીએ કરેલી પંચાયત રાજ અંગેની ભલામણો મુજબ ૨ ઓકટોમ્બર ૧૯૫૯ માં રાજસ્થાનમાં સૌ પ્રથમ પંચાયત રાજયની રચના કરવામા આવી. પંચાયત રાજનો ઉદેશ સતાનું વિકેન્દ્રીકરણ કરવાનો છે. તેમા સતાનું વિકેન્દ્રીકરણ કરતી ત્રણ–સ્તરીય યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. (અ) ગ્રામસ્તરે ગ્રામ પંચાયત (બ) બ્લોકસ્તરે પંચાયત (ક) જિલ્લાસ્તરે પરિષદ.

ગામડાનાં સભ્યોની બનેલી ગ્રામસભાં સભ્યોને ચુંટીને ગ્રામપંચાયતની

રચના કરેલ છે. સરપંચ તાલુકા પંચાયત સમિતિનું સભ્યપદ પ્રાપ્ત કરે છે. આ રીતે ગ્રામ સમુદાયની વ્યકિતઓને વાસ્તવમાં આખરી સતા સોંપવામાં આવી છે તેને સતાનું વિકેન્દ્રીકરણ કહેવામા આવે છે. ગામડાઓ માટે યોજનાં પાડવામાં અને યોજનાનો અમલ કરવામાં સ્થાનિક પ્રતિનિધિઓને મહત્વ આપવામાં આવેલુ છે. જયારે પંચાયત સમિતિએ વ્યાપક સ્વરૂપમાં જુદાજુદા ગામડાઓને લગતી યોજના પડે છે. અને પંચાયતો તથા બીજી સમિતિઓ દ્વારા એ યોજનાનો અમલ કરવનો પ્રયત્ન કરે છે.

પંચાયત સમિતિના કાર્યક્ષેત્રમાં આર્થિક વિકાસ સ્વસ્થય સફાઈ અનેક ઉદેશોને વ્યાપક બનાવવા માટેનો પ્રયાસ બધાં કામોનો સમાવેશ કરવામાં આવે છે. જિલ્લા પરિષદ પંચાયત સમિતિએ કરેલુ બજેટ નિરીક્ષણ કરે છે. રાજય સરકાર તરફથી જે આર્થિક મદદ મળી તેની જુદી  જુદી પંચાયત સમિતિઓમાં વહેંચણી કરે છે. યોજનાનું ઘડતર કરવામાં અને યોજનાનો અમલ કરાવવા માટે રાજયસરકાર ને સૂચનો આપે છે. પંચવર્ષીય યોજનાંના સંદર્ભમાં જ કાર્યો જિલ્લાઓમાં થતા હોય છે, તેની  દેખરેખ રાખવ ાની જવાબદારી જિલ્લામાં ખેતી અને અન્ય ક્ષેત્રો જે પ્રગતિ  થઈ હોય છે. તેની નોંધ રાખી ને તેનો ખ્યાલ રાજય સરકારને  પહોંચાડવાની જવાબદારી પણ જિલ્લા પરિષદની છે.

આ રીતે સૌ પ્રથમ રાજસ્થાનમાં પંચાયતી રાજની શરૂઆત થઈ અને ધીમે ધીમે ભારતમાં બીજા રાજયોમાં પણ ભારતના ગામડાઓને આર્થિક અને સામાજિક વિકાસ કરવા માટે પંચાયત રાજનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો.

ગુજરાતમાં બળવંતરાય મહેતા કમિટીનાં અહેવાલ પ્રમાણે ગ્રામ્ય સ્તરે ગ્રામ પંચાયત, તાલુકા સ્તરે તાલુકાં પંચાયત અને જિલ્લાસ્તરે જિલ્લા

પંચાયતની રચનાઓ કરવામાં આવી છે. ગુજરાત સરકારે પંચાયતી રાજયનો સ્વીકાર કર્યો છે. પંચાયતી રાજયનાં કાયદા દ્વારા ગુજરાતમાં પંચાયતી રાજનુ અમલીકરણ શરૂ થયું છે.

ભારતમાં પંચાયતી રાજયનો વ્યાપક વિકાસ કરવાના હેતુથી ૧૯૫૨ માં સામુદાયિક વિકાસ યોજનાની શરૂઆત કરવામા આવી અને ત્યાર પછી સા.વિ. કાર્યક્રમોનુ મુલ્યાંકન કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી જેના અધ્યક્ષ તરીકે સ્વર્ગસ્થ બળવંતરાય મહેતા હતા તેથી એક સમિતિને મહેતા સમિતિ તરીકે ઓળખવામાં આવે છે.

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦નાં રોજ સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસતાક ભારતનુ[૧૦] બંધારણ અમલમાં આવ્યુ સન ૧૯૫૧ માં દેશનાં સર્વાગી વિકાસ માટે પ્રથમ પંચવર્ષીય યોજનાં ઘડવામાં આવી આ યોજનાં પ્રમાણે ગ્રામવિસ્તાર માટે નકકી થયેલા કાર્યક્રમોને સફળ બનાવવામાં ગામડાનાં લોકોનો સહકાર કેવી રીતે પ્રાપ્ત કરવો તેની સમસ્યાં ઉભી થઈ જેના ઉકેલરૂપે અમેરિકાની ફોર્ડ ફાઉન્ડેશન સંસ્થાએ સામુહિક વિકાસ યોજનાનો ખ્યાલ રજુ કર્યો પાછળથી સામુહિક વિકાસ અને વિસ્તરણ તરીકે પ્રખ્યાત થયેલી આ યોજનાઓને શરૂઆતમાં થોડા જિલ્લામાં પ્રાયોગીક રીતે દાખલ કર્યા બાદ ૨જી ઓકટોમ્બર ૧૯૫૨ના રોજ સમગ્ર દેશમાં ચાલુ કરવામાં આવી પરંતુ પ્રથમ પંચવર્ષીય યોજના પૂરી થવા આવી ત્યારે માલુમ પડયુ કે સામુહિક વિકાસ અને વિસ્તરણ યોજનાઓ લોકોની અને લોકો વડે ચાલતી યોજનાઓ બનવાની જગ્યાએ સરકારી બની ગઈ હતી તેથી તેમના મુલ્યાંકન માટે બળવંતરાય મહેતાના અધ્યકપણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી આં સમિતિએ તાઃ–૨૪/૧૧/૫૭ ના રોજ પોતાના અહેવાલમાં લોકશાહી

વિકેન્દ્રીકરણ કરવા ભલામણ કરી કેન્દ્ર સરકારે આ અહેવાલનો સ્વીકાર કરી રાજય સરકારને અનુરોધ કર્યો છે. તેમણે પોતાની સ્થાનિક પરિસ્થિતિને તથા જરૂરિયાતો ધ્યાનમાં રાખીને મહેતા સમિતિએ સુચવ્યા પ્રમાણેની ત્રણ સ્તરની પંચાયતી સંસ્થાઓની સ્થાપના કરવી ગ્રામ વિકાસ ઘટક (અથવા તાલુકા) અને જિલ્લા કક્ષાએ સ્થપાયેલી આ સંસ્થાઓ લોકો દ્વારા રચાય તથા તેમના પ્રતિનિધિઓ જ તેમનુ સંચાલન કરે એવી તેમા વ્યવસ્થા કરવી ઉપરાંત રાજય સરકારોએ પોતાના તમામ વિકાસ–કાર્યો તેમજ તેને લગતા સતા અને સંઘનો પોતાની આ સંસ્થાઓમાં વિકેન્દ્રી કરવા પંચાયતી સંસ્થાઓ સ્થાપવા પાછળના આ મુળભુત ધ્યેયને માટે બળવંતરાય મહેતા સમિતિએ લોકશાહી વિકેન્દ્રીકરણ શબ્દનો ઉપયોગ કર્યો જે પાછળથી પંચાયતી રાજ તરીકે દેશભરમાં પ્રખ્યાત થયો.

### ૩.૫ રસિકભાઈ પરીખ અહેવાલ [૧૧]

આ અહેવાલમાં શ્રી રસિકભાઈ પરિખનાં અધ્યક્ષપદે નિયુકત થયેલ લોકશાહી વિકેન્દ્રીકરણ સમિતિના અહેવાલમાં થયેલ ભલામણોના પરિણામે ઘડાયેલા પંચાયત અધિનિયમને આધારે સને ૧૯૬૩માં ગુજરાતમાં પંચાયતી રાજનો ઉદય થયો તે સુવિદીત છે. ત્યારબાદ પંચાયત અધિનિયમમાં ક્રમે ક્રમે કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા હતા અને કેટલાક વધુ સુધારાઓ કરવાનું જરૂરી જણાવેલ હોઈ અભ્યાસ કરીને તેવાં સુધારાઓ સુચવવા માટે ગુજરાત સરકારે શ્રી જાદવભાઈ મોદીનાં અધ્યક્ષે એક સમિતિની રચના કરેલ આ સમિતિએ કરેલ ભલામણોનાં આધારિત અને ૧૯૬૮ નાં ક્રમાંક ૧ માં સંશોધન અધિનિયમ પંચાયત અધિનિયમ કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા હતાં.

આમ શ્રી રસિકભાઈ પરિખનાં અધ્યક્ષપદે રચાયેલ લોકશાહી

વિકેન્દ્રીકરણ સમિતિનાં અહેવાલો અભ્યાસમાં અને વિચારણામાં લીધા હતાં.

ગુજરાતની લોકશાહી વિકેન્દ્રીકરણમા ં રસિકભાઈ પરીખ સમિતિ એ પથાર્થ જ કહયું છે કે આં સંદર્ભમાં રાજયમાં આવેલ ગ્રામપંચાયતોનુ ત્રણ કક્ષામાં વર્ગીકરણ કરવાનું આવશ્યક જણાય છે. તે કક્ષાઓ પ્રમાણે ગ્રામપંચાયતો 'સામાન્ય' માંથી 'મઘ્યમ' અને 'ઉતમ' વર્ગો પ્રાપ્ત કરી શકે તેવુ ધોરણ કરાવવા સમિતિની દરખાસ્ત છે. આ વર્ગીકરણ થી ગ્રામપંચાયતોને ઉતરોતર કાર્યક્ષમ અને મજબૂત વહીવટ અને વિકાસ સાધવાનું પ્રોત્સાહન બળ મળી રહેશે અને તે કક્ષાએ ભવિષ્યમાં આવનાર વિશેષ જવાબદારીઓ અને કર્તવ્યો વહન કરવા ગ્રામપંચાયતો વધુ કાર્યક્ષમતા ધારણ કરી શકશે તેવી સમિતિની માન્યતા છે.

ગ્રામપંચાયતોનું વર્ગીકરણ લેતી પંચાયત ો તરફથી સ્થાનિક વિકાસ અને વહીવટીના ક્ષેત્રે હાંસલ કરવામાં આવેલ પ્રગતિ અને સિઘ્ધિ પર અવલંબે તે ન્યાયી અને ઈષ્ટ છે. આ ઉદેશભર લાવવા સારૂ ગ્રામક્ષેત્ર સામે સિઘ્ધિના લઘુતમ ધોરણો મુકરર કરી તેવા ક્ષેત્રોએ કરેલ કાર્યવાહીનું મુલ્યાંકન અને અવલોકન કરી ''સામાન્ય'' કક્ષાની ગ્રામ પંચાયત ને ''મઘ્યમ અને ક્રમશ'' ઉતમ કક્ષા આપવા માટેની વિચારવા દરખાસ્ત છે. [૧૨]

ત્રણે કક્ષાની પંચાયતો માટે પરિશિષ્ટ–૯ માં જણાવ્યા પ્રમાણે પંચાયતોનું વર્ગીકરણ માટે નિર્દેશકો રાખવા અને તદ્નુસાર સામાન્ય કક્ષાની ગ્રામપંચાયતો ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરવા વાસ્તે દરવરસે તાલુકા પંચાયતને નિવેદન કરે તેવુ ધોરણ કરાવવું. તાજેતરમાં સરકારે ગ્રામપંચાયતોની સ્પર્ધા અને પારિતોષિકની યોજના જાહેર કરી છે. તેમા જે નમૂનાઓ સમયપત્રક અને નિર્ણયની પઘ્ધતિ મુકરર કરી તે આ હેતુ માટે લાગુ પાડી શકાય દર બે

વર્ષે "મધ્યમ" અને "ઉતમ" પંચાયતોની કક્ષાની ચકાસણી તાલુકા–જિલ્લા કક્ષાની નિર્ણાયક સમિતિ કરે તેવુ ધોરણ અપનાવી શકાય. ઉપરની કક્ષા મેળવવા અને જાળવી રાખવા માટે ગ્રામપંચાયતે પરિશિષ્ટ–૯ માં જણાવેલ નિર્દેશકોમાંથી તેના અનુક્રમાંક ૮ અને ૧૫ ફરજિયાત તથા અન્ય બીજા કોઈપણ આઠમળી કુલ દસ નિર્દેશકોમાં જણાવેલ પાત્રતા મેળવી જાળવી રાખવી જોઈએ.

ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપનાં વખતે ત્યારે ગુજરાત મહારાષ્ટ્રનું દ્રિભાષી મુંબઈ રાજય અસ્તિત્વમાં હતું તેમા ૧૯૫૮ નો મુંબઈ ગ્રામપંચાયત ધારો અમલમા હતો ૧ બીજો ૧૯૬૦ ના રોજ અલગ ગુજરાત રાજય સ્થાપાયું કે તરતજ બે વખતના મહેસુલ મંત્રી શ્રી રસિકભાઈ પરિખનાં અધ્યક્ષપણા હેઠળ ગુજરાત સરકારે એક સમિતિએ અન્ય રાજયોમાં ચાલતા પંચાયતી રાજનાં પ્રયોગનું નિરિક્ષણ કરીને તથા બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને ધ્યાનમાં લઈને ગુજરાતને અનુકૂળ આવે એવું પંચાયતી રાજનુ માળખું સુચવ્યુ આ સમિતિનાં મુખ્ય મુદ્રાં નીચે પ્રમાણે હતા.

(૧) જિલ્લા તાલુકા અને ગ્રામ કે નગર એમ ત્રણ સ્તર ઉપર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ ઓની મજબૂત અન કાર્યક્ષમ એવી લોકશાહી સંસ્થાઓની સ્થાપના કરવી.

(૨) આં સંસ્થાઓમાં રાજયનાં વહીવટીતંત્રનુ વિકેન્દ્રીકરણ કરવુ તથા બધા સ્તરોની લોકશાહી સંસ્થાઓને એકબીજા સાથે સાંકળી થઈને સતા અને જવાબદારીની યોગ્ય ફાળવણી કરવી.

(૩) આ સંસ્થાઓ એક સળંગ વ્યવસ્થાતંત્રનાં ભાગરૂપે એકબીજાના સહયોગથી કામ કરે તથા પરસ્પર સંકળાયેલી રહે તેવી ગોઠવણ

કરવી.

(૪) ત્રણ સ્તરની પંચાયતોને માર્ગદર્શન આપવા તથા તેમના નીતિવિષયક પ્રશ્નો વિચારવા માટે રાજયકક્ષાએ પંચાયત કાઉન્સિલ (પરિષદ) ની રચના કરી.

(૫) રાજય હસ્તકની શકય તેટલી કામગી રી નાણાકીય સાધનો સહિત પંચાયતોને સુપરત કરવી.

(૬) બળવંતરાય મહેતા સમિતિની ભલામણથી વિરૂધ્ધ જઈને રસિક પરિખ સમિતિ એ રાજય પછી સતાનું કેન્દ્રવિકાસ ધટક નહીં પણ જિલ્લાને બનાવવા ભલામણ કરી.

(૭) આ સમિતિએ તે વખતે ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતી સંસ્થાઓ વિશે પણ વિચાર કરી ને ભલામણ કરી છે. પંચાયતની રાજ સ્થાપના બાદ હાલમાં કામ કરતી ગ્રામપંચાયતો વિકાસ ધટકો, જિલ્લા લોકલ બોર્ડ શાળામંડળો,જિલ્લા વિકાસ મંડળો, જિલ્લા વિકાસ મંડળો અને સુધરાઈઓને ત્રણસ્તરનાં પંચાયતી રાજયમાં સમાવી લેવા અથવા વિખેરી નાખવા માટે પંચાયતી સંસ્થાઓ સિવાય કોઈબીજી સંસ્થાઓ કાર્ય કરી શકશે નહી. (એમ ભારપૂર્વક જણાવ્યુ).

ઉપરોકત ભલામણોને આધારે તૈયાર થયેલા ૧૯૬૧ નાં પંચાયત અધિનિયમ કાયદાનો અમલ ૧૯૬૨નાં ચીની આક્રમણને લીધે મોકૂફ રહયો પણ ૧–૪–૧૯૬૩ નાં રોજ વિધિસર રીતે અમલમાં આવતા ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપના થઈ.

ગુજરાત રાજયે પંચાયતી રાજનાં સિધ્ધાંતોનો સ્વીકાર કર્યો અને માજી[૧૩] ગ્રહમંત્રી શ્રી રસિકલાલ પરિખના અધ્યક્ષપક્ષના હેઠળ, ડેમોક્રેટીક

ડીસેન્ટ્રલાઈઝેશન કમિટી રચના કરી. કમિટીએ તાલુકાં પંચાયતની સ્થાપના કરવાની ભલામણ કરી અને જિલ્લા પંચાયતની રચના કરવાની પણ ભલામણ કરી ગુજરાત સરકારે રસિકભાઈ પરિખ કમિટીનો રીપોર્ટ સ્વીકારી ગુજરાત પંચાયત એકટ ૧૯૬૧ ઘડયો તેમા ત્રણ સ્તરીય પંચાયતી પધ્ધતિ જણાવી છે જેવી કે,

(૧) ગ્રામ અથવા નગર કક્ષાએ ગ્રામ પંચાયત અથવા નગર પંચાયત.

(૨) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત.

(૩) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત.

આગળ મુજબની વિવિધ ભલામણોને આધારે તૈયાર થયેલા ૧૯૬૧ પંચાયત અધિનિયમ કાયદાનાં અમલ ૧૯૬૧ ના ચીની આક્રમણને લીધે મોકૂફ રહયો પણ ૧–૪–૧૯૬૩ના રોજ વિધિસર રીતે અમલમાં આવતા ગુજરાતમાં પંચાયતની રાજની સ્થાપના થઈ.

આપણા રાજયનુ પંચાયતી માળખુ મહારાષ્ટ્ર અને રાજસ્થાનની પ્રથાઓના ઘણા લક્ષણો ધરાવે છે. આમ છતા મહારાષ્ટ્રની પ્રથા તરફ વધુ ઢળતુ છે. તેમા સમયે સમયે પરિવર્તન કરવા માટે અત્યાર સુધીમા કુલ ૧૦ અભ્યાસ જુથો તેમજ ઉચ્ચકક્ષાની સમિતિઓ રચવામા આવ્યા છે તેમણે કરેલા સૂચનોનો અમલ કરવા જેતે સમયની ગુજરાત સરકારોએ પ્રમાણિક પ્રયત્ન કર્યો છે. તેથીજ અહીંનું પંચાયતી માળખુ ગતિશીલ, કાર્યક્ષમ અને ટકાઉ સાબીત થયું છે. હાલમા ગુજરાતમાં આશરે ૧૨,૬૬૩ જેટલી ગ્રામ પંચાયતો, ૫૯ નગર પંચાયતો ૧૮૨ તાલુકાં પંચાયતો, ૧૯ જિલ્લા પંચાયતો ઈત્યાદી કાર્ય કરે છે. જે ગુજરાતની ૧ કરોડ ૯૫ લાખ ૩૫ હજારની વસ્તીને આવરી લે છે (આ આંકડા અશોક મહેતા સમિતિના અહેવાલ ને આધારે આપ્યા છે)

### ૩.૬ શુક્રાચાર્ય નીતિ અહેવાલ

આ અહેવાલમાં શુક્રાચાર્યના નીતિસારનાં ગ્રામ પંચાયત અને ચુંટાયેલી સમિતિને વધુમાં સતા હતી આ સતાને એકજીકયુટીવ અને જયુડિશિયલ બન્ને પ્રકારની હતી અને તેમનુ રાજયના અધિકારીઓ માન જાળવતા પંચાયત જમીનની વહેંચણી કરી તેનુ મહેસુલ ઉધરાવી ગામ વન સરકારને હિસ્સા ભરતી.

૧૧મી સદીમાં ઈસ્લામોએ ભારતમાં ગ્રામ પંચાયતોના સંગઠનને નબળુ પાડવાના પ્રયત્નો આરંભ્યા ત્યારે જાગીર પધ્ધતી દાખલ કરી.

ત્યારબાદ ભારતમાં બ્રિટીશ સામાજયે પ્રચીન ગામ અર્થતંત્રને ભાંગી નાખી ઉધોગો સ્થાપ્યા તેથી ગામડાઓ ભાંગવા લાગ્યા ગ્રામવાસીઓ જમીન ઉપરનાં નિયંત્રણોથી વંચિત બનવા લાગ્યા અને ધીરેધીરે જમીન ખાનગી મિલકત બનતી ગઈ અને જમીનદારો ઉભા થતા ગયા અને સંયુકત અને સહકારી જીવન ભાંગવા લાગ્યું મહદઅંશે તેના અસ્તિત્વનો નાશ થવા લાગ્યો, બ્રિટિશ સામ્રાજયનાં ઉતેજન માટે ઘણા ફેરફારો કરવામાં આવ્યા અને દુનિયાનાં દેશોમાં ભારતનું નામ હતું તે ધીરેધીરે ભુંસાવા લાગ્યું અને પ્રાચીન પધ્ધતિના બદલે નવી પધ્ધતિ અપનાવામાં આવી.

ગામ નગર તાલુકા અને જિલ્લા કક્ષાએ લોકશાહી સંસ્થાઓએ કાયદો અને વ્યવસ્થા, ન્યાયતંત્ર જેવા કાર્ય અને મહેસુલી વહીવટના અમુક કાર્ય સિવાય સમગ્ર સામાન્ય વહીવટ અને વિકાસની કામગીરી સંભાળી લેવા જોઈએ એવું ધાર્યુ છે આવા (૧) વૈજ્ઞાનિક મદદ (૨) પશુપાલન (૩) લોક સ્વાસ્થ્ય (૪) ખેતીવાડી (૫) જાહેર બાંધકામ (૬) સમાજ કલ્યાણ (૭) મહેસુલી વહીવટનાં અમુક કાર્યો (૮) મધ નિષેધ પ્રચાર (૯) સરકારી ખાના

અમુક કાર્યો (૧૦) કુટિર ઉધોગ અને નાના પાયાના ઉધોગો (૧૧) આકડા ખાતા જેવા કાર્યોનો સમાવેશ થશે (અ) ગ્રામ અને નગર કક્ષાની (બ) તાલુકા કક્ષાની (ક) જિલ્લા કક્ષાની દરેક પંચાયતની પ્રવૃતિનાં જુદા–જુદા ક્ષેત્રોમાં આવતા કાર્યોની જુદી–જુદી યાદી આપવામાં આવી છે.

બ્રિટિશ સમયમાં પણ બ્રિટિશરોએ સમગ્ર રાજયનો વહીવટ પોતાના હાથમાં સંભાળ્યો પરિણામે એમ કહેવામા આવે છે. કે બ્રિટિશ સમયમાં પંચાયતનુ વાસ્તવિક પતન થયુ જોકે અપવાદ રૂપે કેટલાક બ્રિટિશ શાસકોએ ગ્રામ પંચાયતના વખાણ પણ કર્યો છે. ગ્રામ પંચાયતને ગ્રામીણ પણ રાજય તરીકે ઓળખવાનો પ્રયત્ન પણ કર્યો છે. તેમ છતાં કહી શકાય કે બ્રિટિશ શાસનકાળ દરમિયાન ભારતીય સમાજમાં ગ્રામ પંચાયતોનું પતન થયું અને તેમાટે કેટલાક મહત્વનાં જવાબદાર પરિબળો હતાં જેમાંના મુખ્યત્વે નીચે પ્રમાણે છે.

અ. જમીનદારી પ્રથા

બ્રિટિશ રાજય દરમિયાન સમસ્ત ગામડાઓમાં સયુકત રીતે કર વસુલ કરવામાં આવતો અને આ સંદર્ભમાં ગ્રામ પંચાયતને વધારે મહત્વ આપવામાં આવતુ. પરંતુ બ્રિટિશ શાસનનુ મહત્વ વધે છે અને જમીનદારી પ્રથા અમલમાં આવે છે. જમીનદારી પોતાની ઈચ્છા પ્રમાણે બીજાને સોંપી શકતા એટલુ જ નહી. પરંતુ મહેસુલ ઉઘરાવવાની જવાબદારી પણ પંચાયતને બદલે જમીનદારના હાથમાં આવી પરિણામે ગ્રામપંચાયતનું એક પરંપરાગત કાર્ય છુટું થયું અને પંચાયતનુ મહત્વ ઘટયુ.

(બ) નિયંત્રણનાં પાલનની વ્યવસ્થા

બ્રિટિશ શાસન શરૂ થયુ તે પહેલા ગામડાની શાંતિ અને સુરક્ષા સબંધી કાર્ય પંચાયતનાં હાથમાં હતી તેથી જ તેને કાયદો અને વ્યવસ્થા જાળવણીની સંસ્થા કહેવામા આવતી હતી. પરંતુ બ્રિટિશ સમય દરમિયાન આંતરિક શાંતિ અને સુરક્ષા માટે પોલીસ ખાતાની પ્રસ્થાપના કરવામાં આવી આમ નિયંત્રણના પાલનની નવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી અને કાયદો અને વ્યવસ્થા જાળવણીનું કાર્ય પંચાયતને બદલે પોલીસ ખાતાએ સંભાળ્યુ આ ખાતાનું કાર્ય ગ્રામ સમુદાયમાં પણ વ્યાપક બન્યુ અને પરિણામે પોલીસને રાજયની માન્યતા પ્રાપ્ત થવાથી તેનો પ્રભાવ વધવા લાગ્યો અને પંચાયતોનો પ્રભાવ ઘટવા લાગ્યો.

(ક) ન્યાયની વિશિષ્ટ વ્યવસ્થા

પરંપરાગત સ્વરૂપમાં ગ્રામપંચાયત ન્યાય આપવાનુ કાર્ય કરતી હતી. અને તેજે ન્યાય આપે તે બંન્ને પક્ષોને બંધનકર્તા રહેતો. પરંતુ બ્રિટિશ શાસનકાળ દરમિયાન દિવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના થઈ ન્યાય વ્યવસ્થાનું ક્રમબધ્ધ સંગઠન અસ્તિત્વમાં આવ્યું. આવી ન્યાયાલયની સ્થાપવાની પંચાયતનાં ન્યાય વિશેના બધાજ અધિકારો દૂર થયા અને એ રીતે ન્યાય આપવાની બાબતમાં પંચાયતનું જે મહત્વ હતુ તે ઘટવા લાગ્યું.

(ડ) ઔધૌગિક અને વાહનવ્યવહારનો વિકાસ

બ્રિટિશ અમલ દરમ્યાન ભારતમાં જુદા–જુદાં વિભાગોને સાંકળતી વાહન વ્યવહારની સગવડતા વિકાસથતાં ગ્રામ સમુદાયના લોકો સ્થળાંતર કરીને શહેરી સમુદાયમાં આવવા લાગ્યા પરિણામે ગામડામાં કાર્યક્રમ

વ્યકિતઓ ઘટવા લાગી અને પંચ તરીકે યોગ્ય વ્યકિતઓ મળી નહિ પરિણામે પંચાયતનું મહત્વ ઘટવા લાગ્યું.

પરંપરાગત ગામડાઓમાં પંચાયતોનું સંગઠન સહકારના પાયા પર રચાયું હતું. ભારત માં પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરને પરિણામે વ્યકિતવાદની ભાવના વ્યાપક બની જેથી સામુદાયિક ભાવના નબળી પડવા લાગી આની અસર ગામડાઓ પર થઈ અને પરંપરાગત રીતે અસ્તિત્વ ધરાવતી પંચાયતો ધીમે–ધીમે નષ્ટ થવા લાગી.

આમ બ્રિટિશ અમલ દરમ્યાન અનેક કારણોને લીધે. પંચાયતોનું વિઘટન થયું. તેથી સરકારે ગ્રામ્ય સમુદાયોના બધા પ્રકારની વ્યવસ્થા કરવા માટે કોઈને કોઈ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂકયો. પરિણામે બ્રિટિશ સરકારે ગ્રામપંચાયતને સ્થાને જિલ્લા પરિષદની રચના કરી પરંતુ સાયમન કમિશને તથા રોયલ કમિશને ૧૯૦૯માં જિલ્લાં પરિષદની નિષ્ફળતાઓ તરફ અંગુલી નિર્દેશ કર્યો અને એવુ સુચન કર્યુ કે ભારતીય સમાજમાં ગ્રામપંચાયતને પૂનઃર્જીવિત કરતી અનિવાર્ય છે. કારણકે તેના વિકાસમાં ઉત્પન્ન કરવામાં આવેલી જિલ્લા પરિષદ ગ્રામ્ય પંચાયતની જવાબદારી અદા કરી શકતો નથી. આવા સૂચનાનાં પરિણામે ૧૯૭૫ માં ભારત સરકારે આ સબંધી પ્રસ્તાવ કાર્યો અને ૧૯૧૯ માં પણ એ બાબત પર ભાર મુકવામાં આવ્યો હતો અને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા. આ દિશામાં સૌથી પહેલો પ્રયત્ન ૧૯૧૯ માં બંગાળની સરકારે કર્યા અને તેમણે બંગાળ ગ્રામપંચાયત **Act** પસાર કર્યો પરંતુ આ બધાં કાયદાઓના પરિણામે ગ્રામ પંચાયતને સંપૂર્ણ સ્વાયતતા આપવામાં આવી ન હતી.

અને સરકારના હસ્તક્ષેપની નીતિને સંપૂર્ણ પણે છોડવામાં આવી ન

હતી. આમ પંચાયતને સતા ન મળવાથી ગ્રામીણ જનતાનો તેને સાથ અને સહકાર મળ્યા નહિ અને તેના પરિણામે કાયદાઓ ઘડીને અસ્તિત્વમાં આવેલ ગ્રામપંચાયતો નિષ્ફળ ગઈ.

ગ્રામપંચાયતના મંત્રીઓ અને તલાટીઓના પગાર અંગેના ખર્ચને પહોંચી વળવા અને તે માટે જમીન મહેસુલના ૨૫% અને જિલ્લાઓ વચ્ચે અસમાનતા દૂર કરવા માટે ઉપયોગ કરવાના રાજય સરકારી ફંડમાં ફાળા માટે ૫% બાદ કર્યો પછી જમીન મહેસુલના બાકીનાં ૭૦% જુદી–જુદી કક્ષાની પંચાયતો વચ્ચે અનુદાન તરીકે વહેચવા ધાર્યુ છે. ગ્રામ પંચાયતોને અનુદાન તરીકે ૫૦% તાલુકાં પંચાયતોને અનુદાન તરીકે ૨૫% જિલ્લાં પંચાયતોને અનુદાન તરીકે ૧૦% ગ્રામપંચાયતો કરને ફી રૂપે પોતાની આવક ઉભી કરવાને ઉતેજન આપવામાં ખર્ચ કરવા માટે જિલ્લા પંચાયતો દ્વારા વ્યવસ્થા કરવા પ્રોત્સાહન ફંડમાં ભરવાના ૭૫% અને પછાતપણા અંગે જુદી–જુદી તાલુકાં પંચાયત અને ગ્રામપંચાયતો વચ્ચે ચાલુ હોય તેવી અસમાનતાઓ દૂર કરવા પેટે ખર્ચવા માટે જિલ્લા પંચાયત દ્વારા વ્યવસ્થા કરવામાં સરકારી ફંડમાં ભરવાની ૭.૫% પંચાયતોને કર, અધિકાર વગેરેમાંથી જુદી–જુદી આવકનાં સ્વતંત્ર સાધનો પણ આપવામાં આવ્યા છે.

### ૩.૭ શ્રી.એસ. કે. સનથનમ નો અહેવાલ [૧૪]

આ અહેવાલમાં બંધા રણ ઘડવા માટે રચેલી બંધારણીય સભાએ ગ્રામપંચાયતની સ્થાપના માટે બંધારણમાં કોઈ જોગવાઈ કરી ન હતી. શ્રી એસ. કે. સનથનમે બંધારણમાં ગ્રામ પંચાયત માટેની જોગવાઈ દાખલ કરવા સુધારો રજૂ કર્યો અને તે બંધારણમાં આર્ટિકલ ૪૦ દાખલ કર્યો બંધારણના આર્ટિકલ ૪૦ માં એવી જોગવાઈ કરી છે. ગ્રામપંચાયતોની રચના કરવા માટે

રાજય પગલા ભરશે અને સ્વરાજયનાં એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સતા અને અધિકાર આપશે. પંચાયત માટેની જોગવાઈ રાજયનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતોના પ્રકરણમાં સમાવિષ્ટ કરી છે.

સને ૧૯૨૦ માં બોમ્બે વિલેજ પંચાયત એકટ કરવામાં આ વેલ. ત્યારબાદ સને ૧૯૩૯માં બોમ્બે વિલેજ પંચાયત એકટ ઘડેલ અને ૧૯૪૭ માં સુધારા–વધારા કરી પંચાયતોને અમુક સતાઓ આપતી જોગવાઈ કરવામાં આવેલી સને ૧૯૫૮ માં રાજય પૂનઃરચના એકટનાં કારણે બોમ્બે વિલેજ પંચાયત **Act** ૧૯૫૮ ઘડેલો તે એકટ મુંબઈ રાજયનાં ગુજરાત પ્રદેશને લાગુ પડતો હતો.

તે વખતે મુંબઈ સરકારે લોકશાહી વિકેન્દ્રીકરણની ભલામણો સ્વીકારી પણ રાજય માનાં તમામ ગામોમાં ગ્રામપંચાયતો ન સ્થપાય ત્યાં સુધી કઈ કક્ષા અથવા કક્ષાઓએ આવી સંસ્થાઓ રચવીતે બાબતનો નિર્ણય મુલતવી રાખ્યો અને ૧૯૫૮ નો મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ ૧૯૫૯માં જુન મહિનાની ૧ લી તારીખથી અમલમાં મુકવામા આવ્યો હતો. ત્યારપછી વિવિધ કમિટિના અહેવાલોની ભલામણો અનુસાર કઈ કક્ષાએ અને કેવા સ્વરૂપે લોકશાહી સંસ્થાઓ સ્થાપવી જોઈએતે પ્રશ્નની વિચારણા હાથ ધરવામાં આવેલી પરંતુ, સને ૧૯૫૯ ના ઓગષ્ટ મહિનામાં બૃહદ મુંબઈ રાજયનાં વિભાજનની વિચારણા શરૂ થઈ એને આ અંગેનો નિર્ણય કરવાનું નવા રાજય ઉપર છોડવાનું નકકી કરવામાં આવ્યુ અને ૧૯૬૦ ના મે મહિનાની ૧ લી તારીખે નવા ગુજરાત રાજયનાં લગભગ બધા ગામોમાં ગ્રામપંચાયતો છે. હવે લોકશાહી જીલ્લો વધારે વિશાળ બનાવવા માટે દેશની અને રાજયનીતિ અને પંચવર્ષીય યોજનાનાં સામાન્ય માળખાની અંદર રહીને

જવાબદારીઓ નાણાકીય સાધનો અને સ્વાતંત્રય ધરાવતા થાય તેવી જવાબદારી અદા કરવા માટે કાર્યરીતિ ઘડી શકે તેવા લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતા વૈજ્ઞાનિક મંડળ અથવા મંડળ અથવા મંડળો સ્પષ્ટ રીતે નકકી કરેલા એકમો માટે ગ્રામપંચાયતો અને રાજય વચ્ચે રચાય અને તેમને જવાબદારીઓ અને વહીવટ તથા વિકાસ માટે સતાઓ–અપાય એ જરૂરી જણાયુ છે.

આ અહેવાલનાં ઉપરનાં ઉદેશ વધુમાં વધુ સારી રીતે કેવી રીતે સાધી શકાય તેનો નિર્ણય સરકાર કરી શકે તે વાસ્તે સરકારે ગ્રામપંચાયતો સંગીન તથા પ્રાણવાન બનાવવા વિશે વિચારણા કરવાને તથા ભલામણ કરવાને અને લોકશાહી વિકેન્દ્રીકરણ સબંધી બળવંતરાંય મહેતા સમિતિની ભલામણ લક્ષમાં લઈને નીચેના મુદા ઉપર વિચારણા અને ભલામણ કરવાને એટલે કે વૈજ્ઞાનિક મંડળ અથવા મંડળોની સ્થાપના અને રચના : (૧) ઘટક કે તાલુકાં : અને અથવાં (૨) જીલ્લા કક્ષાએ જરૂરી છે કે કેમ, અને જો જરૂરી હોય તો તેમની રચના ચુંટણી પધ્ધતિ કાર્યો, સતાઓ નાણાકીય સાધનો અને સેવાઓને લગતી ભલામણો કરવા ને અને જિલ્લા લોકલ બોર્ડ, જિલ્લા શાળા મંડળો ગ્રામપંચાયત મંડળો, જેવા વૈજ્ઞાનિક સ્થાનિક મંડળો અને જિલ્લા વિકાસ મંડળો તથા ઘટક વિકાસ સમિતિઓ જેવા અવૈજ્ઞાનિક મંડળનાં કાર્યો આનાથી કેટલીક હદ સુધી અસર પહોંચશે. તે તપસવાને અને જીલ્લા તાલુકા ઘટક અને તેની નીચેની કક્ષાએ જુદા–જુદા ખાતામાં સરકારનાં કાર્યમાં કેટલી સુધારાવધારા કરવા પડશે તે તપાસવાને જમીન અને ગૃહખાતાના મંત્રી શ્રી રસિકભાઈ પરીખનાં અધ્યક્ષપદે એક સમિતિ સને ૧૯૬૦ નાં જુલાઈ મહિનાની ૧૫મી તારીખે નીમી સમિતિએ તેનો રિપોર્ટ સને ૧૯૬૦ નાં ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે સરકારને સાદર કર્યો. આ રિપોર્ટ રાજય

વિધાનમંડળ સમક્ષ મુકવામા આવ્યો અને સને ૧૯૬૧ નાં એપ્રિલ મહિનામાં તે વિશે ચર્ચા થઈ. સમિતિની ભલામણોને અમલ કરવા માટે કાયદો કરવાનું આવશ્યક જણાવવાની સરકારે સ્વીકારેલી સમિતિની ભલામણો અને અંગે જણાવેલા અભિપ્રાયોનાં આધારે વર્તમાન વિધેયક તૈયાર કરવામાં આવ્યું છે [૧૫].

આ અહેવાલમાં સમગ્ર રાજય માટે પંચવર્ષીય યોજના તૈયાર કરવા માટે અને અગત્યનાં પ્રશ્ન અંગે રાજનીતિના નિર્ણયો માટે અને રાજય વ્યાપી યોજનાઓનાં અમલ માટે અને એક કરતા વધારે જિલ્લાને લગતા કાર્યક્રમો હાથ ધરવા માટેની જવાબદારી રાજય સરકારની નીતિ અનુસાર સરકારી ખાતા મારફત જિલ્લા કક્ષાએ જે યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરવામાં આવતો હોય તે યોજના અને કાર્યક્રમો જુદી–જુદી કક્ષાએ લોકશાહી સંસ્થાઓ ને સોપવામાં આવશે જુદી–જુદી કક્ષાએ લોકશાહી સંસ્થાઓને તબદીલ કરવાની યોજના અને કાર્યો માટે જિલ્લાઓના હાલ કામ કરતા. જુદા–જુદા અધિકારીઓ અને સેવકોને તેમનાં હિતોને પ્રતિકુળ રીતે અસર થયા વિના સંસ્થાઓ નીચે મુકવામાં આવશે સ્થાનિક મંડળોનો સઘળા ચાલુ સેવકવર્ગ તેમના હિતને પ્રતિકૂળ અસર થયા વિના યોગ્ય રીતે લઈ લેવા ધાર્યુ છે.

આમ શ્રી એસ. કે. સનથનમે બંધારણનાં આર્ટિકલ ૪૦ દાખલ કર્યા છે આં આર્ટિકલ ૪૦ માં તેની જોગવાઈ કરવા માં આવી છે.

ગ્રામ પંચાયતો માટેની જોગવાઈઓ (અનુ. ૪૦) માં રાજય ગ્રામ પંચાયતોની સ્થાપના કરવા માટે પગલા ભરશે અને તેઓ સ્વરાજયના એકમો તરીકે કાર્ય કરી તે માટે તેમની જરૂરી સતા અને અધિકારો આપશે.

આ અનુચ્છેદથી રા જયને ગ્રામ પંચાયતોની રચના કરી તેની જોગવાઈ કરી તેમની જરૂરી સતાઓ આપવા જણાવવા આવેલ છે, અનુ. ૫૦ માં કરોબારી અને

ન્યાયતંત્રના વિભાજનની વાત કરવામાં આવેલ છે.

આ કેસમા ઠરાવેલ છે કે ગ્રામપંચાયતોની સ્થાપના અને જોગવાઈ અનુ ૫૦ સાથે સુસંગત રહીને કરવી જોઈએ આ સિધ્ધાંતની પૂર્તિ માટે ૧૯૯૨ નાં વર્ષમાં બંધારણમાં ૭૩ મો અને ૭૪ મો સુધારો સંસદે પસાર કરેલ છે.

આમ આ અહેવાલમાં બંધારણ ઘડવા માટે રચેલી બંધારણીય સભાએ ગ્રામ[૧૬] પંચાયત સ્થાપવા માટે બંધારણમાં કોઈ જોગવાઈ કરી નહોતી શ્રી. એસ.કે સનયનમે બંધારણમાં ગ્રામપંચાયત માટેની જોગવાઈ દાખલ કરવા સુધારો રજુ કર્યો અને તે બંધારણીય સભાએ સ્વીકારેલ બંધારણમાં અનુચ્છેદ ૪૦ માં એવી જોગવાઈ કરી છે. કે ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજય પગલા ભરશે અને સ્વરાજયનાં એકમો તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સતા અને અધિકાર આપશે. પંચાયતો માટેની જોગવાઈ રાજયનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતોનાં પ્રકરણમાં પણ સમાવિષ્ટ કરેલાં છે.

# પ્રકરણ–૩–સંદર્ભસૂચિ


૧. ગુજરાત રાજય સચિવાલય – "પંચાયતો અંગેની ઉચ્ચ કક્ષા સમિતિનો અહેવાલ" પ્રકાશન – ગુજરાત રાજય સચિવાલય – ગાંધીનગર – ૧૯૭૮ –પાના નં :– ૧૫

૨. "પંચાયત રાજ" – પ્રકાશક – ગુજરાત પંચાય ત પરિષદ, બળવંદ મહેતા પંચાયત ભવન – ગાંધીનગર – વર્ષ – ૩૨ અંક ૪ જુલાઈ – ૨૦૦૩ પાંના નં :– ૧

૩. "પંચાયતી રાજ" પ્રકાશક – બિપીન ચંદ્ર વૈષ્ણવ આઈ એ એસ (નિવૃત) નવસર્જન અમદાવાદ પંચાયતી રાજ ગ્રંથમાળા–પુ.૧. પાના નં :– ૩, ૫, ૯

૪. "પંચાયત ધારો"– પ્રકાશન – ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ પાના નં :– ૧૦

૫. પ્રો.એ.જી.શાહ, પ્રો કે.જે.દવે,– "ગ્રામીણ સમાજશાસ્ત્ર" પ્રકાશન – અનડા પ્રકાશન અમદાવાદ આવૃતિ – ૨૦૦૦ પાના નં :– ૨

૬. વૈકુઠલાલ કે ત્રીવેદી, અશ્વિન વી.ત્રીવેદી "ગુજરાત પંચાયત એકટ" પ્રકાશન – ધી ન્યું ગુજરાત લો હાઉસ આવૃતિ–૧૯૯૩ પાના નં :– ૫

૭. બિપિનચંદ્ર વૈષ્ણવ આઈ.એ.એસ(નિવૃત)"પંચાયત પરિચય"પ્રકાશન –નવસર્જન પબ્લિકેશન બીજી આવૃતિ–સપ્ટે.૧૯૯૫ પાના નં :– ૪

૮. એમ.એ.પાર્ટ – ૧ – "ભારતમાં આયોજિત વિકાસ અને સામાજીક પરિવર્તન" ૫૨ નું સૌરાષ્ટ્ર યુનિ. સાહિત્ય પેજનં – ૪૫

૯. વિઠ્ઠલભાઈ પટેલ ભવન ગાંધીનગર "પંચાયતી રાજ સમિતિ –

પ્રકાશન – ગુજરાત વિધાન સભાના અધિકાર હેઠળ –આવૃતિ ૧૯૯૯ – પાનાં નં – ૨૩

૧૦. ગુજરાત પંચાયતી અધિનિયમ "ગુજરાત જાદવજી મોદી કમીટીનો રીપોર્ટ" આવૃતિ – ૧૯૯૯ પાનાં નં – ૮૯

૧૧. ગુજરાત સરકાર "પંચાયતી રાજ ઉચ્ચ કક્ષા સમિતિ અહેવાલ ભાગ–૧ આવૃતિ – ૧૯૭૨ પાના નં :– ૩

૧૨. "પંચાયતી રાજ" – પ્રકાશક ગુજરાત પંચાયત પરિષદ, બળવંદ મહેતા પંચાયત મહેતા પંચાયત ભવન – ગાંધીનગર વર્ષ – ૩૨ અંક ૪ જુલાઈ–૨૦૦૩ પાના નં :– ૧

૧૩. પંચાયતના નિયમો પાના નં : – ૪

૧૪ વૈકુંઠલાલ કે ત્રીવેદી – અશ્વિન વી ત્રીવેદી (એડવોકેટ)–ગુજરાત પંચાયત એકટ– "ગુજરાત પંચાયત એકટ" – પ્રકાશન – ધી ન્યુ ગુજરાત લો હાઉસ અમદાવાદ આવૃતિ ૧૯૯૩ પાના નં – ૫

૧૫. "પંચાયત પદાધિકારી તાલીમ કેન્દ્ર", પ્રકાશન ડો.કિશોરભાઈ તાવીઆડ – ગાંધીનગર – આવૃતિ – ૨૦૦૩ પાના નં – ૭

૧૬. પ્રિ. એ.એન. કારીઆ શ્રી વી.એન. સોની. "ભારતીય બંધા  રણ" પ્રકાશન – સી જમનાદાસ કંપની આવૃતિ – ૨૦૦૨ – પાના નં ૨૧૭

# પ્રકરણ ૪

# ગ્રામ વિકાસની યોજનાઓ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ કેન્દ્રીય સરકારની યોજનાઓ

૪.૨.૧. સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના

૪.૨.૨. સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (એસ. જી.આર.વાય)

૪.૨.૩. ઈન્દિરા આવાસ યોજના (આઈ.એ.વાય)

૪.૨.૪. ગ્રામીણ આવાસ માટે ધિરાણ સહ સબસીડી યોજના

૪.૨.૫. જળસ્ત્રાવ (વોટર રોડ યોજના)

૪.૨.૬. ગ્રામીણ સુખાકારી યોજનાઓ

૪.૨.૭. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

૪.૨.૮. જવાહર ગ્રામ સમૃધ્ધિ યોજના

૪.૨.૯. ગ્રામોધૌગીકરણ યોજનાઓ

૪.૨.૧૦.સંકલિત ગ્રામ વિકાસ યોજના

૪.૨.૧૧.જીવનધારા કુવા યોજના

૪.૨.૧૨.આદર્શ ગ્રામ યોજના

૪.૨.૧૩.વોટર રોડ ડેવલપમેન્ટ યોજના

૪.૨.૧૪.ઈ.એ.એસ.યોજના

૪.૩ રાજ્ય સરકારની યોજનાઓ

૪.૩.૧. ગોકુળ ગ્રામ યોજના શા માટે ?

ક. યોજનાના ઉ દ્દેશ્યો

ખ. યોજનાનું ફલક

ગ. ગામોની પસંદગીના માપદંડો
ઘ. નાણાંકિય આયોજન
ચ. નાણાંકિય ફાળવણી
છ. યોજના અંતર્ગત હાથ ધરવાના થતા કામો
જ. યોજનાનું અમલીકરણ
ઝ. કાર્યક્રમ અમલીકરણ સમિતિ
ટ. કાર્યક્રમ અમલીકરણ સમિતિનું કાર્યક્ષેત્ર, ફરજો અને જવાબદારી
ઠ. નાણાંકિય ભંડોળના હિસાબો રાખવાની કાર્ય પધ્ધતિ
ડ. ખર્ચનો હિસાબ તથા ત ે અંગેનું આનુસંગિક રેકોર્ડ
ઢ. અનધિકૃત ખર્ચ
ણ. વ્યાજ જમા લેવા બાબત
ત. આવક ખર્ચના હિસાબો જાહેર કરવા બાબત
થ. ઠરાવ બુક
દ. લેવડ – દેવડના હિસાબો
ધ. ઓડીટ બાબત
ન. નિભાવવાના ર જીસ્ટરો રેકોર્ડ
પ. યોજના અંતર્ગત ગ્રામ સભાનું મહત્વ
ફ. કોમ્યુનીટી હોલના ઉપયોગ બાબત
બ. ગ્રામ મિત્ર
ભ. યોજનાકિય કામોનું તાંત્રિક સુપરવિઝન
મ. યોજનાકિય કામગીરીઓનું નિરીક્ષણ અને મોનીટરીગ
ય. સમર્પિત ગામ

૪.૪ કેશ
૪.૫ ઉપસંહાર

### ૪.૧ પ્રસ્તાવના

આ કલમથી વિકાસ યોજનાઓ અને અમુક યોજનાઓના અમલીકરણ ના સંબંધમાં પંચાયતોને સ ત્તા અને જવાબદારીઓની સોંપણી સંબંધી જોગવાઈઓ કરી છે. તેમાં ગામ પંચાયતે ગામ માટેની વિકાસ યોજના તૈયારી કરવી જોઈશે અને તાલુકા પંચાયતને સાદર કરવી જોઈશે. તેવી જ રીતે તાલુકા પંચાયતે જિલ્લા પંચાયતને સાદર કરવી જોઈશે અને દરેક જિલ્લા પંચાયતને રાજય સરકાર હુકમ કરી જે નિર્દિષ્ટ કરે તેવા સ ત્તાધિકારીને સાદર કરવી જોઈશે. આ સાથે વિકાસ યોજનાની વ્યખ્યા પણ કરી છે. વિકાસ યોજના એટલે રાજય કારોબારી સ ત્તા રાજય સરકારમાં નિહિત થાય તે બાબતોના સંબંધમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની વિકાસ યોજના.

## ક.૧૮૦. અમલીકરણ માટે પંચાયતને યોજના સોંપવા બાબત

(૧) (ક)( **A**) તે સમયે અમલમાં હોય તેવા કોઈ પણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય સરકાર, પોતાને નાખવી યોગ્ય ગણે તેવી શરતોને આધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની યોજનાનું અમલીકરણ, રાજપત્રમાં પ્રસિ દ્ધ કરેલ હુકમ દ્વારા જિલ્લા પંચાયતને સોંપી શકશે. પરંતુ આવી કોઈ યોજના એવી રીતે સોંપી શકાશે નહિ, સિવાય કે–

(૧) પોતાની કારોબારી સ ત્તા વાપરીને યોજનાના અમલ માટે રાજય સરકારને રજૂ કરવા સક્ષમ હોય, અને

(૨) રાજય સરકારને તે યોજના જિલ્લાને લાગતી હોવાનું જણાયું હોય.

(ખ) ખંડ (ક) હેઠળ, રાજય સરકાર, જિલ્લા પંચાયતને યોજના સોંપે ત્યારે તે જિલ્લા પંચાયતને યોજનાનું અમલીકરણ કરી શકે તે માટે જરૂરી તેવા ફંડ અને કર્મચારી જિલ્લા પંચાયતને ફાળવશે.

(૨) પેટાકલમ (૧)ની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, રાજય સરકાર, નીચેની બાબતો સંબંધી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજના, જિલ્લા પંચાયતને સોંપી શકાશે.

(૧) કૃષિ વિસ્તરણ સહિત કૃષિ

(૨) જમીન સુધારણા જમીન સુધારણાનું અમલીકરણ, જમીનનું એકત્રીકરણ અને ભૂમિ સંરક્ષણ

(૩) ગૌણ સિંચાઈ, પાણી વ્યવસ્થા અને વોટરશેડ વિકાસ

(૪) પશુપાલન, ડેરી ઉદ્યોગ અને મરઘા, બતકાં ઉછેર

(૫) મત્સ્યોદ્યોગ

(૬) સામાજિક વનીકરણ અને ફાર્મ વનીકરણ

(૭) ગૌણ વનપેદાશ

(૮) ખાદ્ય પ્રક્રિયા સહિતના ઉદ્યોગો

(૯) ખાદી, ગ્રામ અને કુટિર ઉદ્યોગો

(૧૦) ગ્રામ ગૃહ નિર્માણ

(૧૧) પીવાનું પાણી

(૧૨) બળતણ અને ઘાસચારો

(૧૩) રસ્તાઓ, ગરનાળા, પુલો, નૌકાઘાટ, જલમાર્ગો અને વાહનવ્યવહારનાં બીજા સાધનો

(૧૪) વીજળી વિસ્તરણ સહિત ગ્રામ વિજળીકરણ

(૧૫) બિન પરંપરાગત ઉર્જા સાધનો

(૧૬) ગરીબી નાબૂદી કાર્યક્રમ

(૧૭) પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સહિતનું શિક્ષણ

(૧૮) ટેકનિકલ તાલીમ અને વ્યવસાયિક શિક્ષણ

(૧૯) પ્રોઢ અને અનૌપચારિક શિક્ષણ

(૨૦) ગ્રંથાલયો

(૨૧) સાંસ્કૃતિક પ્રવૃતિઓ

(૨૨) બજારો અને મેળા

(૨૩) ઈસ્પિતાલો, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્ દ્રો અને દવાખાનાઓ સહિત આરોગ્ય અને સ્વચ્છતા

(૨૪) પરિવાર કલ્યાણ

(૨૫) મહિલા અને બાળ વિકાસ

(૨૬) વિકલાંગ અને મંદ બુ દ્ધિવાળી વ્યકિતઓના કલ્યાણ સહિત, સમાજ કલ્યાણ

(૨૭) નબળા વર્ગોના અને ખાસ કરીને, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ

(૨૮) જાહેર વિતરણ પ દ્ધતિ

(૩) જિલ્લા પંચાયત, રાજય સરકાર એવો આદેશ કરે અને રાજય સરકારની પૂર્વમંજૂરીથી, તેના તાબાની કોઈ પણ તાલુકા પંચાયતને, કોઈ પણ યોજના, પેટાકલમો (૧) અને (૨) હેઠળ તેને સોંપશે અને સોંપી શકશે અને એવી રીતે સોંપેલી યોજના પંચાયત અમલ કરી શકે તે માટે જરૂરી લાગે તેટલું ફંડ અને કર્મચારીગણ એવી પંચાયતને ફાળવશે અને ફાળવી શકશે. (૪) જેના

સંબંધમાં, પેટાકલમ (૧) અથવા (૨) હેઠળ જિલ્લા પંચાયતને અથવા પેટાકલમ (૩) હેઠળ તાલુકા પંચાયતને યોજના સોંપી હોય તે બાબતો સંબંધિત પંચાયતના કાર્યોની યાદીમાં સમાવિષ્ટ થયેલ હોવાનું ગણાશે.

આપણો દેશ આઝાદ થયો ત્યારે ૮૦% વસતી ગામડાઓમાં રહેતી હતી. ખેતી અને તેને આધારીત પ્રવૃિ ત્તઓએ આવકનું મુખ્ય સાધન હતું.ખેતીપ્રધાન દેશ હોવા છતાં દેશમાં અનાજની ભારે તંગી વર્તાતી હતી. તેથી આઝાદી પછીના ૧૫–૨૦ વર્ષ સુધી ખેતીના વિકાસ ઉપર પંચ વર્ષિય યોજનાઓમાં વધુ મહત્વ આપવામાં આવ્યું. જેથી ગરીબીના મોટા ભાગના પ્રશ્નો હલ થઈ શકે.પરંતુ ખેતી ક્ષેત્રે 'હરીયાળી ક્રાંતિ' થઈ હોવા છતાં માત્ર ખેતીવાડીના વિકાસથી ગરીબી નાબુદ કરી શકાય તેમ નથી. તેવો અનુભવે ખ્યાલ આવ્યો. તેથી ગરીબ પરિવારો માટે તેમને સીધેસીધો લાભ થાય તેવી સ્વરોજગારીની વેતનરોજગારીની, તાલીમની અને તેમના સામુદાયિક વિકાસ માટેની યોજનાઓ શરૂ કરવામાં આવી. આ સમયગાળામાં ગ્રામ વિકાસ ક્ષેત્રે વિવિધ યોજનાઓ અમલમાં આવી. ભારત સરકાર તેમજ રાજય સરકારો ધ્વારા ગ્રામીણ વિકાસ ક્ષેત્રે ખૂબ મોટું નાણાંકીય ભંડોળ ફાળવવાની નીતિ રાખવામાં આવી.

ગ્રામ વિકાસ અને ખાસ કરીને ગરીબી નિ વારણના કાર્યક્રમોનું આયોજન, અમલ અને સંચાલન સરળતાથી થઈ શકે એ માટે અને આવા કાર્યક્રમોમાં જડ સરકારી વલણના બદલે જે તે વિસ્તારની આર્થિક, સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિને અનુલક્ષીને સ્થિતિ સ્થાપકતા લાવી શકાય તે હેતુથી સમગ્ર દેશના તમામ જિલ્લાઓમાં શરૂઆતમાં નાના ખેડૂત વિકાસ એજન્સીની સ્થાપના તા. ૧૯/૩/૧૯૭૧ થી કરવામાં આવેલ હતી. ત્યારબાદ

એક સુત્રતા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સ્થાપના કેન્દ્ર સરકારના ર જીસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એકટ–૧૮૬૦ હેઠળ તેમજ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ–૧૯૫૦ હેઠળ નોંધણી કરેલ સ્વાયત સંસ્થા છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જુનાગઢનું ર જીસ્ટ્રેશન તા.૨૩/૬/૧૯૮૧ થી કરવામાં આવેલ છે. ગ્રામ વિકાસ ક્ષેત્રે જરૂરી હોય તેવા વિવિધ પાસા જેવા કે–ખેતી, પશુપાલન, સહકાર, ઉધોગ, ધીરાણ, વનીકરણ, મહિલા અને બાળ વિકાસ વગેરે ક્ષેત્રોને આવરી લેવાના હેતુથી જે તે વિભાગના અધિકારીઓ/કર્મચારીઓને પ્રતિનિયુકિત પર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નિમણૂંક આપી ગ્રામ્ય વિસ્તારોમાં સમગ્રપણે વિકાસ થાય તેવા પ્રય ત્નો કરવામાં આવે છે. [૨]

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગવર્નીંગ બોડીમાં સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંબંધિત સરકારી ખાતાંના અધિકારીઓ સભ્ય તરીકે હોય છે અને ગવર્નીંગ બોડીમાં નીતિવિષયક નિર્ણય લેવામાં આવે છે.

તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કારોબારી સમિતિમાં પણ સરકારી ખાતાના અધિકારીઓ સભ્ય તરીકે હોય છે અને ગ્રામ વિકાસની યોજનાઓના અમલીકરણમાં માર્ગદર્શન પૂરૂં પાડે છે.

ગરીબી નિવારણના રાષ્ટ્રીય અગત્ય ધરાવતા સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ અન્વયે ગ્રામ્ય ગરીબોને તેમનું જીવનધોરણ ગરીબી રેખા બહાર લાવવા માટેના સહાય આપવા તથા રાષ્ટ્રીયકૃત અને ગ્રામીણ વિકાસ બેંકો દ્વારા પૂરતું ધીરાણ મળી રહે તેના સંયુકત પ્રયાસ રૂપે કૃષિ અને સંલગ્ન સેવાઓ તથા ઉધોગ, પશુપાલન, સિંચાઈ, મત્સ્યોદ્યોગ, બાયોગેસ, ખેત યાત્રીકરણ, જમીન વિકાસ તથા બાગાયત અને ફલોદ્યાન ક્ષેત્રે નાબાર્ડ

(રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામ વિકાસ બેંક) તરફથી પ્રવૃતિવાર એકમ કિંમત (યુનિટ કોસ્ટ) નકકી કરવામાં અને વખતો વખત તેને સુધારવામાં આવે છે તે મુજબ નાબાર્ડના તારીખ :–૧૩–૯–૧૯૯૪ નાં સંદર્ભ નં. એનબી/એએચએમ/આલસીડી/૪૪૨૪/ એપીઆર–૧૧/૯૪–૯૫ થી ગુજરાત રાજય અને દિવ, દમણ, દાદરા અને નગર હવેલીના કેન્દ્ર શાસિત વિસ્તાર માટે અધતન યુનિટ પરિપત્રિત કરાયેલ છે. જેને રાજયના ગ્રામ વિકાસ કમિશ્નર કચેરીના તા.૨૫–૧૦–૯૪ના શેરા ક્રમાંક : ગવક–સગવ–ડીઆર એન –૪૩૯૬/૯૪ થી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને પાઠવી આપેલ છે. જેનો ગુજરાતી ભાષામાં તરજુમો કરી આ પુસ્તિકામાં તાલુકા કક્ષાનાં આઈઆરડી ક્ષેત્ર કર્મચારીઓની સાનુકૂળતા વધારવા સમાવિષ્ટ કરી દર્શાવવામાં આવેલ છે. આ તરજુમો માત્ર માર્ગદર્શન માટેનો છે. પણ જયારે પાઠભેદનો પ્ર શ્ન ઉપસ્થિત થાય ત્યારે મૂળ અંગ્રે જી લખાણ ધ્યાને લેવું રહેશે.

જિલ્લામાં પ્રવતમાન યુનીટ કોસ્ટમાં સુધારણા (રીવીઝન) કરવા ટાસ્કફોર્સની બેઠક તાઃ ૧૨–૧૨–૯૪ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને એજન્સીના ચેરમેનશ્રી શ્રી બી.બી.સ્વેનના અઘ્યક્ષસ્થાને મળેલ હતી જેમાં લીડ બેંક ઓફીસરશ્રી, જિલ્લા વિકાસ મેનેજરશ્રી, નાબર્ડ અને અગ્રણી બેંકોના પ્રતિનિધિઓએ હાજરી આપી અગાઉ નકકી થયેલ યુનિટ કોસ્ટની કિંમતમાં ફેરફાર કરી સુધારેલ છે અને ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગી નવી પ્રવૃતિઓનો પણ સમાવેશ કરેલ તે પાયાની કામગીરીથી ગ્રામ્ય વિસ્તારનાં ક્ષેત્ર કર્મચારીઓ, ગ્રામસેવકો, વિસ્તરણ, અધિકારી અને ગ્રામ્ય વિસ્તારની બેંક બ્રાંચ શાખાઓને ઘણી ઉપયોગી અને હાથવગી માહિતી પ્રા પ્ત થઈ રહે તે

હેતુથી આઈ.એસ.બી સેકટરની સુધારેલ યુનીટ કોસ્ટની તૈયાર કરવામાં આવી છે.

જનતા પક્ષના ૧૯૭૭–૭૮ ના બજેટમાં ગ્રામીણ વિકાસ માટે ઈન્કમટેક્ષ એકટના સેકશન ૩૫ સી.સી. માં ખર્ચાયાયેલાં નાણાં ઈન્કમટેક્ષમાં મજરે આપવામાં આવશે. આ માટે ૧૫ મુ દ્દાનું માર્ગદર્શન કરરાહત માટે જાહેર કરવામાં આવ્યું છે. મોટાં વેપારી–ગૃહો તથા ઉદ્યોગગૃહો, ગામડાંઓના વિકાસ માટે દવાખાનાં, રસ્તાઓ બાંધી શાળાઓ, પોષક આહારની યોજના, સ્વરોજગારીઓ સ ર્જી પીવાનું પાણી તથા ખેતી માટેના પાણીની વ્યવસ્થા, ગ્રામ્ય વીજળીકરણ, જંતુનાશક દવા તથા ખાતરની સુવિધા પૂરી પાડી, ખેતઓજારો મરામત કરાવી આપી, ગ્રમોદ્યોગો વિકસાવી, ઇત્યાદિ યોજનાઓ નિયત ગામડાંમાં શરૂ કરવાનું વિચારી શકે છે. આ માટે રાજય સરકાર તથા ઇન્કમટેક્ષ ઓફિસમાંથી યોજના ઘડી સંમતિ મેળવવી જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં ઉદ્યોગો શરૂ કરવા માટે કરપાત્ર રકમમાંથી ૨૦ % બાકાત રાખવામાં આવે છે.

સરકારે આ જ ાહેરાત કરતાં સંકડો સાધનસંપ ન્ન વ્યકિતઓ કંઈક કરવા વિચારી રહી છે. ગ્રામવિકાસ માટેનો વ્યવહારુ કાર્યક્રમ પરિણામલક્ષી બનાવી, નિયત સમયમાં પૂરો કરવાની યોજના કરી.

ગ્રામવિકાસનું કાર્ય દેખાડા માટેનું ના બને, પરંતુ એકધારું બને તે જરૂરી છે. ગામડાનો સાદ સાંભળી, ગામડાના વિકાસ માટે તેની જરૂરીયાતો જાણી, આદર્શ ગામડું બનાવવા પ્રયત્ન કરવાના રહેશે. સ્થાનિક લોકોનો સહકાર કોઈ પણ રચનાત્મક કાર્ય માટે અનિવાર્ય બની રહે છે.

ગામડાંની ગરીબી કેમ દૂર થાય ? લાખો વ્યકિતઓને ગરીબીની રેખા ઉપર લાવવાનું ભગીરથ કાર્યમાં સ્વૈચ્છિક ગામવિકાસ સંસ્થાઓ ઉપાડી લે તે જરૂરી છે. ભણતરનો પ્રચાર, ઉત્પાદનનાં સાધનોમાં મૂડીરોકાણ, તંદુરસ્તીનું ધોરણ ઊંચું લાવવું, માથાદીઠ વધુ મૂડી રોકાણ, માનવધનનો પૂરતો ઉપયોગ, માનવશકિતને યોગ્ય કેળવણી, વિકાસની ઝડપીગતિ, વસ્તીવધારો રોકી, નિકાસ વૃધ્ધિ કરી. બચતનો ઉપયોગ ઉત્પાદક કાર્યોમાં કરી સમગ્ર જનતાનો સહકાર આ ભગીરથ કાર્યમાં મુળવી, વપરાશી વસ્તુઓની ઉત્પાદનવૃધ્ધિ કરી, ગ્રમોદ્યોગો વિકસાવી, સેંકડો સામાજિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો તથા વેપારીઓ ભારતની ગરીબી દૂર કરવા તન, મન, અને ધનની સહાય કરી, કૃતાર્થ બની શકશે.

હોસ્પિટલ, શાળા, રસ્તા વ.ની જાળવણી તથા ઉપયોગ જનતા પૂરેપૂરો કરી શકે તે માટે પણ જોવાનું રહેશે. ગામલોકોનો સાથ અને સહકાર મેળવી તેઓને કાર્યમાં સામેલ કરશો અન્ય સંસ્થાઓ સાથે સુભગ સમન્વય કરી અવિરત પ્રગતિ સાધતા રહેશો.

જમીન વિકાસ બેંકો, સહકારી બેંકો, રાષ્ટ્રીયકરણ થયેલ બેંકો ગુજરાત રાજય નાણાકીય નિગમ, સહકારી ખાતું, ખાદી ગ્રામદ્યોગ બોર્ડ, નાના ખેડૂતોની વિકાસ સંસ્થા, અછતગ્રસ્ત વિસ્તારોના કાર્યક્રમ, ગ્રામોદ્યોગીકરણ યોજના, ઉદ્યોગખાતું, ડાયરેકટ ઓફ કોટેજ ઇન્ડસ્ટ્રીઝ, આદિવાસી વિકાસ કોર્પોરેશન, ગુજરાત સ્મોલ ઇન્ડ.કોર્પોરેશન, ગુજરાત ખેત ઉધોગ નિગમ, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, એ આર.ડી.સી., સામાજિક સંસ્થાઓ, લઘુ ઉદ્યોગ સેવાસંસ્થા, ઇત્યાદિ વિકાસ માટેની અનેક સંસ્થાઓનો લાભ–સહકાર ગામ દ ત્તક લેનાર લઈ, ગામડાના માનવીના જીવનમાં

અકલ્પ્ય આવકારદાયક ફેરફારો લાવી શકે છે. એક બી જી સંસ્થા પૂરક બને તે જરૂરી છે. લોન આપતી સંસ્થાઓ પાસેથી લોન અપાવવી, તે માટે જરૂર હોય તો માર્જિન મની આપી, જીવન ધોરણ સુધારી લોનના પૈસા પરત કરવા માટે પ્રયત્નો તટસ્થ વ્યકિત–સંસ્થા કરી શકે છે.

ગ્રામપ્રદેશમાં રોજગારીની તકો ઊભો કરવા માટે વધુ ભાર મૂકાઈ રહયો છે. ગામડાંના લોકો કરજના બોજથી દબાયેલા છે. ઉત્પાદન દ્વારા મેળવાયેલા પૈસાનું ઉત્પાદક કાર્યોમાં જોઈએ તેવું રોકાણ થતું નથી, તે કરવું જોઈશે. બચતની ટેવ પાડવી જરૂરી છે. ગુજરાતમાં સહકારી બેન્કોનું માળખું અને કાર્ય સંતોષકારક છે. ગ્રામીણ બેન્ક કચ્છ તથા જામનગર જિલ્લામાં થઈ રહી છે.

ઘણાં ઉદ્યોગ ગૃહ–વેપારીગૃહો ગ્રામવિકાસના કાર્યમાં સહભાગી થવા તૈયાર થયાં છે અને તે માટે વિચારતાં થયાં છે. પરંતુ ગ્રામ–વિસ્તારમાં વિવિધ કાર્યો કેટલા નાણાંની જરૂરત છે અને ઈન્કમટેક્ષમાંથી કઈ કઈ યોજનાઓને વધુ પ્રાધાન્ય અપાશે તેની જાણકારી પ્રસારિત કરવાની જરૂરત છે.

ઘણાઓને કયા ગામનો વિકાસ કરવો તે પ્ર શ્ન સતાવે છે. પોતાના ઉધોગ ધંધાની નજદીકનું સ્થળ,પોતાનું જન્મસ્થળ કે કોઈ પણ પછાત વિસ્તાર પર દષ્ટિ નાખવી. યોજનાની જરૂરિયાતો જાણી–સમ જી, સરકારી તથા સેવાભાવી સંસ્થાઓના સહકારથી ઉપલબ્ધ સાધન સામગ્રી, કૌશલ્ય, યોગ્ય માનવશકિત લક્ષમાં રાખી ગ્રામવિસ્તારનો વિકાસ કરવો.

ગ્રામવિકાસ માટે વિપુલ ધનસંપ ત્તિ, માનવશકિત તથા વ્યવસ્થાપનની આવશ્યકતા રહે છે. આ માટે સરકારના કાર્યમાં ઉદ્યોગપતિઓ, વેપારીઓ તથા સામાજિક સંસ્થાઓ સમયસર શકિત અનુસાર શકય, સાથ અને સહકાર આપે તે આવશ્યક બનેલ છે. ક્રિ શ્ચઅન મિશનરીઓ, ધાર્મિક, શૈક્ષણિક,

સામાજિક સંસ્થાઓ દ્વારા શિક્ષણ, હ?સ્પિટલ, આરોગ્ય તથા વિકાસ માટેની પ્રવૃત્તિઓ ઘણે થઈ રહી છે. આરોગ્ય અને શિક્ષણ જીવનની મૂળભૂત જરૂરિયાતો છે જ. તેવી જ રીતે ગ્રામજનોની જરૂરિયાતોને અનુલક્ષીને આર્થિક, ટેકનિકલ, વ્યકિતગત તથા વિશિષ્ટ શકિતઓ લક્ષમાં રાખી નાનીમોટી યોજનાઓ બનાવવી અને સ્થાનિક લોકોનાં સહકારથી તેનું અમલીકરણ કરવું.

ગુજરાત સરકારની ગ્રામવિકાસની યોજનાઓમાં ખેતી, પશુપાલન, ડેરી, નાની સિંચાઈ, જંગલવૃધ્ધિ, ગ્રામ વીજળીકરણ, પીવાના પાણીની યોજના, શિક્ષણ, આરોગ્ય, સુધારેલ બિયારણ, પડતર જમીન નવસાધ્ય કરવી, ગ્રામોદ્યોગો, સહકારી મંડળીઓ ઇત્યાદિની માહિતીઓ, ગામડાંના વિકાસમાં કાર્ય કરવા ઇચ્છતી વ્યકિત, મંડળ, ઉધોગગૃહ કે વેપારીગૃહે મેળવવી.

રાહત દર સુધારેલ બિયારણ આપી, સુધરેલ ખેતી માટેની ભૂમિ કા સર્જી, જંતુનાશક દવા, ખાતર જમીનની ચકાસણી, ખેતસાધનોની મરામત, પશુઓની ઓલાદ સુધારવા, ઉધોગગૃહો, વ્યવસ્થાપન તથા આર્થિક સહાય સબસીડીના રૂપે આપી ખેતીને વૈજ્ઞાનિક પર લઈ જઈ શકે છે.

ખેતી, પશુપાલન, ડેરી, મરઘાઉછેર, મત્સ્યોદ્યોગ, ખેતપેદાશ આધારિત ઉદ્યોગો, ગ્રામોદ્યોગો, શિક્ષણ, આરોગ્ય, વસવાટ, સ્વચ્છતા, ઇત્યાદિ અનેક વિકાસ કાર્યક્રમો ગામડાંઓમાં યોજવાના રહે છે.

ગ્રામોદ્યોગો તથા સ્વરોજગારી રળતા પ્રત્યેક ગામવાસીઓને વેચાણ તથા ચાલુ મૂડીના પ્ર શ્નોના નિકાલ જરૂરી છે. ઉદ્યોગો તથા વ્યાપારગૃહો પાસે વ્યવસ્થાશકિત છે. ભારતમાં ગામડાંઓની માનવશકિતને કેળવવા માટે ઘણું

કરી શકાય તેમ છે. ઉદ્યોગો પોતાની જરૂરિયાતો ગામોમાંથી મેળવતા પ્રયત્નો કરી શકે છે. આ માટે ભાવનાશીલ, નિઃસ્વાર્થી, ખંતિલા કાર્યકરોની જરૂરત રહેશે. ગ્રામવિકાસ માટે અનુભવી કાર્યકર્તાઓની અછત દૂર કરવાની રહેશે.

સ્વૈચ્છિક સંસ્થાઓ ગ્રામવિકાસ કાર્યમાં સ્થાનિક લોકોમાં ઉત્સાહ પ્રેરી, આત્મનિર્ભર બનાવી, આત્મવિશ્વાસ વિકસાવી, આર્થિકરીતે સમૃ દ્ધ બનાવી, સરકારી કામકાજ કરતાં વધુ અસરકારક કાર્ય કરી શકે તેમ છે.

ગ્રામીણ વિકાસના કાર્યમાં વ્યકિતગત નેતાગીરી ઉપર સામાજિક સંસ્થા કામ કરતી હોય છે, જેથી તેના જેવું પરિણામ બીજે મેળવી શકાતું નથી. આ માટે નેતાગીરી ઉભી કરવાની જરૂરત નકારી શકાતી નથી. ગ્રામવિકાસ માટે કાર્યકર્તાઓ ઉભા કરવા ટૂંકા ગાળાના કોર્સ પણ શરૂ કરવા વિચારવા જેવું છે.

સ્વેચ્છિક સામાજિક સંસ્થાઓના વિકાસ માટે કેન્દ્ર તથા રાજય સરકારના પ દ્ધતિસરના પ્રયત્નો અનિવાર્ય.....રસાયણોની પ્રકિયાઓમાં ઘણા પદાર્થો પ્રકિયામાં ભાગ લેતા નથી પરંતુ તેની હાજરીમાં પ્રક્રિયા ઝડપી બનાવે છે. આવા પદાર્થોને રાસાયણિક ભાષામાં કેટલુંક કાર્ય કરવાનું છે, વિકાસ કાર્ય ઝડપી બનાવવાનું છે.

મોટા ઉદ્યોગો પાસેથી ગ્રામજનો વધુ અપેક્ષા ન રાખે તેમજ વધુ સંપર્ક થવાથી ઉદ્યોગોમાં કાયમી રોજગારી મેળવવાનું માનસ ન કેળવાય તે પણ જોવું જોશે. ગામડાંઓમાં રોજગારી સર્જવાની છે. ગામડાંઓ ખાલી કરવાનાં નથી.

ગામડાંના અભણ, ગરીબ વ્યકિત વિકાસકાર્યક્રમથી અલિપ્ત ન રહે તેમજ તેઓની શંકા–ભય વ.નું સ્પષ્ટીકરણ કરી કાર્યમાં સામેલ થાય તે જોશો.

## *ગ્રામ વિકાસ માટે અન્ય મહત્વના મુ   દ્દા

(૧) ગ્રામવિકાસ માટે ઉદ્યોગોમાં ભાવનાશીલ, ઉત્સાહી અને સેવાભાવી વ્યકિતઓની નિમણૂંક કરવી જોઈએ.

(૨) ગામમાં બનતી વસ્તુનું બજાર મેળવી આપવા તથા ગામની વપરાશી વસ્તુઓ ગામમાં બનાવવા પ્રયત્નો કરવા.

(૩) દત્તક ગામ–અપનાવેલ ગામને ત્રણચાર વર્ષમાં પગભર કરી, સંસ્થાઓએ ગામમાંથી નીકળી જવું જોઈએ, સમયબ   દ્ધ કાર્યક્રમ બાદ કામ અટકાવવું જોઈએ નહિ.

(૪) સરકારી, નાણાકીય સંસ્થાઓ, વિવિધ સામાજિક સંસ્થાઓ, ગ્રામપંચાયત, તાલુકા પંચાયત તથા ગુજરાતની વિવિધ વિકાસ સંસ્થાઓનો સુભગ સમન્વય સધાવો જોઈએ.

(૫) ગુજરાતમાં ગ્રામવિકાસ માટે સ્વૈચ્છિક કાર્ય કરનારાઓનું એક મંડળ, રાજય કક્ષાનું બનાવી, તેઓના અનુભવોની આપ–લે કરે. સરકાર આ મંડળના પ્ર શ્નોનો વ્યવહારુ ઉકેલ લાવે તેવો પ્રબંધ જરૂરી છે.

(૬) ઉનાળા–શિયાળાની રજાઓમાં વિધાર્થીઓને ગ્રામવિકાસનાં કાર્યમાં રસ લેતા કરવા. આ રીતે વિશાળ શકિત કેળવાશે.

(૭) ઘણી સામાજિક સંસ્થાઓમાં નાણાંની અછત, કાર્યકર્તા કે કાર્યકૂમોનો અભાવ વર્તાય છે. તે માટે પણ બનતું કરવા જેવું છે. નાના ખેડૂત, સિમાન્ત ખેડૂત, ખેતમજૂરોને પોતાની જરૂરિયાતો, સિંચાઈ, ખાતર, બિયારણ, જંતુનાશક દવા તથા આર્થિક સહાય સમયસર મળે તે માટેના કાર્યક્રમોનું આયોજન જરૂરી છે.

(૮) ગામડાંઓની જરૂરીયાતને અનુલક્ષી, ઉપલબ્ધ સાધનસામ્રગી અને માનવશકિતનો મહ ત્તમ ઉપયોગ કરી સુધારેલ ખેતી, ગ્રામોદ્યોગો, પશુપાલન, આરોગ્ય, સહકાર, શિક્ષણ, ઈત્યાદિ વિવિધ ક્ષેત્રે કાર્ય કરવું.

(૯) ગ્રામ વિકાસનું કાર્ય ધર્માદાની દષ્ટિએ કદાપિ થવું ન જોઈશે. ગ્રામજનોનો સાથ મેળવી, મેળવી, ત્રણ–ચાર વર્ષમાં સ્વાવલંબી બનાવી, સ્થાનિક નેતાગીરી ઊભી કરી, કાર્ય કરતી સંસ્થાએ ગામની બહાર નીકળી જવું જોઈએ.

(૧૦) ગ્રામજનોનો ઉત્સાહ અને સહકાર મેળવવા માટે પૈસાની અવશ્યકતા નથી. પ્રેરણા દેવા સૌ કોઈ નિમિ ત્ત બની શકે છે. ગ્રામ જનતા શકિતશાળી છે તેનું તેઓને ભાન કરાવો. પૈસા કયાંથી મળે છે ? કાર્ય કેમ કરવું તથા વ્યકિતગત માર્ગદર્શન જે જરૂરી હોય તે આપવું.(ગુજરાતી ભાષામાં 'ગ્રામોદ્યોગો', 'ઓછી મૂડીના ઉદ્યોગો', 'કુટિર ઉદ્યોગો', 'ગૃહ ઉદ્યોગો', ઈત્યાદિ મારાં બાવીશ પ્રકાશનો લાઈબ્રેરીમાંથી વાંચવાં તથા તેની માહિતી આપવી.)

(૧૧) ગામડાંઓમાં અમલમાં મૂકી શકાય તેવી યોજનાઓ શોધી આપવાનું કાર્ય અનેક સંસ્થાઓએ કરવા જેવું છે.

(૧૨) ગ્રામવિકાસના કાર્યમાં બને ત્યાં સુધી રાજકારણ પ્રવેશવા દેશો નહિ. બિનરાજકીય સંસ્થાઓ જનતાનો સહકાર મેળવી, ગ્રામ્ય પ્રદેશની વિશાળ માનવશકિતને કેળવી, યોગ્ય રીતે ઉત્પાદક કાર્યોમાં વાપરી, ગરીબીની રેખા ઉપર લાવી શકાશે.

(૧૩) ગામડાંનાં ઉત્પાદકો પોતાના ઉત્પાદનનો સારોભાવ મેળવી અને વચ્ચેથી મલાઈ ખાનાર વર્ગ દૂર થાય તે માટે સહકારી વેચાણ મંડળી વધુને વધુ બનાવવી જરૂરી છે.

(૧૪) રચનાત્મક કાર્ય કરતી સંસ્થાઓની, તેઓના કાર્યક્ષેત્રની મુલાકાત લઈ સ્પષ્ટ ચિત્ર મેળવશો.

ગ્રામવિકાસનું કાર્ય અવાર નવાર મૂલવતા રહેશો. [૩] ભારતમાં ગરીબાઈની રેખા નીચે જીવતા ૨૮ કરોડ લોકો હશે. તેમાથી ૨૧ કરોડ જેટલા લોકો ગામડાંઓમાં વસે છે. આ ગરીબો મહિને રૂ.૨૮ થી વધુ માથાદીઠ ખર્ચી શકતા નથી. ખેતમજૂરોને ત્રણચાર મહિના ખેતીની મોસમમાં રોજગારી મળે છે. બાકીના આઠેક મહિના બેકાર રહે છે.૧૯૭૩–૭૪ માં ભારતનાં ગામડાંઓમાં ત્રણ કરોડ જેટલા બેકાર હતા તેમાં દર વર્ષે ત્રણ ટકાના દરે બેકારીનું પ્રમાણ વધતું જાય છે.

૧૬૦ લાખ કુટુંબોને રહેવા ઝૂંપડાં પણ નથી, જયારે ૫૦૦ લાખ કુટુંબ ઘાસ અને ગારાનાં ઝૂંપડાંમાં રહે છે. ફકત ૩ લાખ કુટુંબો જ સિમેન્ટ કોંક્રીટનાં પાકાં મકાનમાં રહે છે.

ખેતી પરનું ભારણ દિનપ્રતિદિન વધતું જાય છે. તે ઘટાડવા ની જરૂરત છે. બે હેકટરથી નાના જમીનના ટુકડામાં જૂના ઢબથી ખેતી કરતા લોકોની ગરીબાઈ દૂર થઈ શકવાની નથી. ભારતમાં ૫૦ % નાના ખેડૂતો છે. ૨૦% જમીન એકથી બે હેકટર સુધિની છે જેથી પોણા ભાગના ખેડૂતો (પાંચ કરોડ)ના આર્થિક વિકાસ માટે વિચારવાનું રહે છે.

ખેતી પર નિર્ભર લોકોના ૩૨ % એટલે કે ૪.૭૩ કરોડ જેટલા જમીન વિહોણા મજૂરોનો સમાવેશ થાય. બહુ ન જીવી આવક મેળવી ગ્રામ કારીગરો

સ્વરોજગારી મેળવતા હોય છે. તેઓની રાસાયણિક ખાતરો, જંતુનાશકો પર નીંદણનાશકો પર આબકારી જકાત ત્રણ વર્ષમાં નાબૂદ કરવાનો નિર્ણય આવકારલાયક છે.

જમીન સુધારણા, ટોચ  મર્યાદાનો કાયદો, ગણોતધારા ઇત્યાદિમાં અનેક રાજયોના અસંતોષ પ્રવર્તે છે. ગુજરાત માટે તે ગૌરવ અનુભવવા જેવું છે.

ગ્રામવિસ્તારમાં માનવબળનો ઉપયોગ ગ્રામવિસ્તારોમાં જ શોધી કાઢવો જોઈએ. રસ્તાઓનાં બાંધકામ, વૃક્ષારોપણ, તળાવો, કૂવા,  ઊર્ધ્વ સિંચાઈ, પાણીની જાળવણીની અન્ય યોજનાઓ, જમીનને સપાટ કરવાનું કામ, બંધો બાંધવાનું કામ નવી જમીનને ખેતી હેઠળ લાવવાનું કામ, ગોબર ગેસ પ્લાન્ટો શરૂ કરવા, પશુપાલન, મરઘાપાલન, ગ્રામોદ્યોગો, ખેતપેદાશ આધારિત ઉદ્યોગો ઇત્યાદિ અનેક યોજનાઓથી કાયમી ધોરણે બેરોજગારી દૂર કરવાની છે.

ગુજરાતમાં ૨૦ લાખ જમીનવિહોણા ખેતમજૂરો છે. નાના અને સીમાંત ખેડૂતો ૧૦.૬ લાખ જેટલા છે. ગુજરાતમાં ૧૯૯૭ના અંતે ૨,૨૬,૩૭૨ બેકારોનો આંકડો નોંધાયો છે, જેથી ગુજરાત સરકારે રોજગારવૃદ્ધિ માટે કેટલાક વિકાસ કાર્યક્રમ હાથ ધર્યા છે. ભૂમિહીન મજૂરોને જમીન ફાળવણી, મકાનોનું બાંધકામ, પ્રાથમિકતા તથા માધ્યમિક શિક્ષણ, વનવિકાસ કાર્યક્રમ, ખાદીગ્રામોદ્યોગ, ગ્રામમાર્ગોના બાંધકામમાં રોજગાર આપવા વિચાર્યું છે. અંબર પરિશ્રમાલયો અને ગ્રામોદ્યોગ વાડીઓ ખોલી બેકારોને તાલીમ આપ્યા બાદ તેઓને યંત્રસામગ્રી તથા કાચો માલ પૂરો પાડવામાં આવશે. તેઓનું તૈયાર થયેલ સૂતર ખરીદી લેવામાં આવશે. [૪]

ગુજરાતમા રોજગારલક્ષી આયોજન બોર્ડે રોજગારલક્ષી ઓયોજન કાર્યક્રમો સૂચવ્યા છે તેમજ કુટુંબદીઠ એક વ્યકિતને રોજગારી આપવનો પ્રાયોગિક કાર્યક્રમ ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં શરૂ કરેલ છે. શિક્ષિત બેકારો માટે ફૂડ પ્રોસેસિંગ, હીરા ઘસવાનું હાથવણાટ, લશ્કરી સેવાઓ, કડિયાકામ, સુથારીકામ, પ્લમ્બિંગ, ફાર્મ અને ટ્રેક્ટર મિકેનિક, મોટરમિકેનિક, ઈન્સ્ટુમેન્ટ મિકેનિકની વિશિષ્ટ તાલીમો ગુજરાત સરકાર આપી રહી છે.

પછાત વર્ગોના શિક્ષિત બેકારો પ્રૌઢશિક્ષણમાં, શિક્ષણના પ્રચારમાં પોતાની સેવા આપીને પૂરક રોજગારી મેળવી શકે છે. ખેતમજૂરો, ગ્રામશ્રમિકો માટે ગ્રામરોજગારી રાહત કાર્યક્રમ પણ ગુજરાત સરકારે ઘડેલ છે. ગ્રામ કારીગર તથા ઓછી આવકવાળા સ્વરોજગારી મેળવનારના વિકાસ માટેની પણ યોજના છે. પછાતવર્ગો માટે સરકારી નોકરીમાં વર્ગ ૩ અને ૪ માટે ૧૦ ટકા અને વર્ગ ૧ અને ૨ માટે ૫ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવે છે.

મકાનોનું બાંધાકામ, રસ્તાઓનું બાંધકામ રોજગારી સારા પ્રમાણમાં સ જી શકતાં હોઈ તે માટે પણ જોગવાઈ સરકારે કરેલ છે. ગ્રામમાર્ગોના બાંધકામને પૂરતી અગ્રતા અપાયેલ છે. ગ્રામોદ્યોગોને વિકસાવવા રૂરલ ટેકનોલો જી સંસ્થા તથા માર્કેટિંગ ઈન્સ્ટિટયૂટની શરૂઆત કરવા પણ વિચારેલ છે.

વાગરા, જબુગામ, માલપુર દાંત, માળિયા, મું દ્રા, ચોટીલા, બાલાશિનોર, જાંબુઘોડા, વલભીપુર, ધ્રોળ, ચાણસમા, વિસાવદર, ઓલપાડ, સાણંદ, વલસાડ, જંબુસર, કાંકરેજ, જાફરાબાદ ઇત્યાદિ નકકી કરેલા તાલુકાઓમાં સ્વરોજગારી ઊભી કરવાના સઘન કાર્યક્રમ સરકાર કરી રહેલ છે.

ગ્રામ કારીગરોને સહાય, યુવાન સ્નાતકોને વ્યવસ્થાપકીય તાલીમ, અનાર્વષ્ટિ પાત્ર વિસ્તાર કાર્યક્રમ, ખેડૂતોના વિકાસ માટેની સંસ્થા, નાના ખેડૂતો અને ખેતમજૂરોના કાર્યક્રમ ઇત્યાદિ ઘણી યોજનાઓ છે.

ખેતરો, કારખાનાં, ખાણોનો તો વિકાસ થાય પણ સાથોસાથ તેની સાથે સંકળાયેલ માનવનો પણ વિકાસ જરૂરી છે. બૌિ દ્ધક, વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક તથા આર્થિક વિકાસ માનવ માટે આવશ્યક છે.

બેકારીનિવારણ, ગરીબાઈ નાબૂદી, પછાત વર્ગોનો ઝડપી વિકાસ, ગ્રામરસ્તાઓ, પીવાના પાણીની સુવિધા, ખેતી તેમજ ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ ઇત્યાદિ ગ્રામભિમુખ કાર્યક્રમો માટે ગુજરાત સરકાર કટિબ દ્ધ બનેલ છે.

ગ્રામ કળાકારીગરી તથા ગામડાંઓની જરૂરિયાતો ગામડાંઓમાં જ બનાવી ગામડાંઓને પગભર બનાવવાનાં છે. ગ્રામબેકારી, બેઠાડુ માનસ દૂર કરવાનું છે. ગામડાંઓમાં નેતાગીરી ઊભી કરવાનાં મૂળ નખાવવા ગ્રામશકિત વધુ જાગૃત કરવાની રહેશે.

ગામડાંઓમાં રૂ. ૨૦૦ થી ૩૦૦૦ સુધીના રોકાણવાળા રોકાણથી એક, બે કે ત્રણ વ્યકિતને રોજગારી આપી શકાય છે. આવા ગ્રામોદ્યોગો શરૂ થાય તો શહેર તરફ કાયમી રોજગારી મેળવવાનો પ્રવાહ ઓછો કરી શકાશે. આવા ૪૦૦ ગ્રામોદ્યોગો વિષેની માહિતી ઓછી મૂડીના ઉધોગો, કુટિર ઉદ્યોગો, ગૃહઉદ્યોગો તથા નાના નાના ઉદ્યોગોમાં આપેલ છે. વધુ રોજગારીના સર્જનથી વધુ વ્યકિતઓ ગૌરવભેર જીવી શકાશે. ગ્રામોદ્યોગો દ્વારા સ્વરોજગારીથી વ્યકિત પોતાના ધંધાનો માલિક, ઉત્પાદક, વિક્રેતા કે વપરાશકાર બની શકશે.

પરદેશી વસ્તુઓનો મોહ ત્યાગી સ્વદેશી વસ્તુઓ અપનાવવાની ઝુંબેશ ઉપાડવી જોઈશે. ગામડાંના લોકોમાં વિશ્વાસ જાગ્રત કરી, આત્મશ્રદ્ધા વિકસાવી, કઠણાઈઓનો સામનો કરી ગ્રામોદ્યોગો દ્વારા સ્વરોજગારી મેળવવાના પ્રયત્નો કરવાના છે. ગામડાનો નાનો ખેડૂત, મોચી, દરજી, લુહાર, સુથાર, પશુપાલક, વણકર, માછીમાર, ચમાર, ખેતમજૂર, આદિવાસી, નાનો વેપારી, અન્ય કારીગર સમય અનુસાર જરૂરી પરિવર્તનો લાવી પૂરક વ્યવસાયો અપનાવી સંપૂર્ણ રોજગારી મેળવતા બને તે જોવાનું છે.

આદિમ જાતિઓના ઉત્કર્ષ તથા પછાત વર્ગોના ઉત્કર્ષ માટે યોજનાઓ, હરિજનો માટેની વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાત આદર્શ રાજય બની રહેશે.

ગામડાના ગરીબને વિજ્ઞાન, ટેકનોલોજી તથા સરકારની યોજનાનો લાભ મળવો જોઈએ. માનવ, પશુ, જમીન, જંગલો, ખાણો, નદી, સમુદ્ર ઇત્યાદિ સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરી ગરીબાઈ ઘટાડવાની છે. માલધારીઓ ઘેટાંબકરાના ઉછેર તથા પશુપાલનના વ્યવસાયથી માંડ માંડ પૂરું કરતાં હોય છે. તેઓનાં જીવન સુધારવા માટે ઊનની બજાર મેળવી આપવા તથા ઊનની વસ્તુઓ બનાવવા પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

ભારતના દર દશ આદિવાસીમાંથી એક આદિવાસી ગુજરાતમાં છે. દર સાત ગુજરાતીએ એક આદિવાસીના સર્વાંગી વિકાસ માટે ખેતી, સહકાર, જમીન સુધારણા, સિંચાઈ, શિક્ષણ, પોષણયુકત આહાર, ધિરાણ, જંગલ ઉછેર માટેની યોજના, બળદગાડાં, મરઘા ઉછેર, મત્સ્યોદ્યોગ માટે ચાર ટકાના દરે ધિરાણ, બીડી ઉદ્યોગ માટેની તાલીમ, પડિયા, પતરાળાં બનાવવાની તાલીમ, કડિયાકામ તથા પ્લમ્બરની તાલીમ, અનાજ બેંક, આદિવાસી

ધર્મશાળાઓ, કલા સંસ્કૃતિનાં સંગ્રહસ્થાનો ઇત્યાદિ માટે ગુજરાત સરકારે પગલાં ભર્યાં છે.

પછાત વર્ગના કલ્યાણ માટે બક્ષી પંચે શિષ્યવૃતિઓ, અનામત જગ્યા, નોકરી માટે પ્રતિનિધિત્વ, નાણાકીય સહાય અને લોન, કાનૂની સહાય (વિના મૂલ્યે), બેરોજગારી દૂર કરવા માટે સહકારી મંડળીઓ તથા નાના ઉદ્યોગ માટેની સહાય અને લોન માટે ભલામણ કરેલ છે. જાહેર સેવા પંચ, પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષપદે હરિજન વ્યકિતની સેવા પંચના સભ્ય તરીકે એક આદિવાસી પ્રાધ્યાપકની નિમણૂક ગુજરાતમાં કરવામાં આવેલ છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ડાંગ જિલ્લામાં શરૂ કરવામાં આવશે. આદિવાસી યુવાનો માટ વડોદરા, વાપી, દાહોદ, ઉધના, બારડોલી, સાબરકાંઠા અને ડાંગ ખાતે એપ્રેન્ટિસ તરીકે તાલીમ મેળવવા છાત્રાલય શરૂ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીયકૃત બેંકો તરફથી કુટિર ઉદ્યોગ માટે આર્થિક સહાય મેળવી આપવામાં આવે છે. ફરતું પશુદવાખાનું, માંડવી ખાતે સેવાસદન હોસ્પિટલ, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો તથા કપડાં, સાર્વજીનક છાત્રાલયો, માર્ગદર્શન કેન્દ્રો, શૈક્ષણિક શિબિરો તથા ગૃહનિર્માણ ઇત્યાદિ બાબતો, આદિવાસી અને પછાત વર્ગનું ધ્યાન ખેંચે તેવી છે.

## ૪.૨ કેન્દ્રીય સરકારની યોજનાઓ.

### ૪.૨.૧ સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના [૫]

માનપૂર્વક જીવન જીવવું એ દરેક નાગરિકનો અધિકાર છે. પણ ગરીબી આવા માન ભર્યાં જીવનમાં આડે આવતી હોય છે. સ્વરોજગાર કાયમી આવક મેળવવા માટેનું એક નોંધપાત્ર પગલું છે. જે ગરીબીનાં બંધનોથી મુકિત

અપાવે છે. IRDP જેવા પહેલાંના કાર્યક્રમો સારા હતા પરંતુ બધીજ આવશ્યકતાને પુરી કરવા માટે પુરતા ન હતા. સરકારે હવે અસરકારક સ્વરોજગાર કાર્યક્રમ સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના અથવા સ્વ.જ.ગ્રા.સ્વ.યો. શરૂ કરેલ છે.

આ યોજના હેઠળ ગ્રામવિસ્તારોના ગરીબી રેખાથી નીચેના ગરીબ કુટુંબોને સ્વરોજગાર અપનાવવામાં મદદ અપાય છે. તેઓ એમની આ પ્રવૃતિ વ્યકિતગત રૂપે અથવા સમૂહોમાં શરૂ કરી શકે છે. આવા સમૂહોને "સ્વયં સહાય સમૂહ" કહેવાય છે. સફળ સ્વરોજગાર માટે સાચી પ્રવૃત્ત અપનાવવી આવશ્યક છે. આ માટે અધિકારીઓ, બીન અધિકારીઓ અને બેંકની મદદથી દરેક ઘટકમાં ૪ થી ૫ પ્રવૃત્તઓને પસંદ કરી શકાય છે. આને "મહત્વની પ્રવૃત્તિઓ" કહી શકાય છે. અને એ એવી હોવી જોઈએ કે સ્વરોજગારવાળી વ્યકિતને બેંક લોનની પરત ચુકવણી પછી માસિક રૂ.૨૦૦૦ ની આવક કરાવી આપે.

ઘણીવાર ગામડાંઓમાં લોકો પાસે કસબ કે કૌશલ્ય હોય છે. પણ જો કોઈ ગરીબી રેખાથી નીચેની વ્યકિતને એવું લાગે કે તે આવા કામથી લાભ મેળવી શકે છે. તો એણે સરપંચ અથવા ઘટક વિકાસ અધિકારી અથવા નજીકની બેંકની શાખાના પ્રબંધકને તાત્કાલિક મળવું જોઈએ.

બેંકો, ખેતી, લઘુઉદ્યોગ વિ.જેવા પ્રાથમિક ક્ષેત્રને ૪૦ % ટકા જેટલું ધિરાણ આપી શકે છે. સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના આ પ્રાથમિક ક્ષેત્રનોજ ભાગ છે. પરંતુ શાખા પ્રબંધક એટલું જરૂર જોશે કે અપાયેલી લોનો પરત થઈ જાય. એટલે સમયસર લોન પરત થાય એ ખૂબજ મહત્વનું છે.

અસરકારક સ્વરોજગારનો અર્થ માત્ર સાચી પ્રવૃત્તિ પસંદ કરવાની નથી બલ્કે એ પ્રવૃત્તિને સારી રીતે અમલમાં પણ મૂકવાની છે. સ્વરોજગારમાં કાચો માલસામાન ખરીદી કરવો, ઉત્પાદન કરવું, તૈયાર માલનું વેચાણ કરવું અને નાણાંની લેતી પણ કરવી. એકલો સ્વરોજગારી આ બધું કામ પોતે જાતે ન કરી શકે. એટલે સ્વરોજગારીઓને સ્વયંસહાય સમુહોની રચના કરવાની સલાહ અપાય છે. સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના સક્રિયપણે સ્વયંસહાય સમૂહોને પ્રોત્સાહન આપે છે. આ સમૂહોની રચનામાં થોડોક સમય લાગે છે. દા.ત. ૩ થી ૬ મહીના પણ એ ઉપયોગી છે કારણ કે એનાં લાભો લાંબા સુધી મળતાં રહેશે.

સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના એક ધિરાણ–સહ સબસીડી કાર્યક્રમ છે. સબસીડી એટલા માટે દેવાય છે. કે જેથી ગરીબી લોકો એમની સ્વરોજગાર પ્રવૃત્તિચલાવી શકે. વ્યકિતને રૂ.૫૦,૦૦૦/– સુધી અને સ્વયંસહાય સમૂહને છ લાખ રૂપિયા સુધીની લોનો આપી શકાય છે. અને એની સામે કોઈ સમાંતર બાહેંધરી આપવાની જરૂર નથી હોતી. પરિયોજના ખર્ચની ૩૦% રકમ સબસીડી તરીકે અપાય છે પણ તે વધુમાં વધુ રૂ.૭૫૦૦/– હશે. પણ અનુ.જા. /અનુ.જ.જા. માટે આ સબસીડી પરિયોજના ખર્ચના ૫૦% જેટલી અથવા વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/– સુધી હશે. સ્વયંસહાય સમૂહો માટે પણ આ સબસીડી પરિયોજના ખર્ચના ૫૦% સુધી અથવા વધુમાં વધુ ૧.૨૫ લાખ રૂપિયાએમાં જે ઓછું હોય તે અપાય છે. જો કોઈ વ્યકિતએ અગાઉની કોઈ સ્વંય રોજગાર યોજના હેઠળ રૂ.૫૦૦૦/– થી વધુ રૂપિયા બેંકને દેવાના બાકી હોય તો પણ એને કસૂરવાર નહી ગણાય.

અને બેંક એને લોન આપશે. પરંતુ અન્ય શરતો સંતોષાતી હોવી જોઈએ. આ દેણાની રકમ લોન પરત કરવાની સાથે હ   પ્તાઓમાં ચૂકવવાની રહેશે.

## ૪.૨.૨ સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (એસ.જી.આર.વાય)

- ❖ વેતન રોજગારી આપતો કાર્યક્રમ સરકારે જાહેર કરેલો છે ? હા.   જી.
- ❖ આ યોજનાનું નામ શું છે ? સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (એસ.જી.આર.વાય)
- ❖ યોજનામાં કેવા પ્રકારની વેતન રોજગારી મળે ?
  સામાન્ય રીતે ત્રિકમ, પાવડો અને તગારા અને બે માનવહાથ વડે થઈ શકે તેવી શ્રમયુકત વેતન રોજગારી મળી શકે.
- ❖ સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના શું છે ?
  સંપૂર્ણ ગ્રામીણ રોજગાર એ ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબો મજૂરીકામ પર આવી શકે તેવા કુટુંબોને વેતન રોજગારી પૂરી પાડતી યોજના છે.
- ❖ આ યોજનામાં પ્રત્યેક માનવ દિન દીઠ કેટલું અનાજ અને રોજગારી/ નાણાં મળે છે ? નિયત લઘુમત વેતન અધિનિયમ મુજબ વેતન તથા વેતનનો અંશત : ભાગ અનાજના રૂપમાં મહેનતાણું મળે છે.
- ❖ આ યોજનામાં એક શ્રમ જીવીને એક માનવ દિન દીઠ કેટલું અનાજ મળશે ? એક દિવસની વેતન રોજગારી માટે શ્રમ   જીવી ૫ કિલોગ્રામ અનાજ અપાય છે.

- ❖ આ યોજના અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે કોઈ વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. યોજના હેઠળ ફાળવણીના ૨૨.૧/૨% રકમો અનુ. જાતિ / જનજાતિ માટે ખર્ચ કરવાની છે.
- ❖ યોજના હેઠળ નાણાકીય ફાળવણી કોને થાય છે અને અમલીકરણ કોના દ્રારા થાય છે ? ગ્રામ પંચાયત,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને નાણાકીય ફાળવણી થાય છે અને તેમના દ્રારા અમલીકરણ કરવામાં આવે છે.
- ❖ પ્રાથમિક તબકકે રાજયની દરેક ગ્રામ પંચાયને કેટલું રોકડ ફંડ ઉપલબ્ધ થશે ?
- ❖ રૂ. ૫૦,૦૦૦/–આ યોજનામાં કોન્ટ્રાકટ ૫ દ્ધતિથી કામ કરાવી શકાય? યોજનામાં કોન્ટ્રાકટ પ્રથા ઉપર પ્રતિબંધ છે.
- ❖ આ યોજના હેઠળ કયા કયા પ્રકારનાં કામો લઈ શકાય છે ?
- ❖ દુષ્કાળ પ્રતિરોધક કામો જેવાં કે ભૂમિ અને વોટરશેડ, પરંપરાગત જળસ્ત્રોતનો વિકાસ, વનીકરણ, લીન્ક રોડ, પ્રા.શાળા. ઓરડા, આરોગ્ય કેન્દ્રો તેમજ આરોગ્ય કેન્દ્રોનાં મકાનો, પશુ દવાખાનાની સવલતો, માર્કેટ યાર્ડની સુવિધાઓ, પંચાયત ઘર વગેરે.
- ❖ યોજનામાં કેવા પ્રકારનાં કામો ન કરી શકાય ? ધાર્મિક હેતુ માટેનાં મકાનો, સ્વાગત મકાનો, પ્રતિમાંઓ, સ્વાગત ગેટ, વિશાળ મકાનો અને પુલો, સરકારી મકાન, કમ્પાઉડ વોલ, ઉચ્ચ માધ્યમિક શાળા અને કોલેજનાં મકાનો વગેરે
- ❖ આ યોજનામાં લાભ લેવા કોનો સંપર્ક કરવો ?

- ❖ આ યોજનાનો લાભ લેવા માટે તલાટી–મંત્રી, ગ્રામ સેવક, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા પંચાયત કચેરીનો સંપર્ક કરી શકાય.

## ૪.૨.૩ ઈન્દિરા આવાસ યોજના (આઈ.એ.વાય)

- ❖ ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા પરિવારો માટે કેન્દ્ર સરકારની કોઈ આવાસ યોજના છે ? હા જી.
- ❖ આવાસ યોજના નું નામ શું છે ? ઇન્દિરા આવાસ યોજના.
- ❖ આ યોજનામાં લાભ કોને મળે છે ? ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા લક્ષ્યાંક જૂથના અનુ./જાતિ/ જન જાતિ, મુકત કરાયેલ વેઠિયા મજૂરો તથા અન્ય લક્ષ્યાંક જૂથના લાભાર્થીઓ.
- ❖ આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે ? આવાસની નિયત થયેલ યુનિટ કોસ્ટની મર્યાદામાં નવા આવાસ તથા કાચા મકાનની ગુણવત્તા સુધારણા (અપગ્રેડેશન)નો લાભ મળે છે.
- ❖ આવાસના લાભ માટેના લાભાર્થીઓની પસંદગી કોણ કરે છે ? ગરીબી રેખા હેઠળ જીવતા લક્ષ્યાંક જૂથ પૈકીના લાભાર્થીઓમાંથી પસંદગી સ્થાનિક કે ગ્રામ સભા મારફતે કરાય છે. જિલ્લા કક્ષાએ રચાયેલ સમિતિ આ ગ્રામસભા દ્વારા પસંદ કરેલ લાભાર્થીઓ પૈકી યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી કરે છે.
- ❖ યોજના હેઠળ (એક આવાસની યુનિટ કોસ્ટ કેટકેટલી હોય છે ? એક નવા આવાસની યુનિટ કોસ્ટ રૂ.૪૦,૦૦૦/– છે, પણ આવાસ ભૂકંપ

પ્રતિરોધક બનાવવું ફરજિયાત છે. એક કાચા મકાનની ગુણવ   ત્તા સુધારણા (અપગ્રેડેશન) ની યુનિટ કોસ્ટ રૂ.૧૦,૦૦૦ /– છે.

❖ યોજના હેઠળ આવાસ કેટલા વિસ્તારમાં બાંધવાનું હોય છે ? ૨૦ ચો.મી. પ્લીન્થ એરિયા ધરાવતું આવાસ બાંધવાનું રહે છે.

❖ આવાસ લાભાર્થી કયાં કયાં બાંધી શકે છે ? સરકારે ફાળવેલ ઘરથાળનો પ્લોટ અથવા માલિકીના ખેતર કે પ્લોટ ઉપર પાકું મકાન બાંધી શકે છે.

❖ આવાસમાં કઈ કઈ સવલત બનાવવી ફરજિયાત છે ? આવાસમાં શૌચાલય અને નિર્ધૂમ ચૂલા બનાવવા ફરજિયાત છે.

❖ આવાસ કેવા પ્રકારનું બાંધવાનું હોય છે ? લાભાર્થીઓ જે તે વિસ્તારની આબોહવા, ભૌગોલિક પરિસ્થિતિ અને સ્થાનિક લોકોની રૂચિ અન્વયે આવાસ બાંધી શકે છે.

❖ આવાસનું કામ કોના  દ્વારા કરવાનું રહે છે ? આવાસ લાભાર્થી   દ્વારા બાંધવાનું છે.તેમાં કોન્ટ્રાકટ પ્રથા બંધ છે.

❖ આવસ કોના નામે ફાળવવાનું હોય છે ? આવાસ મહિલાના નામે આપવાનું છે. જો શકય ન હોય તો સંયુકત નામે આપવાનું રહે છે અને એ રીતે સનદ સંયુકત રાખવાની રહે છે.

## ૪.૨.૪ ગ્રામીણ આવાસ માટે ધિરાણ સહ સબસિડી યોજના

❖ ધિરાણ સહ સબસિડી યોજના શું છે ? ઇન્દિરા આવાસ યોજના હેઠળ નહી આવરી લેવાયેલાં પણ એક મકાન ધરાવવાની ઇચ્છાવાળાં ગ્રામીણ કુટુંબોને આવાસ પૂરું પાડવાની યોજના  છે.

- આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ? આ યોજનાનો લાભ વાર્ષિક રૂ.૩૨,૦૦૦/આવક ધરાવતાં બધાં જ ગ્રામીણ કુટુંબોને ગરીબી રેખાની સહેજ ઉપર જીવતા ગ્રામીણ ગરીબો પણ આ સ્કીમનો લાભ લઈ શકે છે.
- આ યોજનામાં આવાસમાં કેટલી લોન આપવામાં આવે છે અને કેટલી સબસીડી આપવામાં આવે છે ? આ યોજનામાં રૂ.૪૦,૦૦૦/– ની મહત્તમ મર્યાદામાં લોન આપવામાં આવે છે, તેમાં સબસીડીનું પ્રમાણ રૂ. ૧૦,૦૦૦/– છે.
- આ યોજનામાં અનુસૂચિત જાતિ–જનજાતિ માટે કોઈ વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે ? આ યોજનામાં ૬૦% મકાનો અનુ.જાતિ અને જનજાતિના ગ્રામીણ ગરીબોને ફાળવવામાં આવે છે.
- સ્વસહાય જૂથ એટલે ૧૦ થી ૨૦ વ્યકિતઓનો સમૂહ.
- અપવાદ કિસ્સામાં જેવા કે,રણ તેમજ છૂટા છવાયા વિસ્તારોમાં તેમજ, વિકલાંગના કિસ્સામાં અને લઘુ સિંચાઈ માટે પાંચ વ્યકિતઓનું જૂથ પણ હોઈ શકે.
- જૂથ પોતાની રીતે બચત કરે અને બચત ફંડમાંથી જૂથના સભ્યોને અંદરો–અંદર ધિરાણ કરે.
- જૂથ સક્ષમ થાય પછી ફરતું મળે.
- જૂથને આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા માટે બેંકમાંથી ધિરાણ પણ મળી શકે.
- જૂથને જરૂરી તાલીમ, કૌશલ્ય વિકાસ માટેની તાલીમ, ઉત્પાદિત ચીજ –વસ્તુઓ માટે બજાર વ્યવસ્થા વગેરે આંતરમાળખાકીય સવલતો પણ યોજના હેઠળ મળી શકે.

## ૪.૨.૫ જળસ્ત્રાવ (વોટરશેડ)

- જળસ્ત્રાવ (વોટરશેડ) એટલે શું ? જળસ્ત્રાવ એટલે એવો વિસ્તાર કે જયાં સમગ્ર વિસ્તારનું પાણી એકઠું થઈ ને એક જગ્યાએથી તેનો નિકાલ થાય તેવો વિસ્તાર.
- કોઈ એક ચોકકસ જગ્યાએ પાણીના નિકાલ માટેની જગ્યા ધરાવતું જમીન અને ભૂગર્ભ જળનો એકમ અથવા વિસ્તાર. એટલે કે કોઈ પણ વહેતા નાળા કે નદીમાં જેટલા વિસ્તારનું પાણી આવતું હોય તે સમગ્ર વિસ્તારને જળસ્ત્રાવ કહેવામાં આવે છે.
- કેટલા વિસ્તારનો પ્રોજેકટ હોય છે ? આમ તો જળસ્ત્રાવ પ્રોજેકટ નાનો અથવા મોટો હોઈ શકે છે, જેમાં ૫૦૦ હેકટરનો એક માઈક્રો વોટરશેડ પ્રોજેકટ લઈ શકીએ છીએ, જેમાં એક ગામ અથવા બે ગામનો સમાવેશ થાય છે.
- આ યોજના કયારથી ચાલે છે ? આ યોજના સને ૧૯૯૫થી સમગ્ર ભારતમાં અમલમાં છે.
- આ યોજનાની કામગીરી કોણ કરે છે ? આ યોજનાની કામગીરી માટે પી.આઈ.એ.(પ્રાયોજના અમલીકરણ  એજન્સી) કામગીરી કરી શકે છે. જેમાં ખાસ કરી સરકારી, ખાનગી કે સ્વૈચ્છિક સંસ્થાઓ, પી.આઈ.એ તરીકે કામગીરી કરી શકે છે.
- આ યોજનામાં કરવાનું શું હોય છે ? માઈક્રો વોટરશેડ પસંદ કરીએ છીએ તેના સમગ્ર વિસ્તારનો વિકાસ કરવો એટલે કે તે વિસ્તારની

તમામ જમીન, જળ, જંગલ, જાનવર અને જન (માનવ સમુદાય)નો સર્વાંગી વિકાસ કરવો.

❖ રાજયમાં કયા કયા વિસ્તારમાં કામગીરી કરી શકાય ? રાજયના ડો.પી.એ.પી. (અનાવૃષ્ટિ શકયતાગ્રસ્ત વિસ્તારો)ડી.ડી.પી.(રણ વિકાસ કાર્યક્રમ) આઈ.ડબલ્યુ.ડી.પી.(સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ) હેઠળના વિસ્તારમાં જળસ્ત્રાવની કામગીરી કરવામાં આવે છે.

❖ કેવાં કેવાં કામો થઈ શકે છે ? આ યોજનામાં ખાસ કરીને (૧) પાણી સંગ્રહ કરવાને લગતાં કામો (૨) ખેતીનું પાણી સંગ્રહ કરવાને લગતાં કામો (૩) ખેતીને લગતાં કામો (૪) પશુપાલન વિષયક કામો (૫) રોજગારલક્ષી કાર્યક્રમો (૬) આરોગ્યને લગતાં કામો કરી શકીએ છીએ.

❖ કેટલાં નાણાં આપે છે ? એક માઈક્રો વોટરશેડ પ્રોજેકટ માટે રૂ.૩૦,૦૦ લાખ આપે છે.

❖ આ બધાં નાણાં કોણ વાપરે છે ? આ પ્રોજેકટના નાણાં કેન્દ્ર અને રાજય સરકાર તરફથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં આવે છે અને ત્યારપછી જે તે નકકી કરેલ પી.આઈ. ને આપે છે.

❖ તો તો બધાં નાણાં પી.આઈ.એ. ને મળે છે ? ના, એવું નથી. પી.આઈ.એ.ને તો ૧૦% વહીવટી ખર્ચ, ૫% તાલીમ અને ૫% સંગઠન માટે એમ કુલ ૨૦% નાણાં જ મળે છે.

❖ તો બીજાં ૮૦% નાણાં કોણ વાપરે છે ? જે બાકી રહેલ ૮૦ % નાણાં જે તે વોટરશેડ કમિટી (જળસ્ત્રાવ સમિતિ) ને મળે છે અને તેના દ્વારા નાણાં વાપરવાનાં હોય છે.

- ❖ જળસ્ત્રાવ સમિતિમાં કોણ કોણ હોય છે ? જળસ્ત્રાવ સમિતિમાં ખાસ કરીને ઉપભોકતા જૂથો (૩ થી ૪ સભ્ય), સેલ્ફ હેલ્પ ગ્રુપ (સ્વસહાય જૂથ) ના ૩ થી ૪ સભ્યો, પંચાયતના બે સભ્યો તથા જળસ્ત્રાવ વિકાસ ટૂકડી ( **WDT**) ના એક સભ્ય હોય છે.
- ❖ જળસ્ત્રાવ વિકાસ ટુકડી ( **WDT**) માં કોણ હોય છે ? ( **WDT**) માં ખાસ કરીને સ્નાતક કક્ષાના ચાર સભ્યોની ટૂકડી હોય છે, જેમાં ખાસ કરીને કૃષિ, પશુપાલન, ઈજનેર તથા સમાજ વિદ્યાના સભ્યોને રાખવામાં આવે છે, જે દરેક પી.આઈ.એ કક્ષાએ રાખવાના હોય છે.
- ❖ ઉપભોકતા જૂથ શું છે ? ઉપભોકતા જૂથ જળસ્ત્રાવથી જે જૂથને પ્રત્યક્ષ લાભ થવાનો છે તે જૂથને ઉપભોકતા જૂથ કહે છે. દા.ત. કોઈ તળાવ બનાવ્યું હોય અને તેના દ્રારા આજુબાજુના ખેડૂતોને પાણીનો લાભ મેળવવાનો છે, તે તમામ ખેડૂતોનો ઉપભોકતા જૂથમાં સમાવેશ થાય.
- ❖ જળસ્ત્રાવ યોજનામાં કૂવા રિચાર્જ કરવા હોય તો થઈ શકે ? હા. કૂવા રિચાર્જની કામગીરી થઈ શકે છે. આ ઉપરાંત નાલાપ્લગ, ટેરેસિંગ, લેવલિંગ, ચેકડેમ, ખેત તલાવડી, જેવી પાણી સંગ્રહ માટેની કામગીરી કરી શકાય છે.
- ❖ થયેલ કામોનું દેખરેખ અને મૂલ્યાંકન થાય છે ? હા, જળસ્ત્રાવ સંગઠન તથા સમિતિ દ્રારા કામગીરીની સમીક્ષા અને દેખરેખ રાખે છે અને સરકાર તરફથી પ્રોજેકટ પૂરા થયા પછી મૂલ્યાંકન કરવામાં આવે છે અને હવે તો બે વર્ષ પછી 'વચગાળાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

- ❖ પ્રોજેક્ટની મુદત કેટલી હોય છે ? આ યોજના હેઠળના પ્રોજેક્ટની કુલ પાંચ વર્ષની મુદત હોય છે. જે તારીખે પ્રોજેક્ટની મંજૂરી મળી હોય ત્યારથી તેની મુદત ગણવામાં આવે છે.
- ❖ ગ્રામ્ય કક્ષાએ હિસાબોની જાળવણી કોણ કરે છે ? હિસાબોની જાળવણી વોટરશેડમાં રાખેલ મંત્રી રાખે છે.
- ❖ બેંકના ખાતાનો વહીવટ કોણ કરે છે ? જળસ્ત્રાવ પ્રોજેક્ટ એકાઉન્ટ ખાતાનો વહીવટ વોટરશેડ કમિટીના અધ્યક્ષ, વોટરશેડ મંત્રી અને વોટરશેડ ડેવલપમેન્ટ ટીમના સભ્યો ( **WDT**) દ્વારા ખાતાનું સંચાલન કરવામાં આવે છે.
- ❖ લાભાર્થીઓએ ફાળો આપવાનો હોય છે ? હા. જે ખેડૂતને લાભ થાય છે તે ખેડૂતે ૧૦% ફાળો આપવાનો હોય છે. નાણાં જળસ્ત્રાવ વિકાસ ભંડોળના ખાતામાં જમા થાય છે.
- ❖ ડી.આર.ડી.એ. એટલે શું ? ડી.આર.ડી.એ. એટલે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી. તેમાં ડી.આર.ડી.એ. ના અધ્યક્ષ, નિયામક અને અધિકારીઓ સભ્ય રહેશે. ડી.આર.ડી.એ રાજય અને કેન્દ્ર સરકારને જવાબદાર રહેશે. ડી.આર.ડી.એ.ની જવાબદારીઓ મુખ્યત્વે સમગ્ર કાર્યક્રમનો અમલ કરવો, પી.આઈ.એ. ઓળખી કાઢવી, તાલીમ આપવી, દેખરેખ રાખવી અને નાણાં આપવાં વગેરે છે.
- ❖ સ્વાશ્રયી જૂથ એટલે શું ? જળસ્ત્રાવ વિકાસ યોજના ઉપર પરોક્ષ રીતે આધારિત લોકોના જૂથને સ્વાશ્રયી જૂથ કહે છે. જેમ કે, મિલ્કત વિહીન લોકો, મહિલાઓ અને માલધારીઓનાં જૂથો વગેરેને વોટરશેડ સંગઠનને જવાબદાર રહેશે.

❖ જળસ્ત્રાવ સંગઠન કોને કહેવાય ? જળસ્ત્રાવ સંગઠનમાં આખા ગામના લાભાર્થી અને સ્વાશ્રયી જૂથોના તમામ સભ્યો, પંચાયતના પ્રતિનિધિ અને વોટરશેડ ટૂકડીના સભ્ય રહેશે અને તેમાં ચૂંટણી દ્વારા પ્રમુખ નકકી થશે, તે પી.આઈ.એ મારફત ડી.આર.ડી.એ (જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી) ને જવાબદાર રહેશે. તેની મુખ્ય જવાબદારી સંસાધનો એકત્રિત કરવાં, લોકો સહયોગ મેળવવો, કાર્યક્રમના અમલની દેખરેખ–સમીક્ષા.

## ૪.૨.૬ ગ્રામીણ સુખાકારી યોજના

❖ આ યોજનાનો હેતુ શું છે ? આ યોજનાનો હેતુ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાની સવલતો ઊભી કરવાનો છે.

❖ યોજના હેઠળ કઈ કઈ સવલતો ઊભી કરવામાં આવે છે ? ઈચ્છા ધરાવતા ગ્રામજનો માટે વ્યકિતગત શૌચાલયની સવલત, શાળાઓમાં શૌચાલય સંકુલની સવલત.

❖ આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે ? વ્યકિતગત શૌચાલય યોજનાનો લાભ રાજયના તમામ ગ્રામજનોને મળવા પાત્ર છે. શાળા શૌચાલય સંકુલની સગવડ હાલ પસંદગીના જિલ્લાઓમાં ક્રમવાર તમામ જિલ્લાઓ આવરી લેવાના છે.

❖ આ યોજના કોના મારફતે અમલમાં મૂકવામાં આવે છે ? આ યોજના રાજય સ્તરે ગ્રામ વિકાસ વિભાગ, કમિશ્નર, ગ્રામ વિકાસ તથા ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ., ગાંધીનગર મારફતે, જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે.

- ❖ યોજનાનો અમલ કોણ કરે છે ? આ યોજનાનો અમલ નોડલ એજન્સી સ્વૈચ્છિક સંસ્થા મારફતે કરવામાં આવે છે. ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ.ગાંધીનગર મારફતે.
- ❖ યોજનાની નાણાંકીય જોગવાઈ, સહાય અને લાભાર્થી ફાળો. વ્યકિતગત શૌચાલયની કિંમત રૂ. ૪,૯૦૦/– વ્યકિતગત શૌચાલય માટે રૂ.૩,૭૦૦/ સહાય મળવાપાત્ર છે. લાભાર્થી ફાળો રૂ. ૯૦૦/–
- ❖ સહાય કયાંથી મળશે ? જિલ્લા માટે નિયુકત નોડલ એજન્સી / સ્વૈચ્છિક, સંસ્થા મારફતે સહાય મળવા પાત્ર છે.
- ❖ યોજનાના ફાયદા શું છે ? વ્યકિતગત સ્વચ્છતાની જાળવણી, બિમાર, અશકત અને મોટી ઉમરના ગ્રામજનો માટે જરૂરી સગવડ. શાળાઓમાં સ્વચ્છતા સાથે સગવડતા.

## ૪.૨.૭ <u>પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના</u>

શહેરી ભાર ત અને ગ્રામીણ વચ્ચે એક મોટું અંતર છે. ગામડાંઓ પ્રગતિના માર્ગમાં પોતાનાં કદમ સાથે નથી રાખી શકયા. આ માર્ગને સાંકળતી કડી ગ્રામીણ વિસ્તારોમાં સર્વત્રઋતુ માર્ગોની એક રાષ્ટ્રીય જાળ બિછાવવાની છે. ગામડાંઓ સાથે સંપર્ક અને વિકાસ વચ્ચે ગાઢ સંબંધ છે ભલે તે વેપાર, રોજગાર, શિક્ષણ અને આરોગ્યનું ક્ષેત્ર હોય. નબળી કડીઓવાળા રાજયો એજ રાજયો છે. જે નબળો સામા જીક આર્થિક સુચકાંક દર્શાવતા હોય છે. ગ્રામીણ ક્ષેત્રોમાં રાષ્ટ્રવ્યાપી સર્વત્રઋતુ સડક પ્રગતિ માટે મહત્વની કડી છે.

જોકે છેલ્લાં પાંચ દાયકાઓમાં ગ્રામીણ રસ્તાઓની લંબાઈ વધતી રહી છે તો પણ હજીયે ભારતના ૪૦ % ગામો જેની સંખ્યા ૨.૫ લાખ જેટલી થાય

છે, સડક સંપર્કથી વંચિત છે. પહેલીજ વખત એક કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહયો છે જે માત્ર ગ્રામીણ સડકોના નિર્માણ માટેનોજ છે. જેને આપણે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનું નામ આપ્યું છે.

આ કાર્યક્રમ મુજબ ૧૦૦૦ થી વધુ વસ્તી ધરાવતાં દરેક વસવાટને વર્ષ ૨૦૦૩ સુધીમાં સારી સર્વઋતુ સડકોથી જોડી દેવાની નેમ રખાઈ છે. અને ૫૦૦ થી વસ્તી ધરાવતાં વસવાટોને વર્ષ ૨૦૦૧ સુધીમાં સાંકળી લેવાના છે. આ ઉપરાંત આ યોજનામાં ૧૦૦,૦૦૦ વસવાટોને સડક સંપર્ક આપવાનો છે અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ હાલની ગ્રામીણ સડકો જે લગભગ ૫ લાખ કીલોમીટરની લંબાઈની છે એનો વિશિષ્ટ માપદંડો મુજબ સુધારો કરવાની પણ નેમ રખાઈ છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે જોઈતા નાણાં પૂરેપૂરા ભારત સરકારજ આપે છે.

## ૪.૨.૮ <u>જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના</u>

આપણે સહુ ઈચ્છીશું કે આપણાં ગામો ચોકખા, સ્વાવલંબી અને તમામ માળખાકીય સવલતોથી સજજ હોય, સરકારે ૧ એપ્રિલ, ૧૯૯૯ થી શરૂ કરેલ જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજનાનો ઉદેશ ગામડાંના લોકો પોતાની સ્થાનિક જરૂરિયાત મુજબ ગ્રામ માળખાકીય સવલતોને સુદઢ કરીને ટકાઉ અસ્કયામતોને ઉભી કરી શકે. શરૂ કરાયેલ આ કામોથી ગામડાંઓના ગરીબોને લાભદાયક રોજગાર મળે છે.

આ કાર્યક્રમોને ગ્રામસભાની મંજૂરીથી ગ્રામ પંચાયતો અમલમાં મુકે છે. ભારત સરકાર **D.R.D. As/zps** જીલ્લા પરિષદોને નાણાં આપે છે. ત્યાર પછી એ નાણાં સીધાં ગ્રામ પંચાયતોને અપાય છે. ગામમાં જે

માળખાકીય સવલત માટે કામો કરાવવાના હોય એ માટે ગ્રામ પંચાયતો કાર્ય –યોજના તૈયાર કરીને ગ્રામસભા પાસેથી મંજૂર કરાવે છે. ગ્રામસભાની મંજૂરી એટલે જોઈએ છે કે આ યોજના હેઠળ ઉભી કરવામાં આવેલી અસ્કયામતો આખાય ગ્રામ સમુદાયની જરૂરીયાત મુજબની હોય છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના ગરીબી રેખાથી નીચે  જીવન ગુજારતાં અને શારીરિકરૂપે વિકલાંગ વ્યકિતઓને અગ્ર પસંદગી અપાય છે. ૩૦%  જેટલી રોજગારીની તકો મહિલાઓ માટે અનામત હોય છે.

ગ્રામસભા પોતાની મર  જી મુજબનું કોઈ પણ કામ પસંદ કરી શકે  છે. જોકે અંતે એ ટકાઉ અસ્કયામત નીવડવી જોઈએ જે ક્ષેત્રોમાં અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત જનજાતિઓના લોકો રહેતાં હોય એવા ક્ષેત્રોના કામોને અગ્રપસંદગી આપવી જોઈએ. ૨૨.૫% ખર્ચો ફકત અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓના લાભ માટે થવો જોઈએ. ગ્રામસભાની મંજૂરીથી ગ્રામ પંચાયતો રૂ.૫૦,૦૦૦ /–સુધીના ખર્ચનીયોજનાઓના કામ પોતે જાતે જ હાથમાં લઈ શકે છે. આ માટે તેઓએ અન્ય કોઈ સંસ્થાનો સંપર્ક સાધવાની જરૂર નથી. ટેકનીકલ/વહીવટી મંજૂરી એવા કામો માટે લેવાની જરૂર હોય છે કે જેની પાછળ રૂ.૫૦,૦૦૦/– થી વધુના ખર્ચ હોય ગ્રામ પંચાયતો પાસે વહીવટી ખર્ચાઓ માટે અથવા ટેકનીકલ સલાહમંત્રણા માટે યોગ્ય વ્યકિતઓ ન હોય તો ગ્રામ પંચાયતોને રૂ.૭૫૦૦/– અથવા ભંડોળના ૭.૫% સુધીનો ખર્ચ કરવાની પરવાનગી અપાય છે.

## ૪.૨.૯ ગ્રામદ્યોગીકરણ યોજનાઓ [૭]

આપણા ભારત દેશમાં–શહેરી વિસ્તારોમાં ઔદ્યોગીકરણ શરૂ થયેલ. પરંતુ દેશના ગામડાંઓમાં પ્રવર્તતી બેકારી અને અર્ધ બેકારીનો પ્ર શ્ન હલ થાય ગામડાંમાં–ઉધોગો સ્થાપવામાં આવે અને તેમા સ્થાનિક અથવા બીજા કાચા માલનો ઉપયોગ, કોઈ ઉધોગ શરૂ થતાં થઈ રહે અને તે દ્વારા ગ્રામ્ય જનતાને રોજી રોટી મળી રહે તેવા પ્રયત્નો થવાની જરૂર ભારતના આયોજન પંચને જણાયાથી ગ્રમ્ય કાર્યક્રમ અને યોજનાઓ બાબત વિચારી આયોજન પંચે, સંબંધિત ખાતાંઓ સાથે અગાઉ ચર્ચા–વિચારણા પણ કરેલી, અને ગ્રામોદ્યોગીકરણ માટે એક સમિતિ પણ નીમેલી. સદરહુ સમિતિએ ભારત દેશમાં ગ્રામોદ્યોગીકરણ કરવાના હેતુથી દરેક રાજયમાં વિસ્તારો નકકી કરેલા ; અને દરેક વિસ્તાર માટે ત્રી જી ચોથી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન શરૂઆત માં રૂપીયા વીસ લાખ(ર.લાખ)ની રકમ પ્રયોગ રૂપે લોન અને મદદ તરીકે; (સ્ટાફના પગાર સહિત) યોજનાઓ બનાવી તે મુજબની મંજૂરી મુજબ વાપરવા આપવાનું ધોરણ રાખેલું. ૧૯૬૭ સુધી આયોજન પંચની દોરવણી હેઠળ; આ કાર્યક્રમ ચલાવવામાં આવેલાં અને ૧૯૬૮ થી વહીવટી સ ત્તા ભારતના ઔદ્યોગિક વિકાસ ખાતાના સચિવાલય ન્યુ દિલ્હી પાસે રાખવામાં આવેલી અને ૧૯૭૦ના એપ્રિલથી આ અંગેની કામગીરીની જવાબદારી ભારતના શ્રી વિકાસ કમિ શ્નર લઘુઉદ્યોગોના ઔદ્યોગિક વિકાસ ખાતાના સચિવાલય ન્યુ દિલ્હીને સોંપવામાં આવતાં તેને પણ સારો આવકાર મળી રહયો છે.

## ૪.૨.૧૦ સંકલિત ગ્રામ વિકાસ યોજના

વાર્ષિક રૂ.૧૧૦૦૦/–સુધીની આવકવાળા ગરીબી રેખા હેઠળનાં કુટુંબો માટે બેંક મારફત

(ક) (૧) ખેતીવાડીનાં સાધનો બળદ, ગાય, સંકરગાય, ભેંસ, ઘે ટા, બકરા, પશુપાલન વિગેરે માટે લોન તથા સહાય.

(૨) અંબર ચરખા વણાટ યુનિટ, માછીમારની જાળ, હોડી વગેરે માટે લોન તથા સહાય.

(૩) વારસાગત ધંધાઓ જેવાકે, સુથારી, લુહારી, મોચી, સીવણકામ, હાથલારી, ગલ્લા, દુકાન ઉંટગાડી વગેરે માટે લોન તથા સહાય.

(૪) દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓને દૂધ, ઘર બાંધકામ માટે તથા મિલ્કો ટેસ્ટર માટે સહાય.

(૫) નદી ઘર બાંધકામ માટે લોક ફાળાથી સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય આપવામાં આવે છે.

(૬) ભારતીય કૃષિ ઉદ્યોગ સંગઠન (બાયફ) સંચાલિત ગૌસંવર્ધન દ્વારા પશુ સુધારણા કાર્યક્રમ.

(ખ) ટ્રાયસેમ : ટ્રાયસેમ યોજના હેઠળ ગ્રામ્ય ય ુવક યુવતીઓને મોટર રીવાઈન્ડીગ, ઓટોમોબાઇલ્સ, વાયરમેન, રેડીયો રીપેરીગ, ભરત–ગુંથણ, મોતીકામ, વણાટકામ વગેરે ધંધાઓ માટે સંપૂર્ણ તાલીમની વ્યવસ્થા સાથે શિષ્યવૃતિ અને તાલીમ પૂર્ણ ધંધા માટેનાં મફત

સાધનોની ભેટ, તેમજ તાલીમ સંસ્થાને માનદ વેતન અને કાચા માલ સામાન માટે રૂા.૯૦૦/– ની સહાય આપવામાં આવે છે.

### ૪.૨.૧૧ જીવનધારા કુવા યોજના

જીવનધારા કુવા બનાવવા માટે માન્યતા પ્રાપ્ત કરેલ અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય જાતિનાં લાભાર્થી સહિત નાના સીમાંત ખેડૂતોને વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/– ની મર્યાદામાં સહાય.

### ૪.૨.૧૨ આદર્શ ગામ યોજના

રાજય સરકારશ્રીની મહત્વકાંક્ષી યોજના દરેક તાલુકામાંથી દર વરસે ૨૦% ગામોને પાયાની સુવિધાઓ,જેવીકે પીવાના પાણી, રસ્તા, શાળાનાં રૂમો, ગટર વ્યવસ્થા વગેરે દ્વારા લોકોની સુખ સગવડતામાં વધારો.

### ૪.૨.૧૩ વોટર શેડ ડેવલેપમેન્ટ યોજના

જીલ્લાનાં '૭' તાલુકાઓ ભેંસાણ, વિસાવદર, માળીયા, વેરાવળ, માણાવદર, રાણાવાવ તથા પોરબંદરનો સમાવેશ છે. જેમાં હેકટર દીઠ રૂા.૪૦૦૦/– નાં સરેરાશ ખર્ચથી વોટરશેડનાં વિસ્તારને ચાર વર્ષમાં આવરી લેવાનો રહે છે. આ કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ/સહકારી ખાતા નિગમો મારફતે લોકો દ્વારા કરવાની છે.

### ૪.૨.૧૪ ઇ.એ.એસ. યોજના

રોજગારની ખાત્રી આપતી યોજના હેઠળ ગામડાઓનાં બેકાર મજૂરોને કામ પુરૂ પાડી રોજગારી આપવામાં : આવે છે. જેમાં વોટરશેડ, બાગાયત, લઘુ સિંચાઈ આ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય બેકાર મજૂરોને

રોજગારી આપવાનો છે. વધુ માહિતી અને યોજનાનો લાભ મેળવવા સંપર્ક સાધો :

(૧) જીલ્લા કક્ષાએ નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સરદાર પટેલ ભવન જયશ્રી રોડ, જૂનાગઢ.

(૨) તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી શ્રી તથા વિસ્તરણ અધિકારી અને ગ્રામ સેવક.

## ૪.૩ રાજય સરકારની યોજનાઓ

માનવસંસ્કૃતિના વિકાસની પાંચ હજાર વર્ષ જેટલી લાંબી મજલનું ગુજરાત એક પવિત્ર યાત્રાધામ રહર્યુ છે.ભગવાન શ્રીકૃષ્ણથી શરૂ કરીને સંત કવયિત્રી મીરાં,પરમ રાષ્ટ્રવાદી વિવેકાનંદજીથી માંડીને રાષ્ટ્રપિતા ગાંધી જીની અહિંસા અને સત્યપ્રિયતા, ભકત કવિ નરસૈંયાથી માંડી ઠકકરબાપા અને રવિશંકર મહારાજ સુધીની સમરી પરંપરા, વીર નર્મદથી શરૂ કરી સરદાર વલ્લભભાઈ પટેલ સુધીની લોખંડી સંકલ્પ શકિતએ ગુજરાતના સંસ્કૃતિક વારસાને સીંચ્યો છે.

આવો ભવ્ય અને ગૌરવવંતો વારસો ધરાવતા ગુજરાત રાજયનાં ૧૮,૨૪૨ જેટલાં ગામડાં અસમતુલિત વિકાસને કારણે આજે પણ દુર્દશામાં જીવી રહયાં છે. ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ રાજયની ૪,૧૩,૦૯,૫૮૨ ની વસતીનો ૬૫–૫૧% ભાગ ગામડાંમાં વસે છે. આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ મોટા ભાગનાં ગામો ન્યૂનતમ, પાયાની સુવિધાઓથી વંચિત રહયાં છે. સમાન ધોરણોએ સર્વાંગી વિકાસની વાત હ જી સુધી ગુજરાતમાં શકય બની નથી તે એક વાસ્તવિક હકીકત છે. ગ્રામજનોને પાયાની ન્યૂનતમ જરૂરીયાતો

પૂરી પાડવાનું અત્યંત જરૂરી છે. ગામડાંઓની આ મહત્વની જરૂરિયાતો સંતોષવા માટે ગોકુળિયા ગામની કલ્પનાને સાકાર કરવાનો સંકલ્પ રાજય સરકારે ગોકુળ ગ્રામ યોજનાના અમલીકરણ દ્વારા હાથ ધર્યા છે.

ભારતની સંસ્કૃતિ ગ્રામસંસ્કૃતિ છે. ગામડાના સમાજમાં વસતા દરેકને પરિસ્થિતિ એકસરખી અસર કરતી હોય છે. અતિવૃષ્ટિ–અકાળ–સીમચોરી–અંધશ્રદ્ધા–પીવાના પાણીની અછત અને રોગચાળાની અસર બધાને એકસરખી થાય એટલે ગામડાના દરેકની સુખાકારી અને પ્રગતિ ગામડાના આખા સમૂહની સુખાકારી વધે તેના ઉપર આધારિત છે.

સામુદાયિક વિકાસ યોજનામાં સમુદાયના વિકાસનું આયોજન અને જરૂરતો પૂરી કરવામાં લોકો પોતે સહભાગી બને તે કામગીરી બજાવવા ગ્રામસેવક હતા, કાળક્રમે તેઓની સંખ્યામાં અને જવાબદારીમાં ફેરફાર થતાં શૂન્યવકાશ સજાર્યો જે પુરવાનો ભગીરથ પ્રયાસ ગોકુળ ગ્રામ યોજના હેઠળ કરવામાં આવી રહયો છે ત્યારે ગ્રામમિત્રની દેશ અને સમાજ તરફની મોટી જવાબદારી છે તે તેઓએ સમજવું પડશે અને તેવી જવાબદારી અદા કરી શકે તેવી વ્યકિતની જ પસંદગી ગ્રામમિત્ર તરીકે કરવાની ખાસ કાળજી લેવી જરૂરી છે.

## ૪.૩.૧ ગોકુળ ગ્રામ યોજના શા માટે ? [૯]

ગુજરાત રાન્યના તમામ ગામો ચોકકસ સમય ગાળામાં ન્યૂનતમ પ્રાથમિક સુવિધાઓથી સંપન્ન બને સાથે સાથે ગામડાંઓમાં વસતા લોકોના આરોગ્ય, શિક્ષણ અને આર્થિક સ્થિતિમાં સુધારા થાય અને જીવનધોરણનો આંક ઉંચો આવે તેથી જ સર્વના સર્વાંગી વિકાસ માટેની યોજના ગોકુળ ગ્રામને મૂર્તિમંત કરવા સરકારે વિચાર્યું છે.

## ક. યોજનાના ઉદ્દેશ્યો

- ❖ સુનિશ્ચિત સમયમયાર્દામાં ગામડાંઓને સુંદર, સ્વચ્છ અને સુવિધાપૂર્ણ બનાવવાનું આયોજન.
- ❖ પ્રાથમિક સુવિધાઓનું નિર્માણ કરવું.
- ❖ રોજગારીની તકોનું નિર્માણ કરવું.
- ❖ વિકાસની વિવિધ યોજનાઓનું સંકલન કરવું.
- ❖ વિકાસની પ્રક્રિયા સાથે લોકશકિતને જોડાવી.
- ❖ સામૂહિક ભાગીદારીના આદર્શને મૂર્તિમત કરવો.
- ❖ સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું.

## ખ. યોજનાનું ફલક

યોજના અંતર્ગત રાજયના તમામ ગામોને સુનિ શ્ચત સમયગાળામાં તબકકાવાર આયોજન દ્વારા આવરી લેવાનું ઓયોજન કરેલ છે. જે અનુસંધાને રાજયના તમામ ૧૮,૩૦૩ ગામોને ક્રમશ : તબકકાવારના આયોજન દ્વારા સને ૨૦૦૦–૨૦૦૧ ના વર્ષ સુધીમાં આવરી લેવાયેલ છે.

| વર્ષ | યોજના હેઠળ આવરી લેવાયેલ ગામોની સંખ્યા |
|---|---|
| ૧૯૯૫–૯૬ | ૩૫૮૫ |
| ૧૯૯૬–૯૭ | ૩૬૬૧ |
| ૧૯૯૮–૯૯ | ૩૬૬૮ |
| ૧૯૯૯–૨૦૦૦ | ૩૬૫૮ |
| ૨૦૦૦–૨૦૦૧ | ૩૭૩૧ |
| કુલ...... | ૧૮,૩૦૩ |

## ગ. ગામોની પસંદગીના માપદંડો

ન્યૂનત્તમ પ્રાથમિક સુવિધાઓના અભાવના એક માત્ર માપદંડને ધ્યાને રાખીને ગામોની થનારી પસંદગી.

## ઘ. નાણાંકિય આયોજન

- યોજના હેઠળ આવરી લેવાનર પ્રત્યેક ગામને યોજના અંતર્ગત સુનિ શ્ચત કરાયેલી સુવિધાઓ પૈકી ખૂટતી સુવિધાઓ પુરી પાડવા માટે કુલ રૂા.૧૫.૦૦ લાખ સુધીની રકમોની ફાળવણી કરવાનું યોજનામાં નકકી કરવામાં આવેલ છે. જે ફાળવણીનું આયોજન નીચે મુજબ છે.
- ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત કરાનારી અંદાજપત્રિય જોગવાઈમાંથી પ્રત્યેક ગામદીઠ રૂા.૫.૦૦ લાખ સુધીની રકમની ફાળવણી આ મુજબ કરવામાં આવનાર છે :
    - ❑ પ્રથમવર્ષે ૩૦% રકમ.
    - ❑ બીજા વર્ષે ૩૦% રકમ.
    - ❑ ત્રીજા વર્ષે ૪૦% રકમ.
- બાકીની રૂા.૧૦ લાખ સુધીની રકમ નીચે મુજબના અન્ય સાધનોમાંથી મેળવવાનું ઓયોજન કરાયેલ છે.
    - ❑ માન.ધારાસભ્યશ્રીઓને જિલ્લા ઓયોજન મંડળમાંથી તેમના સ્થાનિક વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવા માટે મળતી વિવેકાધિન જોગવાઈઓ માંથી.
    - ❑ માન.સંસદસભ્યશ્રીઓને સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના હેઠળ ઉપલબ્ધ થતાં ભંડોળમાંની કેટલીક જોગવાઈમાંથી.

- ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ પાસે સેસ ફીના રૂપમાં બચત રહેતી રકમો પૈકીની કેટલીક રકમ.
- માર્કેટીંગ યાર્ડોમાં માલ વેચવા આવતા ખેડૂતો પાસેથી મળનાર ખાસ વેરામાંથી ઉભી થનારી રકમ.
- ખાંડની સહકારી ફેકટરીઓમાં શેરડી વેચવા આવતા ખેડૂતો પાસેથી લેવાનારા ખાસ સેસમાંથી થનારી રકમ.
- નવી ઔદ્યોગિક નીતિ મુજબ નવા ઉભા થતાં ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન નીતિ મુજબ મળતાં પ્રોત્સાહનો પૈકીની કેટલીક રકમ.
- નાના / મોટા ઉદ્યોગો દ્વારા ગામોને દત્તક લેવા અંગે કરાનારી જોગવાઈઓ.
- રાજય સરકાર દ્વારા સંચાલિત મોટા કદના બોર્ડ/કોર્પોરેશનો પાસેથી મળનારા અનુદાનો.
- રાજયમાં નોંધાયેલાં ટ્રસ્ટો પાસે જમા પડી રહેલી અનામત રકમમાંથી સ્વેચ્છાએ મળનારી રકમ.
- ગોકુળ ગ્રામ સાર્વજીનક ટ્રસ્ટ અને ગોકુળ ગ્રામ વિકાસ ભંડોળમાં સ્વેચ્છાએ મળનારાં અનુદાનો.
- રાજયના જુદા જુદા ખાતાઓ હસ્તક ઉપલબ્ધ થતી અંદાજપત્રિય જોગવાઈઓમાંથી મળી રહેનારી રકમ.

## ચ. નાણાંકિય ફાળવણી

- ગોકુળ ગ્રામ યોજનાની અંદાજપત્રીય જોગવાઈઓમાંથી ઉપલબ્ધ થનાર ભંડોળની મર્યાદા ધ્યાને રાખી કાર્યક્રમ અમલીકરણ સમિતિ દ્વારા રજૂ થયેલ કામોના આયોજન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મંજૂર કરવાના રહેશે.
- કાર્યક્રમ અમલીકરણ સમિતિને કામ હાથ ધરવા માટે આપવાની થતી રકમ સમિતિ દ્વારા જેમ જેમ કામો હાથ પર લેવાય અને તેમાં પ્રગતિ થાય તેને ધ્યાને લઈને રકમ કાર્યક્રમ અમલીકરણ સમિતિને હવાલે મૂકવાની રહેશે.
- કોઈપણ ગામે વણવપરાયેલ રકમો પડી ન રહે તેની ખાસ કાળ જી લેવાની રહેશે.
- કાર્યક્રમ અમલીકરણ સમિતિને હવાલે મુકાયેલ રકમોનો ખર્ચ ગોકુળ ગ્રામ યોજનાની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જ કરવાનો રહેશે. માર્ગદર્શક સૂચનાઓનું ઉલ્લંઘન કરી કાર્યક્રમ અમલીકરણ સમિતિ દ્વારા ખર્ચકરવામાં આવશે તો તે અંગેની સઘળી જવાબદારી સમિતિના અધ્યક્ષશ્રી અને સભ્ય સચિવશ્રીની સંયુકત રહેશે અને તેઓની સામે નાણાંની ઉચાપત, નાણાંની વસુલાત અંગે પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ૭. યોજના અંતર્ગત હાથ ધરવાના થતાં કામો

૧. પાકો એપ્રોચ રોડ.

૨. ગામના પાદરથી ગામચોરા/ગ્રામ પંચાયત સુધીનો રસ્તો.

૩. પીવાના પાણીની સુવિધા માટેના કામો (૧.હેન્ડ પંપ / ડંકી ૨. સાર્વજીનક કૂવો ૩.વ્યકિતગત પાણી પુરવઠા યોજના / જૂથ પાણી પુરવઠા યોજના ૪.ચેકડેમ )

૪. સ્નાનઘાટ સહિતના ગ્રામતળાવની રચના / પુનઃરચનાના કામો

૫. પ્રાથમિક શાળાના ઓરડાઓ / બાલવાડી / આંગણવાડી

૬. કોમ્યુનીટી હોલ

૭. ગ્રામચરિયાણ

૮. પંચાયત ઘર.

૯. હવાડો.

૧૦. વિજળીકરણ (સ્ટ્રીટલાઈટ)

૧૧. ખાળકૂવા / શોષખાડા

૧૨. વ્યકિતગત / સામુહિક શૌચાલય

૧૩. ઉકરડાંઓનું વૈકલ્પિક જગ્યાએ સ્થળાંતર

૧૪. ગૌચર / પડતર જ મીનમાં વનીકરણ

૧૫. ગામના મુખ્ય રસ્તાની બ ન્ને બાજુ વૃક્ષારોપણ.

## જ. યોજનાનું અમલીકરણ

ગોકુળ ગ્રામયોજના એ ગામના સર્વાંગી વિકાસ માટેની યોજના છે. યોજના અંતર્ગત કરવાના વિકાસના કામોના આયોજન, અમલીકરણ, મોનીટરીગ અને સુપરવિઝનની કામગરી વિગેરે ગામના સરપંચશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ કાર્યક્રમ અમલીકરણ સમિતિ દ્વારા કરવાનું નકકી કરવામાં આવેલ છે.

## ઝ. કાર્યક્રમ અમલીકરણ સમિતિ

| | | |
|---|---|---|
| ૧. | જે તે ગામની ગ્રામ પંચાયતના સરપંચશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨–૩. | જે તે ગામની ગ્રામપંચાયતની કારોબારી સમિતિના બે સભ્યો ( જે પૈકી એક મહિલા સભ્ય હશે અને બીજા સભ્ય સામા જીક ન્યાય સમિતિના અધ્યક્ષ હશે.) | સભ્યો |
| ૪. | જે તે ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રી | સભ્ય |
| ૫. | જે તે ગામની સેવા સહકારી મંડળી–દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખશ્રી | સભ્ય |
| ૬. | દાતાઓના પ્રતિનિધિ | સભ્ય |
| ૭–૮. | જે તે ગામમાં સન્નિષ્ઠ, સક્રિય, સામૂહિક કામમાં પહેલવૃતિ ધરાવનાર અને ગામની મોભી હોય તેવી રાજય સરકાર દ્વારા નિયુકત કરાનાર બે વ્યકિતઓ. | સભ્યો |
| ૯–૧૦. | ગામના વિકાસની કામગીરીમાં રસ લેનાર ગ્રામસભા દ્વારા જેને પસંદ કરવામાં આવેલ છે તેવા બે પ્રબુધ્ધ નાગરિકો | સભ્યો |
| ૧૧–૧૨. | જે તે ગામમાં ગ્રામિણ મહિલા અને બાળ વિકાસ કાર્યક્રમ ( દ્વારકા) હેઠળ રચાયેલ મહિલા જૂથો પૈકીની બે થી વધે નહિ તે મુજબની જૂથ સંચાલિકા | સભ્યો |
| ૧૩. | તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો (જે તે સભ્યશ્રીના વતનના ગામની કાર્યક્રમ અમલીકરણ સમિતિમાં) | સભ્યો |
| ૧૪. | જે તે ગામમાંથી ચૂંટાયેલા માન.ધરાસભ્યશ્રી / માન.સંસદસભ્યશ્રી | સભ્ય |
| ૧૫. | જે તે ગામના ગ્રામસેવક | સભ્ય |
| ૧૬. | તલાટી કમ મંત્રી | સભ્ય |
| ૧૭. | ગ્રામસભા દ્વારા નિયુકત થનાર ગ્રામમિત્ર | સભ્ય સચિવ |

## ટ. કાર્યક્રમ અમલીકરણ સમિતિનું કાર્યક્ષેત્ર, ફરજો અને જવાબદારી

- ખૂટતી સુવિધાઓની યાદી અને તેનો અગ્રતાક્રમ ગ્રામસભા દ્વારા નકકી

થયા બાદ ગામનો વિકાસ કાર્યક્રમ તૈયાર કરશે.

- ગ્રામસભા દ્વારા મંજૂર થયેલ ગામનો વિકાસ કાર્યક્રમ આખરી કરી તેને મંજૂરી અર્થે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોકલવાનો રહેશે.
- કાર્યક્રમ અમલીકરણ સમિતિએ હાથ ધરવાના થતા કામોની યાદીમાં મોટે ભાગે ખૂટતી સુવિધાના કામો હાથ ધરવાના રહેશે. આમછતાં ગામની અમુક મહ ત્ત્વની હયાત સુવિધાવાળા કામને તાત્કાલિક મરામતની જરૂરિયાત હોય તો તે અંગે જરૂરી ઠરાવ કરી આવી મરામતનું કામ સમિતિ કરાવી શકશે.
- યોજનાકીય કામો અમલીકરણ સમિતિ જાતે અમલ કરશે, અગર તો ખાતાકિય રાહે હાથ ધરાતા તાંત્રિક પ્રકારના કામો ઉપર યોગ્ય દેખરેખ રાખશે.
- રોજબરોજના અમલીકરણમાં થનારાં સ્થાનિક પ્ર શ્નોનું નિરાકરણ કરશે.
- કામોની ગુણવ ત્તા જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખશે.
- વિકાસની પ્રક્રિયામાં લોકભાગીદારીનો સિધ્ધાંત પણ સુનિ શ્ચિત કરશે.
- સમિતિ તેમની સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ કયા પ્રકારના કામો હાથ ધરવા તે નકકી કરશે.
- આ યોજનાહેઠળ વિકાસના કામો પાછળ ખર્ચાનારા નાણાંનો યોગ્ય રીતે વપરાશ થાય, ગેરરીતિઓ ન થાય અને યોજનાકીય કામો માટે જ નાણાં વપરાય તે જોવાની આ સમિતિના સભ્યોની નૈતિક જવાબદારી છે.
- યોજના અંતર્ગત કાર્યક્રમ અમલીકરણ સમિતિને હવાલે મુકાતી રકમો સમિતિના નામના બચત ખાતામાં જમા કરાવશે.

## ૮. નાણાંકિયભંડોળના હિસાબો રાખવાની કાર્યપધ્ધતિ

- બચતખાતું ખોલાવવા બાબત
  - ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત નકકી કરાયેલ અથવા હાથ ધરવાના થતાં કામો માટે જયારે કોઈ રકમ કાર્યક્રમ અમલીકરણ સમિતિના હવાલે મુકાય ત્યારે કાર્યક્રમ અમલીકરણ સમિતિએ નજીકની રાષ્ટ્રીયકૃત બેંક / શીડયુલ બેંક સહકારી બેંક / પોસ્ટ ઓફીસ ગમેતે એકમાં બચત ખાતું ખોલાવવાનું રહેશે.
  - બચત ખાતું અધ્યક્ષશ્રી, જે તે ગામના તલાટી કમમંત્રી (જયાં સુધી ગ્રામમિત્ર નકકી ન થાય ત્યાં સુધી) અને પ્રાથમિક શાળાના હેડમાસ્તર ત્રણેયના સંયુકત નામથી ખોલવવાનું રહેશે.
  - આ ત્રણેય સંયુકત રીતે ગોકુળ ગ્રામ યોજના હેઠળ કામો હાથ ધરવા માટે જરૂરિયાત મુજબના નાણાં ઉપરોકત દાતામાંથી ઉપાડી શકશે.
  - જેમાં અધ્યક્ષશ્રીની સહી ફર જીયાત રહેશે બાકીના બે શાળાના હેડમાસ્તર અને સભ્ય સચિવ તરીકે "ગ્રામમિત્ર"નકકી ન થાય ત્યાં સુધી તલાટી કમમંત્રી પૈકી એકની સહીથી નાણાં ઉપાડી શકશે.
  - જયાં ચૂંટાયેલી ગ્રામ પંચયતની કારોબારી સમિતિ અસ્તિત્વમાં ન હોય અને વહીવટદાર નિમાયા હોય ત્યાં સુધી, વહીવટદાર સરપંચશ્રીને બદલે, કાર્યક્રમ અમલીકરણ સમિતિના અધ્યક્ષશ્રી તરીકે ફરજો નિભાવશે.

## ડ. ખર્ચનો હિસાબ તથા તે અંગેનું આનુષાંગિક રેકર્ડ

- આ ખાતામાંથી ઉપાડાયેલ નાણાંનો તથા તે સામે કરાયેલ ખર્ચના વિગતવાર હિસાબ તથા તે અંગેનું આનુષાંગિક રેકર્ડ કાર્યક્રમ અમલીકરણ સમિતિને નિભાવવાનું રહેશે અને યોજના હેઠળના તમામ કામો પૂરાં થયા બાદ આ અંગેનું તમામ રેકર્ડ સંબંધિત ગ્રામ પંચાયતને સુપ્રત કરવાનું રહેશે. જેથી ભવિષ્યમાં આ રેકર્ડ ગ્રામ પંચાયત કચેરીએથી જ ઉપલબ્ધ થઈ શકે. આ કામગીરી ગ્રામમિત્ર દ્વારા કરવાની રહેશે. ગ્રામમિત્ર ન હોય ત્યાં તલાટી કમ મંત્રીએ આ કામગીરી કરવાની રહેશે.

## ઢ. અનધિકૃત ખર્ચ

ગોકુળ ગ્રામ યોજનાના અમલીકરણ માટે કાર્યક્રમ અમલીકરણ સમિતિ દ્વારા આ ખાતામાંથી યોજના હેઠળના કામો સિવાયના કામ કે પ્રવૃત્તિઓ માટે જો કોઈ ખર્ચ કરવામાં આવશે તો તેવો ખર્ચ " અનઅધિકૃત ખર્ચ " તરીકે ઓળખાશે અને તે ખર્ચ ચૂકવવાપાત્ર થશે, અને તે અંગે જવાબદારી નકકી કરવામાં આવશે તથા કસૂરવારો સામે ધારાધોરણસરનાં પગલાં ભરવામાં આવશે.

## ણ. વ્યાજ જમા લેવા બાબત

ખાતામાં જમા રકમો ઉપર વર્ષના અંતે જે કંઈ વ્યાજ મળે તે યોજના હેઠળ મળેલ ભંડોળના ભાગરૂપે ગણાશે.

## ત. આવક ખર્ચના હિસાબો જાહેર કરવા બાબત

આ યોજના હેઠળ મળેલ આવકો અને ખર્ચાયેલ રકમોના હિસાબો કાર્યક્રમ અમલીકરણ સમિતિએ પોતાની દરેક ગ્રામસભા સમક્ષ જાહેર કરવાના રહેશે.

## થ. ઠરાવ બુક

કાર્યક્રમ અમલીકરણ સમિતિ ગોકુળ ગ્રામયોજનાના અમલીકરણ માટે જે કોઈ ઠરાવ કે નિર્ણય કરે તેની નોંધ આ માટે ખાસ અલગ રાખેલ ઠરાવ બુકમાં કરવાની રહેશે.

## દ. લેવડ–દેવડના હિસાબ

આ ખાતામાંથી કરેલ લેવડ–દેવડના હિસાબો રાખવાની પ્રાથમિક જવાબદારી કાર્યક્રમ અમલીકરણ સમિતિના સભ્ય–સચિવની રહેશે. જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ગ્રામમિત્ર નકકી ન થાય ત્યાં સુધી સભ્ય સચિવ તરીકે આ સંભાળશે. વાઉચરો વિગેરે રેકર્ડ નિભાવવાનું રહેશે.

## ધ. ઓડીટ બાબત

યોજના હેઠળના કામોમાં તમામ ખરીદી કે ચૂકવણીના વાઉચરોની જાળવણી સભ્ય સચિવ (ગ્રામમિત્ર નકકી ન થાય ત્યાં સુધી) તલાટી કમ મંત્રીએ કરવાની રહેશે અને તપાસણી કે ઓડીટ વખતે અચૂક રજુ કરવના રહેશે. વર્ષના અંતેઅનુદાન વપરાશ પ્રમાણપ્રત્ર ( **UTILISATION CERTIFICATE)** જે તે કાર્યક્રમ અમલીકરણ સમિતિના સભ્ય સચિવે અધ્યક્ષશ્રીના પ્રતિહસ્તાક્ષર કરાવીને જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાનું રહેશે. રાજય, જિલ્લા કે તાલુકા કક્ષાએથી સ ત્તાવાળાઓ

તપાસણી માટે આવે ત્યારે જે તે કાર્યક્રમ સમિતિએ જરૂરી સાથ સહકાર આપવાનો રહેશે તથા જરૂરી રેકર્ડ તથા માહિતી રજૂ કરવાની રહેશે. કાર્યક્રમ અમલીકરણ સમિતિ દ્વારા હાથ ધરાવનારા કામો અંગે મળેલ આવક તથા તેની પાછળ થયેલ ખર્ચનું ઓડીટ જે તે જિલ્લાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વિધિપૂર્વક નિમાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરાવાનું રહેશે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કાર્યક્રમ અમલીકરણ સમિતિઓ દ્વારા રખાતા રેકર્ડ / હિસાબોનું ઓડીટ પંરૂ થયેથી તેનો ઓડીટ અહેવાલ જે તે જિલ્લાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીગ બોડીની બેઠકમાં રજૂ કરવાનો રહેશે, અને આ ઓડીટની નકલ કમિ શ્નરશ્રી, ગ્રામ વિકાસની કચેરીમાં જે તે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીએ, ગવર્નીગ બોડીની બેઠકમાં રજૂ કરવાનો રહેશે, અને આ ઓડીટની નકલ કમિ શ્નરશ્રી, ગ્રામ વિકાસની કચેરીમાં જે તે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીએ, ગર્વનીગ બોડીની બેઠકમાં રજૂ કરાયા બાદ એક માસમાં મોકલી આપવાની રહેશે.

## ન. નિભાવવાના ર જીસ્ટરો / રેકર્ડ

કાર્યક્રમ અમલીકરણ સમિતિએ નીચે મુજબના ર જીસ્ટરો/રેકર્ડ નિભાવવાના રહેશે.

૧. રોજમેળ

૨. ખાતાવહી (આવક–ખર્ચના વર્ગીકરણ ર જીસ્ટર)

૩. દૈનિક મજૂરોનું હાજરી પત્રક

૪. માલ–સામાનનું આવક અને વપરાશનું ર જીસ્ટર

૫. ફંડ–દાન ફાળા ર જીસ્ટર

૬. વાઉચર ફાઈલ

૭. પાવતી બુક

૮. ઠરાવ બુક

૯. આ સિવાય જરૂરિયાત જણાયે અન્ય ર જીસ્ટરો પણ નિભાવી શકશે.

યોજના અંતર્ગત ખૂટતી સુવિધાવાળા કામો પૂરા થયે ગામની ગ્રામસભા દ્વારા આ અંગેનો જાહેર ઠરાવ કરે અને આ ઠરાવ કાર્યક્રમ અમલીકરણ સમિતિ દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોકલી આપવાનો રહે છે.

## ૫. યોજના અંતર્ગત ગ્રામસભાનું મહ ત્ત્વ

ગોકુળ ગ્રામ યોજનાના અમલીકરણ, સુપરવિઝન અને નિરીક્ષણના સંદર્ભમાં ગ્રામ સભાને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. તે મુજબ :

- યોજના હેઠળના કામોના આયોજનની કામગીરી.
- ગામમાં હાથ ધરાતા વિકાસના કામોની પ્રગતિની સમીક્ષા.
- અમલીકરણ સમિતિ દ્વારા થતા કમોની પ્રગતિની સમીક્ષા.
- કાર્યક્રમ અમલીકરણ સમિતિના સભ્ય સચિવ તરીકે ગામના સુયોગ્ય વ્યકિત ને "ગ્રામમિત્ર" તરીકે નિયુકત કરવાની સ ત્તા ગ્રામસભાને છે.
- યોજના અંતર્ગત ગામે કઈકઈ સુવિધાઓ ખૂટે છે અને આ ખૂટતી સુવિધાઓ પૂરી પાડવા માટે અગ્રતાક્રમ ગ્રામસભાએ નકકી કરવાનો છે.
- યોજનાકીય કામોની પ્રગતિના અહેવાલો કાર્યક્રમ અમલીકરણ સમિતિ પાસેથી મેળવવાની સ ત્તા ગ્રામસભાને અપાયેલ છે.
- કાર્યક્રમ અમલીકરણ સમિતિની એકંદર કામગીરીઓ ઉપર એકંદર અંકુશ ગ્રામસભાનો છે.

- યોજનાકીય કામગીરીઓ અંગે ગ્રામસભા કાર્યક્રમ અમલીકરણ પાસેથી સ્પષ્ટતા મેળવવા હકકદાર છે.

## ફ. કોમ્યુનીટી હોલના ઉપયોગ બાબત

- યોજના અંતર્ગત તૈયાર થયેલ કોમ્યુનીટી હોલનો ઉપયોગ ગામના લોકો તેમના સારા – માઠાં પ્રસંગોએ કરી શકશે.
- કોમ્યુનીટી હોલના વપરાશ અંગે સ્થાનિક પરિસ્થિતિ મુજબ ગ્રામસભાએ ભાડું નકકી કરવાનું રહેશે અને આ ભાડાની વસૂલાત કાર્યક્રમ અમલીકરણ સમિતિ કરશે.
- કોમ્યુનીટી હોલમાં એક ભાગનો ઉપયોગ ગંથાલય તરીકે કરવાનું નકકી કરેલ છે તેથી જે ગામમાં ગ્રંથાલયની અલગ સુવિધા ન હોય ત્યાં કોમ્યુનીટી હોલનો ઉપયોગ કરી શકાશે.
- જે ગામમાં આંગણવાડીનું મકાન ઉપલબ્ધ ન હોય ત્યાં કોમ્યુનીટી હોલમાં આંગણવાડી કેન્દ્ર માટે ભાડા પેટે મળવાપાત્ર ભાડાની રકમ કાર્યક્રમ અમલીકરણ સમિતિને નિયમિત ધોરણે આપવાની રહેશે.
- કોમ્યુનીટી હોલના વપરાશના અનુસંધાને મળનાર ભાડાની રકમ નો ઉપયોગ તેના મરામત અને નિભાવણી પાછળ કરવાનો રહેશે તેમ છતાં જો રકમો વધુ ઉપલબ્ધ થાય તો તેના ઉપયોગ માટે ગ્રામ સભા નકકી કરે તે હેતુ માટે કાર્યક્રમ અમલીકરણ સમિતિ ખર્ચના હિસાબો નિયત કરેલ કાર્ય પધ્ધતિ મુજબ નિભાવવાના રહેશે.

## બ. ગ્રામમિત્ર

- ગામની સ્થાનિક,શિક્ષિત અને ગામના વિકાસમાં રસ ધરાવતી યોગ્ય

વ્યકિત ને જે તે ગામની ગ્રામસભા "ગ્રામમિત્ર" તરીકે નિયુકત કરશે.

- કાર્યક્રમ અમલીકરણ સમિતિના સભ્ય સચિવ તરીકે "ગ્રામમિત્ર" મહત્ત્વની ભૂમિકા ભજવશે.
- સરકારી યોજનાઓ અને સ્થાનિક લોકો વચ્ચે સેતુરૂપ કામગીરીઓ "ગ્રામમિત્ર" એ કરવાની રહેશે.
- સરકારની જુદી જુદી યોજનાઓનો લોકોમાં સારી રીતે પ્રચાર કરશે અને લોકોમાં જાગૃતિ લાવવાનું મહ ત્ત્વનું કામ કરશે.
- વિવિધ યોજનાઓના લાભ લોકોને મળી રહે તે માટેની રચનાત્મક કામગીરી કરશે.
- સ્થાનિક કક્ષાએ હાથ ધરાતા કામોમાં ગેરરીતિઓ ન થાય તે અંગે મહત્ત્વનું યોગદાન આપશે.
- "ગ્રામમિત્ર" ની કામગીરી સંતોષકારક ન હોય તો ગ્રામસભા તેને દૂર કરી શકશે અને તેને સ્થાને અન્ય વ્યકિતને "ગ્રામમિત્ર" તરીકેની નિમણૂંક આપી શકાશે.
- ગ્રામમિત્રને તેની કામગીરી બદલ માનદ્ વેતન આપવામાં આવશે નહી.

## ભ. યોજનાકિય કામોનું તાંત્રિક સુપરવિઝન

- યોજનાકીય કામગીરીઓ યોગ્ય રીતે હાથ ધરાય અને નિયત સમય મર્યાદા પૂરી થાય તે માટે કાર્યક્રમ અમલીકરણ સમિતિને જરૂરી હોય તેવું તમામ પ્રકારનું તાંત્રિક માર્ગદર્શન તાલુકા / જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તાંત્રિક સ્ટાફ પુરૂં પાડે.

- કામોના અંદાજ બનાવવા, તાંત્રિક માર્ગદર્શન તથા સુપરવિઝન માટે જિલ્લાના જુદા જુદા તાંત્રિક અધિકારીઓને કામગીરી સુપ્રત કરવા જે તે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીને અધિકૃત કરવામાં આવેલ છે.
- યોજનાકીય કામોની તાંત્રિક મંજૂરી, કામોના માપો લખવા, કામો ના પૂર્ણતા પ્રમાણપત્ર ઈસ્યુ કરવા વગેરે સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાંત્રિક અધિકારીઓને સ ત્તા સોંપણી નકકી કરવામાં આવે છે તે પ્રમાણે જિલ્લા / તાલુકાના તાંત્રિક અધિકારીશ્રી દ્વારા કરવાનો રહેશે.
- યોજનાકીય કામોની વહીવટી મંજૂરી આપવાના અધિકારો જિલ્લા ગ્રામવિકાસ એજન્સીની ગર્વનીગ બોડીને છે ; પરંતુ ગવર્ની બોડી ઈચ્છેતો આ અધિકારો નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રીને ડેલીગેટ કરી શકે.
- તાંત્રિક અધિકારીઓએ નિયમિત રીતે કામોની મુલાકાત લઈ તાંત્રિક સુપરવિઝન કરવાનું રહેશે.

## મ. યોજનાકિય કામગીરીઓનું નિરીક્ષણ અને મોનીટરીંગ

- જિલ્લા કક્ષાએ યોજનાના અર્થપૂર્ણ અમલીકરણની સઘળી જવાબદારી ઓ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેનશ્રીને સોંપવામાં આવી છે. તેમના માર્ગદર્શન હેઠળ યોજના અમલીકરણ, જિલ્લા/તાલુકા કક્ષાના અન્ય ખાતાકિય અધિકારીઓ સાથેના સંકલન, મોનીટરીંગ અને નિરીક્ષણ અંગેની મહ ત્ત્વની કામગરીઓ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના નિયામકશ્રીઓએ બજાવવાની રહેશે.

- જિલ્લા કક્ષાએ સરકારશ્રી દ્વારા નિમવામાં આવેલ પ્રભારી મંત્રીશ્રી/ પ્રભારી સચિવશ્રી યોજના હેઠળના કામોનું નિયમિત ધોરણે મોનીટરીંગ કરશે.
- યોજનાના અર્થપૂર્ણ અમલ માટે ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા હાથ ધરાતી કામોની પ્રત્યક્ષ તપાસણીના ધોરણો મુકરર કરવામાં આવેલ છે.
- યોજના હેઠળ હાથ ધરાતા યોજનાકીય કામોમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે જિલ્લા કક્ષાએ નાયબ કલેકટરશ્રી, કાર્યપાલક ઈજનેર અને સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ સહિતના સભ્યોનું એક નિરીક્ષણ સ્કવોડની રચના દરેક જિલ્લામાં કરવાનું નકકી કરેલ છે.
- જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાતી જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠકમાં ગોકુળ ગ્રામ યોજનાના અમલીકરણ અંગેની સમીક્ષા કરવાનું નકકી કરેલ છે.

## ૫. સમર્પિત ગામ

- ગામલોકોમાં આ યોજનાના અમલીકરણ સાથે ભાવનાત્મકતા જન્મે તે બાબત ઘણી મહત્ત્વની છે.
- ગામલોકો સાચા હૃદયથી આ યોજનાને અપનાવી લેતો જ આવી ભાવના ઊભી થઈ શકે. ગામનું પ્રત્યેક કુટુંબ યોજના માટે રોકડમાં અગર તો વસ્તુ સ્વરૂપે અગર તો શ્રમદાનરૂપે યથાશકિત પોતાનું યોગદાન આપે તે ઇચ્છનીય છે.

- જે ગામના પ્રત્યેક કુટુંબ આ પ્રકારનું યોગદાન આપે તે ગામ અભિનંદનને પાત્ર છે. અને આવા ગામને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીગ બોડી દ્વારા "સમર્પિત ગામ" તરીકે જાહેર કરશે.

ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત ગામડાંઓમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી ગામડાંઓના વિકાસ માટેનું પૂર્ણ વિરામ નથી. આતો એક શરૂઆત છે. ગામડાંઓ સાચા અર્થમાં ગોકુળિયાં ગામ ત્યારેજ બની શકે કે જયારે રાજયના તમામ ગામો પક્ષાપક્ષીથી પર હોય, ગામનું સચિવાલય એવી ગ્રામ પંચાયત સંસ્થાની ચૂંટણી ન થતી હોય, સરપંચ અને તમામ સભ્યો ગામલોકોની સર્વસંમતિથી બીનહરિફ ચૂંટાતા હોય તેવાં સમરસ ગામોની કલ્પના સકાર થાય તથા ગામડાંઓ વાદ–વિવાદ, ઝગડા કે ગુનાહીત કાર્યોથી વિમૂખ થાય તેવા તથા ગામડામાં વસતા ગરીબમાં ગરીબ કુટુંબને આ જીવીકાના સાધન આપી ગરીબી રેખાની બહાર લાવવા શ્રમયોગીની કલ્પના સાકાર થાય અને ગામડાંઓમાં વસતા પ્રત્યેક ગામવાસી રોજગારીથી વંચિત ન હોય તેવા શૂન્ય બેરોજગાર ગામોનું નિર્માણ થાય ત્યારે જ સર્વાંગી વિકાસની કલ્પના ખરા અર્થમાં મૂર્તિમંત થશે.

## ૩.૪ કેશ [૧૦]

ભારતની સુપ્રિમ કોર્ટમાં દિવાની મૂળ હકૂમત રિટ અરજી (દિવાની) નં ૧૯૬/૨૦૦૧

પિપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ......................અરજદારો

### વિરૂઘ્ધ

ભારત સંઘ અને અન્ય .................................. પ્રતિવાદીઓ

### હુકમ

પક્ષકારો વિ દ્વાન ધારાશાસ્ત્રીને સાંભળ્યા પછી અને નીચેની સૂચના બહાર પાડીએ છીએ

(ક) જળ અને ભૂમિ, સંરક્ષણ, વનીકરણ અને કૃષિ–બગાયત, વન ગોચર નાની સિંચાઈ અને કડી માર્ગો જેવી નિરંતર અને લાભપ્રદ રોજગાર નિર્માણ કરવા માટે ક્ષમતા ધરાવતી ઉપયોગી સામૂહિક અસ્કયામતો ઉભી કરવા માટે સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર ગ્રામ પંચાયતો એ રોજગાર નિર્માણ દરખાસ્તો ધડવાની રહેશે. આ દરખાસ્તો ગ્રામ પંચાયતોએ બહાલ રાખવાની અને મંજૂર કરવાની રહેશે અને કામો ઝડપથી શરૂ કરવાનાં રહેશે.

(ખ) પ્રતિવાદીઓએ, કૃષિ વેતનદારો, બિન–કૃષિ અકુશળ વેતનદારો, સીમાંત ખેડૂતો અને ખાસ કરીને અનુસૂચિત જાતિના અને અનુસૂચિત આદિવાસી ઓની વ્યકિતઓ કે જેમની વેતન આવક એમના પરિવારની આવકનું ઉચિત પ્રમાણ બને છે. એમના પ્રત્યે સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના કેન્દ્રિત કરવમાની રહેશે અને રોજગારમાં

એમને અગ્રતા આપવા અને  આ સેકટરની અંદર મહિલાઓને અગ્રતા આપવાની રહેશે.

(ગ) પ્રતિવાદીઓએ સાપ્તાહિક ધોરણે વેતન ચુકવણી કરવાની રહેશે.

(ઘ) પ્રતિવાદીઓએ, સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના કાર્યક્રમમાં કોન્ટ્રાકટરોના ઉપયોગની મનાઈ કરવાની રહેશે.

(ચ) કેન્દ્ર સરકારો, જુદી જુદી રોજગાર નિર્માણ યોજનાઓ હેઠળ અનુસૂચિ પરના દરેક રાજયને નાણાં છૂટાંકરવાના રહેશે. પરંતુ શરતએ રહેશે કે રાજય સરકારો સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના  દ્વારા નિયત કરવામાં આવેલી શરતો પરિપૂર્ણ કરતી હોવી જોઈએ આ શરતો પરિપૂર્ણ કરવા અને સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાનો ઝડપથી અમલ કરવા રાજય સરકારોને ફરમાવવા આવે છે. રાજય સરકારે ઉપયોગ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તે રજૂ કરવાથી જ વધુ રકમ છૂટી કરવામાં આવશે. જોગવાઈ કરવામાં આવેલ નાણાંનો ઉપયોગ, સંપૂર્ણ ગ્રામીણ રોજગાર કાર્યક્રમ અંગે જ કરવાનો  રહેશે.

(છ) તમામ અન્ન / રોજગાર યોજનાઓમાં સામાજિક ઓડિટ કરવા અને નાણાંનો દુરુપયોગ ના બધા દાખલાઓનો અહેવાલ અમલ કરનાર સંબંધિત સ ત્તાધિકારીઓને મોકલવા ગ્રામ સભાઓ હકદાર રહેશે, સત્તાધિકારીઓએ, આવી ફરિયાદો મળતાં, શોધ–તપાસ કરાવવાની અને કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

(જ) આ કોર્ટના આદેશોના પાલન નહી કરવા અંગે જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યપાલક અધિકારી / કલેકટરને ફરિયાદ કરવામાં આવતાં, આ હેતુ માટે રાખવામાં આવેલ રજિસ્ટરમાં ફરિયાદની મુખ્ય લાક્ષણિકતાઓ

નોંધવાની રહેશે, ફરિયાદની પહોંચ આપવાની રહેશે અને તાત્કાલિક આ કોર્ટના હુકમના અનુપાલન સુનિ શ્ચત કરવાનું રહેશે.

(ઝ) રાજયો અને સંઘ પ્રદેશોના તમામ જિલ્લાઓના કાર્યપાલક અધિકારી / કલેકટરે, આ કોર્ટના આદેશોના અનુપાલને સુનિ શ્ચત બનાવવા પોતાના અધિકાર ક્ષેત્રમાંની અમલ કરનાર તમામ એજન્સીઓએ કરેલી કાર્યવાહીની ચકાસણી કરવાની રહેશે અને મુખ્ય સચિવને અહેવાલ મોકલવાનો રહેશે.

(ટ) આ કોર્ટના હુકમના અમલની જવાબદારી મુખ્ય કાર્યપાલક અધિકારી / કલેકટરની રહેશે. મુખ્ય સચિવે આ કોર્ટના હુકમનું અનુપાલન સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

(ઠ) ભારત સરકારના ભૂતપૂર્વ આયોજન સચિવ ડો.એન.સી.સકસેના અને ભારત સરકારના ગ્રામ વિકાસના ભૂતપૂર્વ સચિવશ્રી એસ.આર. શંકરન ઉપર જણાવેલ ફરિયાદ નિરાકરણ કાર્ય પ દ્ધતિ પૂરી થઈ ગયા પછી ચાલુ હોય એવી કોઈ ફરિયાદ તપાસવાના હેતુ માટે આ કોર્ટના કમિશ્નરો તરીકે કામગીરી કરશે.

(ડ) આ કોર્ટના આદેશનું અનુપાલન સુનિ શ્ચત કરવા કાર્યવાહીના ક્રમની કમિશ્નરની ભલામણ થતાં. રાજય સરકારો / સંઘ વહીવટી તંત્રો, આવી ભલામણો પર તાત્કાલિક કાર્ય કરશે અનુપાલનનો અહેવાલ મોકલશે.

(ઢ) રાજયમાં કે સંઘ પ્રદેશોમાં વ્યકિતઓ તથા વિશ્વાસપત્ર સંસ્થાઓની સહાય લેવા માટે કમિશ્નરોને સ્વતંત્રતા રહેશે. આ કોર્ટના આદેશોના અસરકારક દેખરેખ–નિયંત્રણ તથા અમલ કરવા માટે આવી

વ્યકિતઓ / સંસ્થાઓ સાથે પૂરેપૂરો સહકાર કરવા તમામ અધિકારીઓને ફરમાવવામાં આવે છે.

(ણ) વિવિધ યોજનાઓના અમલ અંગે દેખરેખ નિયંત્રણ રાખવા અને બીજી બાબતોની સાથોસાથ લાભાર્થીઓને પસંદગી અને લાભોના વિતરણ અંગેની સંબંધિત માહિતી મેળવવા માટે ગ્રામસભાઓ અધિકૃત છે. ગ્રામસભાઓ ઉપર નિયત કરેલી અને પોતાની ફરિયાદો કરી શકે છે.

(ત) અરજદારે જણાવેલ છે કે બીપીએલ કુટુંકોની ઓળખ યોગ્ય રીતે કરાતી નથી બીપીએલ કુટુંબોની ઓળખ ન તો સ્પષ્ટ છે કે ન એકરૂપ બીપીએલ કુટુંબોની યોગ્ય ઓળખ માટે સ્પષ્ટ માર્ગદર્શક સૂચનાઓ ઘડવા કેન્દ્ર અને રાજય સરકારોને ફરમાવવામાં આવે છે.

(થ) સમગ્ર મ ાહિતી દરમિયાન નિ િશ્ચત કલાકો દરમિયાન રેશનની દુકાનો ખુલ્લી રહેતો પ્રતિવાદીઓએ સુનિ િશ્ચત કરવાનું રહેશે, જેની વિગતો નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે. આગળ સૂચનાઓની ચર્ચા ૧૨ સપ્તાહ પછી.

સહી..........મુખ્ય ન્યાયમૂર્તિ. સહી..........ન્યાયધીશ.

(અરિજીત પસાયત) સહી /– (એચ.કે.સેમા)

નવી દિલ્હી ૦૮ મી મે,૨૦૦૨

## ૪.૫ ઉપસંહાર

આમ ગુજરાતમાં ૨૦ લાખ ભૂમિહીન મજૂરો રાજયની કુલ કામદાર સંખ્યાના ૨૨.૮ % થાય છે. આમાનાં ૪૮ % અનુસૂચિત જાતિ અને જન જાતિના છે. નાના અને સીમાંત ખેડૂતો ગુજરાતમાં ૧૦ લાખ, ૬૦ હજાર છે

અને તેમાં ૬૫ % સીમાંત ખેડૂતો છે. અછત ગ્રસ્ત વિસ્તારોમાં રોજગારી વધારવાનો કાર્યક્રમ યોજાઈ રહયો છે.

આર્થિક રીતે નબળા લોકોનો પ્ર શ્ન દિનપ્રતિદિન સ્ફોટક બની રહયો છે. ગામડાંનાં ગરીબોના અનેકવિધ પ્ર શ્નોના નિરાકરણ પ શ્નોના નિરાકરણ માટે વ્યવહારૂ વલણ અપનાવવું રહેશે નબળા વર્ગોના આર્થિક વિકાસ માટે ઉપલબ્ધ સાધનસામગ્રી, તકો, રોજગારી, વિકાસ તથા રાષ્ટ્રિય આવકનો લાભ મળે તે માટે આયોજન અને યોગ્ય અભિગમ આવશ્યક છે.

ગામડાનો ગરીબ–ખેતમજૂર, સીમાંત ખેડૂત, નાનો ખેડૂત અને ગ્રામ કારીગર ચીલાચાલુ ધંધામાંથી પુરતી આવક મેળવી શકતો નથી. અનુસૂચિત જાતિના ખેડૂતો પાસે થોડી અને ખરાબ જમીન હોય છે. જૂની રીતથી ખેડવાથી ઓછી કિંમતનું બરછટ ધાન્ય પકવવામાં આવે છે. જેથી નાના ખેડૂતો કરતાં આર્થિક રીતે પાછળ રહે છે. નાના ખેડૂતો પાસે જમીન ઓછી હોઈ, ઓછી આવક આપે છે. તેટલુંજ નહિ ખરાબ મોસમ આવે તો માલિકીની જમીનનું મહેસૂલ ભરવું ભારે પડે છે.

ભાવો આસમાને ચડતા હોય છે. જીવન જરૂરિયાતની વસ્તુઓની અછત સામાન્ય બની ગયેલ છે. જયારે આવક ગોકળગાયની ગતિએ વધે છે. વસ્તી વધારોને લક્ષમાં લઈએ તો ઔદ્યોગિક તથા ખેત ઉત્પાદન ગતિ ધીરી છે તેમજ સંતોષકારક નથી.

નાના ખેડૂતો–ખેતમજૂરો માટેની વિકાસયોજના દ્વારા નાના ખેડૂત, સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોની સંસ્થાઓની કેન્દ્ર સરકારની યોજના જેવી જ યોજનાનો ગુજરાત સરકારે આકાર આપ્યો છે. જંતુનાશક દવા, સુધારેલાં ખેતી વિષયક ઓજારો, બળદની ખરીદી, ફૂલછોડની કલમો, કૂવા બાંધવા,

પાઈપ લાઈન, મરઘાપાલન, દૂધાળાં પશુઓની ખરીદી, સંગ્રહ માટેનાં સાધનો, ગોદામો, હેરફેરનાં વાહનો, ગ્રામકારીગરોને તાલીમ આપવાનું ઈત્યાદી અનેક યોજનાઓ માટે આર્થિક સહાય અપાય છે. ટૂંકામાં, નાની સિંચાઈ, જમીન વિકાસ અને પૂરક વ્યવસાયમાં મૂડી રોકાણ કરવા સહાયભૂત થાય છે. ખેડા, ગાંધીનગર, ભાવનગર, જામનગર અને ડાંગ જિલ્લામાં નાના ખેડૂતોને ૨૫ % તથા સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોને ૩૩.૩૩ % દરે આર્થિક સહાય અપાય છે.

કપાસ, મગફળી, શેરડી વ.વધુ આવક આપતા પમકો પકવવા માટે નાના ખેડૂતો પાસે સિંચાઈની સુવિધા નથી. ઓછા વરસાદમાં થતા પાકો માટેની સંશોધન સુવિધા નાના ખેડૂત સુધી પહોંચાડવી તથા આર્થિક ન્યાય મળે તે માટે નાના તથા સીમાંત ખેડૂતોના પ્રશ્નો અભ્યાસ માગી લે છે. ખેતમજૂરો–જમીન વિહોણા ગરીબોની આવક તેઓ પાસે ઉપલબ્ધ સાધન સામગ્રી મર્યાદિત હોઈ, ઉત્પાદકતા ઓછી કરે છે. ૧૯૭૧માં નાના ખેડૂતો ૫૦ % હતા ૧૯ % સીમાંત ખેડૂતો હતા. છેલ્લા સાત–આઠ વર્ષમાં આ પ્રમાણમાં સારો એવો વધારો થયો છે.

અછતગ્રસ્ત વિસ્તારોમાં ડેરી, મરઘાઉછેર, ગ્રામ કારીગરોને તાલીમ, કૂવા ખોદવા, ખેત ઓજરોની ખરીદી ઈત્યાદી માટે નાના અને સિમાંત ખેડૂતોને સહાય આપવામાં આવે છે. ગાંધીજીએ અપરિગ્રહ, મરજિયાત ત્યાગ તથા સ્વાર્પણની ભાવના પ્રદર્શિત કરેલ. તેને ત્રીસ વર્ષ બાદ કેટલા અમલમાં મૂકે છે ? દરિ દ્ર નારાપણની સેવા તન, મન અને ધનથી કેટલા તૈયાર છે ? ધનિક લોકો–વેપારીઓ–કાળા બજારિયાઓ બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરે છે અને કૃત્રિમ તંગી સર્જે છે. ઘણા જમણવારોમાં તથા અનેક ઘરોમાં

ભોજનમાં ઘણો બગાડ થાય છે. એક ટંક ભોજન ઘણાંને મળતું નથી. પૂરતાં વસ્ત્રો મળતાં નથી.

ગરીબો માટે નવી ટેકનોલો જી અપનાવવી કઠિન બનશે તથા સમયનો વ્યય થશે. ઉત્પાદન માટે પ્રાપ્ય સાધનસામગ્રી તથા માનવ શકિત અનુલક્ષી વધુ આવક આપે તેવી ટેકનોલો જી અપનાવવાની રહેશે. વિજ્ઞાન, ટેકનોલો જી તથા યંત્રસામગ્રીનો ગામડાંના ગરીબીને નજરમાં રાખી ઉત્પાદકતા વધારવા ઉપયોગ કરવો જોઈશે. ખૂરપી, સ્પેડ, કુહાડી, દેશી હળ જેવાં ખેતીનાં સાધનો વપરાય છે. પ્લાન્ટ પ્રોટેકશન, માગણી, કાપણીનાં સાધનો, જમીન નવસાઘ્ય કરવા ટ્રેકટર, પાવર ટીલર, વધુ ઉત્પાદન આપતું સુધરેલ બિયારણ, પાવરડસ્ટર, સ્પેઅર ઇત્યાદિ ગામડાંનાં ગરીબોને મળી શકે કે તે માટે પ્રબંધ કરવો જોઈએ. ખેડૂતોને આધુનિક ખેતીનું શિક્ષણ આપવાનું કાર્ય કરવા જેવું છે. સ્થાનિક લોકો સુષુપ્ત અવસ્થામાં હોઈ, ગામડાંઓમાં પરિવર્તન માટે થોડાં વર્ષો બહારની વ્યકિતઓની જરૂર રહે છે જે કેટાલીક એજન્ટ તરીકે કાર્ય કરી, સ્થાનિક કૌશલય, માનવશકિત, કુદરતી સંપિ ત્તનો ઉપયોગ કરવા પ્રેરે.

ગામડાંમાં વ્યકિતગત ઉત્પાદકતા ઓછી છે. જમીનનો મહ ત્તમ ઉપયોગ કરી છૂપી બેકારી, અર્ધબેકારી, દૂર કરવાના પ્રયત્નો કરવાના છે. વિકાસની અસર આજુબાજુના વિસ્તાર પર પડે છે. ગામડાંને પગભર કરવા માટે ગામડાંની પેદાશોનું વધુમાંવધુ વળતર મળે, માર્કેટયાર્ડ, સહકારી ભંડાર તથા સહકારી મંડળીઓ રચાય તે આવશ્યક છે.

ગામડાંમાં સામાજિક ન્યાય મેળવવા માટે મૂડી, મજૂરી કૌશલ્યનો પૂરેપૂરો ઉપયોગ જરૂરી છે. ભારતમાં ૧ કરોડ જેટલા કૂવા હશે જેમાં ૭૦ લાખ પંપસેટ હશે. ૩૦ લાખ કૂવા પંપસેટ વિનાના છે. ૨ હેકટર જમીન માટે

૩ હોર્સ પાવરની મોટર કે પંપસેટ પૂરતા થઈ રહેશે. મોંઘાં યંત્રો સર્વિસમાં ભાડેથી સહેલાઈથી મળતાં રહેવાં જોઈએ. રોજગારલક્ષી વિકાસ કાર્યક્રમ ગુજરાત સરકારે અપનાવ્યો છે. તેમાં ભૂમિહીનોને જમીન પર મકાનોનાં બાંધકામ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે શિક્ષકો, વનવિકાસ કાર્યક્રમ ખાદી–ગ્રામોદ્યોગ તથા કુટિરઉદ્યોગો, ગ્રામમાર્ગોનાં બાંધકામ અને વિકાસ માટેની યોજનાઓ મુખ્યત્વે છે. રોજગારના પ્રયત્નો માટે બેન્કિંગ, નાણાકીય અને બીજી સંસ્થાઓનો સહકાર રોજગાર વૃિદ્ધબોર્ડ મેળવી રોજગારીની વધુને વધુ તકો ઉપસ્થિત કરી રહેલ છે.

ખાદી અને ગ્રામઉદ્યોગના વિકાસ દ્વારા આવક મેળવવા ઇચ્છતી વ્યકિતઓને સહાયભૂત થવા ગુજરાત રાજયમાં કાર્યક્રમ હાથ ધરાયો છે. અંબર પરિશ્રમાલયો અને ગ્રામદ્યોગ વાડીઓ ખોલી તાલીમ આપવામાં આવે છે. તાલીમ બાદ યંત્રસામગ્રી તથા કાચો માલ પૂરો પાડી, તૈયાર થયેલ સૂતર ખરીદી લેવામાં આવે છે. ગુજરાતમાં સરકારી નોકરીમાં વર્ગ ૩ અને ૪ માટે ૧૦ % નોકરી તથા વર્ગ ૧ અને ૨ માટે ૫ % જગ્યાઓ પછાત વર્ગો માટે રાખવામાં આવે છે. જેથી તેઓ આર્થિક રીતે સબળ બને. ગામડાંની ટેકનોલોજી વિકસાવવા તથા માર્કેટિંગ ઇન્સ્ટિટ્યૂટ માટેની શરૂઆત માટે ચક્રો ગતિમાન થયાં છે. આદિ જાતિ વિસ્તારમાં વ્યવસાયી માર્ગદર્શન શરૂ કરવામાં આવેલ છે.

ખેતી માટે જરૂરી સાધનસામગ્રી પૂરી પાડવા ખેતપેદાશનું વેચાણ કરાવી, ગામડાનાં ગરીબોને મદદ કરી શકાશે. વિકાસ તથા સામાજિક રચનાત્મક સંસ્થા ઓ દ્વારા ગામડાંના ગરીબને ધિરાણ મેળવવા સહાય આપી

શકાશે. આર્થિક સમાનતા મેળવવા માટે લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતો અને ઓતપ્રોત થનાર વર્ગ ઉભો કરવાનો રહેશે.

કરજ ઓછું કરવાની દષ્ટિએ તેમજ નાના ખેડૂતોના લાભ માટે ખેતી માં સુધરેલ ટેકનોલો જી અપનાવવા નાની સિંચાઈ, ડેરી, પોલ્ટ્રી તથા પૂરક વ્યવસાય માટે સબસીડી આપવામાં આવે છે.

રાષ્ટ્રીય આવક વધારી, વધારાની આવકની વહેંચણી ગામડાંનાં ગરીબોમાં અસરકારક રીતે કરવાનો વ્યુહ જરૂરી છે. ગરીબ આત્મનિર્ભર બની પોતાના પગ પર  ઊભો રહે તે માટે તથા આર્થિક અસમાનતા નિવારવા માટે ગામડાંના ગરીબને ઉપલબ્ધ સાધનસામગ્રી તથા તકો પૂરી પાડવી જોઈએ. સમૂળગી ક્રાંતિ માટે ખેડવા માટેની જમીન ઉપલબ્ધ બને તે માટે જમીન સુધારણા અમલી બનાવવાની રહેશે. રોજગારીઓનું સર્જન કરી ગરીબાઈ ઘણે અંશે દૂર કરી શકાશે. ઉત્પાદકતા વધારી   જીવન જરૂરિયાતો પૂરી પાડવા સ્વરોજગારીઓ મહત્વનો ભાગ ભજવી શકે છે.સ્થાનિકલોકોની કમિટી ગામડાના ગરીબ તથા નબળા વર્ગોના ઉત્કર્ષનું મૂલ્યાંકન કરવા રાખવી જોઈએ.

ભારતમાં નાના ખેડૂતો ૩૩૮ લાખ હેકટર જમીનમાં વાવેતર કરેછે. સરેરાશ ૦.૬૧ હેકટર જમીન એક કુટુંબદીઠ ખેડે છે. જેમા ફકત ૨૯ % જમીનમાં સિંચાઈની સગવડ છે.૩૪ થી ૩૯ % ચોખા, ઘઉં ૧૨ થી ૧૩ % તથા  શેરડી–શાકભાજી, ફળફળાદિ તથા વધુ આવક આપતા પાકો ફકત ૧ થી ૨ % જેટલા જ છે. બાકીની જમીનમાં હલકું ધાન્ય વાવે છે.

મહિને રૂા.૭૦ થી વધુ કમાતા નથી તેવા ભારતના પચીસ કરોડ લોકો ગરીબીની રેખા નીચે  જીવે છે. આ ગરીબો અને બેકારોને રોજગારીઓ પૂરી

પાડી, ગામડાંઓમાં વધુ મૂડીરોકાણ કરી, ગ્રામોદ્યોગો વિકસાવી, જરૂરી નાણાકીય સવલત આપી, સિંચાઈ સુવિધા વધારી, તથા ગ્રામ વીજળીકરણ કરી, ગામડાના ગરીબની ખરીદશકિત વધારી શકાશે. ગરીબી સામે યુધ્ધ લડવા માટે અસરકારક આર્થિક પગલાંઓમાં નવી ઔદ્યોગિક નીતિ, જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રો, સામાજિક ન્યાય માટે વિકાસ, બચત અને સ્વદેશી, ગરીબોને લક્ષમાં રાખીને જ કરવામાં આવી રહેલ છે.

ખેતી એ માત્ર જીવનનિર્વાહનું સાધન નથી, પરંતુ તેમાં કળા, કૌશલ્ય અને વૈજ્ઞાનિક પ દ્ધતિઓ અપનાવવા વિપુલ અવકાશ રહેલ છે. વસતિ વધારો થાય છે. પરંતુ જમીન છે તેટલી જ રહે છે. તે વધતી નથી, જમીનની ઉપજમાં વૃદ્ધિ કરવાની વાત આપણા હાથમાં છે. ખેતર સુધી વૈજ્ઞાનિક સંશોધનનાં પરિણામો લઈ જવાનાં છે. જમીન ધોવાણ અટકાવી, પાકની જીવાતો દૂર કરી ખાતર, સિંચાઈ તથા સુધરેલ બિયારણ વાપરી, ખેતરમાં ખૂટતા ત ત્ત્વો ઉમેરી, પશુઓની ઓલાદ સુધારી, રસ્તાની બન્ને બાજુ વૃક્ષો વાવી, પશુપાલન, મરઘાઉછેર, ઇત્યાદી અનેક ક્ષેત્રો પર ધ્યાન આપી, ગામડાંના વિકાસ કરી, ગ્રામીણ વિકાસ સાધવાનો છે. જંગલવૃ દ્ધ, સિંચાઈ, રસ્તાઓ બાંધવા, મકાન બાંધકામ,તળાવ–પાળા બાંધવાના કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય બેકારી નિવારવી જોઈશે. જમીન વિહોણા મજૂરો અને નબળા વર્ગના લોકોના પ શ્ન, રોજગારી પૂરી પાડી ઉકેલી શકાશે.

ગ્રામ્ય કારીગરોને ઔદ્યોગિક સહકારી મંડળી બનાવવા ગુજરાત રાજય તરફથી નાણાકીય સહાય અપાય છે. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, રાષ્ટ્રીયકૃત બેન્ક તથા સહકારી ખાતા તરફથી નાણાકીય તથા ટેકનિકલ સહાય મળે છે. ગ્રામોદ્યોગો તથા કુટિર ઉધોગો શરૂ કરવા સાહસિકો તૈયાર કરવાનું કાર્ય કરવું

પડશે. ખેડૂતો સામાન્ય રીતે બળદ ગાડાં  દ્વારા માલની હેરફેર કરે છે. જેમાં સમયનો બગાડ થાય છે તથા ખર્ચાળ છે. ગામડાંના રસ્તાઓ ઘણા ખરાબ હોઈ, વાહનોની જાળવણી ખર્ચ પણ વધી જાય છે. ઝડપી, રસ્તા અને સરળ વાહન વ્યવહારથી ખેડૂતોના પૈસા અને સમયનો બચાવ થઈ શકે છે.

ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સ્થળ, ગામડાંના લોકોનાં સહાયક તથા હરીફ ત ત્ત્વોનો અભ્યાસ, જરૂરી સગવડો, ઉપાદન પ દ્ધતિ, વિતરણ વ્યવસ્થા, લાભોની ગરીબોમાં વહેંચણી, સંસ્થાઓ, પ્રોત્સાહન ઇત્યાદિ અનેક મુદાઓ એક સાથે વિચારવાનાં રહેશે. એક ગામના વિકાસ કરતાં પાંચ–છ કે આઠ ગામોના જૂથનો વિકાસ કરવા વિચારવું સારૂ પડશે. ગરીબોનું જીવનધોરણ સુધારી આરોગ્ય, ઘર, શિક્ષણ તથા રોજગારીની તકો પૂરી પાડવાનું ભગીરથ કાર્ય પડેલ છે. રસ્તા, પાણી, વીજળી, બજાર, ટપાલ, ટેલિફોન, શિક્ષણ, આરોગ્ય સેવા, મનોરંજન, રોજગારીની તકો તથા અન્ય ઈન્સ્ટ્રકચર ગામડાંઓમાં મળે તો, શહેરમાં ગામડાં છોડી જનાર વર્ગ ઘટી જશે. ગામડામાં બહારની દુનિયા સાથેના સંપર્કનો અભાવ હોય છે. વાહનવ્યવહારની ખામી હોઈ તાલુકા મથકો, જિલ્લા મથકોને જોડતા રસ્તાઓ વહેલી તકે પાકા તૈયાર કરાવી, તેની જાળવણી કરવી જોઈશે.

પશુપાલન પ્રવૃત્તિ વિકસાવી, એકથી વધુ પાક લેવા સિંચાઈ વધારવી, ખાતર તથા અન્ય ખેતીનાં સાધનો સમયસર મળવાં, સારા રસ્તા, જમીન ચકાસણી, ઉત્પાદક સાધનોની યોગ્ય વહેંચણી, મોસમ સિવાયના સમયમાં ઉત્પાદક કાર્યો વિકસાવવા, ગામડાંના મજૂરોને સંગઠિત કરી કેળવવા, જરૂયિાતલક્ષી કાર્યક્રમો યોજવાથી ગામડાનો ગરીબ  ઊંચો આવશે. પછાત વિસ્તાર કે ગામડાંઓ એકી સાથે વિકસાવી ન શકાય. તે માટે 'એરીઆ

એપ્રોચ' લઈ થોડાં ગામોના સંકુલનો સમગ્ર વિકાસ કરવો ઈચ્છનીય છે. વિકસિત રહેલ ગામોની અસર આજુ બાજુનાં ગામો પર પડશે. જે જે સેવાની જરૂરત છે તે તપાસી, તે વિસ્તારમાં સમયબ દ્ધ કાર્યક્રમ ઘડી, અપનાવવાથી ગ્રામીણ વિકાસ ઝડપી કરી શકાશે. લોકોમાં વિકાસ માટેની તીવ્ર ઝંખના જાગ્રત કરનાર તથા વિકાસ કાર્યમાં સહાયભૂત બનનાર સામાજિક કાર્યકરોની હારમાળા ઊભી કરવી પડશે.

ત્રીજા ભાગનું અનાજ વાહનવ્યવહારમાં, પેકિંગમાં કે સ્ટોર કરવામાં બગાડ થાય છે. તો આ બગાડ ઘટાડવા પ્રયત્ન કરવાનો રહેશે. ગરીબ ખેડૂતો માટે ઓછી ખર્ચાળ અનાજ સંગ્રહ માટીની ટાંકીઓ વિકસાવી તથા ફેલાવવાથી અનાજનો બચાવ થશે.

હરિયાળી ક્રાતિનાં ફળ ગામડાના ગરીબ સુધી પહોંચ્યાં નથી. વસતિવધારો ઓછો કરવો જોઈશે. આર્થિક વિકાસ માટે ચોકકસ કાર્યક્રમો અપનાવી સામાજિક ન્યાય આપવાનો છે. મૂડીરોકાણ ગામડાઓમાં કરી શ્રમપ્રધાન ટેકનોલો જી અપનાવી ગ્રામોદ્યોગો તથા જીવનજરૂરિયાતની વસ્તુઓ નું ઉત્પાદન વધારવાનું છે. યોજનાઓનો ફાયદો ખેતમજૂરો, સીમાન્ત ખેડૂતો, આદિવાસી, હરિજનો તથા આર્થિક રીતે નબળા લોકોને મળે તે માટે ગામડાના ગરીબ માનવીને વિકસાવવાની પ્રક્રિયા પ્રત્યે લક્ષ કેન્દ્રિત કરવાનું છે. શોષણનો અંત લાવી, ગામડાંનાં ગરીબો સ્વાવલંબી બને અને આઝાદીનાં ફળો મોડાં મોડાં પણ ચાખે તેમ ઈચ્છીએ. ગરીબોમાં દૈવી અસંતોષ પ્રગટે, વિકાસને ઝંખે અને તે માટેના પ્રયત્નો આદરી, સમૃધ્ધ બને તેવી અપેક્ષા રાખીએ. આમ રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિકાસ યોજનાઓ દ્વારા ગામડું એક સધ્ધર બને છે. અને ગામડામાં વસતા લોકોની ગરીબી દૂર થાય છે. અને સારૂ ગામડું પૂરવાર થાય આમ ગામડાના વિકાસ માટે આ યોજના ખૂબજ ઉપયોગી છે.

# પ્રકરણ–૪–સંદર્ભસૂચિ

૧. " પંચાયત ધારો " – પ્રકાશન ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ પેઈજ નં – ૧૪

૨. "વાર્ષિક વહિવટી અહે વાલ" –વર્ષ ૨૦૦૧–૨૦૦૨ પ્રકાશન– જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી– જુનાગઢ જુલાઈ ૨૦૦૨ પેઈજ નં– ૨ થી ૩

૩. " ગ્રામીણ વિકાસ" – પેઈજ નં – ૪

૪. "યુનીટ કોસ્ટ" જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢ–ડીસે–૧૯૯૪ પેઈજનં– ૨

૫. "ગ્રામ વિકાસના કાર્યક્રમો" – પ્રકાશન માહિતીખાતું ગાંધીનગર– ગુજરાત રાજય પેઈજ નં – ૩ થી ૧૪

૬. "ગ્રામ વિકાસ" કાર્યક્રમો એક નજરે – પ્રકાશન ભારત સરકાર ગ્રામીણ વિકાસ મંત્રાલય એમ.કે.વેંકૈયાનાયડું પેઈજનં ૩,૧૨,૧૮,

૭. "ભારતની ગ્રામોદ્યોગીકરણ યોજનાઓ" પ્રકાશક મધુસુદન બી.શાહ

૮. "જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી" જુનાગઢ – પ્રકાશ ન જે.બી.વોરા. જી.એ.એસ. પેઈજ નં– ૧ થી ૩

૯. "ગોકુળ ગ્રામ યોજના" બીપીનચંદ્ર વૈશ્નવ– પ્રથમ આવૃતિ – ૧૯૯૫–પ્રકાશક જયેશ પી.શાહ નવ સર્જન પબ્લીકેશન અમદાવાદ.પેઈજ નં– ૧

૧૦. ભારતની નામદાર સુપ્રિમ કોર્ટમાં દિવાની મુળ હુકુમત રિટ અરજી નં ૧૯૬/ ૨૦૦૧ પિપલ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ– અરજદારો વિરૂઘ્ધ–ભારત સંઘ અને અન્ય–પ્રતિવાદીઓના હુકમ માં સુચનાઓ.

# પ્રકરણ ૫

## ગામ સંદર્ભિત કાયદાઓ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ ન્યાય પંચાયતની આવશ્યકતા અને ઉપયોગિતા.

૫.૩ સ્થગિત ન્યાય પંચાયતો

૫.૪ ધારાકિય સહાય સમિતિની ભલામણ

૫.૫ વિધ વિધ વિકલ્પો

૫.૬ યોગ્ય ઉકેલ

૫.૭ ન્યાય પંચાયતનું કાર્યક્ષેત્ર

૫.૮ સમાધાન પંચ

# પ્રકરણ ૫

# ગામ સંદર્ભિત કાયદાઓ

## ૫.૧ પ્રસ્તાવના

ન્યાય પદ્ધતિમાં મુખી પાસે ન્યાય કરાવવા બંને પક્ષકારો આવે. તે બંને પક્ષોનું સાંભળે, તે વખતે સાથે સલાહકારો પણ હોય. બંનેનું સાંભળ્યા પછી સલાહ લઈ મુખી ન્યાય આપે, ત્યાર પછી કસુંબો પાવામાં આવે. આ કસૂંબો કડવો હોય. કસૂંબો પછી ગોળની કાંકરી આપે.

આનો અર્થ એ થયો કે, સમાધાનમાં બંનેએ કડવા ઘૂંટડા પીવા પડે છે. વેર–ઝેર ભૂલી જવાં જોઈએ અને એ ભાવથી જ કસૂંબો પીએ અને છેવટે સ્નેહથી, પ્રેમથી અને મીઠાશથી રહેવાના નિર્ણયના પ્રતીકરૂપે ગોળની કાંકરી લે એટલે ન્યાયને અંતે મીઠાશ આવતી.

ઘર આંગણે ત્વરિત અને સસ્તો ન્યાય મળી શકે, ગ્રામજનો અને ન્યાય સંસ્થાઓ વચ્ચે ભૌગોલિક અને માનસિક અંતર ઓછું કરી શકાય, તથા ગ્રામ સમાજને શિક્ષણ અને જાગૃતિ મળી શકે તેટલા માટે ન્યાય પંચાયતની આવશ્યકતા અને ઉપયોગિતા સ્વીકારવી ઘટે. આ સંદર્ભમાં ન્યાય પંચાયતની હસ્તી દૂર કરવાનું કે મહત્વ ઘટાડવાનું વ્યાજબી કે ઈષ્ટ નથી. બીજી બાજુ હાલની ન્યાય પંચાયત અને સમાધાનપંચને સક્રિય કે અસરકારક બનાવવાનું શકય નથી. ગામદીઠ સ્થાનિક સ્વતંત્ર ન્યાય પંચાયતનું તંત્ર પણ ક્રિયાશીલ અને અસરકારક બનશે નહીં. આ સંદર્ભમાં ધારાકીય સહાય સમિતિએ સૂચવ્યા પ્રમાણેની ન્યાયપંચાયત કે તેમાં ફેરફારો સાથેની ન્યાય પંચાયત તેમ

બે વિકલ્પો રહે છે. ધારાકીય સહાય સમિતિનો ઢાંચો તેમાં નિયુકિતનું તત્વ હોઈ સમગ્ર રીતે સ્વીકાર્ય નથી.પરંતુ ન્યાય પંચાયતના કાયમી અધ્યક્ષ તાલુકા કક્ષાના પંચાયતી ન્યાયધીશ બને તેવી ધારાકીય સહાય સમિતિની દરખાસ્ત સ્વીકારવી. સૂચિત ન્યાય પંચાયતની રચના કરવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં વેદકાળના સમયથી ન્યાય પંચાયતોની સંસ્થા ગ્રામ વિસ્તારોમાં પ્રચલિત હતી તે સુવિદીત છે. સ્મૃતિઓમાં જુદા જુદા પ્રકારની ન્યાય પંચાયતોને કુલ, શ્રેણી અને યુગના જુદા જુદા નામોથી ઓળખવામાં આવતી હતી. ન્યાય પંચાયતોનો ક્ષય બ્રિટિશ અમલ દરમ્યાન શરૂ થયો અને દેશના જુદા જુદા રાજયમાં પ્રજાકીય સરકારો અમલમાં આવતાં તેનું પુનઃજીવન થયું. આમ છતાં પ્રાચીન અને મધ્યકાલિન ભારતના ગ્રામ સમાજે રચેલ અને અપનાવેલ ન્યાય પંચાયતોની સંસ્થાની પેઠે કાયદાઓ દ્વારા રચાયેલ અર્વાચીન ભારતીય ન્યાય પંચાયતની સંસ્થા લોકપ્રિય અને ક્રિયાશીલ થઈ શકી નહીં તે હકીકત છે. [૧]

## ૫.૨ ન્યાય પંચાયતની આવશ્યકતા અને ઉપયોગિતા

ન્યાય પંચાયતોની આવશ્યકતા અને ઉપયોગિતા નિર્વિવાદપણે સ્વીકારવી પડે તેમ છે. ગામડાના માણસોને નાની સુની બાબતોમાં અદાલતો નો ન્યાય વિવાદના કારણ કરતા ઘણો મોંઘો પડતો હોય છે, એટલુંજ નહી પરંતુ અદાલતોની બ્રિટિશ પ્રકારની પદ્ધતિઓ, રીતરસમો અને કાર્યરીતિ ઓના સંદર્ભમાં ન્યાય મળે તે પણ વિલંબીત અને લાંબા ગાળાનો બની રહે છે. અદાલતોમાં સામાન્ય રીતે વકીલો દ્વારા ચાલતી કાર્યવાહીઓ પ્રચલિત હોઈ, તેમજ તે પ્રમાણમાં સુગમ અને સરળ રહેતી હોઈ, ગામડાનાં લોકોને વકીલોનો આશ્રય લેવો પડે છે. તેનાથી સ્વાભાવિક રીતે ન્યાય મોંઘો અને

વિલંબીત બનવા પામે છે. આની સામે સ્થાનિક ન્યાય પંચાયતોની સંસ્થા ઘર આંગણે ત્વરિત અને સસ્તો ન્યાય પૂરો પાડી શકે તેમ છે, અને તેનાથી ગ્રામજનોનું ન્યાયની સંસ્થાઓ સાથેનું ભૌગોલિક અને માનસિક અંતર ઓછું થતું હોય તેવી પરિસ્થિતિ નિર્માણ કરી શકાય છે. ગામડાંથી દૂર આવેલ ન્યાયની અદાલતમાં પૂરાવાઓ ઉભા કરવા માટેનો અવકાશ રહે છે. જયારે સ્થાનિક ન્યાય પંચાયતમાં બેસતા સદસ્યો સ્થાનિક રીતરીવાજો, પ્રણાલિકાઓ, રસમો, વલણો, મૂલ્યો અને વિગતો વિશે પરિચિત હોઈ, પુરાવાઓની તુલના વાસ્તવિક અને યોગ્ય રીતે કરી શકે તે સ્વાભાવિક છે.

ન્યાય પંચાયતોનો ન્યાય ગામડાના માણસને સમજાય એટલે કેસ હારે તો પણ હારનારને ઓછાવતા અંશે સંતોષ થાય. ન્યાયની અદાલતોનો ન્યાય તેની રૂઢ ભાષમાં વ્યકત થતો હોઈ તેને ગ્રાજનો સરળતાથીપામી અને પચાવી શકે નહીં તેટલા પ્રશ્નો તે ન્યાય ગ્રામજનોને સંતોષી શકે નહી. તે પણ સમજી શકાય તેવું છે.

બ્રિટીશ પદ્ધતિનો ન્યાય સર્વદા એક પક્ષ સાચો અને બીજો પક્ષ ખોટો તેમ ઠરાવતો હોય છે. જયારે ન્યાય પંચાયત જેવી સંસ્થા હોય તો બન્ને પક્ષો વચ્ચે સમાધાનને વધુ અવકાશ રહે છે. ગુજરાતની લોકશાહી વિકેન્દ્રીકરણ (શ્રી પરીખ) સમિતિએ (અહેવાલના ફકરા ૩.૩૩) માં યથાર્થ જ કહયું છે કે,

"ન્યાય અદાલત અને ન્યાય પંચાયતમાં પાયાનો ફરક છે. ન્યાય અદાલતે બન્ને પક્ષકારોને, એના સાક્ષીઓને કે વકીલોને સાંભળી અદાલત પાસે રજુ થતી માહિતી અને પુરાવાઓને આધારે ઈન્સાફ આપવાનો રહે છે. પક્ષકારો પોતાના પક્ષમાં ન્યાય મેળવવાની દ્રષ્ટિએ શકિત હોય કે ન હોય પણ ખર્ચ કરીને ખુવાર થતાં હોય છે. અદાલતનો ચુકાદો એક પક્ષની તરફેણમાં

અને બીજાપક્ષની વિરૂદ્ધમાં હોવાનો જ, આને પરિણામે બન્ને પક્ષોનું સમાધાન થતું નથી. બલ્કે કોઈ કોઈ કિસ્સાઓમાં પક્ષકારો વચ્ચે વધુ કડવાશ અને કયારેક વેરઝેર પેદા થતાં અને પોષાતાં રહે છે. ન્યાય પંચાયતને કેવળ સાંભળેલી કે રજૂ થયેલી માહિતી ઉપરજ આધાર રાખવાનો હોતો નથી. પરંતુ ઝઘડાના ગુણદોષની વિગતો અને સ્થાનિક માહિતીને કારણે ઝઘડાનું યોગ્ય સમાધાન કરવાની એને વધુ અનુકૂળતા હોય છે. કેવળ ચુકાદો આપવોએ ન્યાય પંચાયતનું મહત્વનું કાર્ય નથી પણ બન્ને પક્ષકારો વચ્ચે શકય હોય ત્યાં સુધી સમાધાન સાધવું એમાં એની ખરી વિશિષ્ટતા રહેલી છે."

વધુમાં ન્યાય પંચાયત ગ્રામજનોને શિક્ષણ આપતું ઉતમ માધ્યમ છે. તેમ પણ સૌ સ્વીકારે છે. આનાથી ગ્રામજનોમાં એક જાગૃતિ અને જાણકારી પેદા થાય તેનું મૂલ્ય ઓછું અંકાવું જોઈએ નહી.

## ૫.૩ સ્થગિત ન્યાય પંચાયતો

ગ્રામ વિસ્તારોમાં દરેક ગ્રામ પંચાયત દીઠ અલગ ન્યાય પંચાયત સ્થાપવાની જોગવાઈ સને ૧૯૩૩ના પંચાયત કાયદામાં હતી, પરંતુ તેમાં ફેરફાર કરી ૧૯૫૮ના મુંબઈના પંચાયતો અંગેના કાયદામાં એકથી વધુ ગામોના જુથ માટે ન્યાય પંચાયત સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી હતી. સને ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમમાં પણ ન્યાય પંચાયતો અંગે લગભગ તેવીજ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ તેમાં મુખ્ય તફાવત એ છે, કે નગર પંચાયતના વિસ્તારમાં જુદી સ્વતંત્ર ન્યાય પંચાયત સ્થાપવાની જોગવાઈ છે, જયારે ગ્રામ પંચાયતો માટે પાંચથી ઓછી નહી. તેવા ગ્રામ પંચાયતોના જુથ માટે ન્યાય પંચાયત સ્થાપવાની જોગવાઈ છે. આ ઉપરાંત ગ્રામ પંચાયત તરફથી ચૂંટાયેલ એક, અને બને પક્ષકારો

તરફથી એકે એક નિયુકત થાય એવા ત્રણ સભ્યોવાળા સમાધાન પંચની પણ જોગવાઈ કરવામાં આવે છે. ન્યાય પંચાયતો સમક્ષ આવનાર બધા દાવા કે કેસો અનિવાર્ય રીતે પ્રથમ સમાધાન પંચ સમક્ષ રજૂ થાય તેવી પણ જોગવાઈ થયેલ છે. [૨]

રાજયમાં મોટા ભાગની ન્યાય પંચાયતો અને સમાધાન પંચોની સ્થાપના થઈ ગયેલ હોવા છતાં સને ૧૯૬૮–૬૯ના વર્ષ દરમ્યાન ગાંધીનગર, વલસાડ, ભાવનગર, સુરત, કચ્છ અને અમરેલી જિલ્લાઓમાં એક પણ કેસનો કે દાવાનો નિકાલ થયો નથી, જયારે અન્ય જિલ્લાઓમાં નહિવત કિસ્સાઓનો નિકાલ થયેલ છે. દા.ત. ભરૂચ જિલ્લમાં ૧ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૪ જુનાગઢ જિલ્લામાં ૧૦ અને બનાસકાંઠા જિલ્લામાં ૨૩ કેસોનો નિકાલ થયેલ છે.

રાજયમાંની ૨,૧૩૧ ન્યાય પંચાયતોમાંથી માત્ર ૧૮૮ ન્યાય પંચાયતોએ સને ૧૯૬૮–૬૯ ના વર્ષમાં ૧,૧૬૨ બાબતોનો નિકાલ કરેલ, જયારે ૧૯૬૯–૭૦ ના વર્ષ દરમ્યાન ફકત ૬૯૬ બાબતોનો નિકાલ કરેલ હતો. આમ ન્યાય પંચાયતો મહદંશે નિષ્ક્રિય રહેલ છે. તે સ્પષ્ટપણે ફલિત થાય છે. વિધાનસભાની અંદાજ સમિતિ સમક્ષ પણ આ બાબતની ચર્ચા થઈ હતી. ત્યારે નીચેના કારણસર ન્યાય પંચાયતો સફળ થતી નથી તેમ સરકારશ્રી અંદાજ સમિતિના ઘ્યાન ઉપર લાવવામાં આવેલ.

(૧) આ નવી પદ્ધતિઓનો ગ્રામ જીવનમાં પ્રથમ પ્રવેશ.

(૨) આવી ન્યાય પંચાયતોના હોદેદારો / કર્મચારીઓ માટે નવી ન્યાયિક ફરજો માટેના અગાઉના અનુભવનો અભાવ.

(૩) લોકોમાં આ નવી પદ્ધતિનો ઉપયોગ કરવાના ઉત્સાહનો અભાવ.

(૪) સમાધાન પંચ કક્ષાએ કેટલાક દાવા ઝઘડાઓનો થતો ઉકેલ.

તદુપરાંત કેટલાક જિલ્લા વિકાસ અધિકારીઓએ પણ ન્યાય પંચાયતો / સમાધાનપંચો સક્રિય રીતે કામ ન કરતી હોવા બદલ નીચેના કારણો આપ્યા છેઃ

(૧) મોટા ભાગના લોકો પછાત હોઈ અને મોટા ભાગે કોગ્નીઝેબલ ગુના બનતા હોઈ ન્યાય પંચાયતના કાર્યક્ષેત્રમાં કેસો થતા નથી.

(૨) ન્યાય પંચાયતોના કાર્યક્ષેત્રોના કેસો ન્યાયની અદાલતો પાસે જાય છે. અને અદાલતો તરફથી પક્ષકારોને ન્યાય પંચાયત સમક્ષ રજૂ કરવા માટે સૂચનાઓ આપવામાં આવતી નથી.

(૩) પાંચ ગ્રામ પંચાયતોમાંથી ચૂંટાયેલ પંચોની ન્યાય પંચાયત બનતી હોવાથી, ન્યાય પંચાયતોની સભા માટે આટલા સભ્યો રસપૂર્વક મળે તેવી સંભાવના ઓછી જણાય છે.

(૪) પૂરતા શિક્ષણ અને આવડતના અભાવને કારણે પંચો આવી જવાબદારી લેતા નથી.

(૫) ન્યાય પંચાયતો માટે જુદા કલાર્ક ન હોવાથી પણ કામ વ્યવસ્થિત ગોઠવી શકાતું નથી.

પ્રર્વતમાન ન્યાય પંચાયતોની સંસ્થા કાર્યશીલ ન બની શકી હોય તે અંગે ઉપર દર્શાવેલ કારણોમાં થોડું ઘણું તથ્ય સમાયેલ છે. તેમ સમિતિ માને છે. પરંતુ ઉપર દર્શાવેલ કારણો સિવાય અન્ય મહત્વના કારણો પણ જવાબદાર હોવાનું સમિતિ માને છે. પ્રથમ તો ન્યાય પંચાયત ઉપર લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મૂકવાની અત્યારની પ્રથા છે. તેમાં કાયદાનું સામાન્ય જ્ઞાન ધરાવનાર કોઈ સભ્ય સામાન્યત : હોતા નથી તે છે. ન્યાયનું કામ કરી શકે તેવી કોઠાસુઝ અથવા હૈયા

ઉકલતવાળી વ્યકિતઓ ન્યાય પંચાયતના સભ્ય સ્થાને આવે પરંતુ તેમાંના એકપણને કાયદાના સિદ્ધાંતો અને પ્રબંધોની જાણકારી ન હોય તેવા સંજોગોમાં ન્યાય પંચાયત આગળ યોગ્ય કાર્યવાહી કરી ન શકે તેમ સમિતિનો અભિપ્રાય થાય છે.

પ્રર્વતમાન ન્યાય પંચાયતો પણ વધુ કિસ્સાઓમાં અસરકારક બનાવી શકાઈ હોય. પરંતુ તે અંગે જે તે કક્ષાએ યોગ્ય દિશામાં સક્રિય કાર્યવાહી કે પ્રયાસો થયા હોય તેમ સમિતિને જણાતુ નથી. પરિણામે ન્યાય પંચાયત જાણે હસ્તી ધરાવતી નથી. તેવી છાપ સમગ્ર રાજયમાં ઊભી થવા પામી છે.

શ્રી ડાહ્યાભાઈ નાયકના અધ્યક્ષપદ ન ીચે નિમવામાં આવેલ પંચાયતની રાજ મૂલ્યાંકન સમિતિએ તેના અહેવાલમાં ન્યાય પંચાયતોની સંસ્થાને લોક સ્વિીકૃતિમળી નથી તેવું તારણ કાઢયું છે. ન્યાય પંચાયતોની રચનામાં અથવા તેને સોપાંયેલ કાર્યક્ષેત્રમાં ફેરફાર કરવાથી પરિસ્થિતિમાં કઈ સુધારો થશે નહી. તેમ પણ મૂલ્યાંકન સમિતિએ તેના અહેવાલમાં જણાવેલ છે. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રીના અધ્યક્ષપદે નિમાયેલ ધારાકિય સહાય સમિતિ ના જણાવ્યા પ્રમાણે પ્રવૃર્તમાન જોગવાઈઓ પ્રમાણેની ન્યાય પંચાયતો ગરીબ માણસોને ન્યાય આપવા માટે નીચેના કારણોસર સફળ થઈ શકે તેમ નથી.

(૧) આપણો ગ્રામ સમાજ કોમવાદ અને રૂઢિચુસ્તબળો પર રચાયેલ સમાજ છે, જેમાંથી ચૂંટાયેલ સભ્યો સમાનતાના ધોરણે પછાતવર્ગના લોકોને ન્યાય આપી શકે નહી.

(૨) ગામડાઓમાં જૂથો અને વિખવાદો હોવાથી ચૂંટાયેલી ન્યાય પંચાયતો દ્વારા નિષ્પક્ષ ન્યાય મળી શકે નહીં.

(૩) ન્યાય પંચાયતોના સભ્યોનું કાયદા અંગેનું અજ્ઞાન ગરીબ લોકોને માટે ન્યાય મળે તેવી મદદરૂપ કાયદાની જોગવાઈઓ શોધી કાંઢવા માટે સહાયભૂત થાય નહીં.

(૪) ન્યાય પંચાયત પર ચૂંટાયેલ સભ્યો ગામના પ્રતિનિધિ પ્રતિષ્ઠિત અથવા વગ ધરાવતા, પક્ષકારોને નાખુશ કરવા તૈયાર હોતા નથી.

## ૫.૪ ધારાકિય સહાય સમિતિની ભલામણ

ન્યાય પંચાયતો આર્થિક રીતે પછાત વર્ગોને ન્યાય અંગે સહાય આપવા ખાસ ફાળો આપી શકે તેમ નથી. તેવું તારણ કાઢી ધારાકિય સહાય સમિતિને ન્યાય પંચાયતોની બાબતમાં અત્યારના ધોરણ મુજબ ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા ન્યાય પંચાયતની રચના થાય તેની વિરૂદ્ધમાં ન્યાય પંચાયતોની રચના નીચેના ધોરણે કરવા સૂચન કરેલ છે.

(૧) ન્યાય પંચાયત ઉપર ત્રણ સભ્યો રહે, જેમાંના એક કાયદાના જાણકાર હોય, જે તાલુકાની સર્વે ન્યાય પંચાયતોના અધ્યક્ષ તરીકેની કામગીરી બજાવે.

(૨) ન્યાય પંચાયતના અધ્યક્ષને પંચાયત ન્યાયધીશ તરીકે પદ આપવું દરેક તાલુકા દીઠ એક પંચાયત ન્યાયધીશ હોય, જે તાલુકાની બધી ન્યાય પંચાયતોના અધ્યક્ષની કામગીરી સંભાળે. પંચાયત ન્યાયધીશને રાજય સરકાર નકકી કરે તે મહેનતાણુ આપવું.

(૩) રાજય સરકાર પંચાયત ન્યાયધીશોની એક કેડર ઊભી કરે, અને તેમાંથી તાલુકાના પંચાયત ન્યાયાધીશની નિમણૂંક કરે. આ જો શકય ન લાગે તો પછી વકીલાત કરતાં વકીલ અથવા નિવૃત દિવાની ન્યાયધીશને પંચાયત ન્યાયધીશ તરીકે નિમવામાં આવે.

(૪) ન્યાય પંચાયત પરના બાકીના સભ્યો માટે કલેકટરે ન્યાય પંચાયતના સભ્ય તરીકે કામગીરી કરી શકે તેવા શખ્સોની પેનલ રચવી, જેમાં સમૂહ માં સમાવેશ થયેલા પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી એક પંચ હોય અને બેથી ઓછા નહીં તેવા ગ્રામજનોમાંથી કલેકટર પસંદ કરેલ વ્યકિતઓ હોય, ન્યાય પંચાયતની પેનલ ઉપર શકય હોય ત્યાં સુધી ૧ અનુસુચિત જાતિના સભ્યને પણ લેવા અને જયાં અનુસુચિત જનજનતિની સારી એવી વસ્તી હોય ત્યાં પેનલ ઉપર તેમનામાંના કોઈને લેવા, ન્યાય પંચાયતોની પેનલ ઉપર ભણેલા તથા તટસ્થ શખ્સો નિમાય તે માટે પણ ખાસ કાળજી રાખવી જોઈએ. ન્યાય પંચાયત સમક્ષ આવેલા દાવા અંગે કે, જેઓ સંબંધકર્તા ગામના ન હોય અને ઝઘડાને સંબંધિત બન્ને પક્ષકારો સાથે કોઈ રીતે સંબંધિત ન હોય એવા પેનલ ઉપરના બે સદસ્યોને પસંદ કરવાનો પંચાયત ન્યાયધીશોને અધિકાર આપવો જોઈએ.

## ૫.૫ વિધવિધ વિકલ્પો

હાલની સમાધાન પંચ અને ન્યાય પંચાયતની જોગવાઈઓના સંદર્ભમાં નીચે પ્રમાણે વિધવિધ વિકલ્પો વિચારણા માંગી લે છે.

(૧) ન્યાય પંચાયત અને સમાધાન પંચને હાલના સ્વરૂપમાં વિધવિધ ઉપાયો વિચારી સક્રિય અને અસરકારક બનાવવા.

(૨) જયાં ન્યાય પંચાયત સક્રિય ન હોય ત્યાં નિયત થયેલ અધિકારીનું તેવું પ્રમાણપત્ર મલ્યે દિવાની અને ફોજદારી અદાલતોનું કાર્યક્ષેત્ર ખુલ્લું રાખવું.

(૩) ન્યાય પંચાયતને હાલ જે કાર્યક્ષેત્ર સુપ્રત કરવામાં આવ્યું છે. તેમાં (અ) ખાનગી પક્ષકારો વચ્ચેના દાવાઓ ચલાવવાના થાય છે. તેમજ (બ) રાજય અને પંચાયત સામેના ગુનાઓ, દાવાઓ અને મુકદમાઓ ચલાવવાના થાય છે. આ પૈકી ઉપર (બ) માં દર્શાવેલા પ્રકારની બાબતો ન્યાય પંચાયતના કાર્યક્ષેત્રમાંથી પરત ખેંચી લઈ ન્યાય અદાલતોને સુપ્રત કરવાનું વિચારવું.

(૪) દરેક ગામ માટે અગાઉની જેમ સ્વતંત્ર ન્યાય પંચાયતની રચના સ્વીકારવી.

(૫) સમાધાન પંચની સંસ્થા હાલની જોગવાઈઓ પ્રમાણે ચાલુ રાખવી સમાધાનપંચ નિવાડો ન આણી શકે તેવા દાવાઓ અને મુકદમાઓ ન્યાયી અદાલત સંભાળે તેવી વ્યવસ્થા ગોઠવવી. આ વ્યવસ્થામાં ન્યાય પંચાયતની નાબૂદી કરવાની થાય.

(૬) સમાધન પંચ અને ન્યાય પંચાયતની સંસ્થાઓ સદંતર નાબૂદ કરવી

(૭) ધારાકિય સહાય સમિતિએ સૂચવ્યા પ્રમાણેની ન્યાય એટલે કે ત્રણ સભ્યોની બનેલી ન્યાય પંચાયત રચવી,જેમાંથી એક

તાલુકા માટેના પંચાયતી ન્યાયધીશ અને કલેકટરે રચેલી પેનલમાંથી ઉકત ન્યાયધીશ પસંદ કરે તેવા ચૂંટાયેલ પંચ અને અન્ય ગ્રામજન બે અન્ય સદસ્યો તરીકે હોય.

(૮) ધારાકિય સહાય સમિતિએ સૂચવ્યા પ્રમાણે તાલુકા કક્ષાના પંચાયતી ન્યાયધીશ દરેક ગ્રામ/નગર ન્યાય પંચાયતના અધ્યક્ષ બને, પરંતુ આવી દરેક ન્યાય પંચાયતના અન્ય બે સભ્યો ચૂંટાયેલા હોય, એટલે કે ધારાકિય સહાય સમિતિએ સૂચવ્યા પ્રમાણે નિયુકિતને બદલે ચૂંટણીથી પસંદ કરવામાં આવેલ હોય. ન્યાય પંચાયતની આવી રચના સાથે સમાધાન પંચની જોગવાઈ ચાલુ રાખી શકાય અથવા વિકલ્પે રદ કરી શકાય.

૫.૬ યોગ્ય ઉકેલ

આ પ્રશ્નનો કાળજીપૂર્વક અભ્યાસ અને વિચાર કરતાં સમિતિ ને જણાયું છે કે, ન્યાયની રૂઢિગત અદાલતથી જુદા પ્રકારની ઘર આંગણે ન્યાય આપી શકે તેવી ગ્રામીણ ન્યાય સંસ્થાની આવશ્યકતા અને ઉપયોગીતા છે જે, સમિતિ એવા નિર્ણય પર પણ આવી છે કે, તદન્ ગ્રામ કક્ષાએ ચૂંટાયેલ ન્યાય પંચાયતનું તંત્ર ક્રિયાશીલ અને અસરકારક બની શકશે નહીં સમિતિ એટલા અંશે ધારાકિય સહાયએ કરેલ અવલોકનો સાથે સમંત થાય છે.

આ સંદર્ભમાં ઉપરના ક્રમાંક ૧ થી ૪ ના વિકલ્પો વિશેષ વિચારણા ને પાત્ર નથી. તેમ સમિતિને જણાય છે. વિકલ્પ ૫ અને ૬ ન્યાય પંચાયતની સંસ્થા નાબૂદ કરવાને લગતાં છે. જેનો પણ સ્વીકાર થઈ શકે એમ નથી.

આ સંદર્ભમાં સમિતિએ ૭ અને ૮ પૈકી કોઈ વિકલ્પ વિચારવાનો રહે છે. ધારાકિય સહાય સમિતિએ સૂચવ્યા પ્રમાણેનો ન્યાય પંચાયતનો ઢાંચો અમેએ કારણે સ્વીકારી શકતા નથી કે તેમાં કલેકટર દ્વારા પેનલની નિયુકિત થી રચના કરવાનું તત્વ સમાયેલું છે. અમારા મત પ્રમાણે ન્યાય પંચાયતના કાયમી ન્યાયાધીશ નિયુકત હોય તેટલું પર્યાપ્ત છે. બાકીના સભ્યોમાં ચૂંટણી નું તત્વ અવશ્ય રહેવું જોઈએ અને તો જ ન્યાય પંચાયતો લોકપ્રિય અને લોકસ્વીકૃત બની શકે તેવો સમિતિનો અભિપ્રાય છે. આ કારણસર અમે ન્યાય પંચાયતના કાયમી અધ્યક્ષ તાલુકા કક્ષાના પંચાયતી ન્યાયધીશ બને તેવી ધારાકિય સહાય સમિતિની ભલામણ સાથે સંમત થઈએ છીએ. પરંતુ તે ન્યાય પંચાયતના અન્ય સભ્યો માટે નીચે પ્રમાણે દરખાસ્ત સુચવીએ છીએ. [૫]

(૧) દરેક ગ્રામ / નગર માટે અલગ ન્યાય પંચાયતની રચના કરવામાં આવે જેના અધ્યક્ષપદે તાલુકા કક્ષાના પંચાયતી ન્યાયાધીશ બેસે અને પ્રજાકીય સભ્યો તરીકે એવા તાલુકા પંચાયતે ચૂંટેલા પ્રતિનિધિ અને બીજા સંબંધકર્તા ગ્રામ અથવા નગર પંચાયતે ચૂંટેલા પ્રતિનિધિ બેસે.

(૨) દરેક તાલુકા પંચાયત ઓછામાં ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પાંચ સભ્યોની એક પેનલ ચૂંટી કાઢે. ૬૦,૦૦૦ સુધી વસ્તી ધરાવતા તાલુકા માટે આવી સંખ્યા ત્રણ ૬૦,૦૦૦ થી વધુ પરંતુ એક લાખ સુધી વસ્તી ધરાવતા તાલુકા માટે આવી સંખ્યા અને એક લાખ પર વસ્તી ધરાવનાર તાલુકા માટે આવી સંખ્યા પાંચની રાખવામાં આવે.

(૩) દરેક ગ્રામ પંચાયત પોતાના ગામના મતદારોમાંથી ન્યાય પંચાયતના કામમાં ઉપયોગી થઈ શકે એવા ઓછામાં ઓછા ત્રણ સભ્યો અને વધુ માં વધુ પાંચ સભ્યોની પસંદગી કરે ૨,૦૦૦ સુધીની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત ત્રણ, ૨,૦૦૦ થી વધુ અને ૫,૦૦૦ સુધી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત ચાર,અને ૫,૦૦૦ ઉપર વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત પ્રતિનિધિઓની પસંદગી કરે તેવીજ રીતે દરેક નગર પંચાયત પાંચ પ્રતિનિધિઓને પસંદગી કરે.

(૪) તાલુકા ક ક્ષાની તથા ગ્રામ/નગર કક્ષાની પેનલ ઉપર જે પ્રતિનિધિઓ ની પસંદગી કરવામાં આવે તેમાં ઓછામાં ઓછા એક અનુસૂચિત જાતિ અથવા આદિજાતિ તે બે પૈકી જેની વસ્તી સંબંધકર્તા વિસ્તારમાં વધુ હોય તે જાતિના હોવા જોઈએ.

(૫) તાલુકા અને ગ્રામ/નગર કક્ષાની ઉપરોક્ત પેનલમાંથી પંચાયતી ન્યાયધીશ સુનવણી માટે સામાન્ય સભ્યોની ક્રમવારના ધોરણે પસંદગી કરે.

(૬) તાલુકાની પેનલ ઉપર પસંદગી પામનાર પ્રતિનિધિ તાલુકા પંચાયત વિસ્તારની મતદાર યાદીમાં સમાવિષ્ટ લાયકાત ધરાવનાર વ્યકિત હોવી જોઈએ. અને તેમની શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી મેટ્રીક અથવા તેની સમકક્ષ હોવી જોઈએ. ગ્રામ/નગર પંચાયતની પેનલ ઉપર પસંદગી પામનાર પ્રતિનિધિ ઓછામાં ઓછુ લખી વાંચી શકે તેટલી લાયકાત ધરાવતા ગ્રામ અથવા નગરના મતદારો પૈકી હોવા જોઈએ.[૬]

કાયમી પંચાયતી ન્યાયધીશોનો રાજય કક્ષાએ એક સંવર્ગ રાખવામાં આવે સમગ્ર રાજય માટે વ્યવસ્થા કરવા માટે દરેક તાલુકા વિસ્તાર દીઠ એક બે

હિસાબે રાજય સરકાર તરફથી પંચાયત ન્યાયધીશોનો એક સ્વતંત્ર સંવર્ગ નિર્માણ કરવામાં આવે. આ સંવર્ગની ભરતી માટેના જુદા જુદા વિકલ્પો સમિતિ એ વિચાર્યા છે. નિવૃત ન્યાયધીશોને આ જગ્યાએ નિમણૂંક આપવા માટે સમિતિ તરફેણ કરતી નથી કારણકે, સૂચિત ન્યાય પંચાયત ફરતી અદાલત તરીકે કાર્ય બજાવનાર હોઈ ઉમર લાયક અધિકારીઓ માટે અનુકૂળ થશે નહી તેમજ આવી વ્યકિતઓ કદાચ પ્રજાકિય ન્યાયની પ્રથામાં બંધબેસતી પણ થઈ શકે નહી. ન્યાય તંત્રના કે મહેસૂલી તંત્રના કે ચાલુ અધિકારીઓ પણ ન્યાય પંચાયત સાથે સાંકળવાનું ઈષ્ટ જણાતું નથી કારણકે, ન્યાય પંચાયતો જેવી ગ્રામ વિસ્તારની ન્યાય સંસ્થા માટે તેવો અનુભવ પ્રાપ્ત કરેલા ન્યાયધીશ તે તંત્ર ઉપર લાંબો સમય સેવા આપે તે સમિતિને જરૂર જણાય છે. સમિતિના આ કાર્ય માટે યોગ્ય રૂચિ, વલણો અને ભાવના ધરાવતા યુવાન ન્યાયધીશો અલગ સંવર્ગ રચવાની તરફેણ કરે છે. ઓછામાં ઓછો પાંચ વર્ષનો વકીલાતનો અનુભવ ધરાવનાર કાયદાના સ્નાતકોમાંથી યોગ્ય અધિકારીઓની પસંદગી અને ભરતી કરવાનું કાર્ય વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી સાથે સલાહ મસલતથી રાજય સરકાર કરે તેવો પ્રબંધ કરવાનું સમિતિને ઉચિત જણાય છે. આવા ન્યાયધીશનું સ્થાન અને પગાર ધોરણ રાજયના વર્ગ–રના અધિકારીઓની સમકક્ષ રાખવામાં આવે તેવી સમિતિની ભલામણ છે. આમાં કાયદાના પ્રથમ વર્ગના સ્નાતક માટે ત્રણ વર્ષના વકીલાતના અનુભવ સુધીની છૂટછાટ મૂકવી જોઈએ. પંચાયતી ન્યાયધીશને બઢતીની યોગ્ય તકો મળી રહે તેટલા માટે યોગ્ય જોગવાઈ કરવામાં આવે તે જરૂરી છે. આ ભરતી માટે પસંદ થયેલ ઉમેદવાર કાયદાના જાણકાર હશે. કાર્ય પદ્ધતિના જાણકાર હશે પણ ન્યાય પંચાયતના ઉદેશો અને દ્રષ્ટિથી મોટા

ભાગે અપરિચિત હશે. તેથી તેવા અધિકારીઓની ભરતીબાદ તુરતજ વડી અદાલતના સરકારશ્રી એને યોગ્ય તાલીમ અને દ્રષ્ટિ કોણ આપવા માટે ઓપ વર્ગ ચલાવવાનો પ્રબંધ કરવા પણ સમિતિની ભલામણ છે.

તાલુકાની ન્યાય પંચાયતોને તાલુકા કક્ષાએ સ્વતંત્ર કાર્યાલય, મહેકમ અને સ્વતંત્ર વાહન સહિત અન્ય સુવિધાઓ મળવી જોઈએ. પંચાયતી ન્યાયાધીશ તાલુકા પંચાયતના ભાગરૂપ નહીં પરંતુ તેનાથી સંપૂર્ણતા : સ્વતંત્ર અને પર છે. તેવી સ્પષ્ટ જોગવાઈ થવી જોઈએ. ન્યાય પંચાયતની આગવી અસ્મિતા અને પ્રતિભા ઉભી થાય તોજ ન્યાયની તટસ્થતા વિષે ગ્રામ સમાજમાં વિશ્વાસ બંધાશે અને વધશે તેમ સમિતિ માને છે. ન્યાય પંચાયતને જનતા અદાલતનું નામા ભિમાન આપવા સમિતિની ખાસ ભલામણ છે. પંચાયતી ન્યાયધીશના કાર્ય અને વર્તૂણક અંગે ખાનગી અહેવાલો જિલ્લા ન્યાયાધીશ (ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ) લખે તેવો પ્રબંધ કરવાનું જરૂરી જણાય છે.

તાલુકાના કુલ ગામોની સંખ્યા, અંતર, વસ્તી, ઇત્યાદિ, ધ્યાનમાં લઈને, અનુકૂળ એવા જૂથો નિર્માણ કરવામાં આવે. આ જુથના મુખ્ય ગામે ન્યાય પંચાયતની બેઠક મળે અને જુથમાં આવી જતા ગામોની ફરીયાદનો ત્યાં ઉકેલ કરવામાં આવે પરંતુ પંચાયતી ન્યાયધીશને જરૂર જણાય તો જુથના મથકને બદલે કોઈપણ ગામમાં પણ ન્યાય પંચાયતની બેઠક યોજી શકાય.

ન્યાય પંચાયતની સુનવણી વખતે બેન્ચ ઉપરના ચૂંટાયેલ એક અથવા બન્ને સભ્યો ગેરહાજર હોય તો પણ અદાલતની કાર્યવાહી આગળ ચલાવી શકાય તેવો પ્રબંધ કરવામાં આવે. માત્ર કાયમી અધ્યક્ષની હાજરી અનિવાર્ય ગણાવી જોઈએ.

સૂચિત ન્યાય પંચાયતનું ખર્ચ રાજય સરકાર અંદાજપત્રમાં અન્ય ન્યાય અદાલતોનાં ખર્ચ માટે જે રીતની જોગવાઈ કરી ભોગવે છે તેજ રીતે ભોગવે ન્યાય પંચાયત તરફથી જે દંડ કરવામાં આવે તે તમામ આવક પણ સરકારી હેડે જમા થાય તેવો પ્રબંધ કરવામાં આવે.

ગ્રામ અને નગર ન્યાય પંચાયતની કાર્યરીતિ અને કાર્યવાહી માટે હાલ જે પ્રબંધો છે. તે સૂચિત ન્યાય પંચાયતો માટે સામાન્યત : ચાલુ રહે. વકીલો ઉપસ્થિત ન હોઈ શકે, કાયદાની વિગતવાર પ્રક્રિયાઓ લાગુ ન પડે અને ગ્રામ સમાજને અનુકૂળ ત્વરિત અને અવિધિસર ધોરણે ન્યાય પંચાયતની કાર્યવાહી આગળ વધીય શકે તેટલા માટે આ સૂચન કરવામાં આવ્યુ છે.

ન્યાય પંચાયતની પદ્ધતિ અદાલતો જેવી વિધિસરની બની જાય તે માટે ધારકિય સહાય (શ્રી સમિતિનો) હેવાલના ફકરા ૧૩.૧૯ માં નીચેના શબ્દોમાં કરેલ અવલોકનો સાથે સમિતિ સંમત છે. ૭

** " ન્યાય પંચાયતની કાર્યપધ્ધતિને લાગે વળગે છે ત્યાં સુધી તેને દિવાની કાર્યવાહીને કાયદો અથવા ફોજદારી કાર્યવાહીનો કાયદો અથવા ભારતીય પૂરાવા અધિનિયમ લાગુ પાડવો જોઈએ નહી ન્યાય પંચાયતને, તેને લગતા સંબંધિત કાયદા દ્વારા નિયત થયેલ તેની પોતાની કાર્યપધ્ધતિ હોવી જોઈએ. આ કાર્યપધ્ધતિ સરળ અને ગૂંચવણ વિનાની હોવી જોઈએ અને ટેકનિકલ બાબતો અથવા જટિલતાને કારણે અસ્પષ્ટ બનવી ન જોઈએ.....ન્યાય પંચાયત દ્વારા હાથ ધરાતી તપાસની પધ્ધતિ વિરોધાત્મક નહી પરંતુ પૃચ્છાત્મક હોવી જોઈએ. ન્યાય પંચાયત સત્ય શોધી કાઢવા માટે પોતાને જરૂરી લાગે તેવા બધાં પગલાં લઈ શકે અને આ તપાસમાં તેની સત્તા પર કાર્યવાહીને લગતું કોઈ બંધન હોવું જોઈએ નહી. "

## ૫.૭ ન્યાય પંચાયતનું કાર્યક્ષેત્રે

ન્યાય પંચાયતનું ક્ષેત્રાધિકાર અબાધિત (Exclusive Jurisdiction) રાખવા વિષેની તથા તેના નિર્ણયો ઉપર ફકત જિલ્લા અદાલતને ફેરતપાસ અરજી થઈ શકે તેવી હાલની જોગવાઈ ચાલુ રાખવા સમિતિની ભલામણ છે.

સૂચિત ન્યાય પંચાયતને હાલની ગ્રામ / નગર ન્યાય પંચાયતના પ્રમાણમાં ન્યાયને ક્ષેત્રાધિકાર અને વ્યાપ વધારી વધુ અધિકારો અને સત્તાઓ સોંપવા માટે વિચારવું જોઈએ જયારે ન્યાય પંચાયત ઉપર કાયદાના જાણકાર અને કાળજીપૂર્વક પસંદ કરવામાં આવેલ એવા ન્યાયધીશની નિમણૂંક કરવાનું સૂચન છે. ત્યારે પંચાયતનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં કોઈ જોખમ રહેતું નથી. સમિતિની આખરી કલ્પના સૂચિત ન્યાય પંચાયતને તાલુકા કક્ષાને અદાલતના હાલના સર્વે અધિકારો અને કાર્યક્ષેત્ર સુપ્રત કરવાની છે. પરંતુ આ નવી વ્યવસ્થા સુદ્રઢ બને ત્યાં સુધી પ્રારંભના તબ્બકેકે હાલની ન્યાય પંચાયતને સુપ્રત થયેલ કાર્યક્ષેત્ર સૂચિત ન્યાય પંચાયત માટે સુયોગ્ય રીતે વિસ્તારવાની સમિતિ તરફેણ કરે છે.

હાલ જે કાયદાઓની કલમો હેઠળના દાવાઓ અને મુકદમાંઓ ન્યાય પંચાયતને સોંપાવામાં આવ્યાં છે. તેમાં સત્તા કે મર્યાદા વધારવા તેમજ અન્ય કલમો માટેના દાવાઓ અને મુકદ ળમાઓ નીચેની વિગતે સૂચિત ન્યાય પંચાયતને સોંપવાની સમિતિ ભલામણ કરે છે.

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળના અધિકારો.

(ક) ન્યાય પંચાયતના હાલના અધિકાર ો ઉપરાંત નીચે મુજબ વધારે અધિકારો આપવામાં આવે.

(૧) ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૨૭ (૧) માં જણાવેલ દવાઓની નાણાકીય મર્યાદા રૂા. ૧૦૦ સુધીની છે. તે વધારીને રૂા. ૧,૦૦૦ કરવી.

(૨) કલમ ૨૨૭ (૨) માં બન્ને પક્ષોની લેખિત સંમતિથી દાવાઓની મર્યાદા રૂા. ૨૫૦ છે તે વધારીને રૂા. ૨,૦૦૦ કરવી.

(૩) કલમ ૨૨૭ (૩) અન્વયે રાજ્ય સરકાર રૂા.૨૫૦ સુધીની મર્યાદા કરી શકે છે. તે વધારીને રૂા.૨,૦૦૦ કરવી.

(૪) કલમ ૨૨૯ (ફ) અન્વયે રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેવા કોઈપણ કાયદા હેઠળનાં સમાધાન પાત્ર ગુન્હા (Compoundable Offence) ન્યાય પંચાયત ચલાવી શકે છે. તેની વિગતો તપાસી જુદા જુદા કાયદા હેઠળનાં આ પ્રકાર ના આવા ગુન્હાઓની સરકાર તરફથી રાજ્યપત્રમાં આવશ્યક જાહેરનામાંઓ પ્રસિધ્ધ કરે અને તે રીતે આ ક્ષેત્રને વિશાળ બનાવે તેવું સૂચન છે.

(૫) કલમ ૨૨૯ હેઠળ ન્યાય પંચાયતોને સંપ્રત થયેલ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૭૯ અને ૪૨૬ના ગુન્હા માટે હાલની નાણાકીય મર્યાદા રૂા.૨૦ (વીસ) છે તે રૂા. ૨૫૦ કરવામાં આવે.

(૬) કલમ ૨૩૨ અન્વયે વધુમાં વધુ દંડની મર્યાદા રૂા.૧૦૦ અથવા સુપ્રત થયેલ અધિકારોવાળા કાયદાઓથી નકકી થયેલ મર્યાદા બેમાંથી જે ઓછું હોય તેટલી રાખવામાં આવે.

(૭) કલમ ૨૩૩ હેઠળ રાજય સરકારના દંડની રકમ વધારવાના અધિકારો હાલ રૂા.૧૦૦ છે તે વધારી રૂા. ૨૫૦ કરવામાં આવે.

(૮) કલમ ૨૩૫ અન્વયે ખોટી ફરીયાદ અંગે વળતરની હાલની મર્યાદા રૂા.૫ છે. તે વધારીને રૂા. ૫૦ સુધી લઈ જવામાં આવે.

(૯) કલમ ૩૨૪ (૪) (અ) અન્વયે પેટા નિયમ (Bye-Law) ના ભંગ માટે હાલ રૂા.૫૦ સુધી દંડની જોગવાઈ છે. તે વધારીને રૂા.૨૫૦ કરવામાં આવે.

(ખ) ગુજરાત પંચાયત અધિનિયમની નીચેની કલમોના વિશેષ અધિકારો સૂચિત ન્યાય પંચાયતને સોંપવા ભલામણ છે.

(૨) તદુપરાંત નીચે દર્શાવેલ વિગતે અન્ય કાયદાઓની યોગ્ય કલમો હેઠળની હકૂમત અને સત્તાએ પણ તાલુકા ન્યાય પંચાયતને આપવાનું રાખવું જોઈએ.

| ક્રમાંક | કલમ | બાબત |
|---|---|---|
| ૧. | ૩૭ (૧) | ના પરંતુક વળતર નકિકી કરવાના લવાદાના તમામ અધિકારો |
| ૨. | ૯૩ (૨) | મકાન બંધકામની નામંજૂરીના ગ્રામ–ન ગર પંચાયતના હુકમ સામે અપિલના અધિકારો. |
| ૩. | ૧૦૧ | પંચાયત અને ખાનગી વ્યકિત વચ્ચેના જમીનની માલીકી હકક બાબતમાં તકરાર અંગે તપાસ અને નિકાલના અધિકારો. |
| ૪. | ૧૭૮ | ગ્રામ નગર પંચાયતની કર ફીની આકારણી સંબંધી અપીલો. |

(ક) જમીન મહેસૂલના કાયદાની નીચેની કલમો અન્વયેના અધિકારો સૂચિત ન્યાય પંચાયતને સુપ્રત કરવાની ભલામણ છે.

| ક્રમાંક | કલમ | બાબત |
|---|---|---|
| ૧. | ૩૭ | જમીનની માલકી હકકની બાબતમાં વિધિસરની તપાસ અને નિર્ણય |
| ૨. | ૧૧૯ | ખેતરો ની શેઢા તકરારોનો નિકાલ. |
| ૩. | ૧૨૫ | હદ નિશાનોને ઈજા કે નુકશાન પહોંચાડવા બદલ દંડ |
| ૪. | ૧૩૫–લ | ની હકકપત્રની એન્ટ્રીઓ સંબંધી અપીલ. પેટા કલમ (૨) |

(ખ) મામલતદાર્સ કોર્ટ એકટ હેઠળના મામલતદારના તમામ અધિકારો સૂચિત ન્યાય પંચાયતોને સુપ્રત કરવામાં આવે.

(ગ) ગણોતધારા અને ખેતીની જમીનની ટોચ મર્યાદા અંગેના ધારાઓ હેઠળના અધિકારો આપવાનું વિચારી શકાય.

## ૫.૮ સમાધાન પંચ

સમાધાન પંચની પધ્ધતિ કે, જે સિધ્ધાંતમાં શ્રેષ્ઠ છે અને કેટલાક સ્થળે વાસ્તવમાં ઉપયોગી જણાઈ છે. તેને ચાલું રાખવા અંગે સમિતિએ કાળજીપૂર્વક વિચારણા કરી છે. સમાધાનની પધ્ધતિ ગ્રામ વિસ્તાર માટે અત્યંત ઉપયોગી છે. તેવું ધારાકિય સહાય સમિતિએ તેના અહેવાલના પેરેગ્રાફ ૧૩.૧૮ માં નીચેના શબ્દોમાં કરેલું વિધાન સમિતિને યથાર્થ જણાય છે.

** "નાના ગૌણ કેસોમાં થોડાક કલાકની અંદર વિવાદનો નિવાડો લાવવાનું ન્યાય પંચાયત માટે શકય ન બનવાનું કોઈ કારણ નથી. પરંતુ ન્યાય પંચાયતે શકય હોય ત્યાં સુધી પક્ષકારો વચ્ચે

સમાધાન કરાવવાનો પ્રયાસ કરવો અને સમાધાન માટેના પ્રયત્નો નિષ્ફળ જાય તોજ વિવાદનો ન્યાયની રાહે ચૂકાદો આપવો એવી એક સલાહ ન્યાય પંચાયતે કાળજીપૂર્વક ધ્યાનમાં રાખવી ઘટે. ન્યાય પંચાયત પતાવટના કાર્યમાં જરૂરી જણાય તો સમાજની અમુક પ્રતિષ્ઠિત વ્યકિતઓનો સહયોગ મેળવી શકે અને એ હેતું માટે ટૂંકી મુદત પાડવાનું જરૂરી હોય તો ન્યાય પંચાયતે તેમ કરતાં અચકાવું જોઈએ નહી. ગ્રામીણ વિસ્તારમાં વિવાદ અને ઝઘડાઓના ઉકેલ માટે સમાધાનની પધ્ધતિ અને પક્રિયા અત્યંત ઉપયોગી અને આવશ્યક હોવા છતાં પ્રર્વતમાન સમાધાન પંચની સંસ્થા યથાર્થરૂપે અપનાવી લેવાનું સમિતિને દુષ્કર જણાય છે. ત્યારે ગામડાઓમાં આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ દબાયેલા વર્ગને સમજાવી, પટાવી અથવા દબાવી સમાધાન સાધી લેવામાં આવતું હોય છે. આવા સંયોગોમાં સમાધાન પંચ જયાં સુધી કોઈ બાબત કે પ્રશ્નોનો નિકાલ કરે ત્યાં સુધી ન્યાય પંચાયત સમક્ષદાવો કે ફરીયાદ રજૂ થઈ શકતાં નથી તેવી પરિસ્થિતિ સુખદ જણાતી નથી. આ અંગે ઊંડાણપૂર્વકની વિચારણાને અંતે સમિતિ એવા નિર્ણય ઉપર આવી છે. કે દરેક ગ્રામ અથવા નગર પંચાયત દીઠ સમાધાન પંચની રચના હાલની જોગવાઈઓ પ્રમાણે કરવામાં આવે પરંતુ તેવા સમાધાન પંચનો ઉપયોગ ન્યાય પંચાયત સમાધાન કરાવવા માટે કરી શકે તેવો પ્રબંધ થાય. સમાધાન પંચને સુપ્રત કરવામાં આવે તેટલીજ બાબતો માં તેના તરફથી સમાધાનના પ્રયાસો કરવામાં આવે તેવી જોગવાઈ આ પ્રશ્ન નો સુખદ ઉકેલ જણાય છે." [૮]

# પ્રકરણ–૫– સંદર્ભસૂચિ


૧. "ગ્રામ રચના" – સંવંત – ૨૦૩૦ આવૃતિ ત્રીજી ઈ.સ ૧૯૬૬ પ્રકાશક – ત્રિભુવનદાસ ઠકકર. સસ્તું સાહિત્ય મુદ્રણાલય અમદાવાદ પેઈજ નં ૯ થી ૧૨

૨. "પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ "પ્રકાશક સરકારી મધ્યસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર ભાગ–૧, ૩૦મી સપ્ટેમ્બર–૧૯૭૨ પેઈજ નં ૨૨૧ થી ૨૩૧

૩. "પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ" પ્રકાશક પંચાયત અને આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર ૧૯૭૨ ગાંધીનગર ભાગ–૨ ૧૯૭૨ પેઈજ નં ૨ થી ૪

૪. "પંચાયત પરીચય" –સંપાદક–બિપિનચંદ્ર વૈષ્ણવ પ્રથમ આવૃતિ સપ્ટે. ૧૯૯૫ પ્રકાશક જયેશ પી શાહ. નવર્સજન પબ્લિકેશન. અમદાવાદ પેઈજ નં–૧૧૦ અને ૧૧૧

૫. "પંચાયતી રાજ" વર્ષ–૩૨ એક ૦૪ જુલાઈ ૨૦૦૩ પ્રકાશક–ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ – ગાંધીનગર પેઈજ નં–૧ અને ૨

૬. "ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ "ફેબ્રુ–૧૯૯૧ પ્રકાશક ગુજરાત રાજય કાનુની સહાય અને સલાહ બોર્ડ હાઈ કોર્ટ કંમ્પાઉન્ડ અમદાવાદ પેઈજ નં – ૧૬

૭. "ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ" પ્રશ્નોતરી માર્ચ – ૧૯૯૯ પ્રકાશન – ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ અમદાવાદ પેઈજ નં ૫ થી ૭

૮. "ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ" કાનુની શિક્ષણ શિબિર પ્રવચનો ફેબ્રુ– ૧૯૯૩ પ્રકાશક – ગુજરાત રાજય કાનુની સહાય અને સલાહ બોર્ડ અમદાવાદ પેઈજ નં ૩ થી ૮

# પ્રકરણ ૬

# અમલવારી માટેનું તંત્ર / માંળખું.

૬.૧ પંચાયતી રાજયના વહીવટી તંત્ર નો નકશો.

૬.૨ પંચાયતી રાજય વહીવટી તંત્ર, (એક ઝાંખી)

૬.૩ પંચાયતી રાજ વહીવટ તંત્રમાં પ્રવર્તતી ક્ષતીઓ, ત્રુટિઓ

૬.૪ પ્રોફેસર મેહકી નું મંતવ્ય

૬.૫ પંચાયતી વહીવટી તંત્ર નીચે પ્રમાણે ચોકકસ અને સ્પષ્ટ કાર્ય પધ્ધતિઓ કાયદા અને નિયમોથી અંકિત થવું જોઈએ

૬.૬ પંચાયતી રાજનાં વહીવટમાં પ્રણાલિકાઓ

૬.૭ પંચાયતી રાજ તંત્રનું મહેકમ – માળખું.

૬.૮ શુકલ સમિતિ

૬.૯ પંચાયતી રાજ આયોજન તંત્રનો ઢાંચો.

# પ્રકરણ ૯
## અમલવારી માટેનું તંત્ર / માળખું

### ૯.૧ પંચાયતી રાજ્યના વહીવટી તંત્રનો નકશો

### પંચાયતી રાજ્ય વહીવટી તંત્ર



## ૬.૨ પંચાયતી રાજ વહીવટી તંત્ર, (એક ઝાંખી).

પંચાયતી રાજનું વહીવટી તંત્ર જેટલું કાર્યદક્ષ, શિસ્ત બધ્ધ અને પધ્ધતિસરનું નથી તેવી અનેક સ્થળોએ ટીકા કરવામાં આવે છે. પંચાયતી રાજ વહીવટી તંત્રમાં કેટલીક અસ્વસ્થતાઓ પ્રવર્તે છે, તેવી પણ સંખ્યાબંધ રજુઆતો થઈ રહી છે. પંચાયતો રાજ વહીવટમાં હોદેદારો અને અધિકારીઓ ને પોતાનાં કર્તવ્યો અને કર્તવ્યક્ષેત્રો વિષે પુરતો ખ્યાલ અને સમજણ નહીં હોવાના કારણે કેટલીક વખત કાર્યોની ઉલટા સુલ્ટી બજવણી થતી હોય છે, કયારેક આવી પરિસ્થિત પારસ્પરિક અંગત સંઘર્ષો અને ખેંચતાણો તેમજ ત્રણે સ્તરો વચ્ચે વિસંવાદિતાઓમાં પણ પરિણમતી હોય છે તેમ પણ કહેવામાં આવે છે. પંચાયતી રાજના સંદર્ભમાં વિવિધ કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓમાં કેટલાંક સ્થળોએ કાર્યત્યાગની મનોદશા પ્રવર્તતી હોવાનું પણ સાંભળવામાં આવે છે. કેટલાક સ્થળે બેસૂરૂં કે અસમતોલ વહીવટી તંત્ર હોવાનું કહેવામાં આવે છે. આને પરિણામે નિર્ણયોમાં વિલંબ અને કામકાજ માં સ્થગિતાપણું પણ આવતું હોય છે. તેવી ફરિયાદ સંભળાતી હોય છે. કેટલાંક સ્થળોએ લેવાતા નિર્ણયોમાં ગુણદોષના તત્વોનો અભાવ પ્રવર્તતો હોવાનું તથા પંચાયતી રાજ વહીવટી તંત્રમાં કેટલાંક પ્રકારની અસ્વસ્થતાઓ ત્રૃટિઓ કે ક્ષતિઓ પ્રવર્તતી હોવાની માન્યતા કયાંક કયાંક અનુભવાતી હોવાનું કહેવાય છે.

કાર્યત્યાગની મનોદશા કેટલાંક સ્થળે ભિન્નભિન્ન રીતે વ્યકત થતી હોય છે તેવી રજુઆતોના તારણનું સંક્ષિપ્ત વર્ણન કરવું અત્રે આવશ્યક જણાય છે. કેટલાક કિસ્સાઓમાં અધિકારીઓમાં જેતે કક્ષાએ નિર્ણયો લેવાને બદલે માર્ગદર્શનના નામે પ્રશ્નોને ઉપલી કક્ષાએ મોકલવાનું વલણ નજરે ચઢતું હોય

છે. નિર્ણયોની પ્રક્રિયાઓમાં સંબંધકર્તા ન હોય તેઓને સાંકળવાની કેટલાક કિસ્સાઓમાં કાર્યવાહી કરતાં હોવાનું અથવા "નરોવા કુંજરોવા" જેવા દ્વિધાત્મક સલાહસૂચનો અને ભલામણો કરતા હોવાનું સંભળાય છે. કેટલાય કિસ્સાઓમાં અધિકારીઓ "હા જી હા" ની વૃતિ કેળવતા હોય અથવા ફરજ બજાવવામાંથી છટકવાની વૃતિ કેળવતા હોય એમ પણ રજુઆતો થઈ છે. કેટલાક કિસ્સાઓમાં ખોટી માંગણીઓને સંતોષવાનો સહેલો માર્ગ પસંદ કરતા હોય તો બીજા કેટલાંક ખોટાં વચનો અને પ્રલોભનો આપતા હોય અથવા મહત્વની થોડીક વ્યકિતઓને સાચવી લેવા કે રાજી રાખવા મથતા હોય એવું પણ કહેવાયું છે. કેટલાક અધિકારીઓને પંચાયતો હેઠળ કામ કરવાનું ફાવે નહિ અથવા કેટલીક વખત તેમનો નૈતિક જુસ્સો (MORAL) નબળો પડે એવું બને ત્યારે પંચાયતી રાજ પરત્વે "સંબંધ નથી" (Attitude of no concern) નું વલણ અથવા "મારે શું" (Hands off)[૯] જેવી ઉદાસીનતા કેળવે અને પંચાયતી રાજમાંથી રાજય સેવામાં પરત જવાની આવા અધિકારીઓની સામાન્યત : નજર અને વૃતિ રહે અને તેથી ખાનગીમાં અથવા અર્ધ જાહેરમાં પંચાયતી રાજની ટીકા કરી છટકબારીનો અશ્રય શોધવા કોશિશ કરતા હોય છે એમ પણ કહેવાયું છે. વળી કેટલાંક કિસ્સાઓમાં તાબાના નોકરીયાતો–હોદેદારો સાથે સીધું કામ પતાવીલે તેમાં રાજીપો દર્શાવી અધિકારીઓ કામ ટાળવાની વૃતિ કેળવતા હોવાની અથવા તાબાના નોકરીયાતો ઉપર ખાનગી રીતે રીસ ઢોળવાની મનોદશા ધરાવતા હોવાની રજુઆતો થાય છે. તથા કેટલાંક અંતીમ કિસ્સાઓમાં અધિકારીઓ, પદાધિકારીઓ સામે ખુલ્લો સંઘર્ષ જાહેર કરી સ્થાનિક જુથબંધીમાં પણ ભાગીદાર બનતા હોવાની ફરિયાદો થતી હોય છે.

બીજી બાજુએ પંચાયતોનાં પ્રજાકિય પદાધિકારીઓ અંગે એવી રજુઆતો પણ થતી હોય છે કે તેઓનાં વર્તન અને કાર્યો યથાયોગ્ય નથી પદાધિકારીઓ સામે કેટલાક કિસ્સાઓમાં વહીવટી કે નાણાંકિય જવાબદારી સ્વીકાર્યા સિવાય મૌખિક હુકમો દ્વારા વહીવટ અમુક પ્રકારે ચલાવવા ઈચ્છતા હોવાની તેમજ કેટલાક અન્ય કિસ્સાઓમાં નીચેના કર્મચારીઓને અધિકારીઓ ની જાણ બહાર સૂચનાઓ આપી ધાર્યા પ્રમાણે અમલ કરાવતાં હોવાની રજુઆતો થતી હોય છે. અધિકારીઓનાં મંતવ્યો અને દ્રષ્ટિબિન્દુંઓ સાંભળવા અને સમજવાની તૈયારી ન હોવાથી કેટલાંક પદાધિકારીઓ અધિકારીનું જાહેરમાં માનભંગ કરી મનસ્વી અને એક તરફી નિર્ણયો લાદતાં હોવાનું પણ કહેવાય છે. સરકારી અધિકારીઓની સરખામણીએ પંચાયતોના અધિકારીઓ સાથે ઉતરતું વર્તન દાખવતાં હોવાની રજુઆતો થતી હોય છે. વિકાસ અને વિસ્તરણ કાર્યક્રમોને બદલે રોજીંદા વહીવટમાં પદાધિકારીઓ વધુ રસ ધરાવે છે એવી રજુઆતો પણ થાય છે. પંચાયતી રાજ ક્ષેત્રે અધિકારીઓ ની વારંવાર બદલીઓ કરાવવાની પ્રવૃતિએ કેટલાક પદાધિકારીઓના પ્રયાસોથી વેગ પકડયો હોવાનું પણ કહેવાય છે.

સમિતિ આ તબકકે એટલું અત્યંત સ્પષ્ટરીતે જણાવવા ઈચ્છે છે કે ઉપર દર્શાવેલ પરિસ્થિતિઓ પંચાયતી રાજ વહીવટી તંત્રમાં વ્યાપક રીતે પ્રવર્તે છે તેવું વિધાન સાચું નથી. વધુમાં આવી અસ્વસ્થતાઓ, ક્ષતિઓ અને ત્રુટિઓથી સરકારી અને અન્ય વહીવટી તંત્રો સંપૂર્ણતયા મુકત છે તેમ કહી શકાય તેમ નથી. આમ છતાં પંચાયતી રાજ વહીવટી તંત્રમાં આવશ્યક સુધારાઓ થાય અને તે તંત્ર શકય તેટલું કાર્યદક્ષ, સુદ્રઢ અને અસરકારક બને

તેટલા વાસ્તે સમિતિ આ વિષયની ઉચિત છણાવટ અને સમાલોચના કરવા માગે છે. અને તેનાં નિષ્કર્ષરૂપે કેટલાક ઉપાયો અને ઉકેલો સૂચવવા ઈચ્છે છે.

જુદા જુદા સ્થળોએ પંચાયતી રાજમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે વહીવટી અસ્વસ્થતાઓ ક્ષતિઓ કે ત્રુટિઓ પ્રવર્તતી હોય છે તેના અનેકવિધ પાસાંઓ અને સંયોગોનું સમિતિએ વિશ્લેષણ કર્યું છે જેમાં આવી અસ્વસ્થ પરિસ્થિતિઓ પેદા કરતાં કેટલાંક કારણો સમિતિના ખ્યાલમાં આવ્યાં છે. સમિતિને આ માટે નીચે વર્ણવેલ સંયોગો અને કારણો જવાબદાર જણાયાં છે.

પંચાયતી રાજના પ્રારંભમાં અધિકારીઓ અને પદાધિકારીઓ માટે એક નવીન અનુભવરૂપે હતું જયારે જયારે પંચાયતો ઉપર અધિકારી પ્રથમવાર પ્રતિનિયુકત થાય છે, અથવા નવા પદાધિકારી હવાલો સંભાળે છે. ત્યારે તેઓને પણ પંચાયતી રાજ વહીવટી તંત્રના નાવીન્ય અને વૈચિ૭્યના આગવા અનુભવો થતા હોય છે તે સુવિદિત છે. શરૂઆતમાં સૌને પોતાના કર્તવ્યક્ષેત્રો અને કર્તવ્યો અંગે સ્પષ્ટ અને ચોકકસ ખ્યાલો ન આવે તે સ્વાભાવિક છે. ક્ષેત્રિય વહીવટી તંત્રમાં અધિકારીઓ માટે ચૂંટાયેલ પ્રતિનિધિઓની હેઠળ કામ કરવાનો આ પ્રથમ પરિચય અને અનુભવ છે. આઝાદી બાદ પ્રજાકીય વહીવટી તંત્ર હેઠળ કામ કરવાનો પ્રથમ અનુભવ સરકારના ઉચ્ચ અધિકારીઓ માટે પણ દુષ્કર અને કઠિન બન્યો હશે. ત્યારે જિલ્લા અને ખાસ કરીને તાલુકા કક્ષાએ અધિકારીઓ આવો પ્રથમ અનુભવ મેળવતા હોય, ત્યારે કેટલીક મૂંઝવણો અને ગ્રંથીઓ ઉભી થાય તે માનવ સહજ છે. અધિકારીઓ સ્વતંત્ર રીતે નિર્ણય લેવા ટેવાલેયા હોય તે સંદર્ભમાં પ્રજાકિય પ્રતિનિધિઓના તાબામાં કામ કરવાનું તેઓને અવનવું અને વિચિત્ર લાગે તે સહજ છે. બીજી બાજુએ પદાધિકારીઓ પણ પંચાયતી રાજ વહીવટી

તંત્રની જે તે કક્ષાની સમગ્ર જવાબદારી વહન કરે અને તંત્રને પોતાની સાથે પોતાની ઝડપે આગે કદમ કરવા અભિલાષા સેવે તે પણ સહજ છે. કેટલાક પ્રજાકિય પ્રતિનિધિઓ અગાઉના સતાધિશ અધિકારીઓની અદાથી વહીવટ ના સૂત્રો સંભાળવા તત્પર બને તે પણ સ્વાભાવિક અને સમજી શકાય તેવું છે. આમાંથી કયાંક કયાંક પરસ્પર સ્થાન અને અધિકારો વિષે દૂરાગ્રહો જન્મે અને નકારાત્મક સ્પર્ધામાં પરિણમે. ક્ષેત્રિય વહીવટી તંત્રમાં રાજકારણનો અનિવાર્ય અને વ્યવસ્થિત પ્રવેશ સૌને માટે અવનવા અનુભવો કરાવે તે સાહજિક છે. ખાસ કરીને વ્યકિતગત અધિકારી પદાધિકારી વચ્ચે ભિન્ન ભિન્ન માનસિક વલણો પ્રવર્તતા હોય ત્યાં અવિશ્વાસનું વાતાવરણ ઉભુ થાય અને અંગત સંઘર્ષે, અને ખેંચતાણો પણ ઉભી થવા પામે. છેલ્લા દશકામાં આવા અનુભવોની હારમાળાઓ દરેક સ્તરે અનુભવવામાં આવી છે તેવી રજુઆતોમાં થોડું ઘણું તથ્ય છે. અનુભવ અને સમજણના પરિણામે અપવાદરૂપ પરિસ્થિતિઓ બાદ કરતાં આવા સંઘર્ષો અને ખેંચતાણોની પરિસ્થિતિઓ સદંતર નાબુદ નહીં તો ઘટતી જાય છે તે ગુજરાતના પંચાયતી રાજ માટેનું શુભ ચિન્હ છે તેમ સમિતિ માને છે.

પંચાયતી રાજ વહીવટી તંત્ર પ્રણાલિકાગત અથવા ઢાંચાઢાળ વહીવટી તંત્રથી કેટલું જુદું અને અનોખું છે તે અંગેનો સાચો ખ્યાલ માત્ર અનુભવના અંતે જ પ્રાપ્ત કરી શકાય તેમ છે. આમ છતાં સૌ સંબંધકર્તાને ઉકત બન્ને વહીવટી તંત્રો વચ્ચે પ્રવર્તતા મૂળભૂત તફાવતોનો ખ્યાલ આવે તેટલા વાસ્તે સમિતિ બે શબ્દો લખવાનું પસંદ કરે છે. રૂઢિગત વહીવટી તંત્રે રાજયનાં લઘુતમ કાર્યો કરવાના છે. પંચાયતી રાજતંત્રે વિસ્તૃત વિકાસ ક્ષેત્રે અનેક કર્તવ્યો અદા કરવાના છે. ઢાંચાઢાળ વહીવટી તંત્ર સમાજમાં સૂલેહ અને શાંતિ

જળવાઈ રહે તેટલું જ જુએ તે પર્યાપ્ત છે. જયારે વિકાસના વહીવટી તંત્રનાં પાયામાં સામાજિક અસમતુલા પેદા કરવાના બીજ વવાઈ ચૂકેલાં હોય છે. રૂઢિ ગત વહીવટી તંત્રમાં કોઈપણ નિર્ણય લેવા માટે પશ્ચાદ ભૂમિકા સર્વદા માર્ગદર્શક બને છે. જયારે પંચાયતી રાજ વહીવટી તંત્ર એક વણખેડાયેલા સાગર જેવું છે, ત્યાં હરહંમેશ નવી પરિસ્થિતિઓ જન્મતી હોય છે. જે દરેક માટે પ્રમાણભૂત ચોકકસ માર્ગદર્શક જોગવાઈઓ સહજ પ્રાપ્ત હોતી નથી. આ નવા વહીવટી તંત્રમાં નીતિ અને વહીવટી તંત્રને દુભાજતી કાર્ય રેખાઓ સ્પષ્ટ અને સુરેખ હોતી નથી. નિયંત્રણ અને જવાબદારીઓની રેખાઓ અનેકવિધ અને અસ્પષ્ટ હોય છે. વણખેડેલ સાગરમાં આગળ શું થશે તે અંગેની ભીતી અને ગ્રંથી વહીવટી તંત્રને કેટલીક વાર જકડી રાખતી હોય છે. પરિણામે વહીવટકર્તા ઝડપથી આગળ વધે તો ભૂલ કરી બેસે છે અને સલામતીથી આગળ વધવાનું પસંદ કરે તો વહીવટ વિલંબીત કે સ્થગિત બને છે.[૧]

રૂઢિગત વહીવટી તંત્રમાં સલામતી ઉપર ભાર મૂકવામાં આવે છે. તેમજ ઉપરીના આદેશ ઉપર ઝોક મૂકવામાં આવે છે, સ્થાનિક પરિસ્થિતની લાગણીઓ અને માગણીઓ ઉપર નહીં માપી શકાય તેવી કાર્યદક્ષતા ઉપર ભાર મૂકવામાં આવે છે, લોક સ્વીકૃતિવાળી કાર્યક્ષમતા ઉપર. કેટલું કામ થાય છે તે મહત્વનું ગણાય છે, કેવી રીતે થાય છે તે તેટલું મહત્વનું નથી ગણાતું. ભૂલચૂક થાય તો તેવાની જવાબદારી મુકરર કરવા ઉપર ઝોક દેવામાં આવે છે, ભૂલચૂક સુધારવા માટે નહીં. ઢાંચાઢાળ વહીવટી તંત્રમાં લોકોને માટે કામ કરવાનું હોય તો પણ લોકોની સાથે બેસીને લોકો જુએ તેમ કામ કરવાનું નથી. સ્થાનિક સ્વરાજય સંસ્થાના વહીવટકર્તાનું કામ કેટલું દુષ્કર છે, તે સર

હેરોલ્ડના બનાવેલા "સ્થાનિક સ્વરાજય સંસ્થાના વહીવટકર્તા "નામક લેખના નીચે દર્શાવેલ શબ્દો ઉપરથી ફલિત થશે.

"આ માટે લોકમતની જાગૃરૂકતા, લોકલાગણી પ્રત્યે સંવેદનશીલતા આવશ્યક છે. જાહેર ક્ષેત્રે હાથ ધરેલી કામગીરી હંમેશા ટીકાપાત્ર બની છે. અને મદદરૂપ હોય કે ન હોય તો પણ સ્થાનીક અભિપ્રાય કાઉન્સિલમાં વ્યકત થવાનો, સંસદમાં થનાર ટીકા ટિપ્પણને લક્ષમાં અનુભવવામાં રાખીને રાજય અધિકારીએ સલાહ આપવાની હોય છે. સ્થાનિક સ્વરાજય સંસ્થાના અપવાદરૂપ અધિકારીએ તે અને તેની કાઉન્સિલ જેની સાથે રહે છે, હરેફરે છે અને જેને કારણે અસ્તિત્વ ધરાવે છે અને જેમને માટે તેને છેવટે પ્રસ્તુત સેવા ખરેખર પૂરી પાડવી પડશે તે પ્રજાને નજર સમક્ષ રાખીને, સલાહ આપવાની છે.".…

" પધ્ધતિમાં પણ એક તફાવત છે. (રાજયનાં અધિકારી અનામી રહે છે. રાજકિય વડા જવાબદાર ઠરે છે. સામે પક્ષે, કાઉન્સિલ પ્રજાને જવાબદાર હોવા છતાં લોક નજર સમક્ષ કામ કરવાનું છે) તેવા સ્થાનિક સ્વરાજય સંસ્થાના (અધિકારીએ તે અધિકાર) સૌને પરિચિત વ્યકિત હોઈ અંગત ટીકાને પાત્ર બને છે. વર્ચસ્વ ધરાવ્યા સિવાય મોખરે રહેવાની મુશ્કેલ કામગીરી એણે બજાવવાની છે."

લોકોની ઉપર કોઈ ઉપકાર કરવાનો છે તે રીતે જોવાને પરંપરાગત વહીવટકર્તા, ટેવાયેલો હોય છે, જયારે પંચાયતી રાજ વહીવટકર્તા, લોકોના હકક લોકોને પહોંચાડવા તે રીતે કામ કરે તેવી સૌની અપેક્ષા હોય છે.

ઢાંચા ઢાળ વહીવટકર્તા રાજય બંધારણ, સરકાર અને ઉપરીને વફાદાર રહી પોતાની ફરજ અદા કરે તે : તે પર્યાપ્ત છે. પંચાયતી રાજના અધિકારી

જયાં સુધી સ્થાનિક લોકશાહીમાં, લોકશકિતમાં, વિજ્ઞાન અને વિસ્તરણમાં શ્રધ્ધા અને વિશ્વાસ ન રાખે ત્યાં સુધી તે સફળ ન થઈ શકે તે નિઃશંક છે. સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાં કામ કરતા અધિકારી અને કર્મચારીમાં કાર્યક્રમો સંગઠન અને સ્થાનિક વહીવટી તંત્ર અંગે ઉડી સમજ હોવાની જરૂર છે. તેના માટે સ્થાનિક રાજ કારણના પ્રવાહો, તેનાથી અલિપ્ત રહીને, પારખવાનું જરૂરી છે. આમ પંચાયતી રાજ વહીવટીતંત્ર ભલ ભલાં અનુભવી રૂઢ વહીવટકર્તાને અવનવાં અનુભવો અને ચિત્રવિચિત્ર આબોહવાની ઝાંખી કરાવતું હોય છે.

પંચાયતી રાજ વહીવટી તંત્રનો ઢાંચો પરંપરાગત સરકારી વહીવટી તંત્ર જેટલો સરળ અને સુગમ નથી. રૂઢીગત વહીવટી તંત્રમાં વહીવટી નિયંત્રણ અને જવાબદારીની રેખાઓ સીધી, સ્પષ્ટ અને સુરેખ હોય છે. જયારે વિકાસ કાર્યક્રમ અંગેની કોઈપણ વ્યયવસ્થામાં નિયંત્રણ અને જવાબદારીની રેખાઓ અનેકવિધ સ્વરૂપો ધારણ કરતી હોય છે. રૂઢીગત વહીવટી તંત્ર, સામૂહિક વિકાસ વહીવટી તંત્ર અને પંચાયતી રાજ વહીવટી તંત્ર વચ્ચે વહીવટી અને તાંત્રિક નિયંત્રણની રેખાઓનાં વિવિધ ઢાંચા (Patterns) દર્શાવતો તુલનાત્મક નકશો પરિશિષ્ટ ૧૫ થી સામેલ રાખેલ છે. ભિન્ન ભિન્ન વહીવટી તંત્રોમાં નિયંત્રણ રેખાઓમાં મોટા તફાવતો રહેલા છે તે આ નકશા પરથી ફલિત થશે. કોઈપણ વિસ્તરણ અધિકારીનું દ્રષ્ટાંત લઈએ તો તેના ઉપર વહીવટ નિયંત્રણ સંબંધકર્તા તાલુકા વિકાસ અધિકારીનું તાંત્રિક નિયંત્રણ સંબંધકર્તા ખાતાના જિલ્લા અધિકારીનું અને નીતિવિષયક અથવા રાજકિય નિયંત્રણ તાલુકા પંચાયત પ્રમુખનું, મામલતદારના હુકમનો અમલ આવેલ કારકુન જે સરળતા, સ્પષ્ટતા સાહજિકતા અને ત્વરાથી કરે તે રીતે

તાલુકા વિકાસ અધિકારીના હુકમોનો વિસ્તરણ અધિકારી અમલ ન કરી શકે તે અંગે સૌએ સમજણ કેળવવાની છે. રૂઢીગત વહીવટી તંત્રમાં ઉપરીનો હુકમ એટલે આખરી વચન. વિકાસ અને પંચાયતી રાજ વહીવટી તંત્રમાં ઉપરી અધિકારીએ કોઈપણ બાબતમાં હુકમ કરતાં પહેલાં સ્થાનિક લોકલાગણી, પંચાયતી નીતિ, સરકારની સંબંધકર્તા ખાતાની નીતિ અને સંબંધકર્તા તાંત્રિક વહીવટી અને નાણાકીય મુદ્દાઓ તે તમામ – બાબતો લક્ષમાં રાખવાની રહે તે વિસરાવું જોઈએ નહિ.

રાજય અને પંચાયતી રાજ બંનેની અગ્રીમતાઓ વચ્ચે કેટલીકવાર મૂળભૂત તફાવતો રહેતા હોય છે. રાજય સરકારે અમુક નીતિ અને કાર્યક્રમો ઘડી તેની ખાસ અગ્રીમતાઓ નકકી કરી હોય, જયારે બીજી બાજુએ કોઈ પંચાયતોએ સ્થાનિક વિકાસ માટે ખાસ અન્ય કોઈ કાર્યક્રમો અને યોજનાઓ હાથ પર લેવાની અગ્રીમતા નકકી કરી હોય તેમ બનતું હોય છે. પરિણામે રાજય અને પંચાયત સ્તરની અગ્રીમતાઓ વચ્ચે પરસ્પર વિરૂઘ્ધ દિશામાં ખેંચાણોની પરિસ્થિતિ જન્મે અને અધિકારીઓ અને પદાધિકારીઓ પરસ્પર વિરૂઘ્ધ દિશામાં ખેંચાઈ રહે. પંચાયતના અધિકારીઓએ એક બાજુ સરકારી ખાતાના આદેશો અને સૂચનો ઘ્યાનમાં લેવાનાં રહે અને બીજી બાજુએ સ્થાનિક પદાધિકારીઓની લાગણીઓ અને માગણીઓ લક્ષમાં રાખવાની રહે. કેટલાંક સ્થળોએ એને પરિણામે પણ સંઘર્ષો અને વિસંવાદી પરિસ્થિતિઓ ઉભી થવા પામે છે. [૨]

પંચાયતના ત્રણે સ્તરો વચ્ચે પ્રવર્તમાન આંતરિક પ્રતિનિધિત્વના જોડાણોવાળી રચના ઘણા કિસ્સાઓમાં વિસંવાદી અથવા નબળો વહીવટ ઉભો કરવા જવાબદાર બનેલ છે. ઉપરની કક્ષાની પંચાયતમાં નીચેની કક્ષાના

પંચાયતના હોદેદારો સભ્યો તરીકે બેસતા હોય છે. તેવા સંયોગોમાં ઉપરની કક્ષાની પંચાયતોના પદાધિકારીઓ સભ્યોના સતત દબાણ હેઠળ રહેતા હોય તેવું બને. પરિણામે નીચેની સ્તરની પંચાયતો ઉપર ઉપલી કક્ષાની પંચાયતોનું વહીવટી તંત્ર યોગ્ય નિરીક્ષણ, નિયંત્રણ અને નિયમન રાખવા માટે આગ્રહ સેવે તો તેમાંથી કેટલીક વખત ખેંચતાણોની અને વિસંવાદની પરિસ્થિતિ પણ પેદા થતી હોય છે.

પંચાયતી રાજ અને રાજયના ક્ષેત્રે અધિકારીઓ કર્મચારીઓના જુદી જુદી જાતના સમાંતર અનુભવો એક વહીવટી સાપેક્ષવાદની ગ્રંથી (Relativity Complex) પેદા કરે છે. સરકારી તંત્રમાં અધિકારીઓને કામકાજની સ્વતંત્રતા, અનુકૂળતા અને મોકળાશ, જયારે તે અધિકારી પંચાયત ઉપર પ્રતિનિયુકિતથી આવે તો તેને કામકાજમાં જુદા પ્રકારની એટલે નિયમવાળી પરિસ્થિતિ જણાય. રાજય સરકારના કર્મચારીઓને કેટલી સુવિધાઓ અને લાભો વિશેષ પ્રમાણમાં અને વહેલા મળે, જયારે પંચાયતના કર્મચારીઓને તે ઓછા અને મોડા મળે તેવી છાપ પણ પ્રવર્તે છે. પરિણામે અધિકારીઓનું વલણ રાજયક્ષેત્રે પાછા જવાની દિશામાં રહે અને પંચાયતોના કામ પરત્વે ચિ ળ ન ચોંટે તેવું કેટલાક સંયોગોમાં બનવા પામે છે. શ્રી ઈકબાલ નારાયણે આ અંગે નીચેના શબ્દોમાં સચોટ ચિત્ર નિરૂપણ કરેલ છે.

" રાજય સેવામાં જોડાતો યુવક સ્વાભાવિક રીતે જ તે સેવા તરફ આકર્ષાય છે. વિકાસશીલ વહીવટી તંત્રની વધુ પરિશ્રમ માગી લેતી અને વિધાયક પરંતુ ઓછી સત્તાવાદી માગણીઓને અનુકૂળ થવામાં આ રાજય સેવા ધીમે ધીમે તેને એતરાયરૂપ બને છે. કારણ કે "ઘા પર મીઠું" ની જેમ

આ વિકાસશીલ વહીવટીતંત્ર વિનિયામક વહીવટી તંત્ર સાથે સહઅસ્તિત્વ ધરાવે છે.

"સરકારી વહિવટી તંત્ર અને પંચાયતી રાજ વહીવટી તંત્ર વચ્ચે બેવડાતો વહીવટ કેટલાક કિસ્સાઓમાં વિલંબ અને અનિશ્ચિતતાની પરિસ્થિતિ જન્માવતો હોય છે. ખાતાનું એક કામ બંને ક્ષેત્રોના અધિકારીઓ એ કરવાનું હોય અથવા એક કર્મચારી ઉપર બંને વહીવટી તંત્રનું નિયંત્રણ હોય તેવી પરિસ્થિતિ નિર્ણયોમાં વિલંબ પેદા કરે તે સમજી શકાય તેવું છે.

પંચાયતોની કામગીરીને રૂઢીગત માપદંડોથી તોળવનું શકય હોતું નથી. પરિણામે, પંચાયતોને આવશ્યક અધિકારીઓનું અને કર્મચારીઓનું પૂરતું સંખ્યાબળ પ્રાપ્ત બનતું નથી. અધૂરા અને અપૂરતાં મહેકમથી પણ અસંતોષકારક વહીવટની પરિસ્થિતિ જન્મતી હોય છે. [૩]

## ૬.૩ પંચાયતી રાજ વહીવટ તંત્રમાં પ્રવર્તતી ક્ષતિઓ, ત્રુટિઓ

પંચાયતી રાજ વહીવટ તંત્રમાં પ્રર્વતતી ક્ષતિઓ અને અસ્વસ્થતાઓ માટે યોગ્ય ઈલાજો સમયસર થાય તે સમિતિ આવશ્યક ગણે છે. અને તેટલા માટે ઉકેલરૂપે નીચેનાં કેટલાંક સૂચનો રજૂ થાયાં છે.

પંચાયતી રાજના પદાધિકારીઓ અને અધિકારીઓ પંચાયતી રાજનો ઉદ્દેશ, સરકારની નીતિ, કાયદો અને નિયમોના પ્રબંધો તેમજ પોતપોતાનું કાર્યક્ષેત્ર અને કાર્યો અંગે ચોકકસ અને સ્પષ્ટ સમજણ મેળવે અને કેળવે તે સમિતિને અનિવાર્ય રીતે આવશ્યક જણાય છે. પંચાયતી રાજ તંત્રના પદાધિકારીઓ અને અધિકારીઓ જેમ રાજય સરકારના ખાતાના વડાઓને પણ યોગ્ય ભૂમિકા અને સમજણ પ્રાપ્ત થાય તે આવશ્યક છે. તે તમામને માટે ઉપર દર્શાવ્યા પ્રમાણેની સમજણ કેળવાય અને યોગ્ય ખ્યાલો બંધાય તેટલા

માટે યોગ્ય તાલીમની જરૂરીયાત અનિવાર્ય છે. આ અંગે અમે આગળ ઉપર યોગ્ય ભલામણો કરી છે.

રાજય સરકારના ખાતાઓ અને વિભાગોએ જાણી લેવાની જરૂર છે કે પંચાયતી તંત્રના અધિકારીઓને અનેક મુશ્કેલી અને કઠીન પરિસ્થિતિમાં કામ કરવાનું હોય છે. તેઓની તરફ ફરજ પરના અધિકારીઓએ સહાનુભૂતિ અને સમજણ દર્શાવવાની છે, માત્ર વિધિપૂર્વકના આદેશો છોડવાના નથી. પ્રોફેસર હેન્રી મેડ્ડીકે તેમના 'લોકશાહી, વિકેન્દ્રિકરણ અને વિકાસ' નામક ગ્રંથમાં નીચેના શબ્દોમાં કરેલ અવલોકનોનું ટાંકણ કરવાનું સમિતિને આવશ્યક લાગે છે.

"ક્ષેત્ર અધિકારીઓમાં કોઈ પ્રકારની કમી ના રહે એવી અપેક્ષા રાખવામાં આવશે, તો વિકેન્દ્રીકરણ નિષ્ફળ જશે. સખત પરિશ્રમ કરતા લોકો નિષ્ઠાપૂર્વક ફરજો બજાવતાં પ્રમાણિકપણે ભૂલ કરી બેસે, તો તેમને શિક્ષા કરવી ન જોઈએ. એક જ વ્યકિતએ ઘણી બધી ભૂલો પ્રત્યે વધુ સહિષ્ણુતા દાખવવી ઘટે.

### ૫.૪ પ્રોફેસર મેડ્ડીકનું મંતવ્ય

"તાબાના કર્મચારીની આ બંધિયાર પરિસ્થિતિમાં સંશોધન, યોજનાઓ કે પ્રગતિના ધ્વનિ સંભળાતા નથી. નીતિ સમજાતી નથી, પ્રોત્સાહનનો અભાવ હોય છે અને અમલ બજવણીને હાનિ પહોંચે છે. પ્રમાણમાં સરળતાથી યોજી શકાય એવા દેખીતા ઉપાયો છે. મુખ્ય મથક ખાતે ના કર્મચારીવર્ગની વિધિસર અથવા અવિધિસર મુલાકાતો, સામાન્ય માહિતીના વિતરણ પર અને મુખ્ય મથકની બહાર નિમણૂંક કરાયેલ કર્મચારી વર્ગની મુશ્કેલીઓ સાંભળી તેમનું ખમીર ઉચું રહે તે બાબત પર ધ્યાન કેન્દ્રિત

કરતી નાની પરિષદો, લાંબી મુદતના ઓપ તાલીમ અભ્યાસક્રમો, બહારના વિસ્તારોની મુલાકાતો, આ અને બીજા ઉપાયો એકલવાયાપણાની લાગણી દૂર કરી શકે, ટેકનિકોમાં સુધારણા કરી શકે અને વિશેષે કરીને આ અધિકારીઓનું ખમીર ઉચ્ચું લાવી શકે તેમ છે. "ગુજરાત પંચાયત અધિનિયમની કલમો ૧૨૩ અને ૧૪૩ ના જુદા જુદા વિસ્તારોમાં તેમજ અધિકારીઓ અને પદાધિકારીઓ તરફથી જુદા જુદા અર્થઘટન કરવામાં આવ્યાં છે અને તેથી તે કલમોની જોગવાઈઓ વધુ સ્પષ્ટ અને ચોકકસ બનાવવાની જરૂર છે, તેમ સમિતિને જણાયું છે. પ્રમુખ અને વિકાસ અધિકારી વચ્ચેની સ્થિતિ અને સંબંધ રચનાના જુદા જુદા વિકલ્પો સમિતિએ વિચાર્યા છે.

પુખ્ત વિચારણાને અંતે સમિતિ એવા નિર્ણય ઉપર આવી છે કે જિલ્લા લોકલ બોર્ડમાં પ્રમુખને મુખ્ય વહીવટી અધિકારી તરીકે કલ્પેલી રચના પંચાયતોની હાલની વહીવટી કક્ષા અને પ્રમાણ જોતાં બંધ બેસતી થાય તેમ નથી. મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી પ્રાધિકારી મ્યુનિસિપલ કમિશ્નર છે તેના જેવું સ્થાન વિકાસ અધિકારી માટે કલ્પવું પણ તેટલું જ દુષ્કર અને અસ્વિકાર્ય છે. આ બંને અંતિમ વિકલ્પોના સ્થાને સમિતિ નીચે પ્રમાણેની સ્પષ્ટ જોગવાઈઓ કરતા મધ્યમ માર્ગને પસંદ કરે છે.

(૧) પંચાયતી રાજ સંસ્થાઓને સુપ્રત કરેલ અથવા કરવામાં આવનાર યોજનાઓ પ્રવૃતિઓ કાર્યો, સતાઓ અને અધિકારો સંબંધે અથવા પંચાયત કાયદાની સ્પષ્ટ જોગવાઈઓના આધારે, અથવા રાજય સરકારના અધિકારી તરીકે "સક્ષમ પ્રાધિકારી" તરીકે સરકાર તરફથી અથવા જિલ્લા તાલુકા પંચાયત તરફથી અથવા જિલ્લા તાલુકા

પંચાયત તરફથી જે કંઈ અધિકારો અને કાર્યો જિલ્લા/તાલુકા વિકાસ અધિકારીને સોંપવામાં આવે તે તમામ જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખ અને ત્યાર પછી જિલ્લા/તાલુકા પંચાયતને સંપૂર્ણ રીતે આધિન રહીને ભોગવવાના રહેશે, તેવી સ્પષ્ટ જોગવાઈ કરવાનું અનિવાર્ય રીતે આવશ્યક જણાય છે. સંક્ષિપ્તમાં જિલ્લા/તાલુકા પંચાયત તથા તેના પ્રમુખને જિલ્લા/તાલુકા વિકાસ અધિકારી પર સ્પષ્ટપણે નિયંત્રણના અધિકારી (Over riding powers) આપવાનું યોગ્ય અને આવશ્યક જણાય છે. અને પ્રમુખના આ અધિકારો નીતિ અથવા સિધ્ધાંત પૂરતાં જ નહીં, પરંતુ વ્યકિતગત કિસ્સાઓમાં લેખિત આદેશો આપવા સુધીના હોવા જોઈએ તે પણ સ્પષ્ટ અને સુધટિત થશે તેમજ લોકશાહીનું તત્વ સચવાશે તેમ સમિતિને જણાય છે.

(૨) જિલ્લા /તાલુકા પંચાયતના પ્રમુખને તથા સમિતિઓના અઘ્યક્ષોને પંચાયત પોતાના કાર્યો અને અધિકારો સુપ્રત કરી શકે તેવી કાયદામાં હાલ જોગવાઈ નથી. "તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, તેની સમિતિઓ અને સક્ષમ પ્રાધિકારી, તેમની સતા પ્રમુખ, ઉપ્રપ્રમુખ, સભાપતિ કે અન્ય કોઈ પણ અધિકારીને આપી શકે તેવી જોગવાઈ કરવા. " શ્રી જાદવજી મોદી સમિતિએ સ્પષ્ટ ભલામણ કરી હતી, તે અમે વિચારણામાં લીધી છે. આ પ્રશ્ન અંગે પુખ્ત વિચારણાને અંતે સમિતિને એમ જણાય છે કે જિલ્લા/તાલુકા પંચાયતના એવા અનેક કાર્યો અને કર્તવ્યો છે કે જેમાં પદાધિકારી સ્વયં નિર્ણય કરે તે ઈચ્છનીય છે. અત્યારે સમિતિની કે સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ નિર્ણયો લેવાય છે, તેમાં ઓડિટ વાંધાઓ ઉ ભા થતા હોય છે. આ

સંદર્ભમાં ઉપરોકત પદાધિકારીઓને પોતાની કોઈપણ સતાઓ અને ફરજો પંચાયતો સુપ્રત કરી શકે તેવી કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવાનું અમને અનિવાર્ય રીતે આવશ્યક જણાય છે.

(૩) જિલ્લા વિકાસ અધિકારીને અર્ધનૈયાયિક બાબતોમાં જે અધિકારો સુપ્રત કરવામાં આવ્યા હોય તેવી બાબતોમાં પ્રમુખ કે પંચાયત વ્યકિતગત કિસ્સાઓમાં કોઈ સૂચના કે માર્ગદર્શન આપી શકે નહીં, તેવો સ્પષ્ટ પ્રબંધ થવો જોઈએ, કારણકે આવા કિસ્સાઓમાં નિર્ણય કરનાર અધિકારીના સ્વવિવેક ઉપર કોઈપણ અસર પડે તે ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ લેખવામાં આવે છે. આવી પરિસ્થિતિ નિવારવા જરૂર લાગે ત્યારે વિકાસ અધિકારીના આવા અધિકારો પંચાયત પોતાની કારોબારી સમિતિ હસ્તક રાખે અથવા પ્રમુખને સુપ્રત કરે તેવો વિકલ્પ રાખી શકાય.

(૪) રાજય સરકાર કોઈ પ્રવૃતિ, યોજના કે કર્ત વ્યો પંચાયતી રાજ સંસ્થાને સુપ્રત નહી કરતાં જિલ્લા/તાલુકા વિકાસ અધિકારીને સુપ્રત કરવાનું ઠરાવે તેવા કિસ્સાઓમાં પંચાયત અથવા પ્રમુખને વચ્ચે પડવાના કોઈ અધિકાર નથી તેવી પણ સ્પષ્ટ જોગવાઈ થવી જોઈએ દા.ત.જમીનના હકક અંગેની એન્ટ્રી મંજૂર કરવાના અધિકારો પંચાયતોને સુપ્રત ન કરતા પંચાયત હેઠળના અધિકારીને સરકારના નિયંત્રણ હેઠળ સ્વતંત્ર રીતે સીધા સુપ્રત કરવામાં આવે તો તે અંગે પંચાયત અથવા પ્રમુખને આદેશો કે સૂચનો આપવાના કોઈ અધિકાર ન રહે તેવી સ્પષ્ટ જોગવાઈ થવી જોઈએ. [૪]

## ૬. ૫ પંચાયતી વહીવટી તંત્ર નીચે પ્રમાણે ચોકકસ અને સ્પષ્ટ કાર્ય પધ્ધતિઓ કાયદા અને નિયમોથી અંકિત થવુ જોઈએ.

(૧) અધિકારીઓનાં તથા પદાધિકારીઓનાં કર્તવ્ય ક્ષેત્રો સ્પષ્ટ રીતે મુકરર થવાં જોઈએ અધિકારીઓનું પ્રથમ કાર્ય સાચી સલાહ આપવાનું છે અને પછીનું કાર્ય સ્થાનિક સંસ્થા નકકી કરે તે નિર્ણય મુજબ અમલ કરવાનું છે. પદાધિકારીઓએ આખરી નિર્ણય લેવાનું જવાબદારી સ્વિકારવી જોઈએ.

(૨) પદાધિકારીઓએ અધિકારીઓને મૌખિક આદેશો ન આપતાં લેખિત રીતે આદેશો આપવાની પોતાની જવાબદારી સ્વિકારવી જોઈએ. અને આખરી આદેશો આપતા પહેલાં અધિકારીઓ લેખિત સલાહસૂચનો આપે તે ઘ્યાનમાં લેવાં જોઈએ. ટેકનીકલ અધિકારીઓ સાથે મસલત કરવાનું ચૂકાય નહીં તેની કાળજી રાખવી જોઈએ અને તેઓનો લેખિત અભિપ્રાય દફતર ઉપર અચૂક જાળવવો જોઈએ.

(૩) પંચાયતનો આખરી નિર્ણય ગમે તે પ્રકારનો હોય, અધિકારી અથવા કર્મચારીની જવાબદારી તેણે પંચાયતને સાચી સમજણ અને સલાહ આપી હતી કે નહીં તેના પર અવલંબશે તે સ્પષ્ટ થવું જોઈએ. સાથો સાથ સંબંધકર્તા અધિકારીએ પોતાની સલાહ ત્વરાથી આપવી જોઈએ.

(૪) પંચાયતોના અધિકારીઓ તરફથી આપવામાં આવતા આદેશો અને હુકમો જે તે કક્ષાની પંચાયત અથવા સમિતિએ લીધેલ નિર્ણયોને અનુરૂપ હોવા જોઈએ. આવા લેખિત અથવા મૌખિક આદેશો કરવામાં આવે તે સર્વેથી સંબંધકર્તા પદાધિકારીઓને માહિતગાર રાખવા જોઈએ.

## ૬. ૬ પંચાયતી રાજનાં વહીવટમાં પ્રણાલિકાઓ

પંચાયતી રાજના વહીવટમાં પ્રણાલિકાઓ પ્રાણરૂપ છે, અને તેનું આગવું મહત્વ છે તેમ સમિતિ માને છે અને નીચે પ્રમાણે કેટલીક પ્રણાલિકાઓ સુદઢ કરવા ખાસ ભલામણ કરે છે.

(૧) સૌ કોઈએ યાદ રાખવું જોઈએ કે પંચાયતીરાજ વહીવટ તંત્રમાં હોદો કે સ્થાન તે મહત્વની ચીજ નથી પરંતુ સૌ કોઈને ફાળે સુપ્રત થયેલ કાર્ય બજવણી જ મહત્વની ચીજ છે. આનો અર્થ એ નહીં કે પરસ્પર આદરની ભાવના ઓછી થવી જોઈએ, બલ્કે, આ ભાવના વધુ દ્રઢ થાય તો જ કામ વધુ સારી રીતે થઈ શકે.

(૨) સામા માણસનું દ્રષ્ટિબિન્દુ પણ સાચું હોઈ શકે અને તેને વિવેક સર અને આદરપૂર્વક તપાસવું જોઈએ તેવો અભિગમ સહુએ કેળવવાની જરૂર છે. સામા પક્ષની કોઈપણ દરખાસ્તને સંક્ષિપ્ત રીતે નકારી કાઢવાનું વલણ હોય તો તે નિર્મુળ થવું જોઈએ. જયાં જયાં કાયદા કે નિયમોનો બાધ અવરોધરૂપ થતો હોય ત્યાં તેમાં સુયોગ્ય અને વાસ્તવિક ફેરફારો કરાવવા ઝંખના સેવવી જોઈએ. હાથ જોડી બેસી રહેવાથી વારંવાર ઉપસ્થિત થતી પરિસ્થિતિ નિવારી શકાતી નથી.

(૩) કાયદાની કોઈપણ કલમને માત્ર અધિકારની દ્રષ્ટિએ જ મૂલવવી ન જોઈએ. પરંતુ તેનો અર્થ એવો નથી કે સામી વ્યકિતનો અધિકાર ન પહોંચતો હોય છતાં એ કોઈ ગેરકાયદેસર અથવા અનુચિત કૃત્ય કરવા માટેની માંગણી અથવા દરખાસ્ત સ્વિકારવી. કાયદા અન્વયે અમૂક અધિકાર મારો જ છે અને અન્યનો નથી તેવું વલણ કેળવવાની ચેષ્ટા પંચાયતી રાજ તંત્રના હિતમાં નથી, તેટલુંજ નહી પરંતુ તેવા જડ વલણ અને માનસને કારણે તેવી

વ્યકિતઓને પોતાને પણ શોષવું પડતું હોય છે તેની પ્રતીતિ સૌને થાય તે ઈષ્ટ છે.

(૪) પંચાયતી રાજ વહીવટી તંત્રમાં કાર્ય પ્રણાલી અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. કેટલીક બાબતોમાં પંચાયતી રાજ સંસ્થાઓના પ્રમુખ હોદેદારો અને અધિકારીઓ વચ્ચે કોઈપણ બાબતમાં મહત્વના નિર્ણયો લેવા માટે રોજીંદી કાર્ય પધ્ધતિ ધડી કાઢતી તંદુરસ્ત પ્રણાલિકાઓ ઉદભવે તેવું વાતાવરણ સર્જે તેવું હિતકાર છે.

(૫) વહીવટી આચાર સંહિતાનું ધડતર પણ તંદુરસ્ત પ્રણાલિકાઓ જેટલું જ મહત્વનું છે. બલ્કે તેના એક ભાગરૂપ છે તેમ ગણી શકાય ઉચ્ચ કક્ષાના પદાધિકારીઓ કેટલાંક ખોટાં દબાણોને સંભાળી લે અને તેનો અણસાર પણ અધિકારી સમૂહને આવવા ન દે તેવો આચાર વ્યવહાર સ્થાપાવો જોઈએ. તેજ રીતે જેનાં કામ જે કરે તેવી સ્પષ્ટ પરિસ્થિતિનો પણ પરસ્પર સ્વીકાર થવો જોઈએ. અધિકારીઓ પણ દરેક રજૂઆતો કે સૂચનાના તરરૂપે પરના આદેશો કે સૂચનોમાં ફેરફાર કરવા માટે પણ યોગ્ય રજૂઆત કરવાની દષ્ટિ કેળવે તે જરૂરી છે.

(૬) વિચાર વિનિમય પંચાયતી રાજ તંત્રનું એક આગવું લક્ષણ છે. પરસ્પરના દ્રષ્ટિ બિન્દુંઓ સમજવા માટે પદાધિકારીઓ પરસ્પર અને અંદરો અંદર એક બીજાના જેટલા વધુ ગાઢ સંપર્કમાં રહે તેટલા અંશે પરસ્પર સમજણ વધે. આમ છતાં વિચાર વિનિમયનો અર્થ એવો નથી થતો કે સિધ્ધાંત ની કે પાયાની વસ્તુઓમાં બાંધછોડ કરવી.

(૭) પંચાયતી રાજ વહીવટી તંત્ર તે કોઈપણ એક વ્યકિતના પુરૂષાર્થ અથવા કાર્યનો પરિપાક નથી પરંતુ તે વહીવટી તંત્રની અંદર સંઘબળ અથવા

સમૂહ કાર્ય પ્રબળ હોય છે, અથવા હોવું જોઈએ. રૂઢીગત વહીવટી તંત્રમાં ૫રનો હુકમ માનીને નીચેનો અધિકારી અથવા કર્મચારી આગળ કામ કરે છે. જયારે પંચાયતી રાજ વહીવટી તંત્રમાં. ૫ર અને તાબેદારની તંત્ર વ્યવસ્થા કરતાં કોઈપણ એક કક્ષાએ સમાન કક્ષાના હોદેદારો અધિકારીઓની તંત્ર વ્યવસ્થા વિશેષ પ્રર્વતમાન હોય છે. તેજ રીતે ખાતાકિય વલણો અથવા માનસ પંચાયતી રાજ વ્યવસ્થામાં વિચિત્ર જણાશે, તેથી તેવા વલણો કે માનસનો ત્યાગ કરવો જ રહયો.

(૮) પંચાયતી રાજ વહીવટી તંત્રમાં અધિકારીઓની બેવડી ફરજ હોય છે. પ્રથમ સાચા સલાહકાર તરીકે ૫દાધિકારીઓને સલાહ આપવી અને તેની ઉ૫ર ત્યારબાદ નિર્ણય થાય ત્યારે નિર્ણયનો અમલ કરવો. આવો નિર્ણય ગેરકાયદેસર હોય તો તેનો અમલ થઈ શકતો નથી તેવી રજુઆત સંબંધકર્તા અધિકારી અવશ્ય કરી શકે છે અને તે અંગે ઉ૫રી અધિકારીનું માર્ગદર્શન ૫ણ જરૂર માગી શકે છે. અલબત આવી રજૂઆત વિવેક પૂર્વક સરની વિન્રમ હોવી જોઈએ તે નિઃશંક છે. ૫રંતુ કોઈપણ વહીવટી બાબતોમાં આવો નિર્ણય ઉચિત નથી અથવા વ્યવહારૂ નથી તેવું કારણ દર્શાવી તેનો અમલ કરવામાં રૂકાવટ કરી શકાય નહી.

(૯) અધિકારી કોઈપણ જિલ્લા / તાલુકા પંચાયતમાં પ્રતિનિયુક્તિથી જાય ત્યારે પ્રથમ તે પંચાયતમાં પ્રર્વતમાન પ્રણાલિકાઓ, કાર્ય૫ઘ્ધતિઓ અને અધિકારીની સુપ્રતિ અંગે સુમાહિતગાર થાય તે આવશ્યક જણાય છે. આથી શરૂઆતથીજ ઉભી થતી કેટલીક ગેરસમજણો દૂર થવા પામશે.

(૧૦) પંચાયતના અધિકારીઓ કોઈપણ મુદા અંગે ઉ૫લી કક્ષાએ કોઈ માર્ગદર્શન કે અર્થઘટન માગે કે નીતિ વિષયક આદેશો મેળવવા ઈચ્છે તેવા

પ્રસંગે સંબંધકર્તા પંચાયતના પદાધિકારીને સુમાહિતગાર રાખે તે ઈચ્છનીય અને આવશ્યક છે.

પંચાયત સેવાના કર્મચારીઓને ઓછું ના લાગવું જોઈએ કે તેને સરકારી કર્મચારીઓની સરખામણીમાં ઓછી સગવડો અને સુવિધાઓ મળે છે. પંચાયત સેવાને નોકરીની અને બઢતીની સમાન શરતો અને સરકારી કર્મચારીઓને નોકરીના જે લાભો અને સુવિધાઓ મળે તે પંચાયત સેવાના કર્મચારીઓને આપો આપ જે તે વખતે જ લાગુ પડે તેવો વૈધનિક પ્રબંધ કરવા સમિતિ સૂચવે છે. પંચાયત સેવાનો નૈતિક જુસ્સો ઊંચો આવે તેટલા માટે આ પ્રકરણમાં આગળ. પર યોગ્ય ભલામણો કરી છે. [૫]

સરકારી વિભાગો અને ખાતાઓ પણ શકય તેટલા નિયમોનો અને બંધનો હળવાં કરવાની દિશામાં વિચારે તે જરૂરી છે. તે પંચાયતી રાજ વહીવટી તંત્રમાં નિયમનો અને બંધનોના અકારણ ખેંચાણો કેટલીક અનિચ્છનીય વિસંવાદિત અને સંઘર્ષોની પરિસ્થિતિ જન્માવતાં હોય છે. સાથો સાથ પંચાયતી રાજ વહીવટી તંત્રમાં નિરીક્ષણ, માર્ગદર્શન અને સૂચનો તે નિયંત્રણ, આદેશ નિયમન કરતાં વધુ મહત્વનો ભાગ ભજવે છે તે વિસરાવું જોઈએ નહી. જેટલા પ્રમાણમાં દેખાતી નજર અને માર્ગદર્શન તેટલા પ્રમાણમાં પંચાયતી રાજ તંત્ર કાર્યદક્ષ બને તે સિધ્ધાંતનો સ્વીકાર થાય તે આવશ્યક જણાય છે. કોઈ પંચાયતે સરકારી નીતિ વિરૂધ્ધ કોઈ ઠરાવ કે નિર્ણય કર્યો હોય તો તેવા નિર્ણય અથવા ઠરાવના અમલને તત્કાળ દાબી દેવો કે મોકૂફ કરવો તે સાચી દિશાનો ઉકેલ અથવા દીર્ઘકાલીન ઉપાય નથી. આવી પરિસ્થિતિમાં શકય તેટલા ઉચ્ચ અધિકારી સ્થાનિકે મુલાકાત લઈ પરિસ્થિતિ સમજી તંગ વાતાવરણ નિર્મૂળ કરવા અને સાચો ઉકેલ વિચારવા અને

અમલમાં મૂકવા પ્રયાસો કરે તેજ ઈષ્ટ ઉકેલ છે. અધિકારી પ્રાધિકારી વચ્ચે મનદુ:ખની પરિસ્થિતિ ઉદભવે કે તરતજ સંબંધકર્તા ઉચ્ચ અધિકારી રસ લઈ તેવી ફરિયાદનો સત્વરે યોગ્ય ઉકેલ કાઢવા પ્રયાસ કરે તો ઉચિત પરિણામો લાવી શકાશે.

ત્રણ સ્તરોની પંચાયતની આંતરીક જોડાણો વાળી રચનાને બદલે દરેક સ્તરે લોકો સીધી ચૂંટણીથી પંચાયતોની રચના કરે તેવો અમે સૂચવેલ ફેરફાર આ દિશામાં ઘણો જ ઉપયોગી અને અસરકારક નીવડશે તેવી અપેક્ષા છે. તેજ રીતે બેવડાતો વહીવટ નિવારવા સમિતિએ પ્રકરણ–૬ માં કરેલ ભલામણો પણ વહીવટી વિલંબ અને દ્વિધા દૂર કરવામાં મદદરૂપ થશે તેમ સમિતિ માને છે. તેજ રીતે પંચાયતોના હોદેદારો સામે યોગ્ય કિસ્સાઓમાં પગલાં લેવાની કાર્યવાહી કરવાના ક્ષેત્રમાંથી પંચાયતોના અધિકારીઓને મુકત કરી આવી બાબતો સ્વત:ટ્રીબ્યુનલને સુપ્રત કરવાનું અમે અન્યત્ર સુચવેલ છે તે સંદર્ભમાં પણ પદાધિકારીઓ વચ્ચેના સંબંધોમાં ઉદભવતાં સંઘર્ષ સ્થાનો ઓછા થશે તેમ અમે માનીએ છીએ.

પંચાયતોમાં પ્રતિનિયુકિતથી આવેલા અધિકારીઓ યોગ્ય અનુભવ અને માનસિક વલણો ધરાવતા હોય તો પંચાયતોનો વહીવટ અધિકાંક્ષ સારો ચાલે અને સુધરે તેમ સમિતિ માને છે. આ અંગે સમિતિએ આગળ ઉપર યોગ્ય ભલામણો કરી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને ખાતાના વડાઓ વચ્ચેની સમજણ અને સંધાન વધે એટલા વાસ્તે રાજય કક્ષાએ રાજય પંચાયત કાઉન્સિલના ઉપક્રમે વ્યકિતગત અને સંયુકત બેઠકો યોજવાની પધ્ધતિ અમલમાં મુકવા સમિતિની ખાસ ભલામણ છે.વર્ષમાં એકાદ વખત

આવા અધિકારીઓ અને પદાધિકારીઓની ત્રણ દિવસની કાર્યશિબિરો યોજવામાં આવે તો તે ઉપયોગી થશે તેમ સમિતિ માને છે.

અધિકારીઓ પદાધિકારીઓ વચ્ચેના સંબંધોમાં પ્રવર્તતા સંઘર્ષ વિસ્તારો અંગે તપાસણી, વિશ્લેષણ અને ઉકેલ અર્થે યુનિવર્સિટી અને સંશોધન કેન્દ્રો જેવી તટસ્થ સંસ્થાઓ દ્વારા સંશોધન હાથ ધરાવવામાં આવે અને તેના પરિણામે જે કંઈ કાર્યવાહી કરવાની થાય તે નિઃસંકોચ ખુલ્લા મને કરવામાં આવે તેવી સમિતિની ભલામણો છે. પંચાયતી રાજ વહીવટીતંત્રમાં નિયંત્રણની રેખાઓ થોડી ઘણી અસ્પષ્ટ રહે તે સમજી શકાય તેમ છે પરંતુ આવી રેખાઓ શકય તેટલી સ્પષ્ટ અને સીધી બને તેવા પ્રયત્નો થવા જોઈએ. રાજસ્થાન સરકારે નિમેલી શ્રી સાદિકઅલી સમિતિએ યથાર્થ જ કીહયું છે કે

" વહીવટી નિયંત્રણ અંગેની હાલની જોગવાઈઓએ પણ સારા પ્રમાણમાં ગેરસમજ ઉભી કરી છે. કર્મચારીઓ પરનાં વહીવટી નિયંત્રણને લગતી કાયદાની જોગવાઈઓને અનુસરીને "પ્રધાન" (પંચાયત સમિતિના અઘ્યક્ષ) પંચાયત સમિતિ કર્મચારીઓના સાથે સીધો સંપર્ક સ્થાપવા માગે છે. વિકાસ અધિકારીને સામાન્ય રીતે આ વાત રૂચતી નથી. પ્રધાન (તાલુકા પંચાયતના પ્રમુખ) નીચેના કર્મચારીઓ ઉપરની તેની સતાઓ વિકાસ અધિકારી મારફતે જ કરે તેવી વિકાસ અધિકારી અપેક્ષા રાખે છે."

આ દિશામાં વિચારતાં સમિતિને એમ જણાય છે કે જિલ્લાં કક્ષાના તાંત્રિક અને વહીવટી અધિકારીઓને તેમની નીચેના કર્મચારીઓની નિમણૂંક અને શિક્ષા કરવાના વિશેષ અધિકારો સુપ્રત કરવા જોઈશે.

દરેક જિલ્લા/તાલુકા પંચાયતે અધિકારો, કાર્યો અને ફરજોની સુપ્રતિનો સંપૂર્ણ તખ્તો તૈયાર કરવો જોઈએ, જેથી અધિકારો અને ફરજો વિષે અકારણ અણસમજણ કે ગેરસમજણ ઉભી થવા ન પામે.

પંચાયતોને જરૂરી પૂરતું વહીવટી મહેકમ માળખું મળી રહે તે માટેની ભલામણો આ પછીના વિભાગમાં વર્ણવી છે.

## ૬.૭ પંચાયતી રાજ તંત્રનું મહેકમ–માળખું.

જિલ્લા અને તાલુકા પંચાયતોના વહીવટી માળખાના પુનરાવલોકન અને આ માળખા અંગે ભલામણો કરવા માટે સરકારશ્રીએ સને ૧૯૬૯ માં તે વખતના વિકાસ કમિશ્નર શ્રી રસિકલાલ શુકલના અધ્યક્ષપદે એક સમિતિ નિયુકત કરેલ. આ સમિતિએ પંચાયતી રાજના જુદાજુદા વિવિધ મુદાઓ તથા પાસાઓનો ઉંડો અભ્યાસ કરીને તેનો અહેવાલ ઓગસ્ટ ૧૯૭૧માં રજૂ કરેલ છે. જુદી જુદી જિલ્લા અને તાલુકા પંચાયતો તરફથી સરકારશ્રીને મળેલ દરખાસ્તો શ્રી શુકલ સમિતિની સામાન્ય ભલામણો મળે નહિ.ત્યાં સુધી વિચારવામાં આવેલ નહિ. તે પ્રમાણે ખાસ એ હેતુથી કરવામાં આવેલ કે કટકે કટકે અને છુટી છવાઈ આવેલ દરખાસ્તો ધ્યાનમાં લેવાથી પંચાયતોના વહીવટી માળખાનું સંપૂર્ણ ચિત્ર ઉપસશે નહિ.પરિણામે ઉપરોકત સમિતિનો અહેવાલ રજૂ થયો ત્યાં સુધી મહેકમ વધારાની બધી દરખાસ્તો રાખવામાં આવેલ. શ્રી મથુરાદાસ શાહના અધ્યક્ષપદે નિમાયેલ ઉચ્ચ કક્ષાની ટીમની મુલાકાત સમયે જિલ્લા પંચાયતના અધિકારીઓ અને પદાધિકારીઓ તરફથી વધારાનું મહેકમ મંજૂર કરવા ચોકકસ દરખાસ્તો રજુ કરવામાં આવેલ. આમાંની ઘણી ખરી દરખાસ્તો ગંભીરપણે વિચારવા લાયક અને સ્વીકારવા

લાયક પણ જણાયેલી. આમ છતાં શ્રી શુકલ સમિતિનો અહેવાલ મળે ત્યાં સુધી બધી જ દરખાસ્તો પડત રાખવામાં આવેલી હતી.

એ એક ખરેખર કમનસીબ જોગાનુજોગ હતો કે જયારે આ સમિતિને ખૂબજ જરૂર અને ઘણા વખત પહેલાં મંજૂર કરવાપાત્ર હતી તેવી આ પંચાયતોના મહેકમ અંગેની વધારાની દરખાસ્તો વિચારણામાં લેવામાં આવી તેજ અરસામાં વહીવટી ખર્ચમાં કાપકૂપ કરવાની નીતિનો આગ્રહપૂર્વકનો અમલ થઈ રહયો હતો. આમ છતાં આ દરખાસ્તો પાયાની અને અનિવાર્ય રીતે આવશ્યક હોઈ તે અંગે વિચારણા આગળ વધારવામાં આવી હતી દરમ્યાનમાં પંચાયતી રાજ ઉચ્ચકક્ષાની સમિતિની રચના થતાં આ દરખાસ્તોનો સર્વગ્રાહ વ્યાપ તપાસવાનું કામ આ સમિતિને સુપ્રત કરવામાં આવ્યું છે.

કોઈપણ મહેકમ વધારવા અંગેની દરખાસ્ત રજુ થાય એટલે સામાન્યતઃ કરકસરની નીતિનો સંદર્ભ આપી તેવી દરખાસ્ત બીનજરૂરી છે તેવા દ્રષ્ટિકોણથી તેને તપાસવામાં આવતી હોય છે. સમિતિ આ તબકકે પોતાનું સ્પષ્ટ દ્રષ્ટિબિંદુ વ્યકત કરવા માંગે છે. પંચાયતોના મહેકમ માળખા અંગેની દરખાસ્તો ઘણાં જ ખુલ્લાં મનથી અને વાસ્તવિક રીતે વિચારણામાં લેવાય. દર પંચવર્ષીય યોજનામાં વિકાસ પ્રવૃતિઓનો અનેક ગણો વિસ્તાર ઉતરોતર વધ્યો છે. તે વસ્તુ વિસરાવી જોઈએ નહી. પંચાયતી રાજ સંસ્થાઓ લોક સંસ્થાઓ કે અને તે સંસ્થાઓએ પ્રજાની લાગણીઓ અને માંગણીઓ વિચારણાપૂર્વક અને સહાનુભૂતિથી લક્ષમાં લેવાની છે. તે પંચાયતીરાજ વહીવટીતંત્રનું એક આગવું લક્ષણ છે. ઘર આંગણે વહીવટ સમાન પંચાયતી રાજતંત્ર પાસેથી લોકો વધુ ઝડપી નિર્ણયો અને અમલની અપેક્ષા રાખે તે

સ્વાભાવિક છે. પંચાયતીરાજ તંત્રના ચૂંટાયેલા પદાધિકારીઓ સ્થાનિક લોકલાગણી અનુસાર તંત્રને વેગથી પોતાની સાથે કદમ મિલાવી આગેકૂચ કરવા તત્પર પ્રયાસો દાખવે તે પણ સમજી શકાય તેવું છે. આ વ્યાપક સંદર્ભમાં પંચાયતીરાજનું વહીવટીતંત્ર યોગ્ય પ્રમાણમાં અને જરૂરી દિશામાં ન વિસ્તરે તો તે સ્થગિત અને નિષ્પ્રાણ બની જાય તેવો સમિતિનો ખ્યાલ છે. આ અંગેનું સચોટ દ્રષ્ટાંત જોઈએ તો નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ત્રીજી જગ્યા ભરવાની બાબત નજરે ચડે છે. પંચાયતી રાજના પ્રારંભમાં દરેક જિલ્લા પંચાયતને સરકાર તરફથી ત્રણ નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગાઓ સુપ્રત કરવામાં આવી હતી. આ ત્રણ પૈકી એક જગા સ્થગિત કરવાનું નકકી થયું. તેમાં પંચાયતો તત્પરતા થી સંમતિ આપી હતી. છેલ્લાં દશ વર્ષમાં પંચાયતો હસ્તકની યોજનાઓ અને પ્રવૃતિઓ અનેકગણી વધી જતાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની આ સ્થગિત જગા ભરવા માટેની દરખાસ્તનો હજુ સુધી સ્વીકાર કરવામાં આવ્યો નથી, તેના પરિણામે પંચાયતોના વહીવટ પર ઠીક ઠીક અવળી અસર પડી હોવાની અનેક રજૂઆતો સમિતિ સમક્ષ થઈ છે.

## ૬.૮ શુકલ સમિતિ

વિશાળ દ્રષ્ટિબિંદુ લક્ષમાં રાખી. આમ, શ્રી શુકલ સમિતિએ જિલ્લા તાલુકા પંચાયતોના મહેકમ માળખામાં જગાઓ વધારવા માટે જે ભલામણો કરેલી છે. તેની સામે સામાન્ય સમિતિ દર્શાવીએ છીએ. આમ છતાં તે સમિતિએ સૂચવેલ નીચે પ્રમાણે કેટલીક વધુ જગાઓ સરકારી ખર્ચે મંજૂર કરવાનું જરૂરી નથી તેમ અમને જણાયું છે.તથા બીજા પણ કેટલાક અવલોકનો અમે નીચેના પેરેગ્રાફમાં કરેલાં છે.

(૧) શ્રી શુકલ સમિતિએ ભલામણો ક્રમાંક ૩૦ અને ૩૧ થી દબાણો, શરતભંગ અને મહેસુલી કામગીરી માટે વધારાનું મહેકમ મંજૂર કરવા ભલામણો કરી છે. અમે સૂચવેલ વ્યવસ્થામાં જિલ્લા કક્ષા સુધીનું સંપૂર્ણ મહેસૂલી તંત્ર પંચાયતીરાજ સંસ્થાઓ અને તેના અધિકારીઓ હસ્તક સુપ્રત થનાર હોઈ, પંચાયત અને મહેસૂલ તંત્રનું મહેકમ એક થતાં આવી કામગીરી ચાલુ મહેકમથી ગોઠવી શકાશે.

(૨) તે જ રીતે સમિતિએ ભલામણો ક્રમાંક : ૩૦ થી ૪૦ દ્વારા સંયોજન અને પધ્ધતિ તથા તપાસણીની કામગીરી માટે વધારાના મહેકમની જે દરખાસ્ત કરી છે. તે અંગેનું વધારાનું મહેકમ પણ પંચાયત અને મહેસૂલ તંત્ર એકત્ર થવાથી જરૂરી રહેશે નહીં.

(૩) શ્રી શુકલ સમિતિએ ભલામણો ક્રમાંક : ૭૯ થી વધારે સર્કલ ઈન્સ્પેકટરની જગાઓ ઉભી કરવાની દરખાસ્ત કરી છે. તેની પણ આજ કારણોસર જરૂર રહેશે નહીં.

(૪) ઉકત સમિતિએ ભલામણો ક્રમાંક ૫૪ અને ૮૨ થી ચોક ીદારની જગા મંજૂર કરવાની દરખાસ્ત કરી છે. તે સ્થાનિક જરૂરીયાત પ્રમાણે પંચાયતો સ્વ–ભંડોળમાંથી ઉભી કરે તેવી અમારી ભલામણ છે. તેજ રીતે રિસેપ્સનીસ્ટ તથા મુલાકાતીઓની સરભરા માટે પટ્ટાવાળા વધુ જગા પણ પંચાયતના સ્વભંડોળમાંથી કરવામાં આવે તે યોગ્ય છે.

શ્રી શુકલ સમિતિએ તાલુકાના વિસ્તાર અને કામના પ્રમાણ સામે જુદા જુદા વિસ્તરણ અધિકારીઓની જગ્યાની સંખ્યા મુકરર કરવાનો સિધ્ધાંત સૂચવ્યો છે તેની સાથે સમિતિ સંમત છે અને તે સમિતિએ જુદા જુદા વિસ્તરણ અધિકારીઓ માટે કરેલ ભલામણો સામે નીચે પ્રમાણે મંતવ્યો વ્યકત કરે છે :

"ક" ગ્રામ પંચાયતોની ૫૦ થી વધુ સંખ્યા થાય ત્યારે બે વિસ્તરણ અધિકારી (પંચાયત)ની જગાઓ આપવાની શ્રી શુકલ સમિતિએ ભલામણ કરી છે. આ અંગે અમારૂ મંતવ્ય એવું છે કે તે ધોરણ પુરતું થશે નહિ. ગ્રામ પંચાયતોનો કારોબાર અને વહીવટ અપેક્ષિત કાર્યદક્ષતા ધરાવતો થાય તેટલા માટે તે પંચાયત ઉપર યોગ્ય નિરીક્ષણ, નિયમન અને નિયંત્રણની જેટલી જરૂર તે કક્ષાની સારસંભાળ લેવાની માવજત કરવાની અને સતત માર્ગદર્શન અને દોરવણી આપવાની છે, સમિતિના અનુભવ અને અભ્યાસમાં એવું જોવામાં આવ્યું છે કે પંચાયત વિસ્તરણ અધિકારી મહદઅંશે તાલુકા કચેરીએ તમારી કામકાજમાં રોકાયેલો રહે છે. અને ગ્રામ પંચાયતોની યોગ્ય તપાસણી અને મુલાકાત કરી શકતો નથી. આ કર્મચારીની કામગીરીનો તખ્તો (Job-Chart) જોતાં કોઈપણ કાર્યદક્ષ વિસ્તરણ અધિકારી (પંચાયત) માટે પણ ૩૦ થી વધુ સંખ્યામાં ગ્રામ પંચાયતો ઉપર સંતોષકારક નિરિક્ષણ અને વિસ્તૃત દેખરેખ રાખવાનું શકય નથી તેમ સમિતિને જણાય છે. મહારાષ્ટ્ર વહીવટીતંત્રની પુર્નરચના માટે નિયુકત થયેલ કમિશ્નરશ્રી એમ.એન. હેબળેએ પણ (અહેવાલના ફકરા–૧૦.૧૩માં) ૩૦ થી ૩૫ ગ્રામ પંચાયતો દીઠ એક વિસ્તરણ અધિકારી (પંચાયત)ની જગ્યા ઉભી કરવા તથા તાલુકા કાર્યમથકે રહેતાં વિસ્તરણ અધિકારી (પંચાયત)ને ૧૫ થી વધુ ગ્રામ પંચાયતોનું કામ ન સોપવા સૂચવેલ છે. આથી સમિતિ નીચેના ધોરણે વિસ્તરણ અધિકારી (પંચાયત) ની જગાઓ મંજૂર કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

| ગ્રામ પંચાયતો સંખ્યા | મહેકમ |
|---|---|
| ૧.૩૦ સુધી | ૧. વિસ્તરણ અધિકારી |
| ૨.૩૧ થી ૬૦ સુધી | ૨. વિસ્તરણ અધિકારી |

| | |
|---|---|
| ૩.૬૧ થી ૯૦ સુધી | ૩. વિસ્તરણ અધિકારી અને એક વધારાનો સ્વતંત્ર કારકુન |
| ૪.૯૧ થી વધારે | ૪. વિસ્તરણ અધિકારી અને બે સ્વતંત્ર વધારાના કારકૂન |

" ખ "શુકલ સમિતિએ ખેતીવાડી વિસ્તરણ અધિકારીની એક જગ્યા તમામ તાલુકામાં રાખવી અને વિકાસ કમિશ્નર ખેતીવાડી નિયામક સાથે મળી જરૂર પ્રમાણે વધુ જગ્યા ઉભી કરી શકે તેવી ભલામણ (ક્રમાંક–૭૫) કરી. આ અંગે અમારૂ મંતવ્ય એવું છે કે ખેતી નિયામક દરેક તાલુકામાં આવેલ ગામડાઓની સંખ્યા અને ખેડૂતોની સંખ્યા, ખેતીનો પ્રકાર વિગેરે જોઈને વર્ગ–૧ અને વર્ગ–૨ ના તાલુકાઓ નકકી કરે અને તે પ્રમાણે અથવા ખેતી વિસ્તરણ અધિકારીની જગ્યાઓ આપવાનું નકકી થાય.

"ગ" સહકાર વિસ્તરણ અધિકારીની એક જગા તમામ તાલુકામાં રાખવી અને જગા પ્રમાણે વધુ જગા ઉભી કરવા શ્રી સમિતિએ ભલામણ કરી છે. અમે આ સિધ્ધાંત સાથે સંમત છીએ પરંતુ વિસ્તરણ અધિકારી, સહકાર માટેની જગા માટે પણ સહકાર મંડળીઓની સંખ્યા અને સ્થિતિ તથા કાર્યબોજ જોઈ સહકારી મંડળીઓના રજીસ્ટર વર્ગ–૧ અને વર્ગ–રના તાલુકાઓ નકકી કરે અને વર્ગ–૧ તાલુકાઓ માટે બે વિસ્તરણ અધિકારીઓની જગા મંજૂર કરે.

કેટલીક જગાઓ જેવી કે તગાવી કારકૂન, રેર્કડ કારકૂન, સામાન્ય કારકૂન, ટાઈપીસ્ટ વિગેરેના માટે ચોકકસ માપદંડો નિયત થયેલા હોય તેને આધિન રહીને શ્રી શુકલ સમિતિએ વિકાસ કમિશ્નરશ્રીને જગ્યાઓ ઉભી કરવા માટે અધિકૃત કરવાની ભલામણ કરી છે. અમને એમ જણાય છે કે આ અધિકાર રૂા. ૫૦,૦૦૦ની વાર્ષિક મર્યાદાને આધિન રહીને જિલ્લા

પંચાયતને સુપ્રત થવા જોઈએ. પંચાયતોની સ્વભંડળની જગાઓ ઉભી કરવા માટે સરકારના ખાસ અથવા સામાન્ય આદેશને આધિન રહી, તમામ અધિકારો જિલ્લા પંચાયતોને સુપ્રત કરવા પણ અમારી ભલામણ છે.

શ્રી શુકલ સમિતિએ મહેકમ વધારવાની જે દરખાસ્તો કરી છે તે ઉપરાંત અમોએ આ અહેવાલમાં અન્યત્ર દર્શાવેલ કારણોસર નીચે પ્રમાણે વધુ મહેકમની દરખાસ્તો કરેલ છે. તે સહાનુભૂતિ પૂર્વક લક્ષમાં લઈ અમલમાં મૂકવા અમારી ભલામણ છે. [૭]

નાયબ જિલ્લા વિકાસ અધિકારીની સ્થગિત રહેલ જગા મંજૂર કરવાથી પંચાયતીરાજ વહીવટી તંત્રની જિલ્લા કક્ષાની હાલની તમામ વહીવટી જરૂરીયાત પરિપૂર્ણ થશે એમ સમિતિ માનતી નથી. જિલ્લા કક્ષાએ પંચવર્ષીય યોજનાનું આયોજન અને સમીક્ષા, સરકાર અને પંચાયત વહીવટી તંત્ર અંગેનું સંકલન, લોક ફરિયાદોનું નિવારણ વિગેરે મહત્વની કામગીરી વધવાની છે, જેને માટે જિલ્લા કક્ષાએ ખાસ તંત્ર રચવાની અમે ભલામણ કરી છે. અમે સૂચવેલ દરખાસ્ત પ્રમાણે જિલ્લા કક્ષા સુધીનું મહેસુલી તંત્ર પંચાયત હસ્તક આવવાનું છે. જિલ્લા કક્ષાએ મહેસુલી કામગીરી માટે કલેકટરને સહાય કરતા રેસિડેન્ટ ડેપ્યુટી કલેકટરની જગ્યા કલેકટર હસ્તક રાખવાનું જરૂરી બનશે, એટલે જિલ્લા વિકાસ અધિકારીને આ ક્ષેત્રમાં પ્રથમ વર્ગના અધિકારીની સેવાઓ આપવાનું આવશ્યક બનશે. સરકારના ગ્રામ રોજગારી અને પોષાક આહાર એવી અનેક વિધ કાર્યક્રમોનો વ્યાપ વધી ચૂકયો છે અને હજુ વધતો જવાનો છે. આ વિસ્તારની કામગીરીની પહોંચી વળવા માટે જિલ્લા કક્ષાએ જવાબદાર અધિકારીઓની સંખ્યામાં વધારો કરવાની તાતી જરૂરત ઉભી થઈ છે, અને ભવિષ્યમાં ઉભી થતી રહેશે. ત્રીજા નાયબ જિલ્લા વિકાસ

અધિકારીની સ્થગિત જગ્યા ભરવા ઉપરાંત રાજયના દરેક મોટા જિલ્લામાં ઓછામાં ઓછા એક વધુ નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને બાકીના દરેક જિલ્લામાં એક વધુ ચીટનીસની જગ્યા મંજૂર કરવા માટે સમિતિ ભલામણ કરે છે. આની સામે કલેકટર કચેરીના ચીટનીસ અને હેડકલાર્ક બે પૈકી એક જગ્યા સ્થગિત રાખી ખર્ચમાં કરકસર કરવાનું વિચારી શકાશે.

### ૬.૯ પંચાયતી રાજ આયોજન તંત્રનો ઢાંચો

પંચાયતીરાજ કાર્ય વ્યવસ્થા મૂલ્યાંકન સમિતિએ જિલ્લા આયોજન તંત્રનો ઢાંચો નીચે પ્રમાણે સુચવેલ છે :–

જિલ્લા આયોજન અધિકારી

જિલ્લા આંકડા અધિકારી

| જિલ્લા આંકડા કચેરી | | આયોજન શાખા | |
|---|---|---|---|
| સંશોધન મદદનીશ | ૧ | સંશોધન મદદનીશ | ૧ |
| આંકડા મદદનીશ | ૨ | કારકુન–ટાઈપિસ્ટ– | ૨ |
| કારકુન–ટાઈપિસ્ટ | ૧ | ડ્રાફ્ટમેન | ૨ |
| પટાવાળા | ૨ | | |

અમોએ ઉપર સૂચવેલ વધારાની નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ઉભી કરવાથી જિલ્લા આયોજન અધિકારીનું કાર્ય સંભાળી શકશે. આ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (આયોજન અને કાર્યક્રમ ) ની પચીસ ટકાથી વધે નહીં તેટલી જગ્યા ઉપર જિલ્લા આંકડા અધિકારીમાંથી પણ સુયોગ્ય અધિકારીઓને મુકવા જોઈએ તેમ અમે માનીએ છીએ. બાકીની

જગ્યાઓ ઉપર નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ પૈકી સુયોગ્ય અધિકારીને પસંદ કરી નિમણૂંક આપવાનું ઠીક થશે. મૂલ્યાંકન સમિતિએ ઉપર દર્શાવ્યા પ્રમાણે મહેકમની ભલામણ કરી છે તેને સ્વીકાવા અમારો અભિપ્રાય છે. મહારાષ્ટ્ર વહીવટી તંત્રની પુર્નરચના માટે નિયુકત થયેલ કમિશ્નર એમ.એન. હેબળેએ વિકાસ ઘટક અધિકારીની મહત્વની અત્રે વ્યાપક જવાબદારીઓ અને ફરજો લક્ષમાં લઈ વિકાસ ઘટક અધિકારીની જગ્યાને પ્રથમ વર્ગમાં લઈ જવા અહેવાલના ફકરાઓ ૧૦.૪૫ થી ૧૦.૪૭ થી જોરદાર ભલામણ કરી છે. ગુજરાતના તાલુકા વિકાસ અધિકારીની જવાબદારીઓ અને ફરજો મહારાષ્ટ્રના વિકાસ ઘટક અધિકારી કરતાં સહેજ ઓછી નથી, વળી ગુજરાતમાં જિલ્લા કક્ષા સુધીની મહેસુલી તંત્રની કામગીરી પંચાયતે અને વિકાસ અધિકારીઓને સુપ્રત કરવાની અમારી ભલામણોના સંદર્ભમાં તાલુકા કક્ષાએ અધિકારીઓનું નીચે પ્રમાણે મહેકમ રાખવા દરખાસ્ત છે.રાજયના તાલુકાઓને બે વિભાગોમાં વહેંચી નાખવામાં આવે વર્ગ–૧ ના તાલુકાઓમાં નીચેનાનો સમાવેશ થાય.

"અ" હાલના આદિવાસી ઘટકોના પ્રોજેકટસ, જયાં પ્રોજેકટ ઓફિસર વર્ગ–૧ની જગા હાલ છે જ.

"બ" અન્ય ભારે કામગીરી વાળા તાલુકાઓનો સમાવેશ કરવો. ગામોની સંખ્યા, વર્ષે વાર્ષિક અંદાજપત્ર, મહેસૂલી કામગીરીનું ભારણ અને તમારા કામનો કાર્યબોજ તે બે લક્ષમાં લઈ સરકાર ઠરાવે તે બાકીના તાલુકા ઓને વર્ગ–રના ગણવાનું રાખવું.

પ્રથમ વર્ગના તાલુકામાં પ્રથમ વર્ગના અધિકારીને મુખ્ય વહીવટી અધિકારી એટલે તાલુકા વિકાસ અધિકારી સહ–મહેસૂલી અધિકારી તરીકે

મુકવામાં આવે જયારે તેની ને વર્ગ–૨ ના અધિકારીને નાયબ તાલુકા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવે. વર્ગ–૨ના તાલુકામાં મુખ્ય વહીવટી અધિકારી તરીકે બીજા વર્ગના અધિકારીને મુકવામાં આવે જયારે શ્રી શુકલ સમિતિએ કરેલ ભલામણ પ્રમાણે વર્ગ–૩ ના મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની જગા મંજૂર કરવામાં આવે જે રૂપિયા ૨૫૦ થી ૪૮૦ અધિક્ષકની કક્ષામાં હોય. સમિતિની આ ભલામણના પરિણામે વહીવટ ખર્ચમાં વધારો થશે નહી, પરંતુ શકય છે કે થોડો ઘટાડો થાય.

# પ્રકરણ –૬– સંદર્ભસૂચિ

૧ ''પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ ''પ્રકાશક :– સરકારી મદસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર ભાગ:૧–૩૦મી સપ્ટેમ્બર ૧૯૭૨ પેજ નં.–૧૧૦ થી ૧૨૬

૨ ''પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ '' પ્રકાશક : – પંચાયત અને આરોગ્ય વિભાગ ગુજરાત સરકાર ૧૯૭૨. ગાંધીનગર ભાગ : ૨, ૧૯૭૨ પેઝ નં.–૩૨૬ થી ૩૪૪

૩ ''ગ્રામ રચના'' સવંત ૨૦૨૩ આવૃતિ ત્રીજી ઈ.સ. ૧૯૬૬ પ્રકાશક :–ત્રિભુવનદાસ ક. ઠકકર, સસ્તુ સાહિત્ય મુદ્રણાલય રાયખંડ, અમદાવાદ પેઝ ન–૯ થી ૧૩

૪ ''પંચાયત પરિચય'' બિપિનચંદ્ર વૈષ્ણવ પ્રથમ આવૃતિ–૧૯૯૫ પ્રકાશકઃજયેશ પી શાહ, નવસર્જન પબ્લિકેશન, બાલા હનુમાન, ગાંધી રોડ, નાની હીગલોક જોષીની પોળ, અમદાવાદ. પેજ નં.૪ થી ૧૦

૫ ''પંચાયતો અંગેની ઉચ્ચ કક્ષા સમિતિનો અહેવાલ'' પ્રકાશક : ગુજરાત રાજય, સચિવાલય ગાંધીનગર જુલાઈ ૧૯૭૮ પેઝ નં. ૧ થી ૫

૬ ''પંચાયતી રાજ'' વર્ષ ૩૨ અંક ૪ જુલાઈ ૨૦૦૩ પ્રકાશક : બળવંતરાય મહેતા પંચાયત ભવન સેકટર–૧૦ ગાંધીનગર, પેઝ નં ૧

૭ ''પંચાયતી રાજ સમિતિ'' બીજો અહેવાલ ૧૮ મી માર્ચ ૧૯૯૯ પ્રકાશક : ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠલ્લભાઈ પટેલ ભવન, ગાંધીનગર, પેઝ નં – ૨ થી ૩.

# પ્રકરણ ૭

# સૂચનો અને ઉપસંહાર

## ૭.૧ સૂચનો

સમાજ પરિવર્તનશીલ છે.  દરેક સમાજમાં કાળક્રમે પરિવર્તન આવતું રહે છે. જેઓના વસવાટ સ્થળ, પરંપરાગત જીવન, પ્રાથમિક વ્યવસાય, કામ કરવાની પ્રેરણાનો અભાવ, આંતરમાળખાકીય સુવિધાઓનો અભાવ, ગરીબી, બેકારી, નિરક્ષરતા, અજ્ઞાનતા વગેરે કારણોસર જે સમાજમાં ખાસ ગતિથી બદલાવ આવતો નથી. ત્યારે આવા ગામડાનાં સર્વાગી વિકાસ અને કાયદા માટે સમાજવાદી આયોજનનો અભિગમ અપનાવવો જોઈએ. ગામડાના સર્વાગી વિકાસ અને કાયદા માટે આયોજન પંચ અને અમલકર્તા અધિકારીઓએ સ્થાનિક પરંપરાઓ અને વાસ્તવિક પરિસ્થિતિને ઘ્યાનમાં રાખી નવી દ્રષ્ટિ અને નવું માળખું અપનાવવું જરૂરી છે. આથી આ અભ્યાસનાં તારણોના આધારે કેટલાંક સૂચનો કરવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ ગામ મહેસૂલ વિભાગને સોંપ્યાં વિના ત્યાં ગ્રામ પંચાયત સ્થાપી તેને ગ્રામ વિકાસલક્ષી યોજનાઓનો લાભ આપી ગામની સામાજિક આર્થિક,સુખાકારી માટે આંતર માળખાકીય સુવિધાઓ વધારવી જોઈએ.

(૨) ઉનાળામાં અને દુષ્કાળના વર્ષોમાં ઉભી થતી ગામડામાં પાણીની સમસ્યા હલ કરવા માટે આ વિસ્તારમાં ભૌગોલિક રીતે અનુકૂળ હોય તેવી જગ્યાએ ચેકડેમ, તળાવ, ખેત તલાવડી, કૂવા બોર, ડંકી રીચાર્જ

વગેરે રીતે વરસાદી પાણી જમીનમાં ઉતારવું જોઈએ આ કાર્ય માટે ગ્રામ વિકાસ યોજનાઓ દ્ર ્ારા સ્થાનિક આગેવાનો, કાર્યકરો, ખેડૂતો, યુવાનો, સ્ત્રીઓ સૌને પાણીનું મૂલ્ય સમજાવી આ કાર્ય માટે જાગૃત કરવા જોઈએ.

(૩) ગામડાંનું મુખ્ય ઉત્પાદન ખેતપેદાશો અને દૂધબજાર સુધી પહોંચાડવા રસ્તા અને વાહનવ્યવહારની વ્યવસ્થા જરૂરી છે. સાથે વિજળીકરણ પણ જરૂરી છે. વિજળી દ્ર ્ારા સિંચાઈ, ગૃહઉદ્યોગ વગેરે વિકાસ કરવો જોઈએ.

(૪) આ ગામડાંના લોકોનો પાયો સમાજવાદી વિચારસરણી પર આધારિત છે. આથી આવા ગામડાંના વિકાસ કાર્યોનું આયોજન કરતી વખતે તેઓના સમાજનાં આગવા મૂલ્યોનો નાશ ન થાય, તેઓની મૂળ લાક્ષણિકતાઓ અને સંસ્કૃતિ જળવાઈ રહે તેમજ પોતાનું સામાજિક રચનાતંત્ર કે બંધારણ આપમેળે બદલે તેવી રચનાત્મક પ્રવૃતિઓ, યોગ્ય સલાહ અને લોક–જાગૃતિ લાવવી જોઈએ.

(૫) કાયદા અને અમલવારીને બદલે ગ્રામ વિકાસમાં લોકો અને ગામડાં વચ્ચે લોકશાહી સ્વરૂપનું આયોજન કરીને ગ્રામવિકાસની પ્રવૃતિઓમાં આ ગ્રામ્યલોકોને સહભાગી બનાવવા જોઈએ.

(૬) ગ્રામ વિકાસ માટે તેની આસપાસનાં વિસ્તારમાં સિમેન્ટ ઉધોગ, સ્ટોન કરાર, વેપાર વાણિજય હોટેલ, પર્યટન, ખાણ પ્રવૃતિઓ જેવી વિગેરે કોઈપણ પ્રવૃતિઓ પર ધ્યાન આપવું જોઈએ. જેથી ગરીબ માણસોને આસપાસથી રોજીરોટી મળી શકે.

(૭) ગામડાનાં વિકાસ માટે ગામડાના ખેડૂતો બગાયતી ખેતી દ્રારા પર્યાવરણ જાળવણીમાં મહત્વનું યોગદાન આપી રહયા છે. ત્યારે આ ખેડૂતો ખેતી ક્ષેત્રે આત્મનિર્ભર બને તે માટે બાગાયતી, પશુપાલન, જળ, જમીન, અને જમીન સંરક્ષણ તેમજ રોકડિયા પાકો માટે વૈજ્ઞાનિક ખેતી અંગે માહિતગાર કરી કૃષિ વિકાસ માટે લોન સહાય આપવી જોઈએ.

(૮) આ ગામડાઓમાં કોઈપણ પ્રકારનું સહકારી માળખું વિકસ્યું નથી. આથી આવા ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ્ય સહકારી મંડળી, દૂધ, સહકારી મંડળી, ખેત વિકાસ મંડળી, સામાજિક વિકાસીકરણ વગેરે પ્રકારની સહકારી મંડળીઓનું ગ્રામ્ય વિકાસ માટે વિકસાવવું જોઈએ.

(૯) ગામડાનાં પશુપાલકો વારંવાર દુષ્કાળ, પાણી–ઘાસચારાની તંગી , ચરિયાણ પર પ્રતિબંધ તેમજ કેટલાક કાયદાઓને લીધે હાડમારી ભોગવી રહયા છે. ત્યારે ગ્રામ વિકાસની પરિભાષામાં પશુપાલકોને ઘ્યાનમાં લઈ આયોજન કરવું જોઈએ પશુપાલનના વિકાસ માટે જરૂરી પાણીની સુવિધા, ઢોરનાં ચરિયાણ માટે છૂટ તેમજ અછતના સમયમાં ઘાંસ ડેપો શરૂ કરી આ વ્યવસાયને વિકસાવવો જોઈએ.

(૧૦) ગ્રામ વિકાસ માટે ગામડાને અનુકૂળ આવે એવી પશુ–પાલન નીતિ ઘડવી જોઈએ દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ માટે માલ–ઢોરમાં જૈવિક ફેરફાર કરી સારી ઓલાદનાં દૂધાળા ઢોર ઉછેર માટે આયોજન કરવું જોઈએ.

(૧૧) ગ્રામ વિકાસ યોજનાની પ્રવૃતિ માટે બહારથી મજૂરો બોલાવવાન ે બદલે ગામના જ મજૂરોને કામમાં રોજગારી આપી. ગ્રામ્ય વિકાસ પ્રવૃતિ પ્રત્યે તેઓને રસ જાગે તેવા પ્રયાસો કરવા જોઈએ.

(૧૨) ગ્રામ્ય લોકોનું વેપારીઓ, શાહુકારો દ્ર ્ારા થતું શોષણ અટકે, તેઓના ઉત્પાદનના યોગ્ય ભાવ મળે તેઓની આવક વધે તે માટે યોગ્ય ગોઠવણી અને ચકાસણી કરી આર્થિક બાબતો સબંધિત ચોકકસ માળખાકીય વિકાસ–યોજના ઘડવી જોઈએ.

(૧૩) ગ્રામ્ય વિકાસ માટે ગામોનાં શિક્ષણ વિકાસ માટે શિક્ષણ સુવિધા ઉભી કરીને, અવૈધિક શિક્ષણ, ફિલ્મ–બતાવીને, પ્રૌઢ શિક્ષણ, ભવાઈ નાટક વગેરે દ્ર્ારા આ લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જરૂરી છે. આ માટે ગામડાના શિક્ષિત યુવાનો અને પ્રાથમિક શિક્ષકોને રોકાવા જોઈએ. તેઓને મળતી સિધ્ધિ પ્રમાણે પ્રોત્સાહન આપવું જોઈએ ઉચ્ચ શિક્ષણ સુધી વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવી જોઈએ.

(૧૪) ગ્રામ વિકાસ માટે ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો પુષ્કળ વહીવટી કામ, સર્વેક્ષણ, મીટીંગ, તાલીમ, કોર્ષ વારંવાર રજા વગેરે જેવા કારણોસર શાળાએ અનિયમિત રહેતા હોય ત્યારે સરકારી પ્રાથમિક શાળાઓમાં એડમીનીસ્ટ્રેશનને બદલે સારૂં મેનેજમેન્ટ વિકસાવવું જોઈએ.

(૧૫) ગ્રામ વિકાસ માટે ગામડાની મહિલાઓની આર્થિક પ્રવૃતિમાં, ગ્રામ્ય સંરક્ષણમાં ભાગીદારી વધારીને તેને આર્થિક વિકાસના ભાગ તરીકે

મૂલવીને સ્ત્રી નિરક્ષરતા દૂર કરવા અવૈધિક શિક્ષણતા વર્ગો ચલાવવા જોઈએ.

(૧૬) ગ્રામ વિકાસ માટે આરોગ્ય ખાતાના કર્મચારીઓ, શિક્ષકો, ગામનો શિક્ષિતો અને સરપંચોએ કુટુંબ નિયોજનનો પ્રચાર કરી સીમિત કુટુંબ કદ માટે લોકોને સમજાવવા જોઈએ. આ માટે જુદા જુદા કાર્યક્રમ આપીને સ્ત્રીઓને કુટુંબ કલ્યાણ, બાળ કલ્યાણ, જેવી વિવિધ પ્રવૃતિઓમાં ભાગીદાર બનાવવી જોઈએ.

(૧૭) ગ્રામ વિકાસ માટે આ વિસ્તારની આરોગ્ય વિષયક સમસ્યાઓ દૂર કરવા આરોગ્ય કર્મચારીઓ, નર્સ ડોકટર્સ વગેરે નિયત દિવસે જે તે ગામની મુલાકાત લે, તાત્કાલિક ડોકટર સેવા માટે પબ્લીક ટેલીફોન, લોકોમાં સ્વછતા અને આરોગ્ય સબંધિત લોકજાગૃતિ તેમજ બહારગામ થી આવતા ડોકટરોને પણ આવા પછાત ગામડામાં પ્રવેશ મંજૂરી આપવી જોઈએ.

(૧૮) ગામડાના લોકો ગરીબ પછાત અને નિરક્ષર હોવાથી વિકાસ, રાજનીતિ અને વહીવટી રીતે અજાણ હોવાથી આ વિસ્તારનો સર્વાંગી વિકાસ અટકે નહી તે માટે તેઓને વહીવટી જ્ઞાન, હકકો અને અધિકારો તેમજ કાયદાકીય રીતે જાગૃતિ લાવવી જરૂરી છે.

(૧૯) કેટલાક લોકો કાયદાકીય જટિલતા જ્ઞાનના અભાવે જાણ્યે અજાણ્યે ગુન્હો કરી બેસતા હોય છે. ત્યારે આ ગામડાના લોકોને ગુન્હા સબંધિત કાયદાઓ માટે ખાસ કોર્ટ તેમજ શિક્ષા અને દંડની જોગવાઈ સમજાવવી જોઈએ તેમજ ગામડામાં કાનૂની શિક્ષણ શિબિર સમાધાન યોજના, લોકઅદાલત વગેરે યોજી કાયદાનું જ્ઞાન આપવું જોઈએ.

(૨૦) ગામડાનાં વિકાસ માટે વિકાસલક્ષી યોજનાની જાહેરાત થાય ત્યારે તેનો પ્રચાર પ્રસાર કરીને તેની વિગતો લોકો સુધી પહોંચાડવી જોઈએ, યોજનાનો લાભ લેવા કાર્યવાહીની પધ્ધતિ અને વહીવટી અનુકૂળતાઓ ગોઠવી આપવી જોઈએ આ લોકોનો કોઈ ગેરલાભ ઉઠાવી ન જાય તે માટે બધા કાર્યક્રમોનું મૂલ્યાંકન થવું જોઈએ. લોકો અને સરકાર વચ્ચે કેટલીક શંકા–કુશંકા પ્રવર્તે છે ત્યારે સરકારે અને સબંધિત વહીવટી તંત્રએ પોતાના સ્વચ્છ અને યોગ્ય વહીવટ દ્ર ્રારા વિશ્વસનિયતા સાબિત કરવી જોઈએ.

(૨૧) ગામડાંના લોકો જડ પ્રવૃતિના હોય છે. તેવા પૂર્વગ્રહને કારણે અહિયાં કોઈ પણ રીતે અપેક્ષિત અને અસરકારક પરિવર્તન લાવી શકાતું નથી માટે અહીના સ્થાનિક લોકો, કાર્યકરો, સેવકો, સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો અને ધર્મ તેમજ સંપ્રદાયના ધર્મગુરૂઓ આવા ગ્રામ્ય લોકો માટે અસરકારક કામગીરી કરી શકે તેમ છે.

## ૭.૨ ઉપસંહાર

આપણાં દેશમાં પૂરતું ખેત અનાજ ઉત્પાદન થતું હોવા છતાં ખાદ્ય પદાર્થોની અસમાન વહેંચણી અને લોકોની અપૂરતી ખરીદશકિતને કારણે ગ્રામ લોકો અને ગરીબ કુટુંબના લોકો અપૂરતા પોષણનો ભોગ બને છે. પરિણામે ગરીબી, બેકારી, નિર્ધનતા, દેવું, માનસિકતાણ, રોગ અને મોંઘી બનતી તબીબી સારવારને કારણે મૃત્યુદર પણ વધે છે. લોકોની કાર્યશકિત ઘટે છે. બીજું પારાવાર પ્રકૃતિનો નાશ, વિકાસ યોજનાઓ અને ઔધોગિક સાહસિકતાને કારણે આપણો દેશ આપણી ધરતી વેંચીને, પ્રકૃતિ–જંગલોનો નાશ કરીને, વિદેશી દેવું કરીને થોડા સમય માટે તમાશા રૂપ યોજનાઓ કરી

રહયા છીએ, વિકાસની આ પરિકલ્પના છે. તે વિકાસની મૂળ પરિભાષાની કસોટીઓ સાચી પડતી નથી આપણા સમાજમાં માનવતાવાદી વૈજ્ઞાનિકો કે જેઓ જ્ઞાનના પ્રતીક છે. જેઓ વિનાશકારી વિકાસને બદલે રચનાત્મક કાર્યો માટે ક્રિયાશીલ થઈ શકે તેમ છે. તેઓની જરૂર છે. બીજી જરૂરીયાત છે. સામાજિક પરિવર્તનકારોની કે જેઓ કર્મના પ્રતીક છે. કર્મને વિજ્ઞાનની મદદથી તેઓ સમાજ પરિવર્તનની પ્રક્રિયાને આગળ વધારી શકે તેમ છે. ત્યારપછી જરૂર છે સંવેદનશીલ પત્રકારોની સાહિત્યકારોની, કલાકારોની કે જેઓ આપણાં લોકશાહી સમાજમાં લોકજાગૃતિ ઉભી કરવા માટે અગત્યની ભૂમિકા ભજવી શકે તેમ છે. સમાજમાં વંચિતો અને શોષિતોનો અવાજ ઉઠાવવા માટે પ્રચાર માધ્યમોએ, તજજ્ઞોએ પોતાનો સામાજિક દાયિત્વનો અભિગમ અપનાવવો જોઈએ.

ગ્રામ વિકાસ અને કાયદા માટે ગામડામાં વસતા લોકો અને ખેતી વચ્ચેનું સંતુલન જળવવામાં મદદરૂપ બને તે માટે આ ગામડામાં કોઈપણ નીતિ નિર્ધારણમાં આ લોકોને સહભાગી બનાવવા જોઈએ. તેઓના પરંપરાગત વલણો, વર્તનો અને ટેવો કે જે ગ્રામ વિકાસ માટે યોગ્ય નથી, જો તેમ હોય તો તેમાં જરૂરી બદલાવ લાવી આવા લોકોની જરૂરીયાતો પૂર્ણ કરવા વૈકલ્પિક વ્યવસ્થા કરી તેઓને સાચા અર્થમાં ગ્રામવિકાસ લક્ષી બનાવવા જોઈએ. આ લોકોની આજીવિકા તથા રોજગારી પોષણક્ષમ રહે તે માટેની તકોમાં વધારો કરવો જોઈએ. આમ કરવાથી તેઓની પરંપરાઓમાં ફેરફાર આવતો હશે. તો આ ફેરફારની દિશા તથા ઝડપ નકકી કરવા માટે તેઓને સક્ષમ બનાવવા જોઈએ. આવા ગામડાનું ખાસ આયોજન અને સંચાલન કરવા લોકોના કાનૂની હકકો અને દરજજાઓ પરંપરાગત અર્થવ્યવસ્થા,

કુદરતી સંશોધનોનો ઉપયોગ, આજીવિકા માટેની નવી અર્થવ્યવસ્થા અને સંરક્ષણ માટેનાં અભિગમ વગેરે પાસાઓનો સમાવેશ કરવો જોઈએ.

સ્થિર વિકાસ માટે લોકતાંત્રિક, વિકેન્દ્રિત અને સહભાગીએ ગ્રામ્ય સંશોધનએ સમયની માંગ છે. સ્થિર વિકાસએ ગ્રામવિકાસ વર્તુળોનો એક નવો મંત્ર છે. સ્થિર વિકાસ એટલે સામાન્ય રીતે "સહાયક ઈકો– સિસ્ટમની વાહનક્ષમતા અંદર માનવ જીવનની ગુણવતા સુધારણા" એવો અર્થ કરવામાં આવે છે. આ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકોની જવાબદારી નહીં પરંતુ માનવ સંપતિ તરીકે ગણીને લોકલક્ષી નીતિઓ ઘડવા પ્રેરવા એ જરૂરી છે. સ્થિર વિકાસનાં સિધ્ધાંતને અમલમાં મૂકવા માટે ગામડું અને તેમાં વસતા લોકોનો સુમેળભર્યો વિકાસ થાય તેવી પરિસ્થિતિ ઉભી કરવા વિજ્ઞાન, માનવશાસ્ત્ર, કાયદાશાસ્ત્રની યોગ્ય પારસ્પરિક પ્રક્રિયા વિકસાવવી જરૂરી છે. આ માટે વહીવટી, સામાજિક, આર્થિક, વ્યવહારિક, કાનૂની, ટેકનિકલ તેમજ વૈજ્ઞાનિક પરિણામોને પરસ્પર સાંકળવવા જરૂરી બને છે.

ગ્રામ વિકાસ અને કાયદા વચ્ચેના પ્રશ્નો જે તે વિસ્તારનાં જનજીવનની બીજી સમસ્યાઓની સાપેક્ષમાં ઉકેલવા જરૂરી છે. શરૂઆતની પરિસ્થિતિમા સામાજિક ક્ષેત્રે વ્યકિતગત કે સામૂહિક ગ્રામવિકાસ યોજના માટે બાહય સહાય જરૂરી છે. તેમાં સમય, નાણાં કે વિચારોનું સંતુલન અને સમાયોજન કરીને ત્યારબાદ પૂર્ણ ગ્રામ વિકાસનો એક તેવો તબ્બકો આવે કે જયારે બાહય સહાય અનાવશ્યક બને ત્યારે તેમનો આંતરિક વિકાસ સ્વયંભૂપણે જળવાઈ રહે છે.

# પ્રકરણ–૭– સંદર્ભ સૂચિ


1 Bogardus "The sociology" The Macmillan co Ltd. Newyprk – 1954

2 Devis kingsaley “Human sociology“ The Macmillan Co.Ltd – Newyork-1954

3 Dutta N.K “Origion and ghowth of casts in India, 1931

4 Forces u Stephen “Social Reaserch Methodology“ Printice Hall, Newyork -1973

5 Goode and Hatt “Methods in social Reserch". Ashia Publishing House, Bombay -1960

6 Hansray “Fundamentals of Demography“ 1996

7 James Campball, "Gazetter of Bombay Presidency“ Gujrat – population vol- IX,part -1 Bombay-1901

8 RN H, Bulmar “Anthropology and Education Mineoportmorseby" -1971

9 Rose A.M. “Sociology“, The study of Human Relation, Newyork 1965

10 Seminar on “Role of peserch intribal Devlopment “ Gujrzt vidhyapith Ahemedbad 1997

11 Tribal Devlopment An overview “Reserch Paper, Reference & Training Division of ministry of informatiom and brode kasting,vol-XI No RP8–1998

12 Hong K, “An introductory sociology“ Reged America Book Co. Newyork 1939 13 Yong K“ Sclentific Social survey and Reserch“ Ashia Public House, Bombay – 1960

14 આચાર્ય નવીનચંદ્ર "ગુજરાત ધર્મ સંપ્રદાયો", ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ –૧૯૮૩

**15** "અકિલા દૈનિક", રાજકોટ આવૃતિ તા. ૧૨–૧૧– ૧૯૯૮

16 ભટ્ટ અરવિંદભાઈ "ગુજરાતના ચૌધરીઓ–સોશિયલ ચેઈન્જ" સંશોધન શ્રેણી – ૨૨ , ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ૧૯૯૧

17 દેસાઈ એચ.જી., દેસાઈ કે. જી."સંશોધન પધ્ધતિઓ પ્રવિધિઓ " યુનિવર્સિટી ગંથ નિર્માણ બોર્ડ અમદાવાદ ૧૯૭૩

18 દેસાઈ શંભુપ્રસાદહ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પ્રભાસ પ્રકાશન ૧૯૭૦

**19** ગરધરિયા અસ્મિતા "અર્થસંકલન", ગુજરાતમાં શિક્ષણ વિષયક સેવાઓ, ગુજરાત સોસાયટી, અમદાવાદ જાન્યુ. ૧૯૯૫.

# : સંદર્ભ સૂચિ :

૧. શાહ એ.જી.દવે જે કે–"સામાજિક સંશોધન પધ્ધતિઓ" –પ્રકાશન –અનડા પ્રકાશન, અમદાવાદ આવૃતિ–૨૦૦૦. પાના નં. ૧૬

૨. શાહ એ.જી.દવે જે કે–"સામાજિક સંશોધન પધ્ધતિઓ" –પ્રકાશન– અનડા પ્રકાશન,અમદાવાદ,આવૃતિ–૨૦૦૦ પાના નં. ૧

૩. Goode and hatt – " Methods in social Reserch "Asia Publishing House.ombay-1960 Page No 108.

૪. FORCE AND STEPHEN – "Social Research Methodology." Printice Hall,Newyerk 1973, Page No : 179

૫. YONG P.V– "Scientific Social survey and Research, Asia Publising House, Bombay, 1960 Page No : 127.

૬. YONG P.V– "Scientific Social survey and Research, Asia Publising House, Bombay, 1960 Page No: 302

૭. શાહ એ.જી.દવે જે કે– "સામાજિક સંશોધન પધ્ધતિઓ" અનડા પ્રકાશન– અમદાવાદ, આવૃતિ–૨૦૦૦ પાનાનં : ૧૨૮

૮. ડો.શીન પાઓ યંગ– "ગ્રામ તપાસ પધ્ધતિઓ" અનુ–સરલાબેન વી. શાહ,પ્રકાશન–ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, આવૃતિ–૧૯૬૪, પાનાનં ૫૮, ૬૦

૯. દેસાઈ એચ.જી,દેસાઈ કે.જી– " સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ "પ્રકાશન–ગુજરાત યુનિ,ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ. આવૃતિ– ૧૯૭૩ પાનાનં : ૧૫૮

૧૦. વી.પી.શાહ.– " સંશોધન અહેવાલ લેખન "પ્રકાશન ગુજરાત યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ , અમદાવાદ, આવૃતિ –૧૯૮૮, પાના નં. ૫૧.

૧૧. દેસાઈ એચ. જી.,દેસાઈ કે. જી. – "સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ", પ્રકાશન ગુજરાત યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ , અમદાવાદ, આવૃતિ ૧૯૭૩,પાનાં. '૧૭૬.

૧૨. વૈકુંઠલાલ કે. ત્રિવેદી – અશ્વિન બી. ત્રિવેદી (એડવોકેટ). – "ગુજરાત પંચાયત એકટ". – પ્રકાશન ધી ન્યુ ગુજરાત લો હાઉસ, અમદાવાદ. આવૃતિ – ૧૯૯૩, પાના નં. ૧ થી ૬.

૧૩. પ્રોફેસર એ.જી. શાહ – પ્રો. જે.કે.દવે – "ગ્રામીણ સમાજશાસ્ત્ર". – પ્રકાશન – અનડા – અમદાવાદ. આવૃતિ – જુન–૨૦૦૦, પાના નં. ૧૧ થી ૪૦.

૧૪. શ્રી રવિશંકર મહારાજ – "ગ્રામરચના" – પ્રકાશન સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઈ–૨. આવૃતિ – ૧૯૯૬, પાના નં. ૯ થી ૧૬૨.

૧૫ કૌશિક પંડયા – અલ્પા પંડયા – "ભારત રોડ એટલાસ" – પ્રકાશન અનડા સાહિત્ય, અમદાવાદ. આવૃતિ – ૨૦૦૧, પાના નં. ૫

૧૬ કૌશિક પંડયા – અલ્પા પંડયા – "ગુજરાત રોડ એટલાસ" – પ્રકાશન અનડા સાહિત્ય, અમદાવાદ. આવૃતિ – ૨૦૦૨, પાના નં. ૪૦ થી ૪૪

૧૭. ગુજરાત રાજય સચિવાલય – "પંચાયતો અંગેની ઉચ્ચ કક્ષા સમિતિનો અહેવાલ" પ્રકાશન – ગુજરાત રાજય સચિવાલય – ગાંધીનગર – ૧૯૭૮ –પાના નં :– ૧૫

૧૮. "પંચાયત રાજ" – પ્રકાશક – ગુજરાત પંચાયત પરિષદ, બળવંદ મહેતા પંચાયત ભવન – ગાંધીનગર – વર્ષ – ૩૨ અંક ૪ જુલાઈ – ૨૦૦૩ પાંના નં :– ૧

૧૯. "પંચાયતી રાજ" પ્રકાશક – બિપીન ચંદ્ર વૈષ્ણવ આઈ એ એસ (નિવૃત) નવસર્જન અમદાવાદ પંચાયતી રાજ ગ્રંથમાળા–પુ.૧. પાના નં :– ૩,૫,૯

૨૦. "પંચાયત ધારો"– પ્રકાશન – ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ પાના નં :– ૧૦

૨૧. પ્રો.એ.જી.શાહ, પ્રો કે.જે.દવે,– "ગ્રામીણ સમાજશાસ્ત્ર" પ્રકાશન – અનડા પ્રકાશન અમદાવાદ આવૃતિ – ૨૦૦૦ પાના નં :– ૨

૨૨. વૈકુઠલાલ કે ત્રીવેદી, અશ્વિન વી.ત્રીવેદી "ગુજરાત પંચાયત એકટ" પ્રકાશન – ધી ન્યું ગુજરાત લો હાઉસ આવૃતિ–૧૯૯૩ પાના નં :– ૫

૨૩. બિપિનચંદ્ર વૈષ્ણવ આઈ.એ.એસ (નિવૃત) "પંચાયત પરિચય" પ્રકાશન–નવસર્જન પબ્લિકેશન બીજી આવૃતિ–સપ્ટે.૧૯૯૫ પાના નં :– ૪

૨૪. એમ.એ.પાર્ટ – ૧ – "ભારતમાં આયોજિત વિકાસ અને સામાજીક પરિવર્તન" પર નું સૌરાષ્ટ્ર યુનિ. સાહિત્ય પેજનં – ૪૫

૨૫. વિઠ્ઠલભાઈ પટેલ ભવન ગાંધીનગર "પંચાયતી રાજ સમિતિ – પ્રકાશન – ગુજરાત વિધાન સભાના અધિકાર હેઠળ –આવૃતિ ૧૯૯૯ – પાનાં નં – ૨૩

૨૬. ગુજરાત પંચાયતી અધિનિયમ "ગુજરાત જાદવજી મોદી કમીટીનો રીપોર્ટ" આવૃતિ – ૧૯૯૯ પાનાં નં – ૮૯

૨૭. ગુજરાત સરકાર "પંચાયતી રાજ ઉચ્ચ કક્ષા સમિતિ અહેવાલ ભાગ–૧ આવૃતિ – ૧૯૭૨ પાના નં :– ૩

૨૮. "પંચાયતી રાજ" – પ્રકાશક ગુજરાત પંચાયત પરિષદ, બળવંદ મહેતા પંચાયત મહેતા પંચાયત ભવન – ગાંધીનગર વર્ષ – ૩૨ અંક ૪ જુલાઈ–૨૦૦૩ પાના નં :– ૧

૨૯. પંચાયતના નિયમો પાના નં : – ૪

૩૦. વૈકુંઠલાલ કે ત્રીવેદી – અશ્વિન વી ત્રીવેદી (એડવોકેટ)–ગુજરાત પંચાયત એકટ– "ગુજરાત પંચાયત એકટ" – પ્રકાશન – ધી ન્યુ ગુજરાત લો હાઉસ અમદાવાદ આવૃતિ ૧૯૯૩ પાના નં – ૫

૩૧. "પંચાયત પદાધિકારી તાલીમ કેન્દ્ર", પ્રકાશન ડો.કિશોરભાઈ તાવીઆડ – ગાંધીનગર – આવૃતિ – ૨૦૦૩ પાના નં – ૭

૩૨. પ્રિ. એ.એન. કારીઆ શ્રી વી.એન. સોની. "ભારતીય બંધારણ" પ્રકાશન – સી જમનાદાસ કંપની આવૃતિ – ૨૦૦૨ – પાના નં ૨૧૭

૩૩. " પંચાયત ધારો " – પ્રકાશન ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ પેઈજ નં – ૧૪

૩૪. "વાર્ષિક વહિવટી અહેવાલ" –વર્ષ ૨૦૦૧–૨૦૦૨ પ્રકાશન– જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી– જુનાગઢ જુલાઈ ૨૦૦૨ પેઈજ નં– ૨ થી ૩

૩૫. " ગ્રામીણ વિકાસ" – પેઈજ નં – ૪

૩૬. "યુનીટ કોસ્ટ" જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢ–ડીસે–૧૯૯૪ પેઈજનં– ૨

૩૭. "ગ્રામ વિકાસના કાર્યક્રમો" – પ્રકાશન માહિતીખાતું ગાંધીનગર– ગુજરાત રાજય પેઈજ નં – ૩ થી ૧૪

૩૮. "ગ્રામ વિકાસ" કાર્યક્રમો એક નજરે – પ્રકાશન ભારત સરકાર ગ્રામીણ વિકાસ મંત્રાલય એમ.કે.વેંકૈયાનાયડું પેઈજનં ૩,૧૨,૧૮,

૩૯. "ભારતની ગ્રામોદ્યોગીકરણ યોજનાઓ" પ્રકાશક મધુસુદન બી.શાહ

૪૦. "જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી" જુનાગઢ – પ્રકાશન જે.બી.વોરા. જી.એ.એસ. પેઈજ નં– ૧ થી ૩

૪૧. "ગોકુળ ગ્રામ યોજના" બીપીનચંદ્ર વૈશ્નવ– પ્રથમ આવૃતિ – ૧૯૯૫–પ્રકાશક જયેશ પી.શાહ નવ સર્જન પબ્લીકેશન અમદાવાદ.પેઈજ નં– ૧

૪૨. ભારતની નામદાર સુપ્રિમ કોર્ટમાં દિવાની મુળ હુકુમત રિટ અરજી નં ૧૯૬/ ૨૦૦૧ પિપલ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ– અરનદારો વિરૂધ્ધ–ભારત સંઘ અને અન્ય–પ્રતિવાદીઓના હુકમ માં સુચનાઓ.

૪૩. "ગ્રામ રચના" – સંવંત – ૨૦૩૦ આવૃતિ ત્રીજી ઈ.સ ૧૯૬૬ પ્રકાશક – ત્રિભુવનદાસ ઠકકર. સસ્તું સાહિત્ય મુદ્રણાલય અમદાવાદ પેઈજ નં ૯ થી ૧૨

૪૪. "પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ "પ્રકાશક સરકારી મધ્યસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર ભાગ–૧, ૩૦મી સપ્ટેમ્બર–૧૯૭૨ પેઈજ નં ૨૨૧ થી ૨૩૧

૪૫. "પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ" પ્રકાશક પંચાયત અને આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર ૧૯૭૨ ગાંધીનગર ભાગ–૨ ૧૯૭૨ પેઈજ નં ૨ થી ૪

૪૬. "પંચાયત પરીચય" –સંપાદક–બિપિનચંદ્ર વૈષ્ણવ પ્રથમ આવૃતિ સપ્ટે. ૧૯૯૫ પ્રકાશક જયેશ પી શાહ. નવર્સજન પબ્લિકેશન. અમદાવાદ પેઈજ નં–૧૧૦ અને ૧૧૧

૪૭. "પંચાયતી રાજ" વર્ષ–૩૨ એક ૦૪ જુલાઈ ૨૦૦૩ પ્રકાશક–ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ – ગાંધીનગર પેઈજ નં–૧ અને ૨

૪૮. "ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ "ફેબ્રુ–૧૯૯૧ પ્રકાશક ગુજરાત રાજય કાનુની સહાય અને સલાહ બોર્ડ હાઈ કોર્ટ કંમ્પાઉન્ડ અમદાવાદ પેઈજ નં – ૧૬

૪૯. "ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ" પ્રશ્નોતરી માર્ચ – ૧૯૯૯ પ્રકાશન – ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ અમદાવાદ પેઈજ નં ૫ થી ૭

૫૦. "ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ" કાનુની શિક્ષણ શિબિર પ્રવચનો ફેબ્રુ– ૧૯૯૩ પ્રકાશક – ગુજરાત રાજય કાનુની સહાય અને સલાહ બોર્ડ અમદાવાદ પેઈજ નં ૩ થી ૮

૫૧ "પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ "પ્રકાશક :– સરકારી મદસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર ભાગ:૧–૩૦મી સપ્ટેમ્બર ૧૯૭૨ પેજ નં.–૧૧૦ થી ૧૨૬

૫૨ "પંચાયતી રાજ ઉચ્ચકક્ષા સમિતિનો અહેવાલ " પ્રકાશક : – પંચાયત અને આરોગ્ય વિભાગ ગુજરાત સરકાર ૧૯૭૨. ગાંધીનગર ભાગ : ૨, ૧૯૭૨ પેઝ નં.–૩૨૬ થી ૩૪૪

૫૩ "ગ્રામ રચના" સવંત ૨૦૨૩ આવૃતિ ત્રીજી ઈ.સ. ૧૯૬૬ પ્રકાશક :–ત્રિભુવનદાસ ક. ઠકકર, સસ્તુ સાહિત્ય મુદ્રણાલય રાયખંડ, અમદાવાદ પેઝ ન–૯ થી ૧૩

૫૪ "પંચાયત પરિચય" બિપિનચંદ્ર વૈષ્ણવ પ્રથમ આવૃતિ–૧૯૯૫ પ્રકાશક:જયેશ પી શાહ, નવસર્જન પબ્લિકેશન, બાલા હનુમાન, ગાંધી રોડ, નાની હીંગલોક જોષીની પોળ, અમદાવાદ. પેજ નં.૪ થી ૧૦

૫૫ "પંચાયતો અંગેની ઉચ્ચ કક્ષા સમિતિનો અહેવાલ" પ્રકાશક : ગુજરાત રાજય, સચિવાલય ગાંધીનગર જુલાઈ ૧૯૭૮ પેઝ નં. ૧ થી ૫

૫૬ "પંચાયતી રાજ" વર્ષ ૩૨ અંક ૪ જુલાઈ ૨૦૦૩ પ્રકાશક : બળવંતરાય મહેતા પંચાયત ભવન સેકટર–૧૦ ગાંધીનગર, પેઝ નં ૧

૫૭ "પંચાયતી રાજ સમિતિ" બીજો અહેવાલ ૧૮ મી માર્ચ ૧૯૯૯ પ્રકાશક : ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્લભાઈ પટેલ ભવન, ગાંધીનગર, પેઝ નં – ૨ થી ૩.

૫૮ **Bogardus "The sociology" The Macmillan co Ltd. Newyprk – 1954**

૫૯ **Devis kingsaley “Human sociology“ The Macmillan Co.Ltd – Newyork-1954**

૬૦ **Dutta N.K “Origion and ghowth of casts in India, 1931**

૬૧ **Forces u Stephen “Social Reaserch Methodology“ Printice Hall, Newyork -1973**

૬૨ **Goode and Hatt “Methods in social Reserch". Ashia Publishing House, Bombay -1960**

૬૩ **Hansray “Fundamentals of Demography“ 1996**

૬૪ **James Campball, "Gazetter of Bombay Presidency" Gujrat – population vol- IX,part -1 Bombay-1901**

૬૫ **RN H, Bulmar "Anthropology and Education Mineoportmorseby" -1971**

૬૬ **Rose A.M. "Sociology", The study of Human Relation, Newyork 1965**

૬૭ **Seminar on "Role of peserch intribal Devlopment " Gujrzt vidhyapith Ahemedbad 1997**

૬૮ **Tribal Devlopment An overview "Reserch Paper, Reference & Training Division of ministry of informatiom and brode kasting,vol-XI No RP8–1998**

૬૯ **Hong K, "An introductory sociology" Reged America Book Co. Newyork 1939 13 Yong K" Sclentific Social survey and Reserch" Ashia Public House, Bombay – 1960**

૭૦ આચાર્ય નવીનચંદ્ર "ગુજરાત ધર્મ સંપ્રદાયો", ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ –૧૯૮૩

૭૧ "અકિલા દૈનિક", રાજકોટ આવૃતિ તા. ૧૨–૧૧– ૧૯૯૮

૭૨ ભટ્ટ અરવિંદભાઈ "ગુજરાતના ચૌધરીઓ–સોશિયલ ચેઈન્જ" સંશોધન શ્રેણી – ૨૨ , ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ૧૯૯૧

૭૩ દેસાઈ એચ.જી., દેસાઈ કે. જી."સંશોધન પધ્ધતિઓ પ્રવિધિઓ " યુનિવર્સિટી ગંથ નિર્માણ બોર્ડ અમદાવાદ ૧૯૭૩

૭૪ દેસાઈ શંભુપ્રસાદહ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પ્રભાસ પ્રકાશન ૧૯૭૦

૭૫ ગરધરિયા અસ્મિતા "અર્થસંકલન", ગુજરાતમાં શિક્ષણ વિષયક સેવાઓ, ગુજરાત સોસાયટી, અમદાવાદ જાન્યુ. ૧૯૯૫.